# ધ્યાન શતક

: પ્રકાશક :
દિવ્યદર્શન કાર્યાલય
કાળુશીની પોળ, અમદાવાદ—૧

अर्हम् नमः

પૂર્વધરમહર્ષિ પૂ. શ્રી જિનભદ્રગણિક્ષમાશ્રમણ મ. રચિત

# ધ્યાન શતક

૧૪૪૪ ગ્રંથ રચયિતા

પૂ. આચાર્યશ્રી હરિભદ્રસૂરિકૃત સંસ્કૃત વ્યાખ્યાના આધારે

ગુજરાતી

**મૂળ - ભાવાર્થ અને વિવેચન**


-: વિવેચનકાર :-

કર્મસાહિત્યસૂત્રધાર વિશાલ ગચ્છાધિપતિ સિદ્ધાન્તમહોદધિ
સ્વ. પૂ. આચાર્યદેવ **શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજના
શિષ્યરત્ન પ્રભાવક પ્રવચનકાર પૂ. પંન્યાસ
**શ્રી ભાનુવિજયજી** ગણિવર



-: પ્રકાશક :-

દિવ્યદર્શન કાર્યાલય

કાળુશીની પોળ, કાળુપુર, **અમદાવાદ**

-: પ્રાપ્તિસ્થાન :-

(૧) દિવ્ય દર્શન કાર્યાલય
કાળુશીની પોળ, કાળુપુર,
અમદાવાદ-૧.

(૨) દિવ્યદર્શન શાસ્ત્રસંગ્રહ
પંકુબાઇ જ્ઞાનમંદિર,
એડાવાલી વાસ, શિવગંજ
(રાજસ્થાન)

(૩) જેઠાલાલ ચુનીલાલ
ઘીવાલા
૩૫૫, કાલબાદેવી, મુંબઈ-૨.

પ્રથમ આવૃત્તિ
વિ. સં. ૨૦૨૮

કિંમત : રૂપિયા ત્રણ

-: મુદ્રક :-
શક્તિ પ્રિન્ટરી
અમદાવાદ.

# પ્રકાશકના બે બોલ

ચતુર્વિધ સંઘને બહુ ઉપયોગી થાય, જીવન ઉત્થાન સુંદર સાધી આપે, અને આત્માની ખરાબીઓને ઓળખાવી એને દૂર કરવામાં ખૂબ સહાયક થાય તેમજ હાથવેંતમાં રહેલી અનુપમ સાધનાને દૃષ્ટિસન્મુખ કરી આપે એવા આ ' ધ્યાનશતક ' શાસ્ત્ર વિવેચનને પ્રકાશિત કરતાં અમને અપૂર્વ આનંદ થાય છે. આ શાસ્ત્રે ધ્યાન અંગે અનુપમ માર્ગદર્શન કરીને જૈનધર્મની વિશ્વમાં સર્વોપરિતા સિદ્ધ કરી આપી છે, વીતરાગ સર્વજ્ઞ શ્રી તીર્થંકર ભગવાનના અનંત ઉપકારને રજૂ કર્યો છે.

(૧) 'નમુત્થુણં' વગેરે દેવવંદન સૂત્રોમાં ગર્ભિત અનુપમ તત્ત્વો (૨) ભવસ્થિતિ પરિપાકથી માંડીને ઉત્તરોત્તર જરૂરી આંતરિક સાધનાઓ, તથા (૩)અશુભ ધ્યાન–નિવારણ પૂર્વક શુભધ્યાન અંગેના પદાર્થો. આ ત્રણ પર મહાન શાસ્ત્રો (૧) શ્રી લલિતવિસ્તરા (૨) શ્રી પંચસૂત્ર, અને (૩) શ્રી ધ્યાનશતક સમજવા ગહન છતાં રોજિંદા ઉપયોગી હોઈ પૂ. પંન્યાસજી શ્રી ભાનુવિજયજી ગણિવરે બહુ સરળ અને વિસ્તૃત વિવેચનરૂપે (૧) શ્રી પરમતેજ ભા. ૧–૨, (૨) શ્રી ઉચ્ચ પ્રકાશના પંથે, અને (૩) શ્રી ધ્યાનશતક–વિવેચન લખી ચતુર્વિધ સંઘને સુંદર સામગ્રી પૂરી પાડી છે.

બાળભોગ્ય શૈલીથી લખાયેલ આ ધ્યાનશતક–વિવેચનમાં કેવો તત્ત્વ–ખજાનો ભરેલો છે એ આ સાથેની એઓશ્રીની જ પ્રસ્તાવનાથી સમજાશે. ભવ્ય જીવો ઉપર એઓશ્રીનો આ મહાન ઉપકાર છે.

આ ગ્રંથને પ્રકાશિત કરવામાં પૂજ્યશ્રીના શિષ્ય પૂ૦ મુનિરાજ શ્રી પદ્મસેનવિજયજી મહારાજે પ્રૂફ તપાસવા આદિમાં સારો સહકાર આપ્યો છે તેમજ પૂજ્ય પંન્યાસજી મહારાજના શિષ્ય પૂ. મુનિરાજ શ્રી રાજેન્દ્ર વિજયજી મહારાજે મૂળ પ્રેરણા કરી છે આ સૌનો અમે આભાર માનીએ છીએ.

કાળુસીની પોળ
અમદાવાદ
વિ. સં. ૨૦૨૭
ફાગણ સુદ ૧૦

લિ.
દિવ્યદર્શન સાહિત્ય સમિતિ વતિ
ચતુરદાસ ચીમનલાલ શાહ

# 'ધ્યાનશતક'–પ્રસ્તાવના

જીવનમાં બે અવસ્થા ચાલે છે. બેભાન અવસ્થા અને સભાન અવસ્થા. નિદ્રા મૂર્છા એ બેભાન અવસ્થા છે, એમાં મન–ઇંદ્રિયો–શરીર–વાણી–ગાત્રો નિષ્ક્રિય નિશ્ચેષ્ટ પડેલા હોય છે. એ કામ કરતા હોય એ સભાન અવસ્થા છે. એ પાંચેને ચલાવનાર આત્મા છે. આત્મા ધારે તે પ્રમાણે શરીરને, શરીરના ગાત્રોને ઇંદ્રિયોને વાણીને અને મનને પ્રવૃત્તિ કરાવે છે, એની પ્રવૃત્તિનો ઝોક બદલે છે. અને પ્રવૃત્તિને અટકાવી પણ દે છે. આ કરવાનો હેતુ દુઃખ–નિવારણ અને સુખશાંતિ છે. દુઃખ ન આવો, આવ્યું હોય તો જાઓ તેમજ સુખશાંતિ મળો, મળેલી ટકી રહો, આ ઉદ્દેશથી મન–વચન-કાયા અને ઇંદ્રિયોને પ્રવર્તાવે–નિવર્તાવે છે. આમ ચારેયના પ્રવર્તક નિવર્તક તરીકે એક સ્વતંત્ર આત્મા સાબિત થાય છે; ચારે ય પર વર્ચસ્વ ધરાવનાર કોઈ એક વ્યક્તિ હોય જ, અને તે આત્મા છે.

વિચાર–વાણી–વર્તાવ કરનાર આત્મા છે, એને એ માટે સાધનભૂત મન–વચન–કાયા–ઇંદ્રિયો છે. આ સાધનો અને એની પ્રવૃત્તિમાં મુખ્યતા મનની અને વિચારની છે. 'મન લઈ જાવે મોક્ષમાં રે, મનહી ય નરક મોઝાર.' વચન–કાયા–ઇંદ્રિયોની ઘણી પ્રવૃત્તિ મનથી કરાતા વિચારના આધારે ચાલે છે. મનના વિચારના આધારે શાંતિ યા અશાંતિ સર્જાય છે તેમજ શુભ–અશુભ કર્મ બંધ અને શુભ–અશુભ કર્મનો ક્ષય થાય છે. એમાં પણ કોઈ વિષય પર મનના એકાગ્ર વિચાર યાને ધ્યાનની મોટી અસર પડે છે.

'**ધ્યાન**' એટલે કોઈ વિષય પર એકાગ્ર મન.

ધ્યાન માટે મન તો એક સાધન છે. બાકી ધ્યાન કરનાર આત્મા છે. '**તેથી મનને' કેવું પ્રવર્તાવવું એ આત્માની મુનસફીની વાત છે.** શુભ અથવા અશુભ ધ્યાન આત્મા ધારે તેવું કરી શકે છે. એટલે શુભા શુભ ધ્યાન દ્વારા સુખ–દુઃખ, શાંતિ–અશાંતિ અને કર્મબંધ–કર્મક્ષય કરનાર આપણે પોતે જ છીએ. આપણું આ સ્વાતન્ત્ર્ય

જો સમજીએ, તો મનને અશુભથી રોકી શુભ ધ્યાનમાં પ્રવર્તાવી એના અનુપમ લાભ લેતા રહેવાય.

'ધ્યાનશતક' શાસ્ત્ર શુભ–અશુભ ધ્યાન પર અદ્ભુત પ્રકાશ પાથરે છે. અશુભધ્યાન તરીકે આર્તધ્યાન અને રૌદ્રધ્યાનનું સ્વરૂપ શું, એના પ્રકાર કેટલા, એ શા શા કારણે અને એ કયાં કયાં જાગી પડે છે, એના બાહ્ય લક્ષણ કયા કે જેના પરથી પરખાય કે અંદરમાં એ આર્ત–રૌદ્ર પ્રવર્તે છે. એમાં લેશ્યા કયી હોય, કઈ કઈ કક્ષાના જીવો એ કરતા હોય, એનું ફળ શું, આનો સુંદર સચોટ ખ્યાલ આ શાસ્ત્રમાંથી મળતાં, આપણને ખ્યાલ આવે છે કે આપણે ક્યાં ઊભા છીએ, ને જીવનનો મોટો ભાગ કેવો અશુભ ધ્યાનમાં બરબાદ થઈ રહ્યો છે, અને આ દુર્દશાને કેમ અટકાવી શકાય.

એવી જ રીતે ધ્યાનશતક શાસ્ત્ર શુભ ધ્યાન તરીકે ધર્મધ્યાન અને શુક્લધ્યાન પર સુંદર વિસ્તૃત પ્રકાશ પાથરે છે. એ બતાવે છે કે આ શુભ ધ્યાન લાવવાની ભૂમિકામાં શું શું કરવું જોઈએ, આ ધ્યાનના પ્રકારો કેવા, એ દરેક પ્રકારમાં શું શું ચિંતવવાનું, શાના આધારે આ ધ્યાનમાં ચડી શકાય. આના કોણ અધિકારી, યોગ્ય દેશ–કાળઆસન ક્યાં, ક્રમ શો, કઈ સાધનાઓથી આ ધ્યાન આવી શકે, ધ્યાન આવ્યાના બાહ્ય લક્ષણ કેવાં હોય, ધ્યાન તૂટે ત્યારે શું કરવાનું ? આવા ભરપૂર વિષય પર સુંદર બોધ આ શાસ્ત્ર આપે છે.

બીજી રીતે આ ગ્રન્થની વિશેષતા જોઈએ તો —

જીવનમાં મન ઘણું કામ કરે છે. અનાદિ સંસ્કારોમાં વૃદ્ધિ કે હ્રાસ અને ભવાંતરો માટે સારા નરસા સંસ્કારોનો વારસો મન તૈયાર કરે છે. સુખ દુઃખ મોટા ભાગે મનની કલ્પના પર જીવે છે. શુભ–અશુભ કર્મબંધ કે કર્મક્ષય મનના આધારે થાય છે. મોક્ષમાર્ગનો પ્રારંભ મનની સ્વચ્છ દૃષ્ટિથી શરુ થાય છે. ધર્મનો આધાર મનના ઉપયોગ (જાગૃતિ) પર છે. બીજાઓ સાથેના વ્યવહારમાં આપણું મન જો ભારે, તો મુશ્કેલી લાગે, ને મન જો ફોરું તો ભલું ભલું લાગે છે. મન અનુકૂળને પ્રતિકૂળ લગાડે ને પ્રતિકૂળને અનુકૂળ લગાડે છે...આમ મનનું કાર્યક્ષેત્ર મોટું છે.

આ મન કેવા વલણ વિકલ્પો અને ધ્યાનમાં ચડે તો કુસંસ્કારોની વૃદ્ધિ અને વારસાની તૈયારી થાય, દુઃખ જ દુઃખ લાગે, પાપકર્મનો બંધ ને પુણ્યનાશ થાય, ભારે ધર્મકષ્ટ વેઠવા છતાં મોક્ષમાર્ગમાં સ્થાન નહિ, ધર્મક્રિયામાં છતાં ધર્મ નહિ, બીજાઓ સાથેના વ્યવહારમાં મુશ્કેલીનો અનુભવ થાય, અને વાતે વાતે પ્રતિકૂળતાનો અનુભવ થયા કરે; વાતે વાતે મનને ઓછું આવ્યા કરે, એથી ઉલ્ટું મન કેવા વલણ–વિકલ્પો–ધ્યાનમાં ચડવાથી કુસંસ્કારનાશ–સુસંસ્કારદઢતર થાય, પાપનાશ–પુણ્યવૃદ્ધિ નીપજે. મોક્ષમાર્ગમાં સ્થાન મળે, આંતર ધર્મપરિણતિ નક્કી થાય, બીજાઓ સાથેના વ્યવહારમાં સૌ સારાનો અનુભવ અને પ્રતિકૂળતામાં પણ અનુકૂળતાનો અનુભવ થાય, વાતે વાતે સ્ફુર્તિ તૃપ્તિ રહ્યા કરે...આ જાણવાની બહુ જરૂર છે.

માણસ જો આનો ઝીણવટથી જાણકાર બની જાય અને એ પ્રમાણે મનને સારા વલણ–વિકલ્પ ધ્યાનમાં જ રાખે તો કર્મયોગે મળેલા નરકાગાર જેવા પણ સંયોગોમાં સ્વર્ગીય આનંદ–મસ્તી અનુભવી શકે; નહિતર સારા સંયોગો છતાં રોદણાં–શોક–સંતાપમાં સળગવાનું થાય. આ જાણકારી માટે 'ધ્યાનશતક' શાસ્ત્ર એક અતિ ઉત્તમ સાધન છે. એ પૂર્વધર મહર્ષિ વિશેષાવશ્યક ભાષ્યાદિ–રચયિતા આચાર્ય ભગવંત **શ્રી જિનભદ્રગણી ક્ષમાશ્રમણ** મહારાજની કૃતિ છે.

૧૦૫ ગાથાના 'ધ્યાનશતક' શાસ્ત્રમાં મનની અવસ્થાઓ, ધ્યાનનું સ્વરૂપ અને પ્રકારો, શુભ–અશુભ ધ્યાનનાં લક્ષણ, લિંગ, લેશ્યા, ફળ અશુભ ધ્યાનની ભયંકરતા, શુભ ધ્યાનની ભૂમિકા સર્જવાની ઉપાયભૂત સાધનાઓ, શુભ ધ્યાનને યોગ્ય દેશ–કાળ–મુદ્રા, ધ્યાન લાગવાને અનુકૂળ આલંબનો શુભ ધ્યાનના વિષયો (ધ્યેય)નો વિસ્તાર અને અધિકારી, શુભ ધ્યાન અટકતાં જરૂરી ચિંતન (અનુપ્રેક્ષા)...ઈત્યાદિ ઈત્યાદિ ભરચક વિષયો ભરેલા છે.

આ પ્રાકૃત શાસ્ત્રના સંક્ષિપ્ત નિર્દેશોને સંસ્કૃત ટીકામાં સમર્થ શાસ્ત્રકાર

આચાર્યપુરંદર **શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજે** સારા સ્પષ્ટ કર્યા છે, કહેવાય કે ગ્રંથરૂપી ફિલ્મનું એમણે ટીકારૂપી એન્લાર્જમેન્ટ કર્યું છે. એ વિના તો મૂળના શબ્દ-સંક્ષેપમાંથી અર્થવિસ્તાર સમજવો કઠિન હતો. આ ટીકાનો સહારો લઈ ગુજરાતી ભાષામાં અનભિજ્ઞ જીવોને સમજાય એ રીતે આ વિવેચન આલેખવામાં આવ્યું છે. એમાં ઉપર્યુક્ત વિષયોને સમજાવતાં જીવન-ઉપયોગી અનેક પદાર્થનું નિરૂપણ કરાયું છે, જેવું કે,—

**આર્તધ્યાનના વિવેચનમાં,** જીવના ઉપયોગમાં આવતી ૮ પુદ્ગલ-વર્ગણા, આર્તધ્યાનના દાખલા, ભૂત-ભવિષ્યનું પણ આર્તધ્યાન, દિનભરના આર્તધ્યાનના પ્રસંગો, સુખ એ સુખાભાસ, વેદના વખતે આર્તધ્યાન રોકવાના ઉપાય, જીવન જીવતાં ૪ સાવધાની, ઔષધ કરતાં રાખવા યોગ્ય શુભ ઉદ્દેશો, તપ-સંયમથી સાંસારિક દુઃખનો નાશ કેવી રીતે ? મોક્ષની ઇચ્છાથી ચિત્ત-વિશુદ્ધિ કેમ ? આર્તધ્યાનનાં બાહ્ય લક્ષણોનું વિસ્તૃત સ્વરૂપ, એથી વર્તમાન જીવન કેટલું પામર કંગાળ છે એનું ચિત્રામણ;—એકંદરે આ બધું જાણીને ખ્યાલ આવે છે કે જીવન ક્યાં ક્યાં કેવા કેવા જ્ઞાત-અજ્ઞાત ભયંકર આર્તધ્યાન પર ચાલે છે, એના કેવાં કટુ ફળ છે, અને એને કેમ રીતે અટકાવાય.

**રૌદ્રધ્યાનના વિવેચનમાં,** જાણ્યે અજાણ્યે ભયંકર હિંસા-જૂઠ—ચોરી-ધનસંરક્ષણના કેવા કેવા વિચાર આવે છે એના જીવનપ્રસંગો, એમાં સમ્યક્ત્વ કેમ ઊડે ? રાગ-દ્વેષ-મોહનો દુર્ધ્યાનમાં મુખ્ય ફાળો, રૌદ્રધ્યાનનાં બાહ્યલક્ષણના દાખલા, વગેરે જાણીને પોતાની અજાણ્યે થતી દુર્દશા પર જીવ ચોંકી ઊઠે છે, એ રોકવા સજાગ બને છે.

**ધર્મધ્યાનના વિવેચનમાં,**—એની ભૂમિકા બનાવનાર જ્ઞાન-દર્શન-ચારિત્ર-વૈરાગ્યભાવનાના દરેકના પ્રવૃત્તિમય પ્રકારો, જ્ઞાનનો નિત્ય અભ્યાસ, મનોધારણ, ભવનિર્વેદ, જીવ-અજીવના કેવા કેવા ગુણ-પર્યાયના જ્ઞાનની કેવી કેવી ઉપયોગિતા, અનુકૂળ-પ્રતિકૂળમાં કઈ રીતે શુભધ્યાન ન ધવાય ? જ્ઞાનગુણે વિશ્વના સારનું ચિંતન કેવું ઉપયોગી ? જિનવચને શંકા-કાંક્ષાદિ

દોષોનું સ્વરૂપ અને દૃષ્ટાંતો, ૩૬૩ પાખંડીના મતની સમજ, સમ્યગ્દર્શનના અભ્યાસ માટે પ્રશ્નમાદિ પાંચ સાધનાઓ અને પ્રશમાદિ પાંચ લક્ષણોનો પરિચય; ચારિત્રાભ્યાસ માટે ૩ પ્રકારની સાધનાઓ; વૈરાગ્યાભ્યાસ માટે ચિંતનીય કાયા–કુટુંબ–કંચનરૂપ જગત્સ્વભાવનું આબેહુબ સ્વરૂપ, નિસ્સંગતા–નિર્ભયતા–નિરાશંસતા–કષાયરહિતતા માટે શું શું વિચારવું? વગેરે વિચાર્યું. ધ્યાનને યોગ્ય દેશ સ્ત્રી–પશુ–નપુંસક–કુશીલાચારીથી રહિત કેમ જોઈએ, પરિણતયોગી, કૃતયોગી, સત્ત્વભાવના–સૂત્રભાવનાદિ, તથા કાય–વાગ્–મનોયોગમય ત્રિવિધ ધ્યાન વર્ણવ્યું. શુભ ધ્યાન માટે યોગ્ય દેશ–કાળ–આસનની સમજ, કેવી કેવી પ્રવૃત્તિના આલંબને એ ધ્યાન લાગે; આર્ત–રૌદ્ર કરાવનાર [1]વિષયરાગ–[2]હિંસાદિ પાપરસ–[3]અહંત્વ-ક્ષુદ્રતા–[4]મૂઢતાને ધર્મધ્યાન કેવી કેવી રીતે રોકે છે, વગેરે સમજાવ્યું, જેથી અશુભધ્યાનને અશુભધ્યાનમાં પલટાવવાનો માર્ગ લાધે.

એમ, ધર્મધ્યાનના ૪ પ્રકારોને વિસ્તારથી વિવેચતાં,–**'આજ્ઞાવિચય'** માં જિનવચનની અનેકાનેક વિશેષતાઓ જેવી કે સુનિપુણતા, દ્રવ્યાર્થાદેશથી નિત્યતા, દ્વિવિધ જીવહિતતા, સત્યભાવન–જીવભાવન, કલ્પવૃક્ષથી અધિકતા, ઋણઘ્નતા, અમિતતા, મધુર–પથ્ય- સજીવતાથી અમૃતતા, ઉપક્રમ–નિક્ષેપ–નય–અનુગમ–ભંગ–સપ્તભંગીથી મહાર્થતા–મહાવિષયતા, નિરવદ્યતા, દુર્જ્ઞેયતા વગેરે પર સરળ સમજુતી, જૈનશાસનની અવ્વલ વિશેષતારૂપ [1]દ્રવ્યપ્રમાણ–[2]ક્ષેત્રપ્રમાણ–[3]કાળપ્રમાણ–[4]ભાવપ્રમાણ પર વિસ્તૃત પ્રકાશ, પ્રત્યક્ષાદિ ૪ પ્રમાણ, જ્ઞાનાદિ ૩ પ્રમાણ, નયપ્રમાણમાં પ્રસ્થક-વસતિ–પ્રદેશદૃષ્ટાંત, સંખ્યામાં સત્–અસત્ ઉપમાચતુર્ભંગી–પરિમાણ–જ્ઞાન–ગણના–સંખ્યાપ્રમાણ, પ્રત્યક્ષ–પરોક્ષપ્રમાણમાં ૫ જ્ઞાન તથા ગમ–અર્થમાર્ગ વર્ણવ્યા. જિનવચનના સમજાય એનાં ૬ કારણ તથા જિનવચન અસત્ય કેમ નહિ એ સમજાવ્યું.

**'અપાયવિચય'** માં કર્મબંધક આશ્રવોની સમજ, ૫ પાપક્રિયાઓ, રાગદ્વેષ- કષાય- અજ્ઞાન–અવિરતિના અનર્થ; ને **'વિપાકવિચય'** માં કર્મના પ્રકૃતિ–સ્થિતિ આદિના પ્રભાવ બતાવ્યા.

'**સંસ્થાન વિચય**' માં ધ્યાનશતકમાંની ૧૧ ગાથા અને એની ટીકાને સરળતાથી વિવેચતાં મુખ્ય ૭ પદાર્થ,–[૧]દ્રવ્યો, [૨]અષ્ટવિધલોક, [૩]ક્ષેત્રલોક, [૪]જીવ, [૫]સંસાર, [૬]ચારિત્ર અને [૭]મોક્ષ પૈકી અજીવ દ્રવ્યોના સ્પષ્ટ લક્ષણ–આકૃતિ–આધાર–પ્રકારો–પ્રમાણો–સાધક તર્કો, ઉત્પત્તિ–નાશ–ધ્રૌવ્યનું સ્વરૂપ, પંચાસ્તિકાયની ઓળખ, ઈશ્વર જગત્કર્તા કેમ નહિ, ૧૨ સ્થાને પુનરુક્તિ દોષ નહિ, દ્વીપો–સમુદ્રો–નરકો–વિમાનો–ભવનોનો પરિચય વગેરેને સ્પષ્ટ અને સરળ રીતે સમજાવ્યું, જેના ચિંતનથી મનને બીજા ત્રીજા વિકલ્પોથી બચાવી લેવાય.

પછી (૪) જીવદ્રવ્ય અંગે વિવેચતાં સાકાર–નિરાકાર ઉપયોગ (ચૈતન્ય) લક્ષણમાં શું શું ? જીવની નિત્યતાથી વર્તમાન પર્યાય પર કેમ મોહ અટકે ? અરુપિતાના મમત્વ–મહત્વનાલાભ, કર્તૃત્વ–ભો તૃત્વનું ફળ; (૫) સંસાર એ સમુદ્ર શી રીતે ? સંસાર કેમ ખાલી નહિ થવાનો ? સંસારની અશુભતા; (૬) ચારિત્ર જહાજ, સમ્યક્ત્વ બંધન, જ્ઞાન સુકાની, તપ પવન, વૈરાગ્ય માર્ગ, ૧૮૦૦૦ શીલાંગ રત્ન; (૭) મોક્ષનું સ્વરૂપ વર્ણવ્યું. આ જાણીને જીવનને મોક્ષમાર્ગસ્થ કરાય.

ધર્મધ્યાનથી મન કેવી રીતે સ્વચ્છ–સ્વસ્થ–સ્થિર બને ? ધર્મ–ધ્યાનના જીવવિચયાદિ દશ પ્રકાર અને એ દરેકના વિશિષ્ટ લાભ, જેવા કે સત્પ્રવૃત્તિના પ્રાણભૂત શ્રદ્ધાનો અખંડ પ્રવાહ, દુષ્ટ યોગોના ત્યાગના ભાવ કર્મફળની અનિચ્છા, અશુભોદયમાં સમાધિ, અસદ્‌વિકલ્પોથી રક્ષણ, જીવના મમત્વથી ભેદજ્ઞાન, શોકાદિનિવારણ, સંસારખેદ, સત્પવૃત્તિ–ઉત્સાહ, પરમાનંદનો અનુભવ...વગેરે વર્ણવ્યું છે. એમ **અનુપ્રેક્ષામાં** અનિત્ય અશરણ આદિ ૧૨ ભાવના કેવી અને એ દરેકથી જીવનોપયોગી કેવા લાભ ? ધર્મધ્યાનના જ્ઞાપક લિંગ કયા ? તથા બાહ્ય લક્ષણ દેવ–ગુરુ–કીર્તન–પ્રશંસા–વિનયાદિ અને શીલ–તપ–સંયમનું વર્ણન કર્યું.

**શુક્લધ્યાનના વિવેચનમાં,**–શુક્લધ્યાન ક્ષમાદિ આલંબનો એ કેવી રીતે ? ક્રોધ–માન–માયા–લોભને રોકવા માટેની વિવિધ વિચારણા, મનને

ત્રિભુવનના વિષયમાંથી કેવી રીતે સંકોચવું, એના પર વિષસંકોચ–અગ્નિ-સંકોચ–જલહ્રાસનાં દૃષ્ટાન્ત, મન–વચન–કાયયોગના નિરોધ; વાણી અને વિચાર શા પદાર્થ છે? કાયયોગથી આત્માની સાબિતિ, શૈલેશીમાં કર્મ-ક્ષયપ્રક્રિયા, શુકલધ્યાનના ૪ પ્રકારનું સ્વરૂપ, ૪ પ્રકારની અનુપ્રેક્ષા,–આશ્રવ દ્વારના અનર્થ, સંસારનો અશુભ સ્વભાવ, અનંતભવ–પરંપરા, ને વસ્તુના વિપરિણામનું સ્વરૂપ, એમ શુકલધ્યાનના અવધ–અસંમોહ–વિવેક–વ્યુત્સર્ગ એ ૪ બાહ્ય લિંગનું સ્વરૂપ, સર્વજ્ઞને મન વિના ધ્યાન કેવી રીતે? બધી ક્રિયામાં ધ્યાન અંગભૂત કેમ? શુકલધ્યાન પછી શરીર કેમ રાખે?... વગેરે વર્ણવ્યું છે.

ધર્મધ્યાનના ફળમાં શુભાશ્રવ–સંવર–નિર્જરા–દિવ્યસુખ, શુક્લના ફળમાં એ વિશિષ્ટ; તથા બંને ધ્યાન સંસાર–પ્રતિપક્ષી કેમ, મોક્ષહેતુ કેમ, એ વર્ણવી, ધ્યાનથી કર્મનાશ અંગે પાણી–અગ્નિ–સૂર્યનાં દૃષ્ટાન્ત આપી યોગોનું ને કર્મનું તપન–શોષણ–ભેદન વર્ણવ્યું. ધ્યાન એ કર્મયોગ ચિકિત્સા, કર્મદાહક દવ, કર્મવાદળ વિખેરનાર પવન તરીકે બતાવી ધ્યાનના પ્રત્યક્ષ ફળમાં ઈર્ષ્યા–વિષાદાદિ માનસ દુઃખનાશ સમજાવ્યું. હર્ષ એ દુઃખ કેમ? ધ્યાનથી શારીરિક પીડામાં દુઃખ કેમ નહિ? શ્રદ્ધા–જ્ઞાન–ક્રિયાથી ધ્યાન નિત્ય સેવ્ય બતાવી ક્રિયાઓ પણ ધ્યાનરૂપ શી રીતે એ સમજાવ્યું.

આટલો મોટો પદાર્થસંગ્રહ મનને કામે લગાડી દેવા માટે છે, માનસિક ચિંતનમાં આની જ રટણા ચલાવ્યા કરવા માટે છે; તેથી જ આ ગ્રંથ-રત્નનું વારંવાર વાંચન–મનન ટૂંકી નોંધ અને એની સ્મૃતિ–ઉપસ્થિતિ કરવા જેવી છે. તો જ એ ચિંતનમાં ચાલતી રાખી શકાય. આની જીવન પર ગજબની સુંદર અસર પડશે, વાતવાતમાં ઊઠતાં આર્તરૌદ્ર ધ્યાન અટકાવી શકાશે, અનેકવિધ ધર્મધ્યાનને મનમાં રમતા કરી શકાશે.

કલકત્તા
વીર સં. ૨૪૯૭, માહ સુદ ૫ રવિ } —પંન્યાસ ભાનુવિજય

# ધ્યાનશતક–વિષયાનુક્રમ


| પૃષ્ઠ | વિષય |
|---|---|
| ૧ | ગ્રંથકાર–ટીકાકાર |
| ૫ | ગાથા– મંગળ, ધ્યાન, કર્મ |
| ૭ | મિથ્યાત્વાદિ ૫ કર્મબંધહેતુ |
| ૮ | આત્માનું સહજ–વિકૃત સ્વરૂપ |
| ૯ | યોગેશ્વર : યોગીશ્વર : |
| ૧૩ | ગાથા-૨ : ભાવના–અનુપ્રેક્ષા-ચિંતા |
| ૧૫ | ગાથા–૩ ધ્યાનવ્યાખ્યા, પ્રાણ–સ્તોક–લવ–મુહૂર્ત : યોગનિરોધ |
| ૧૭ | ૮ પુદ્ગલ–વર્ગણા |
| ૧૯ | ગાથા–૪ : ધ્યાનધારા |
| ૨૧ | ગાથા–૫ : ૪ ધ્યાનના અર્થ અને ફળ |
| ૨૫ | **આર્તધ્યાન** |
| ૨૫ | ગાથા ૬ થી ૯ : ૪ આર્તધ્યાન : (૧) અનિષ્ટ અંગે આર્ત૦ |
| ૨૬ | ૩ કાળના વિષયોનું આર્ત૦ |
| ૨૯ | (૨) વેદનાનુબંધી આર્ત૦ |
| ૩૧ | (૩) ઇષ્ટ–અવિયોગ આર્ત૦ |
| ૩૩ | (૪) નિદાન અંગે આર્ત૦ : સુખ એ સુખાભાસ |
| ૩૪ | ગા૦ ૧૦ : આર્તના સ્વામી અને ફળ |
| ૩૬ | ગા૦ ૧૧–૧૨ : મુનિને રોગમાં આર્ત૦ કેમ નહિ |
| ૩૭ | જગતની ત્રણે કાળની અવસ્થા |
| ૪૦ | જીવનમાં ૪ સાવધાની |
| ૪૧ | દવા કરવામાં વિશિષ્ટ ઉદ્દેશ |
| ૪૨ | પ્રશસ્ત આલંબનો |
| ૪૫ | તપ–સંયમ એ દુઃખ–પ્રતિકાર |
| ૪૮ | મોક્ષેચ્છાનાં ફળ |
| ૪૮–૩ | ગા૦ ૧૩ આર્તમાં રાગાદિ |
| ૪૯ | ગા૦ ૧૪ આર્ત૦માં લેશ્યા |
| ૫૧ | શુભ યોગોનું મહત્ત્વ |
| ૫૨ | ગા૦ ૧૫ થી ૧૭ આર્તનાં લક્ષણ |
| ૫૪ | અનિષ્ટ-સ્વકાર્યનિંદા–પરવૈભવ ચકિતતા–ચાહના–ખુશી–ઉદ્યમ ૫૨ આર્તધ્યાન |
| ૫૬ | ઇષ્ટિ ગૃદ્ધિ–ધર્મ વિમુખતા–પ્રમાદ–જિનવચન બેપરવાઈમાં આર્ત૦ |
| ૫૯ | ગા૦ ૧૮ : આર્ત૦ કોને કોને ? |
| ૬૪ | **રૌદ્રધ્યાન** |
| ૬૫ | ગા૦ ૧૯ : હિંસાનુબંધી રૌદ્ર૦ |
| ૬૭ | ગા૦ ૨૦ : મૃષાનુ૦ રૌદ્ર૦ અસત્ય ૩ પ્રકારે : અસત્ તરંગે રૌદ્ર૦ |
| ૭૦ | માયા–પ્રચ્છન્નપાપમાં રૌદ્ર૦ |
| ૭૧ | ગા૦ ૨૧ સ્તેયાનુબંધી રૌદ્ર૦ |
| ૭૨ | ક્રોધ–લોભથી રૌદ્ર૦ |

| પૃષ્ઠ | વિષય |
|---|---|
| ૭૩ | ગા૦ ૨૨ : સંરક્ષણાનુ૦ રૌદ્ર૦ |
| ૭૫ | ગા૦ ૨૩ : કરાવણ-અનુમોદનમાં રૌદ્ર |
| ૭૮ | રૌદ્રધ્યાનના સ્વામી |
| ૮૦ | ગા૦ ૨૪ રૌદ્ર૦નાં કારણ અને ફળ |
| ૮૧ | સાનુબંધ કર્મથી ભવવૃદ્ધિ |
| ૮૨ | ગા૦ ૨૫ રૌદ્ર૦માં લેશ્યા |
| ૮૩ | ગા૦ ૨૬ રૌદ્ર૦નાં બાહ્ય ચિહ્ન |
| ૮૪ | ઉત્સન્ન-બહુલ-નાનાવિધ-આમરણને રૌદ્ર૦ |
| ૮૫ | ગા૦ ૨૭ પરદુઃખે ખુશ, પાપમાં નિર્ભય, નિર્દય, પાપખુશને રૌદ્ર. |
| ૮૮ | **ધર્મધ્યાન** |
| | ગા૦ ૨૮-૨૯ ધર્મધ્યાનના ૧૨ દ્વાર |
| ૯૦ | ગા૦ ૩૦ ધ્યાનભૂમિકા ૪ ભાવના |
| ૯૧ | ગા૦ ૩૧ : **૫ જ્ઞાનભાવના** |
| ૯૩ | જીવાજીવના ગુણ-પર્યાયનો સાર કેવો કેવો વિચારવો ? |
| ૯૭ | 'નાણગુણમુણિયસારો' નો બીજો અર્થ 'જ્ઞાનના પ્રભાવે વિશ્વનો સાર પકડે.' |
| ૯૮ | ગા૦ ૩૨ : **૫ દર્શનભાવના** |
| ૯૯ | શંકા-કાંક્ષાદિ ૫ દોષ |



| પૃષ્ઠ | વિષય |
|---|---|
| ૧૦૪ | ૩૬૩ પાખંડી |
| ૧૦૬ | પ્રશ્રમાદિ ૫ ગુણ ( ભૂષણ ) |
| ૧૦૭ | પ્રશમાદિ ૫ ,, ( લક્ષણ ) |
| ૧૦૯ | ગા૦ ૩૩ **ચારિત્રભાવના** |
| ૧૧૨ | ગા૦ ૩૪ **૫ વૈરાગ્યભાવના** સુવિદિત-જગત્સ્વભાવ |
| ૧૧૪ | નિસ્સંગતા કેમ આવે ? |
| ૧૧૫ | નિર્ભયતા કેમ આવે ? ( વિષયોમાં ને ધર્મમાં ) |
| ૧૧૯ | ક્રોધાદિ-રાહિત્ય |
| ૧૨૨ | ગા૦ ૩૫ : ધ્યાન માટે દેશ |
| ૧૨૪ | ગા૦ ૩૬ : પરિણતયોગી |
| ૧૨૭ | ગા૦ ૩૭ : કાય-વાગ્-મનોયોગમય ધ્યાનમાં શું શું |
| ૧૩૦ | ગા૦ ૩૮ : ધ્યાન માટે કાળ |
| ૧૩૧ | ગા૦ ૩૯ : ધ્યાનનું આસન |
| ૧૩૨ | ગા૦ ૪૦-૪૧ : યોગસમાધાન મુખ્ય |
| ૧૩૩ | ગા૦ ૪૨-૪૩ ધ્યાન માટે આલંબન-વાચનાદિ-સામાયિકાદિ-આવશ્યક |
| ૧૩૭ | ગા૦ ૪૪ : શુક્લધ્યાનમાં ક્રમ |
| ૧૪૧ | **૪ ધર્મધ્યાનનો વિષય** |
| ૧૪૪ | ગા૦ ૪૫-૪૬ **આજ્ઞાવિચયમાં** ૧૩ મુદ્દા |
| ૧૪૫ | આજ્ઞા ૧સુનિપુણ-૨અનાદિનિધન |

પૃષ્ઠ વિષય

૧૪૭ [3]ભૂતહિત–[4]ભૂતભાવન

૧૪૯ [5]અનર્ઘ્ય–ઋણઘ્ન

૧૫૧ [6]અમિત-અમૃત (મીઠી–પથ્ય સજીવ)

૧૫૨ [7]અજિત–[8]મહાર્થ–૪અનુયોગ-દ્વાર

૧૫૫ મહત્સ્થ–મહાસ્થ–[9]મહાનુભાવ

૧૫૬ [10]મહાવિષય–[11]નિરવદ્ય

૧૫૭ [12]અનિપુણદુર્જ્ઞેય–

૧૫૮ નય-ભંગ–પ્રમાણ–ગમ

**૧૬૦ દ્રવ્યાદિ ૪ પ્રમાણ**

૧૬૨ ૩ પ્રકારે અનુમાન : ૨ ઉપમાન ૫ ચારિત્ર

૧૬૩ પ્રસ્થક–વસતિ–પ્રદેશથી નયઘટના

૧૬૫ ૮ સંખ્યા પ્રમાણ

૧૬૬ પ્રત્યક્ષ–પરોક્ષ

૧૬૭ ગમ=અર્થમાર્ગ

૧૬૮ ગા૦ ૪૭–૪૮–૪૯ : જિનવચન ન સમજાય એનાં ૬ કારણ

૧૭૨ જિનવચન પર શ્રદ્ધા કેમ થાય ?

૧૭૩ ગા૦ ૫૦ : **અપાયવિચય**

૧૭૪ રાગદ્વેષ–કષાય–અજ્ઞાન–અવિરતિના અનર્થ

૧૭૭ ૫ ક્રિયા આશ્રવ

૧૭૮ ગા૦ ૫૧ : **વિપાકવિચય** પ્રકૃતિ–સ્થિતિ–પ્રદેશ–અનુભાવ

પૃષ્ઠ વિષય

**૧૮૨ ગા૦ પરથી ૬૨ સંસ્થાનવિચય**

૧૮૫ 'સંસ્થાન૦'માં વિચારવાના ૭ પદાર્થ

૧૮૬ **(૧) ૬ દ્રવ્યોનાં** લક્ષણ–સંસ્થાન આસન–વિધાન–પ્રમાણ–પર્યાય

૧૯૨ એક જ વસ્તુમાં ઉત્પત્તિ–નાશ–ધ્રૌવ્ય

૧૯૪ નિત્ય દ્રવ્યમાં ઉત્પત્તિ–નાશ–ધ્રૌવ્ય

૧૯૬ **(૨) પંચઅસ્તિકાય** : ઈશ્વર અકર્તા

૧૯૮ ૮ પ્રકારે લોક

૨૦૦ પુનરુક્તિ દોષ ક્યાં નહિ ?

૨૦૨ **(૩) ક્ષેત્રલોકમાં** પૃથ્વીઓ–દ્વીપ વલય–સમુદ્ર–નરક–ભવન–વિમાન–નગરો

**૨૦૭ (૪) જીવ પર ચિંતન**

૨૦૮ ઉપયોગ ૨ : સાકાર–નિરાકાર

૨૦૯ કાળસ્થિતિ : કાયાથી ભિન્નતા

૨૧૧ અરૂપિતાનું મમત્વ :

૨૧૨ સ્વકર્મકર્તૃત્વ–ભોક્તૃત્વ

૨૧૩ **(૫) સંસાર–ચિંતન :** જન્માદિ જળ, આપત્તિ શ્વાપદ, મોહ આવર્ત, અજ્ઞાન વાયુ સંયોગ–વિયોગ તરંગ

૨૧૬ સંસાર ખાલી ન થાય કેમ ?

| પૃષ્ઠ | વિષય |
|---|---|
| ૨૧૮ | **(૬) ચારિત્ર પર ચિંતન** જહાજ, સમકિત બંધન, જ્ઞાન સુકાની, સંવર ઢાંકણુ તપપવન –વૈરાગ્ય માર્ગ– |
| ૨૨૧ | ૧૮૦૦૦ શીલાંગ-રત્ન |
| ૨૨૪ | **(૭) મોક્ષ પર ચિંતન** |
| ૨૨૬ | ગા૦ ૬૨, સારાંશ આગમોક્ત જીવાદિપદાર્થ ચિંતવવા છતાં ચારેનું અલગ ફળ |
| ૨૨૯ | **ધર્મધ્યાનના ૧૦ પ્રકાર** આજ્ઞાદિ ૪, જીવ–અજીવ–ભવ–વિરાગ-ઉપાય–હેતુ એ ૬, દરેકનું ફળ |
| ૨૩૫ | ગા૦ ૬૩, ધર્મધ્યાનના અધિકાર |
| ૨૩૭ | ગા૦ ૬૪, ધ્યાનના અધિકારી |
| ૨૩૮ | અ-પૂર્વધરને શુક્લ૦ કેવી રીતે ? |
| ૨૪૦ | ગા૦ ૬૫: **૧૨ અનુપ્રેક્ષા** અનિત્ય–અશરણ-એકત્વ–અન્યત્વ–અશુચિત્વ–સંસાર-આશ્રવ સંવર–નિર્જરા–લોક–ધર્મ૦–બોધિદુર્લભ ભાવના |
| ૨૪૮ | ગા૦ ૬૬ ધર્મધ્યાનમાં લેશ્યા |
| ૨૪૯ | ગા૦ ૬૭ **ધર્મધ્યાનમાં લિંગ** ૧. શ્રદ્ધા |
| ૨૫૦ | શ્રદ્ધા હેતુ ૪–આગમ–ઉપદેશ–સૂત્રોક્ત પદાર્થનિસર્ગ |
| ૨૫૧ | ગા૦ ૬૮: બીજા લિંગ,–દેવ-ગુરુગુણગાન–દાન–વિનય, શ્રુત–શીલસંપત્તિ |
| ૨૫૫ | **શુક્લધ્યાન** |
| ૨૫૫ | ગા૦ ૬૯: શુક્લ૦ આલંબન ક્ષમાદિ |
| ૨૫૭ | ૪ **કષાયોના ત્યાગ માટે** વિચારણાના ક્રમશઃ ૧૩–૫–૬–૬ મુદ્દા |
| ૨૬૨ | ગા. ૭૦ :શુક્લ૦ માટેમનઃસંકોચ |
| ૨૬૪ | બધા ૧૪ પૂર્વીને કેમ આ નહિ ? ધ્યાન એકલા ચિંતનની વસ્તુ નહિ. |
| ૨૬૫ | સર્વજ્ઞને મન હોય ? |
| ૨૬૬ | ગા૦ ૭૧ થી ૭૫:મનઃસંકોચના ૩ દૃષ્ટાન્ત,–વિષસંકોચ, અગ્નિ૦ જલહ્રાસ |
| ૨૭૦ | ગા૦ ૭૬ : વચન–કાયયોગનિરોધ |
| ૨૭૧ | વીર્ય એ આત્મપરિણામ |
| ૨૭૨ | કાયયોગ એ કાયગુણ નહિ |
| ૨૭૩ | વચન–મનની તુલના : ન્યાયાદિ દર્શનોની ભૂલ |
| ૨૭૫ | યોગનિરોધની પ્રક્રિયા |
| ૨૭૮ | ‘સેલેસી’ના ૪અર્થ,–૧ શૈલેશી ૨ શૈલ જેવા ઈસી (ઋષિ) ૩ સે અલેસી, ૪ શીલ (પાંચે આશ્રવના નિરોધ)ના ઈશ શીલેશ |

| પૃષ્ઠ | વિષય |
|---|---|
| | એજ શૈલેશ, એની અવસ્થા : આ કરવા માટે પાછલા ૨ શુકલ |
| ૨૮૦ | શૈલેશીમાં કર્મક્ષય–પ્રક્રિયા |
| ૨૮૧ | અસ્પૃશદ્ગતિએ સિદ્ધિગમન |
| ૨૮૪ | ગા૦ ૭૭–૭૮ શુકલધ્યાનના વિષય ૧. પૃથકત્વ–વિતર્ક–સ-વિચાર |
| ૨૮૬ | ગા૦ ૭૯ ૮૦ : ૨ એકત્વ–વિતર્ક – અવિચાર |
| ૨૮૮ | ગા૦ ૮૧–૮૨ : ૩. સૂક્ષ્મક્રિયા અનિવર્તી, ૪ વ્યુચ્છિન્નક્રિયા અપ્રતિપાતી. |
| ૨૯૦ | ગા૦ ૮૩ : ૪ શુકલ૦માં યોગ |
| ૨૯૨ | ગા૦ ૮૪–૮૬ : ધ્યાન છદ્મસ્થને સુસ્થિર મન, કેવળીને સુસ્થિર કાયા. એમાં ૪ પ્રમાણ |
| ૨૯૫ | અતીન્દ્રિય-સિદ્ધિ માટે આગમ અને તર્ક જરૂરી |
| ૨૯૮ | ગા૦ ૮૭–૮૮ **શુકલ૦માં ૪ અનુપ્રેક્ષા** |
| ૩૦૦ | ૧. આશ્રવના અનર્થ ૨ સંસારના અશુભ સ્વભાવ, ૩. અનંતભવ-પરંપરા, ૪. વસ્તુ–વિપરિણામ |
| ૩૦૧ | ગા૦ ૮૯ : શુકલ૦માં લેશ્યા |
| ૩૦૨ | ગા૦૯૦–૯૨:**શુકલના૪લિંગ** |
| ૩૦૩ | અવધ–અસંમોહ–વિવેક-વ્યુત્સર્ગ |

| પૃષ્ઠ | વિષય |
|---|---|
| ૩૦૫ | ગા૦ ૯૩ **ધર્મધ્યાનનાં ફળ શુભાશ્રવાદિ** |
| ૩૦૭ | ગા૦ ૯૪:**શુકુલધર્મધ્યાનમાં** ફળ એ જ વિશિષ્ટ |
| ૩૦૮ | ગા૦ ૯૫–૯૬ : ધર્મ–શુકલ૦ સંસારપ્રતિપક્ષી : મોક્ષમાર્ગરૂપ સંવર–નિર્જરામાં તપ સમાવિષ્ટ : તપમાં પ્રધાન ધ્યાન |
| ૩૦૯ | ગા૦ ૯૭–૯૮ધ્યાનથી કર્મનાશ અંગે પાણી–અગ્નિ–સૂર્યથી વસ્ત્ર–લોઢું–પૃથ્વીના મેલ–કલંક–કીચડનાં શોધન-નિવારણ–શોષણ; એમ ૩ દૃષ્ટાંત |
| ૩૧૧ | ધ્યાનથી યોગ ને કર્મમાં તાપ–શોષ–ભેદ |
| ૩૧૨ | ગા૦ ૧૦૦ બીજાં દૃષ્ટાંતઃ(૪) ઔષધથી રોગનાશ |
| ૩૧૩ | ગા૦ ૧૦૧ : (૫) પવનયુક્ત અગ્નિથી ઇંધનનાશ |
| ૩૧૪ | ગા૦ ૧૦૨ : (૬) પવનથી વાદળ નષ્ટ |
| ૩૧૬ | ગા૦ ૧૦૩ : ધ્યાનથી માનસ-દુઃખનાશ |
| | ગા૦ ૧૦૪ : ધ્યાનથી શારીરિક દુઃખનાશ |
| ૩૧૯ | ગા૦ ૧૦૫:શ્રદ્ધા–જ્ઞાન–ક્રિયાથી નિત્યસેવ્ય ધ્યાન |
| ૩૨૦ | ક્રિયા ધ્યાનરૂપ કેમ ? |

# ધ્યાનશતક–શુદ્ધિપત્રક

| પૃષ્ઠ | પેરા–પંક્તિ | શુદ્ધ | અશુદ્ધ |
|---|---|---|---|
| પૃષ્ઠ | પેરા–પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
| ૧૧ | ૨–૮ | અશ્વર્ય ૦ | ઐશ્વર્ય ૦ |
| ૧૩ | ૧–૧ | चितं | चित्तं |
| ૧૭ | ૨–૩ | वक्रिय | वैक्रिय |
| ૩૨ | ૨–૧ | દેવન્દ | દેવેન્દ્ર |
| ૩૫ | ૩–૪ | આયુષ | આયુષ્ય |
| ૩૬ | ૨–૭ | પ્રનિકાર | પ્રતિકાર |
| ૩૮ | ૨–૫ | આ | યા |
| ૩૮ | ૨–૯ | સામો | સામે |
| ૩૯ | ૧–૬ | કુસંસ્કર | કુસંસ્કાર |
| ૪૮ | ૩–૪ | સંગની | સંગની ઇચ્છા |
| ૫૨ | ૧–૬ | वेकरवंतो | वेकखतौं |
| ૫૭ | ૧–૪ | ક્ષણુ ક્ષણુ | ક્ષણુ વાર |
| ૬૧ | ૨–૨ | કહી | કરી |
| ૭૧ | ૧–૨ | वैकरवं | वेकखं |
| ૭૩ | ૧–૧ | करवण | कखग |
| ,, | ૩–૮ | ક્રેર | ક્રૂર |
| ૭૪ | ૧–૫ | ક્રેર | ક્રૂર |
| ૭૫ | ૧–૨ | महाण्णं | महण्णं |
| ૮૨ | અંતે | દૂપાયન | દ્વૈપાયન |
| ૮૮ | ૧–૩ | लिङ्ग | लिङ्ग |
| ૮૯ | ૧–૧ | भावागाहि | भावणाहि |
| | ૨–૩ | સંબંધ | સંબદ્ધ |

| પૃષ્ઠ | પેરા–પંક્તિ | શુદ્ધ | અશુદ્ધ |
|---|---|---|---|
| ૯૧ | ૫–૧ | પજ્ઞાનભાવના | પ જ્ઞાન-ભાવના |
| ૯૪ | ૪–૩ | પર્યાય | ગુણો |
| ૯૯ | ૩–૧ | ત્યાજજ | ત્યાજય |
| ૧૧૧ | ૨–૪ | ચારિત્રમાં | ચારિત્રથી |
| ૧૧૨ | ૧–૧ | निष्मओ | निब्भओ |
| | ૧–૫ | घनम | घनम० |
| ૧૧૬ | ૧–૧૨ | આભ્યાન્તર | આભ્યતર- |
| ૧૨૮ | ૨–૩ | ાયયોગ. | કાયયોગ૦ |
| ૧૩૧ | ૨–૩ | બેઠા, | બેઠા |
| ૧૩૩ | ૧–૨ | यइयव्व | जइयव्व |
| | ૨–૨ | ચેષ્ઠા | ચેષ્ટા |
| ૧૩૪ | ૨–૨ | શંક્તિમાં | શંકિતમાં |
| ૧૪૪ | ૨–૬ | સંજીવ...ઉત્પત્તિ | સંજીવ ઉપપત્તિ |
| ૧૫૨ | ૪–૧ | જિનન્દ્ર | મહાવિષય-વાળું જિનેન્દ્ર |
| ૧૫૪ | ૩–૭ | આચારણ | આચરણ |
| ૧૬૬ | ૧–૪ | પ્રાભત | પ્રાભૃત |
| ૧૬૭ | ૪–૪ | મમ્ય | સમ્ય૦ |
| ૧૬૯ | ૨–૨ | ગહનના | ગહનતા |
| | | સમ્યમ્ | સમ્યગ્ |
| | ૫–૪ | છે, | છે, યાને |

| પૃષ્ઠ | પેરા–પંક્તિ | શુદ્ધ | અશુદ્ધ |
|---|---|---|---|
| ૧૭૪ | ૨–૩ | दृष्टयादि | दृष्ट्यादि |
| ૧૭૬ | ૫–૫ | બ્રહ્યદત્ત | બ્રહ્મદત્ત |
| ૧૭૭ | અંતે | ઊભો | ઊભા |
| ૧૭૯ | ૧–૧૦ | છે, | છે, રાગા- -દિના પર લોકમાં ભયં- -કર અનર્થો છે. |
| ૧૮૦ | ૫–૧ | પ્રકૃત | પ્રકૃતિ |
| ૧૮૨ | ૧–૪ | नामाइमेय | नामाइमेय |
| ૧૮૨ | ૧–૬ | શ્લોકો પછી લીટી જોઈએ. | |
| ૧૮૩ | ૧–૯ | ...छिद्दं | ...च्छिद्दं |
| | ૧૩ | विणिअग | विणिओग |
| ૧૮૪ | ૧,૬ | ધનો૦જીવનનો | ધનો૦જીવનો |
| ૧૯૧ | ૧–૮ | મને બગાડું | હું બગાડું |
| ૧૯૨ | ૩–૨ | અને | અને અપેક્ષા |
| ૧૯૪ | ૯,૧૮ | नियत. બદ્ધ | नियतं–સંબદ્ધ |
| ૧૯૫ | ૨–૮ | (૫) | પાંચ |
| ૧૯૭ | ૩–૯ | દ્રવ્યમાં | દ્રવ્ય-પર્યાયમાં |
| ૨૦૦ | ૩–૨ | स्मरणेवष | स्मरणेष्व |
| ૨૦૨ | ૪–૧ | પૃથ્થી | પૃથ્વી |
| ૨૦૪ | ૨–૫ | ધાતકીની | લવણની |
| ૨૧૦ | ૨–૭ | છે, બનાવાય | બનાવાય |
| ૨૧૨ | ૨,૬ | છે...રૂપિતા | છે, સાથે... અરૂપિતા |

| પૃષ્ઠ | પેરા-પંક્તિ | શુદ્ધ | અશુદ્ધ |
|---|---|---|---|
| ૨૧૩ | ૨–૬,૯ | વે ન...કહે | વેદન...કહો |
| ૨૧૭ | ૧–૧૩ | જન૦ | જૈન૦ |
| ૨૨૦ | ૩–૬ | ડઓળાતું | ડહોળાતું |
| ૨૨૭ | ૧–૨ | એવા | એમાં |
| ૨૩૦ | ૪–૬ | સમાધી | સમાધિ |
| ૨૩૪ | અંતે | ધ્રવ | ધ્રુવ |
| ૨૩૬ | ૩–૩ | समक्ति | समकित |
| ૨૩૭ | ૧–૨ | संजोगा० | सजोगा० |
| ૨૪૮ | ૧–૨ | ज्झाणा०मढाइ | ज्झाणो०मंदाइ |
| ૨૫૦ | ૨–૨,૩ | આગમની૦ચાય | આગમથી ...ચાર્ય |
| ૨૫૪ | ૧–૧ | ૦રક્ત તતા | ૦રક્તતા |
| ૨૬૪ | ૨–૨ | છે. કરી | કરી |
| ૨૬૭ | ૨–૬ | ૦જ્ઞાનારૂપી | ૦જ્ઞાનીરૂપી |
| ૨૭૦ | ૩–૩ | ભિન્નભિન્ન | ભિન્નાભિન્ન |
| ૨૭૪ | ૨–૬ | સા | સાથે |
| ૨૮૨ | ૧–૪ | મક | કર્મ |
| ૨૮૬ | ૧–૪ | माव्रचारं | मविचारं |
| ૨૯૫ | ૧–૫ | [૨]ચિંતન, | કાય–ચિંતન, [૨]કાય૦ |
| ૨૯૯ | ૩–૪ | જિનશાસમાં | જિનશા- -સનમાં |
| ૩૦૧ | ૩–૩ | શલેશી | શૈલેશી |
| ૩૧૫ | ૩–૨ | चन्द्रिका | चन्द्रिका |
| ૩૧૮ | ૪–૪ | સારીરિક | શારીરિક |
| ૩૨૨ | ૧–૪ | પંન્યાલ | પંન્યાસ |

# ધ્યાનશતક

[ અર્થ-વિવેચન સાથે ]

卐

## ધ્યાનશતક

શ્રી 'ધ્યાનશતક' નામથી પ્રસિદ્ધ એવું 'ધ્યાનાધ્યયન' નામનું ૧૦૫ ગાથાનું શાસ્ત્ર પૂર્વધર મહર્ષિ પૂ. શ્રી જિનભદ્રગણી ક્ષમાશ્રમણ મહારાજે રચ્યું, અને એના પર સંક્ષિપ્ત વ્યાખ્યા પૂ. આચાર્ય શ્રી હરિભદ્રસૂરિજી મહારાજે કરી. બંને મહર્ષિ એવા અતિ ઉચ્ચ શ્રેણિના વિદ્વાન છે કે જેમની પંક્તિઓને સૂત્રાક્ષરની જેમ પછીના શાસ્ત્રકારો પોતાના રચેલા શાસ્ત્રમાં આધાર તરીકે નોંધે છે.

**આચાર્ય પુરંદર શ્રી જિનભદ્રગણી ક્ષમાશ્રમણ** મહારાજ પૂર્વધર મહર્ષિ છે. ૧૪ 'પૂર્વ' નામના શાસ્ત્રો, જે શ્રુતસાગરસમા, તે શાસ્ત્રો પૈકીના 'પૂર્વ' શાસ્ત્રના એઓશ્રી જાણકાર છે. એમની પછી તો 'પૂર્વ' શાસ્ત્ર તદ્દન નષ્ટ થઈ ગયા, કેમકે એ કાંઈ લખાયેલા નહિ, માત્ર મોંઢે મોંઢે જ ભણાવાતા, ભણાતા અને યાદ રખાતા. બધું જ મોંઢે. કાળના પ્રભાવે જીવોની બુદ્ધિનો હ્રાસ થતાં એ ગ્રહણ કરવાનું અને યાદ રાખવાનું મુશ્કેલ થયું. એટલે મહાવીર પ્રભુ પછી ૧૪ પૂર્વમાંથી ક્રમશઃ નષ્ટ થતાં થતાં ૧૦૦૦

વર્ષમાં તો 'પૂર્વ' જ્ઞાન સમૂળગું નષ્ટ થયું. શ્રી જિનભદ્રગણી ક્ષમાશ્રમણ મહારાજ એના અંત ભાગમાં થયા એટલે એમને લગભગ ૧ પૂર્વ જેટલું જ્ઞાન હશે એમ મનાય છે. એટલું પણ કાંઈ કમ નહિ; તે એના આધાર પર એમણે જે એકલા 'કરેમિ ભંતે' સામાયિકસૂત્રની નિર્યુક્તિ પર લગભગ સાડા ત્રણ હજાર શ્લોકપ્રમાણ 'વિશેષાવશ્યક ભાષ્ય' રચ્યું ને એમાં એવાં પંચજ્ઞાન, અનુયોગ, ગણધરવાદ, નિહ્નવવાદ, પરમેષ્ઠિ–નમસ્કાર વગેરે પર તર્કપૂર્ણ વિશદ વિવેચન કર્યાં, કે તે પછીથી આ શાસ્ત્ર **'આકર ગ્રન્થ'** તરીકે પ્રસિદ્ધ છે, અને દ્રવ્યાનુયોગનું મહાશાસ્ત્ર ગણાય છે. આના ઉપરાંત આ જ મહર્ષિએ શ્રમણસૂત્રમાં આવતા 'ચઉહિં ઝાણેહિં 'પદને લઈ 'ઝાણ' એટલે કે ધ્યાન, તેના પર 'ધ્યાન–અધ્યયન' પણ રચ્યું છે. ૧૦૫ ગાથાનું એટલે ૧૦૦ 'શત'ની નજીક સંખ્યાની ગાથાઓનું, માટે આ અધ્યયન 'ધ્યાનશતક' તરીકે ઓળખાય છે.

સૂરિપુરંદર શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજે આ શાસ્ત્રની ગાથાના પદ પદના ગંભીર ભાવ સ્પષ્ટ કરવા પૂરતી વ્યાખ્યા રચી છે. ૧૪૪૪ શાસ્ત્રોના પ્રણેતા તરીકે પ્રસિદ્ધ આ બહુશ્રુત મહાપ્રજ્ઞ આચાર્ય ભગવંતની ય ભારે પ્રસિદ્ધિ છે. યોગશતક, યોગદૃષ્ટિસમુચ્ચય, યોગબિન્દુ, અનેકાન્તવાદ, ઉપદેશપદ, પંચાશક, ધર્મસંગ્રહણી વગેરે મૌલિક શાસ્ત્રો રચવા ઉપરાંત એઓશ્રીએ શ્રી ચૈત્યવંદનસૂત્રવૃત્તિ, પંચસૂત્રવૃત્તિ, આવશ્યકવૃત્તિ વગેરે વ્યાખ્યાગ્રન્થો પણ રચ્યા છે. એમાંનો એક આ ધ્યાનશતક પર સંક્ષિપ્ત

वीरं सुक्कज्झाणग्गिदड्ढकम्मिंधणं पणमिऊणं ।
जोईसरं सरण्णं झाणज्झयणं पवक्खामि ॥१॥

**—અર્થાત્ શુકલધ્યાનરૂપી અગ્નિથી કર્મ ઇંધનને બાળી નાખનાર, યોગેશ્વર, (યોગીશ્વર, યોગીસર) અને શરણ કરવા યોગ્ય શ્રી વીરપ્રભુને નમસ્કાર કરીને હું 'ધ્યાન'નું અધ્યયન કહીશ.**

---

વ્યાખ્યાગ્રન્થ છે. આ બંનેના આધારે અહીં મૂળ ગાથા તથા અર્થ આપી એના પર ગુજરાતી ભાષામાં સરળ વિવેચન આલેખવામાં આવે છે. જ્યાં 'ધ્યાનશતક'ના રચયિતા પૂર્વધરમહર્ષિ હોય અને વ્યાખ્યાકાર સમર્થ શાસ્ત્રકાર હોય, પછી એ ગ્રન્થમાંના પદાર્થોનું ગૌરવ કેટલું બધું હોય, એ સમજાય એવું છે. વ્યાખ્યાકાર પોતે જ લખે છે કે 'ધ્યાન-શતક' શાસ્ત્ર મહાર્થ છે અર્થાત્ મહાન પદાર્થોથી ભરેલું છે; માટે 'આવશ્યક'થી એક જુદું શાસ્ત્ર છે; તેથી એના પ્રારંભે શાસ્ત્રકાર મંગળાચરણ કરે છે, જેથી વિઘ્નો દૂર થાય. એ મંગળરૂપે ઇષ્ટદેવને નમસ્કાર કરતાં આ પ્રમાણે કહે છે.

વિવેચન :

અહીં વર્તમાન જિન શાસનના અધિપતિ ચોવીસમા તીર્થંકર શ્રી વીરવિભુને નમસ્કાર કર્યો. એ 'વીર' એટલે વિશેષરૂપે કર્મોનું 'ઈરણ' યાને નિકાલ કરનાર, એવું કે એક પણ કર્મ સ્વાત્મા પર બાકી રહે નહિ અને જાય તે ફરી કદી ન આવવા માટે. અથવા 'વીર' એટલે મોક્ષે જનાર.

એમણે કર્મોનો નિકાલ શુકલધ્યાનથી કર્યો.

'શુક્લ' એટલે શોકને પીડી યા થકવી રવાના કરનાર, એવું ધ્યાન.

પ્ર૦—ધ્યાન શી વસ્તુ છે ?

ઉ૦—'ધ્યાન' એટલે જેના વડે તત્ત્વને ધ્યાવવામાં—ચિંતવવામાં આવે છે તે, અર્થાત્ તત્ત્વ પર એકાગ્રપણે ચિત્તને રોકી રાખવું તે. ખાલી ચિંતનમાં—ભાવનામાં—વિચારણામાં ચિત્ત એક વસ્તુ પરથી બીજી પર, ને બીજી પરથી ત્રીજી પર, એમ ફરતું રહે છે; ત્યારે ધ્યાનમાં એક વિષય પર એકાગ્ર સ્થિર રાખવાનું હોય છે. આ પણ ધ્યાન ધર્મધ્યાન નહિ, કિન્તુ શુક્લધ્યાન. એ પ્રચંડ અગ્નિસમાન છે. તે કર્મરૂપી કાષ્ઠને બાળીને ભસ્મીભૂત કરી નાખે છે.

પ્ર૦—કર્મ એટલે શું ?

ઉ૦—'ક્રિયતે તત્ કર્મ.' યાને મિથ્યાદર્શન, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ વડે જે ઉત્પન્ન કરાય તે કર્મ કહેવાય. એ એક પ્રકારની અતિ સૂક્ષ્મ પૌદ્ગલિક રજ છે. ભાષાના કે માનસિક વિચારના પુદ્ગલ કરતાં ય સૂક્ષ્મ પુદ્ગલ (Matter) છે, અને આત્મા મિથ્યાદર્શન આદિવાળો બને કે તરત એ રજ કર્મરૂપે બની જઈ આત્માની સાથે એકમેક ચોંટે છે. વાતાવરણની રજ તેલિયા કપડા પર ચોંટતી જ રહે છે ને ? તેલનો ભાગ એને ખેંચે છે. એમ મિથ્યાદર્શનાદિ એ તેલની માફક કર્માણુઓને આત્મા પર ખેંચે છે. બીજાઓ એને ભાગ્ય, અદૃષ્ટ, પ્રારબ્ધ વગેરે કહે છે, પરંતુ એ ગુણરૂપ નથી, જડ પુદ્ગલ સ્વરૂપ છે. માટે જ એમાં કેટલીય જાતના ફેરફાર થઈ શકે છે.

પ્ર૦—મિથ્યાદર્શન-અવિરતિ વગેરે શું છે?

ઉ૦—એ આત્માના પરિણામ છે. ★ મિથ્યાદર્શન એ એવો આત્મ-પરિણામ છે કે જેમાં વસ્તુદર્શન મિથ્યા થાય છે. વસ્તુ જે સ્વરૂપે છે તેને તેવા રૂપે ન જોતાં એટલે કે ન માનતાં વિપરીતરૂપે માનવી એ મિથ્યાદર્શન. દા. ત. આત્માને જ્ઞાનાદિ સ્વરૂપ ન માનતાં શરીરરૂપ યા જ્ઞાનાદિસ્વભાવ-રહિત કોરો ધાકોર માનવો. એમ પરમાત્માને વીતરાગ ઉદાસીન ન માનતાં જગત્કર્તા માનવા. આ મિથ્યાદર્શન છે. ★ અવિરતિ એટલે હિંસાદિ પાપોનો પ્રતિજ્ઞાપૂર્વક ત્યાગ ન કરવો તે. વિરતિ એટલે પ્રતિજ્ઞાબદ્ધ ત્યાગ. દા. ત. 'મારે જીવને મારવો નહિ' આવી પ્રતિજ્ઞા કરીને હિંસા ન કરે એ હિંસાની વિરતિ. પણ હિંસા ન કરતો હોય છતાં પ્રતિજ્ઞા ન હોય તો એ હિંસાની અવિરતિ કહેવાય. ★ પ્રમાદ એટલે અજ્ઞાન, ભ્રમ, સંશય, વિસ્મરણ વગેરે.★કષાય એટલે જેનાથી કષ=સંસારનો,આય =લાભ થાય તે ક્રોધ-માન-માયા-લોભ-હાસ્ય-શોક-હર્ષ-ખેદ વગેરે. યોગ એટલે મન-વચન-કાયાની પ્રવૃત્તિનો આત્મપરિણામ, ચૈતન્યસ્ફુરણ.

આ પાંચે કે ઓછાવત્તા પણ કારણ આત્મા પર કર્મનો સંબંધ કરાવે છે.

પ્ર૦—કર્મ કેટલા પ્રકારના છે? ને તે શું કામ કરે છે?

ઉ૦—કર્મ મૂળ આઠ પ્રકારે છે, ને એ નીચેના કોઠા પરથી સમજાશે કે દરેક પ્રકાર આત્માના મૂળ સ્વભાવને ઢાંકી દઈ એમાં કેવું કેવું વિકૃત સ્વરૂપ દેખાડે છે.

દા. ત. પહેલું જ્ઞાનાવરણીય કર્મ આત્માના અનંત જ્ઞાન-સ્વભાવને આવરી દઇ અજ્ઞાનતાનું મેલું સ્વરૂપ સર્જે છે. મોહનીય કર્મ વીતરાગતાને આચ્છાદીને આત્મામાં રાગ-દ્વેષ મિથ્યાત્વ વગેરે મલિનતા ઊભી કરે છે.

## ૮ કર્મ અને આત્માનું શુદ્ધ તથા વિકૃત સ્વરૂપ

| કર્મ | આત્માનું શુદ્ધ સ્વરૂપ | આત્માનું વિકૃત સ્વરૂપ |
|---|---|---|
| ૧. જ્ઞાનાવરણ | અનંત જ્ઞાન | અજ્ઞાન |
| ૨. દર્શનાવરણ | અનંત દર્શન | અદર્શન, નિદ્રા |
| ૩. વેદનીય | સહજ અવ્યાબાધ સુખ | શાતા—અશાતા |
| ૪. મોહનીય | સમ્યગ્દર્શન, વીતરાગતા | મિથ્યાત્વ, અવિરતિ, રાગ, દ્વેષ, કષાય, કામ, હાસ્યાદિ વગેરે |
| ૫. આયુઃકર્મ | અજર–અમર–અક્ષયતા | જન્મ–જીવન–મરણ |
| ૬. નામકર્મ | અરૂપીપણું | શરીર, ઇન્દ્રિયો, ચાલ, યશ–અપયશ, સૌભાગ્ય –દૌર્ભાગ્ય વગેરે |
| ૭. ગોત્રકર્મ | અગુરુલઘુપણું | ઊંચું કુળ, નીચું કુળ |
| ૮. અંતરાયકર્મ | દાન–લાભ–ભોગ ઉપભોગ–વીર્યલબ્ધિ | કૃપણતા–દરિદ્રતા–પરાધીનતા–દુર્બળતા |

આ કર્મો આત્મામાં અતિ તીવ્ર દુઃખનો અગ્નિ સળગાવે છે, માટે એ બળતણ–કાષ્ઠ જેવાં છે. એવાં પણ એ કર્મોને શુક્લધ્યાનાગ્નિથી જેમણે બાળી નાખ્યાં છે, અર્થાત્ એ કર્મોના સ્વભાવને જેમણે હણી એને દૂર કરી દીધાં છે, એવા શ્રી વીર પરમાત્મા છે.

પ્ર૦—મિથ્યાદર્શન અવિરતિ વગેરેથી ભેગાં કરેલાં કર્મ એકલાં શુક્લધ્યાનથી દૂર શી રીતે થાય ?

ઉ૦—શુક્લધ્યાન ત્યારે જ આવે છે કે જ્યારે પહેલાં મિથ્યાદર્શન–અવિરતિ–પ્રમાદ અને મોટા ભાગના કષાય દૂર કર્યા જ હોય, એટલે એ દૂર થતાં સમ્યગ્દર્શન વિરતિ–અપ્રમત્તતા અને ઉપશમ તો સાથે ઊભા જ છે. પરંતુ એટલા માત્રમાં એવો કર્મનાશ કરવાની તાકાત નથી, કેમકે એમાં હજી આત્મા વિવિધ ભાવોમાં ફરતા જ્ઞાનોપયોગથી ચળ–વિચળ છે, અસ્થિર છે, ને અસ્થિરમાંથી કર્મ એવા ખંખેરાઈ જાય નહિ. ત્યારે જીવ શુક્લધ્યાનમાં એકાગ્ર ઉપયોગમાં સ્થિર બને છે, તેથી જબરદસ્ત કર્મનાશ સુલભ બને છે.

મહાવીર પ્રભુએ શુકલધ્યાનથી કર્મનાશ કર્યો, એથી એ યોગેશ્વર યા યોગીશ્વર કે યોગિસ્મર્ય બનેલા છે.

★યોગેશ્વર એટલે અનુપમ યોગ યાને મન–વચન–કાયાના વ્યાપારથી પ્રધાન, અતિશયોથી આગળ પડતા. પ્રભુના યોગ અનુપમ કેમ ? આ પ્રમાણે:—

★ (૧) મનઃપર્યાયજ્ઞાની મુનિ અને અનુત્તરવાસી દેવોના સંશય ભગવાન કેવળજ્ઞાનથી જાણીને દ્રવ્યમનોયોગથી એનો ઉચ્છેદ કરે છે, અર્થાત્ સંશય–સમાધાનની વિચારણાને યોગ્ય માનસ પુદ્ગલ ગોઠવે છે, ને એને પેલા સંશયગ્રસ્ત આત્મા વિશિષ્ટ જ્ઞાનથી જોઈ લઈ સમાધાન પામી જાય છે. ★ (૨) ત્યારે પ્રભુનો વચનયોગ પણ એટલો બધો અનુપમ છે કે સમવસરણ પર પ્રભુની વાણી જોજનગામિની હોય છે, દરેક અક્ષર–પદ–વાક્ય સાફ સ્પષ્ટ અને સમજવા સરળ હોય છે. વળી મ્લેચ્છ, આર્ય અને તિર્યંચો કે જે જુદી જુદી ભાષાવાળા હોય છે એમને પોતપોતાની ભાષામાં એ વાણી પરિણમી જઇને સમજાઈ જાય છે. ત્યારે એ વાણી શ્રોતાના મનને એટલો બધો આનંદ આપનારી હોય છે કે કદાચ છ મહિના સુધી સતત સાંભળવા મળે તો ય ત્યાં ભૂખ–તરસ–થાક વગેરેની કોઈ જ પીડાનો અનુભવ ન થાય. વળી એમાંનું એકેક વાકય પણ અનેકોના ભિન્ન ભિન્ન સંશયોને દૂર કરવામાં સચોટ સામર્થ્ય ધરાવે છે. ત્યારે જિનવાણીનો રસ પણ એટલો અગાધ, કે સમસ્ત જીવનભર સાંભળે તો ય શ્રોતા તૃપ્તિ ન પામે, ધરાઈ ન જાય, પરંતુ હજી ય અધિક અધિક સાંભળવા તલસાટ રહે.

(૩) પ્રભુનો કાયયોગ યાને કાયિક પ્રવૃત્તિ પણ સર્વ દેવતાઓ કરતાં ય અધિક તેજસ્વી અને મનોહર હોય છે, છતાં ખૂબી એ કે એનાથી જીવોના સમૂહને ગભરાતા નહિ પણ હમેશા પ્રશાંત સ્વરૂપવાળા કરી દે છે. એમની

પાસે આવેલા સિંહ–હરણિયું, વાઘ–બકરી, સાપ–મોર, વગેરે પરસ્પર વૈર ભૂલી જઈ મિત્ર જેવા બનીને શાંત થઈ બેસે છે.

**યોગીશ્વર એટલે** (૧) યોગીઓથી ઈશ્વર. આમાં 'યોગ' એટલે જેનાથી આત્મા કેવળજ્ઞાનાદિ સાથે જોડાય છે તે ધર્મ–શુક્લધ્યાન. એવા યોગવાળા સાધુઓ તે યોગીઓ. એમનાથી ઈશ્વર અર્થાત્ ઐશ્વર્યવાળા. એ યોગીઓ પ્રભુના જ ઉપદેશથી પ્રવર્તેલા હોઈ પ્રભુના જ ગણાય; અને વળી જેઓ પ્રભુનું ઐશ્વર્ય ગણાય એવા શોભિતા ! તેથી એમના વડે પ્રભુ ઐશ્વર્યવાળા કહેવાય; જેમ ૩૨૦૦૦ મુકુટબદ્ધ રાજાઓથી ચક્રવર્તી ઐશ્વર્યવાળો છે. અથવા (૨) પ્રભુ યોગીઓને વિષે ઈશ્વર છે, યાને સ્વામી છે.

'**યોગીસર**' એટલે કે પ્રભુ યોગીઓથી સ્મર્ય છે, સ્મરણ–ચિંતન–ધ્યાન કરવા યોગ્ય છે.

'**શરણ્ય**' છે પ્રભુ; આંતર શત્રુ રાગાદિથી હણાઈ ગયેલા જે જીવો પ્રભુનો આશરો લે છે, એમના પ્રત્યે એ અતિ વત્સલ છે, વાત્સલ્ય ધરનારા યાને રક્ષણ આપનારા છે.

પ્ર૦—ભગવાન શુક્લધ્યાનાગ્નિથી કર્મને બાળી નાખનારા છે એટલે પછી યોગીસર અને શરણ્ય તો છે જ, તો આ બે વિશેષણો મૂકવાનું શું પ્રયોજન ? પહેલામાં ગતાર્થ છે.

ઉ૦—શુક્લધ્યાનથી કર્મનાશ કરનાર તો બીજા સામાન્ય ( અતીર્થંકર ) કેવળજ્ઞાની પણ હોય છે, કિન્તુ

એ યોગેશ્વર નથી હોતા, કેમકે એમને પ્રભુના જેવા વચન અને કાયાના અતિશય નથી; તેમ એમને પણ કેવળજ્ઞાન પામવામાં પ્રભુ જ શરણ્ય બનેલા છે, એટલે વસ્તુગત્યા અંતિમ શરણ્ય પ્રભુ જ છે. માટે આ બે વિશેષણોથી પ્રભુની અધિકતા દર્શાવવાનું પ્રયોજન છે.

પ્ર૦—તો પછી માત્ર 'યોગેશ્વર' વિશેષણ કહેવાથી એમાં 'શુક્લધ્યાનાગ્નિથી કર્મનાશક' વિશેષણ ગતાર્થ બની શકે ને ? જુદું શા સારુ કહેવું ?

ઉ૦—ના, એમ તો યોગેશ્વર તરીકે અણિમાદિ લબ્ધિવાળા પણ લેવાય. એમના કરતાં ય પ્રભુને અધિક દર્શાવવા 'શુકલધ્યાનાગ્નિથી કર્મનાશક' કહેવાની જરૂર છે.

અથવા કહો કે એક વિશેષણ કહેવામાં બીજા વિશેષણોનો ભાવ આવી જતો હોય તો પણ અલ્પજ્ઞ શિષ્યો સ્વયં એ સમજવાની તાકાતવાળા નહિ, તેથી એમને જ અજ્ઞાત વસ્તુ જણાવવા માટે બીજાં વિશેષણોનો ઉલ્લેખ કરવો જરૂરી છે. પૂર્વ મહર્ષિઓ પણ આમ માને છે. અસ્તુ.

આવા મહાવીર પ્રભુને પ્રણામ કરીને 'ધ્યાન'નું પ્રતિપાદન કરનારું અધ્યયન અહીં પ્રકર્ષથી કહેવાશે. 'પ્રણામ' એટલે કે પ્રકર્ષથી યાને મન–વચન–કાયાના ત્રિવિધ યોગથી નમસ્કાર. 'પ્રકર્ષથી કથન' એટલે યથાસ્થિતતાને જાળવીને કથન, સર્વજ્ઞની દૃષ્ટિએ 'ધ્યાન' પદાર્થ જેવા સ્વરૂપે છે તેવા જ સ્વરૂપે કથન; કિન્તુ લેશ પણ ફેરફારવાળું નહિ.

હવે ધ્યાનનું લક્ષણ બતાવવા કહે છે—

जं थिरमज्झवसाणं तं झाणं, जं चलं तयं चित्तं ।
तं होज्ज भावणा वा, अणुपेहा वा, अहव चिंता ॥२॥

—અર્થાત્ જે સ્થિર મન છે તે 'ધ્યાન' છે. જે ચંચળ (મન) છે તે 'ચિત્ત' છે. એ ચિત્ત ભાવનારૂપ હોય, અનુપ્રેક્ષારૂપ હોય, યા ચિંતાસ્વરૂપ હોય.

---

**વિવેચન :**

ધ્યાન કહો, ભાવના કહો....એ બધી મનની અવસ્થા છે.

**મન બે પ્રકારે હોય : ૧. ધ્યાન અને ૨. ચિત્ત.** એમાં મનને એક જ વિષય પર એકાગ્રતાનું આલંબન કરાવવું, બીજા-ત્રીજાનો વિચાર કરતું નહિ, પણ એકમાં જ સ્થિર કરવું, એને 'ધ્યાન' કહેવાય. ત્યારે જે મન અસ્થિર છે, અર્થાત્ એક વિષયના વિચાર પરથી બીજા વિષયના વિચારમાં ફરતું છે એને 'ચિત્ત' કહેવાય. ધ્યાનના પ્રકાર આગળ કહેશે.

આ 'ચિત્ત'ના ૩ પ્રકાર પડે : ૧. ભાવના, ૨. અનુપ્રેક્ષા, અને ૩. ચિંતા. ★ **ભાવના એટલે ધ્યાન માટેના અભ્યાસની ક્રિયા,** કે જેનાથી મન ભાવિત થાય. ભસ્મ કે રસાયનાદિને ભાવિત કરવા જુદા જુદા વનસ્પતિ-રસની ભાવના અપાય છે. કસ્તૂરીના ડાબડામાં રાતે મૂકી રાખેલું કાતણુ સવારે કસ્તૂરીથી ભાવિત થાય છે, એને એની ભાવના લાગી. એમ મનને ભાવિત કરનાર જ્ઞાનાદિના વારંવાર અભ્યાસની પ્રવૃત્તિ, અર્થાત્ મન એમાં લાગ્યું રહે તેને ભાવના કહેવાય. એથી બીજા-ત્રીજા વિકલ્પોથી

બચેલું મન હવે ધ્યાન યાને એક તત્ત્વ પર એકાગ્રતા માટે સમર્થ બને.

★ **અનુપ્રેક્ષા એટલે** પાછળ નજર નાખવી. જે તત્ત્વોનું અધ્યયન કર્યું હોય, એને યાદ કરી ચિંતન–મનન કરાય તે અનુપ્રેક્ષા. ધ્યાન અંતુર્મુહૂર્તથી વધારે ટકતું નથી, તેથી એટલો કાળ પસાર થયે મન ધ્યાનથી ભ્રષ્ટ થવાનું. એ વખતે મનને કોઈ તત્ત્વસ્મરણમાં જોડાય એને અનુપ્રેક્ષા કરી કહેવાય. એથી મન ફરીથી ધ્યાનમાં જોડાવા પૂર્વે બીજા–ત્રીજા વિચારોમાં નહિ ચડે. દા. ત. જગતના સંયોગોની અનિત્યતાના તત્ત્વની વિચારણા કરાય એ એની અનુપ્રેક્ષા થઈ. એમ જગતના જીવોની અશરણ અવસ્થા, સંસારની વિચિત્રતા, વગેરે કોઈ પણ તત્ત્વની અનુપ્રેક્ષા કરી શકાય. એમ સૂત્ર કે અર્થ પર ચિંતન સ્મરણ કરાય તે પણ અનુપ્રેક્ષા છે.

★ **ચિન્તા એટલે** ભાવના કે અનુપ્રેક્ષા સિવાયની મનની અસ્થિર અવસ્થા. દા. ત. વિચારે કે 'મારે હવે શું કર્તવ્ય છે ?' યા 'મારા રાગાદિ કેટલા ઓછા થયા ?' ઈત્યાદિ વિચારણા એ 'ચિન્તા' છે.

આમ, 'ત્રણ પ્રકારના ચિત્તથી ભિન્ન મનની સ્થિર અવસ્થા એ 'ધ્યાન'; એવું સામાન્ય સ્વરૂપ બતાવીને હવે ધ્યાનનો કાળ કેટલો અને સ્વામી કોણ, એ બતાવવા દ્વારા વિશેષરૂપે વર્ણવે છે—

अंतोमुहुत्तमेत्तं चित्तावत्थाणमेगवत्थुंमि ।
छउमत्थाणं झाणं जोगनिरोहो जिणाणं तु ॥३॥

**—અર્થાત્ એક વસ્તુમાં ચિત્તની સ્થિરતા માત્ર એક અંતર્મુહૂર્ત રહે છે. આ છદ્મસ્થોને હોય છે. વીતરાગ સર્વજ્ઞને યોગ નિરોધ એ ધ્યાન છે.**

---

**વિવેચન :**

એક ધ્યાન વધુમાં વધુ અંતર્મુહૂર્ત ટકે છે. આનું માપ આ પ્રમાણે,—પરમ સૂક્ષ્મ અવિભાજ્ય કાળને 'સમય' કહેવાય. કેવળજ્ઞાનીની દૃષ્ટિએ હવે એના વિભાગ ન પડે. ક્ષણ વિપળ વગેરેના તો વિભાગ પડે, પણ સમયના નહિ. એટલો સૌથી ઝીણો એ 'સમય' કાળ છે. એવા અસંખ્ય સમયનો એક શ્વાસોચ્છવાસ-કાળ થાય. હૃષ્ટપુષ્ટ તંદુરસ્ત અને નિશ્ચિન્ત-સ્વસ્થ મનવાળા પુખ્ત ઉંમરના માણસથી એકવાર શ્વાસ લઈને મૂકાય એમાં જે કાળ લાગે તેને 'પ્રાણ' કહેવાય. એવા ૭ પ્રાણ=૧ સ્તોક, ૭ સ્તોક (૪૯ પ્રાણ) = ૧ લવ, અને ૭૭ લવ (૩૭૭૭ પ્રાણ) = ૧ મુહૂર્ત, અર્થાત્ ૨ ઘડી (૪૮ મિનિટ). એની અંદરનો કાળ એ અંતર્મુહૂર્ત. એને 'ભિન્નમુહૂર્ત' પણ કહેવાય.

ફક્ત આટલા વખત સુધી જ ચિત્ત એક વસ્તુ પર એકાગ્ર સ્થિર રહી શકે, નિષ્કમ્પ અવસ્થાન કરી શકે. પછી સ્હેજ પણ ચલિત થઈને વળી ફરીથી ધ્યાન લાગી શકે; કિંતુ અંતર્મુહૂર્ત બાદ એમાંથી ચલિત તો થાય જ. અહીં 'વસ્તુ' કહ્યું, એ વસ્તુ એટલે જેમાં ગુણ અને

પર્યાયો વસે છે તે, અર્થાત્ કોઈ ચેતન કે જડ દ્રવ્ય. ચેતનના ગુણ જ્ઞાન-દર્શનાદિ; જડ પુદ્ગલના ગુણ રૂપ-રસાદિ. ચેતનના પર્યાય યાને અવસ્થા દેવત્વ, મનુષ્યત્વ, બાલત્વ, કુમારત્વ વગેરે; જડના પર્યાય પિંડપણું, શરાવપણું, ઘડાપણું વગેરે. આવી ગુણ-પર્યાયવાળી એક વસ્તુ પર ધ્યાન સતત વધુમાં વધુ અંતર્મુહૂર્ત ટકી શકે, આ ધ્યાનના કાળની વાત થઈ.

ધ્યાનના સ્વામી છદ્મસ્થ પણ હોય, કેવળી પણ હોય. છદ્મ એટલે જ્ઞાનાદિ ગુણોને આચ્છાદે આવરે તે જ્ઞાનાવરણીયાદિ ઘાતી કર્મ. એમાં રહેલા તે છદ્મસ્થ. એમને મનની એકાગ્રતા સતત અંતર્મુહૂર્ત માત્રની. તેમ ઘાતી કર્મો જેમના નષ્ટ થઈ સર્વજ્ઞ કેવળી બનેલા છે, એમને બધું જ પ્રત્યક્ષ હોઈ અને સાધના પૂર્ણ થઈ હોવાથી ધ્યાન યાને એકાગ્ર ચિંતન કરવા જેવું કાંઈ રહેતું નથી. છતાં એ અંતે જે યોગનિરોધ કરે છે એ જ એમને ધ્યાનરૂપ છે. કેમકે આ જ ગ્રંથમાં આગળ કહેવાના છે કે માત્ર મનની જ નહિ, પણ કાયાની સુનિશ્ચલતા પણ ધ્યાન જ છે, ને યોગનિરોધમાં એ બની આવે છે.

## યોગ અને નિરોધ શી વસ્તુ છે ? :

યોગ એટલે ઔદારિકાદિ શરીર વગેરેના સંયોગથી ઉત્પન્ન થતો આત્માનો તેવા પરિણામરૂપ વ્યાપાર. જેમકે કહ્યું છે કે 'ઔદારિકાદિ શરીરના સંબન્ધને લીધે આત્મામાં જે વીર્યસ્ફુરણ થાય તે કાયયોગ છે. ઔદારિક-વૈક્રિય-

આહારક શરીરના વ્યાપારથી જીવ પહેલાં ભાષાદ્રવ્ય-ભાષાવર્ગણાના પુદ્ગલ ગ્રહણ કરે (અને ભાષારૂપે પરિણમાવે), પછી એ પુદ્ગલના સહારે જીવમાં જે વીર્યસ્ફુરણ થાય એ વચનયોગ છે. એમ ઔદારિકાદિ કાયાના વ્યાપારથી મનોદ્રવ્ય યાને મનોવર્ગણાના પુદ્ગલ લઈ (મનરૂપે પરિણમાવી) એ મનોદ્રવ્ય સમૂહના સહારે જીવમાં જે વીર્યસ્ફુરણ થાય એ મનોયોગ છે.'

## ૮ પુદ્ગલ-વર્ગણા

જગતમાં જીવને ઉપયોગમાં આવે એવા જડ પુદ્ગલ-અણુસમૂહો ૮ જાતના છે : ૧ થી ૪ ઔદારિક-વૈક્રિય-આહારક-તૈજસ, ૫ થી ૮ ભાષા-શ્વાસોચ્છ્વાસ-માનસ-કાર્મણ. એ દરેક સમૂહને 'વર્ગણા' કહેવાય છે. (૧) એકેન્દ્રિયથી માંડી પંચેન્દ્રિય તિર્યંચ સુધીનાં શરીર, દા. ત. પૃથ્વી-પાણી-અગ્નિ-વાયુ-વનસ્પતિ તથા અનેક પ્રકારના કીડા-માખી આદિ અને પશુપંખીનાં શરીર, તેમ જ મનુષ્યનાં શરીર, એ ઔદારિક વર્ગણાનાં બને છે. (૨) દેવો અને નારકના શરીર જે પુદ્ગલનાં બને છે તે વૈક્રિય-વર્ગણા છે. (૩) ૧૪ પૂર્વી મહામુનિ વિચરતા ભગવાન પાસે મોકલવા પોતાને પ્રગટેલી આહારક-લબ્ધિ (શક્તિ)થી જે શરીર બનાવે છે તેનાં પુદ્ગલને આહારક-વર્ગણા કહેવાય છે. (૪) શરીરમાં આહાર-પાચનશક્તિ જે પુદ્ગલથી છે, તે તૈજસ વર્ગણા. (૫) શબ્દ બોલવા જે પુદ્ગલથી શબ્દ બનાવાય છે તે ભાષા વર્ગણા. (૬)

શ્વાસોચ્છ્વાસને ઉપયોગી પુદ્ગલ તે શ્વાસોચ્છ્વાસ-વર્ગણા. (૭) વિચાર કરવા માટે મન જે પુદ્ગલમાંથી બનાવાય છે તે મનોવર્ગણા. (૮) આત્મા પર ચોંટતા કર્મ જેમાંથી બને છે તેનું નામ કાર્મણ વર્ગણા.

આમાં ઔદારિકાદિ કાયાની જે પ્રવૃત્તિ થાય અર્થાત્ જે શરીરક્રિયા થાય તે સ્વતઃ નથી થતી; કિન્તુ જેમ માંદો માણસ લાકડીના ટેકે ચાલે, એમ એ શરીરના સહારે આત્મામાં વીર્યપરિણામનું સ્ફુરણ થઈ શરીરક્રિયા થાય છે. આ આત્મપરિણામને કાયયોગ કહેવામાં આવે છે. ત્યારે વચનયોગ અને મનોયોગ શું છે ? કાયયોગથી ભાષાવર્ગણા ને મનોવર્ગણાનાં પુદ્ગલ લઈને વચન અને મનરૂપે પરિણમાવી, હવે એના સહારે જીવ બોલવા-વિચારવાનું જે વીર્ય સ્ફુરાવે તે મનોયોગ-વચનયોગ છે.

## યોગનિરોધ કેમ જરૂરી ? :

આત્મા સર્વજ્ઞ બને ત્યારે કર્મબંધના કારણભૂત મિથ્યાત્વ-અવિરતિ-પ્રમાદ અને કષાયો તો નષ્ટ થઈ ચૂક્યા છે, પરંતુ આહાર-નિહાર-વિહાર-ઉપદેશ વગેરેમાં ઉક્ત 'ત્રિવિધ યોગ'રૂપ અંતિમ બંધકારણ ચાલુ છે. એ જો મોક્ષે જવાના છેલ્લા સમય સુધી ચાલુ રહે, તો એથી બંધાયેલ કર્મને પછી છોડે ક્યાં ? ને છોડ્યા વિના સર્વ કર્મમુક્તિ યાને મોક્ષ શાનો ? માટે મોક્ષે જવા પૂર્વે અંતિમ આયુષની પૂર્ણાહુતિ વખતે પાંચ હ્રસ્વાક્ષર અ-ઇ-ઉ-ઋ-લૃના ઉચ્ચારણ જેટલો કાળ જીવ યોગરહિત-

अंतोमुहुत्तपरओ चिंता झाणंतरं व होज्जाहि ।
सुचिरंपि होज्ज बहुवत्थुसंकमे झाणसंताणो ॥४॥

**—અર્થાત્ (છદ્મસ્થને ધ્યાનના) અંતર્મુહૂર્ત બાદ ચિંતા અથવા ભાવના-અનુપ્રેક્ષાનું અંતર પડી તરત ધ્યાન લાગે. આમ બહુ વસ્તુ પર ક્રમશઃ ચિત્તનું સ્થિરપણે અવસ્થાન દીર્ઘ કાળ સુધી પણ ચાલ્યા કરે; ને તે ધ્યાનસંતતિ—ધ્યાનધારા કહેવાય.**

---

અયોગી હોય છે, જેમાં હવે કર્મબંધ મુદ્દલ નહિ ને બાકીના કર્મનો માત્ર ક્ષય કરે છે. આ યોગરહિત અવસ્થા બનાવવા જીવ મન-વચન-કાયાના યોગોનો સમૂળગો નિરોધ-અટકાયત કરે છે. એ ત્રણેનો હવે કોઈ સંબંધ-સહારો નહિ; ને ત્યાં આત્મદ્રવ્ય શૈલેશ યાને મેરુ જેવું નિશ્ચલ બને છે. આ અવસ્થાને 'શૈલેશી' કહે છે. જે ૧૪મા ગુણઠાણે હોય છે, અને તે માટે ૧૩મા ગુણઠાણાના અંતે સંપૂર્ણ યોગનિરોધ કરવો પડે છે. આ યોગનિરોધની ક્રિયામાં કાયા હવે સુનિશ્ચલ કરી દીધી, માટે એ યોગ-નિરોધની ક્રિયા પણ ધ્યાનરૂપ છે, અને તે અંતર્મુહૂર્ત માત્ર ચાલે છે. એટલે કહ્યું કે સર્વજ્ઞને યોગનિરોધ એ જ ધ્યાન. એ એમને જ હોય, કેમકે બીજાને માટે એ કરવો અશક્ય છે. સર્વજ્ઞને એ કેવી રીતે અને કેટલો કાળ થાય એ આગળ કહેશે.

હવે છદ્મસ્થને અંતર્મુહૂર્ત પછી શું થાય એ કહે છે.

**વિવેચન :**

ધ્યાનના આંતરે—અંતર્મુહૂર્તે એક ધ્યાન અંત

પામે જ. તે પછી પૂર્વોક્ત 'ચિત્ત' અવસ્થા યાને ચિંતા ભાવના કે અનુપ્રેક્ષા આવે. અહીં ગાથામાં 'ધ્યાનાન્તર' શબ્દ કહ્યો તે 'બીજું ધ્યાન' એ અર્થમાં નહિ, કિન્તુ 'ધ્યાનનું અંતર–આંતરું.' એ અર્થમાં લેવાનો. એ આંતરું ચિંતા, ભાવના કે અનુપ્રેક્ષાથી પડે, પરંતુ આંતરું ત્યારે જ કહેવાય કે પછી પાછું તરત બીજું ધ્યાન શરૂ થાય. 'ધ્યાનનું આંતરું'નો અર્થ જ એ કે બે ધ્યાનની વચ્ચેનો કાળ, કાળમાં થતી ક્રિયા.

**ધ્યાનધારા**—હવે એ બીજું ધ્યાન અંતર્મુહૂર્તમાં પૂર્ણ થયે વળી ચિંતાદિ આવી, અંતર પડીને ત્રીજું ધ્યાન પણ લાગી શકે. આમ ચાલે જ એવો નિયમ નહિ. નવું ધ્યાન લાગવાને બદલે ચિંતાદિમાં જ કેટલોય કાળ પસાર થાય, પરંતુ જો તરત નવું ધ્યાન, પછી આંતરું, પછી નવું ધ્યાન—એમ ચાલે તો દીર્ઘ કાળ સુધી પણ ચાલી શકે. એને ધ્યાનધારા, ધ્યાનપ્રવાહ કહે છે. એ ભગવાન તથા બીજા એવા મહાત્માઓને સારો હોય. આ નવાં નવાં ધ્યાનમાં ચિત્ત એક વસ્તુ પરથી બીજી પર અને બીજીથી ત્રીજી ઉપર એકાગ્ર અવસ્થાન કર્યે જવાનું.

પ્ર૦—ધ્યાનની વસ્તુ શી ?

ઉ૦—ધ્યાનમાં વસ્તુ તરીકે આત્મા અથવા પરમાં રહેલ દ્રવ્યાદિ આવી શકે. આત્મામાં રહેલ વસ્તુ મનોદ્રવ્ય વગેરે ઉપર પણ ધ્યાન લાગે; યા પરમાં રહેલ કોઈ દ્રવ્ય ગુણ કે પર્યાય પર ધ્યાન લાગે; દા. ત. 'આત્માએ ગ્રહણ

अट्टं रुद्दं धम्मं सुक्कं झाणाइ, तत्थ अंताइं ।
निव्वाणसाहणाइं, भवकारणमट्टरुद्दाइं ॥५॥

—અર્થાત્ આર્ત, રૌદ્ર, ધર્મ્ય અને શુક્લ નામના ચાર પ્રકારના ધ્યાન છે. એમાં અંતિમ બે (ધર્મ્ય-શુક્લ) ધ્યાન સુખનાં સાધન છે, અને આર્ત-રૌદ્ર એ સંસારનાં કારણ છે.

---

કરેલ મનોદ્રવ્ય કેવું છે?' 'ભાષાદ્રવ્ય કેવું છે?' 'આત્માનો અગુરુલઘુ ગુણ કેવો?' એના પર ધ્યાન લાગે, અથવા બહારના કોઈ વર્ગણાપુદ્ગલ યા ઉત્પત્તિ-વ્યય વગેરે પર મન કેન્દ્રિત બને.

અહીં સુધી પ્રસંગપ્રાપ્ત વસ્તુ સાથે ધ્યાનનું સામાન્ય લક્ષણ કહ્યું. હવે વિશેષ લક્ષણ કહેવાની ઇચ્છાથી ધ્યાનના પ્રકારોનાં સામાન્ય નામ અને એની વિશિષ્ટ કાર્યજનકતા સંક્ષેપથી બતાવવા કહે છે.

વિવેચન :

ધ્યાન ચાર પ્રકારે છે—(૧) આર્તધ્યાન, (૨) રૌદ્રધ્યાન, (૩) ધર્મ્યધ્યાન, (૪) શુક્લધ્યાન.

(૧) આમાં 'આર્ત' શબ્દ 'ઋત' પરથી બન્યો છે. ઋતમાં ઉત્પન્ન થનારું તે આર્ત. ઋત એટલે દુઃખ; એ નિમિત્તે થતો દૃઢ અધ્યવસાય, એકાગ્ર ચિત્ત એ આર્તધ્યાન. (૨) હિંસા, જૂઠ વગેરેની રુદ્રતા યાને ક્રૂરતાભર્યું ચિત્ત એ રૌદ્રધ્યાન. (૩) શ્રુતધર્મ-ચારિત્રધર્મને અનુસરતું

એકાગ્ર ચિંતન એ ધર્મ્યધ્યાન. (૪) આઠ પ્રકારના કર્મમળને શોધે, અથવા શોકને કિલામણા-હ્રાસ-નાશ પમાડે તે શુક્લધ્યાન. આ ચાર પ્રકારનાં ધ્યાન છે.

**ધ્યાનની કાર્યજનકતા :**

હવે આ દરેક ધ્યાન કેવાં કેવાં ફળનું કારણ છે એનો વિચાર આ પ્રમાણે. ઉપર્યુક્ત વ્યાખ્યાઓથી એ સ્પષ્ટ છે કે આર્ત અને રૌદ્રધ્યાન એ બે અશુભ ધ્યાન છે; ત્યારે ધર્મ્ય ને શુક્લધ્યાન એ બે શુભ ધ્યાન છે. શુભ ધ્યાન નિર્વાણ યાને સુખનાં કારણ અને અશુભ ધ્યાન ભવ યાને દુઃખનાં કારણ છે. 'નિર્વાણ'નો સામાન્ય અર્થ શાંતિ, સુખ એવો થાય. ત્યારે ધર્મ્યધ્યાનથી દેવગતિ અને શુક્લધ્યાનથી સિદ્ધિગતિ મળે, ત્યાં સુખ મળ્યું એમ કહેવાય. કહ્યું છે—

अट्टेण तिरिक्खगई रुद्दज्झाणेण गम्मती नरयं ।
धम्मेण देवलोयं सिद्धिगई सुक्कझाणेण ॥

એટલે, આર્તથી તિર્યંચગતિ, રૌદ્રથી નરકગતિ, ધર્મ્યથી સ્વર્ગગતિ અને શુક્લધ્યાનથી સિદ્ધિગતિ મળે છે.

પ્ર૦—આમ છતાં 'નિર્વાણ'નો વિશેષ અર્થ મોક્ષ એવો થાય છે; તો અહીં ધર્મ્યધ્યાનને મોક્ષસાધન કહ્યું એ શી રીતે?

ઉ૦—ધર્મ્યધ્યાન આગળ જઈને શુક્લધ્યાન પમાડવા દ્વારા મોક્ષપ્રાપ્તિ કરાવનારું બને છે, માટે એને મોક્ષસાધન કહેવામાં બાધ નથી. દા. ત. સમ્યગ્દર્શન આગળ જઈને

સમ્યક્ ચારિત્રની પ્રાપ્તિ અને સાધના કરાવવા દ્વારા મોક્ષદાતા બને છે, તેથી એને મોક્ષસાધન કહેવાય જ છે.

આર્ત અને રૌદ્રધ્યાનને ભવનાં કારણ કહ્યાં. 'ભવ' એટલે જેમાં જીવો કર્મને વશ પડેલા હોય છે તે, અર્થાત્ સંસાર. એનાં કારણભુત આર્ત અને રૌદ્ર. ગાથામાં તો સામાન્ય 'ભવ' શબ્દ મૂકચો, પણ એનો વિશેષ બોધ વ્યાખ્યાનથી થાય એ હિસાબે અહીં 'ભવ' શબ્દથી ચારે ગતિ નહિ લેતાં તિર્યંચ અને નરકગતિ લેવાની છે. આવી વ્યાખ્યાનું કારણ એ કે (૧) એક તો અન્યત્ર ઉપર્યુક્ત શ્લોકમાં કહ્યું તેમ આ બે દુર્ધ્યાનનાં એ ફળ કહ્યાં છે; વળી (૨) બીજું એ કે આ જ ગ્રંથકાર આગળ જઇને દરેક ધ્યાનનું વિશેષ ફળ બતાવતાં આર્તનું તિર્યંચગતિ અને રૌદ્રનું નરકગતિ ફળ બતાવે છે. તેમ જ (૩) ત્રીજું એ કે મનુષ્ય અને દેવગતિ જેવી સદ્ગતિ આવા અશુભ ધ્યાનનું ફળ હોય નહિ માટે અહીં 'ભવ' શબ્દથી તિર્યંચ-નરક ગતિ લેવાની.

અહીં સુધી ધ્યાનસામાન્યની વાત કરી. હવે 'યથોદ્દેશં નિર્દેશઃ' અર્થાત 'જેવું સામાન્યથી સામૂહિક પ્રતિપાદન તે પ્રમાણેના ક્રમથી વિશેષરૂપે વર્ણન હોય' એ ન્યાયે બતાવેલ ચાર પ્રકારના ધ્યાનમાંથી પહેલા આર્તધ્યાનના વર્ણનનો અવસર છે. માટે એનું વર્ણન શરૂ કરે છે.

આ પ્રકરણમાં આર્ત અને રૌદ્ર ધ્યાનનો વિચાર ૫ દ્વારથી અને ધર્મ્ય-શુકલ ધ્યાનનો વિચાર ૧૨-૧૩ દ્વારથી

કરવામાં આવ્યો છે. દ્વાર એટલે મુખ્ય મુદ્દા. કોઈ વિષય પર વિચાર કરવો હોય તો એના મુખ્ય મુદ્દા નક્કી કરી લેવાથી પછી એ દરેક મુદ્દો લઈને એ વિષય પર વ્યવસ્થિત વિચારણા થઈ શકે છે. ઢંગસર વ્યાખ્યાન કરનારા એ પ્રમાણે મગજમાં મુખ્ય મુદ્દા ધારી લઈ, પછી ક્રમશઃ એકેક મુદ્દો પકડીને તે તે વિષય પર પ્રતિપાદન કરે છે. શ્રી જિનભદ્રગણી ક્ષમાશ્રમણ ભગવંત સમર્થ વ્યાખ્યાનકાર છે, તેથી એમનાં બીજાં શાસ્ત્રની જેમ અહીં પણ મનમાં દરેક ધ્યાનના મુખ્ય મુદ્દા નક્કી કરીને પછી એમાંનો એકેક મુદ્દો લઈ એનું વર્ણન કરે છે. એમાં આ પ્રમાણે આર્ત અને રૌદ્ર ધ્યાનના વિચાર માટેના છે: (૧) સ્વરૂપ, (૨) સ્વામી, (૩) ફળ, (૪) લેશ્યા, (૫) લિંગ. અર્થાત્ (૧) આર્તધ્યાનના પ્રકારોમાંના દરેકનું સ્વરૂપ શું ? (૨) આર્તધ્યાન કેવા જીવોને થાય ? (૩) આર્તધ્યાનનું ફળ શું ? (૪) આ ધ્યાનવાળાની માનસિક લેશ્યા કેવી હોય ? (૫) અંતરમાં આર્તધ્યાન વર્તે છે એનાં જ્ઞાપક ચિહ્નો કેવાં કેવાં હોય ?

હવે આ મુદ્દા ક્રમશઃ એકેક લઈને એના પર વિચાર કરવામાં આવે છે.

## ૧. સ્વરૂપ

ટીકાકાર આ. શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ લખે છે કે આર્તધ્યાન, પોતાના ૪ પ્રકારના વિષયમાં વહેંચી શકાવાથી, ચાર પ્રકારે હોય છે. ભગવાન વાચકમુખ્ય ઉમાસ્વાતિજી મહારાજે આર્તધ્યાનના ૪ પ્રકાર બતાવતાં શ્રી તત્ત્વાર્થ મહાશાસ્ત્રમાં કહ્યું છે કે—

अमणुण्णाणं सद्दाइविसयवत्थूणं दोसमइलस्स ।
घणियं विओगचिंतण–मसंपओगाणुसरणं च ॥६॥

**દ્વેષથી મલિન જીવને અણગમતા શબ્દાદિ વિષય અને એવી વસ્તુના વિયોગનું ગાઢ ચિંતન યા અ-સંયોગનું ગાઢ ધ્યાન રહે (એ આર્તધ્યાનનો પહેલો પ્રકાર).**

---

(૧) અ-મનોજ્ઞાનાં સંપ્રયોગે તદ્વિપ્રયોગાય સ્મૃતિ-સમન્વાહારો, (૨) વેદનાયાશ્ચ, (૩) વિપરીતં મનોજ્ઞાનાં, (૪) નિદાનં ચ. (અધ્યાય ૯, સૂ. ૩૧ થી ૩૪) ઇત્યાદિ.

અર્થાત્ આર્તધ્યાનના ૪ પ્રકાર આ પ્રમાણે—

(૧) અણગમતા વિષયોના સંયોગમાં એનો વિયોગ કેમ થાય એનું નિશ્ચળ ચિંતન.

(૨) રોગાદિની વેદનામાં એ કેમ જાય એના ઉપાયોનું નિશ્ચળ ચિંતન.

(૩) એથી વિપરીત ગમતામાં એટલે કે ગમતા વિષયોમાં એના સંયોગ વિષે નિશ્ચળ મન.

(૪) નિયાણું અર્થાત્ પૌદ્ગલિક સુખોની દૃઢ આશંસા કે પ્રણિધાન.

ધ્યાનના આ ચાર ભેદમાંથી કોઈ પણ ધ્યાન ચાલતું હોય એ આર્તધ્યાન છે. એમાંથી અહીં પહેલા ભેદનું સ્વરૂપ બતાવવા કહે છે.

**વિવેચન :**

જીવને ઇન્દ્રિયોને અમનોજ્ઞ શબ્દ–રૂપ–રસ–ગંધ-સ્પર્શ કે એવા શબ્દાદિવાળી વસ્તુ દા. ત. ભૂંકતો ગધેડો

વગેરે જો સંપર્કમાં આવે તો એ ગમતું નથી. એના પર દ્વેષ અને અરુચિ થાય છે. પછી ચિત્ત 'એ કેમ હટે ?' એવા એના વિયોગના વિચારમાં ચડે છે. એમાં ક્ષણવાર પણ ચિત્ત જો સ્થિર બને, અત્યંત તન્મય બને, તો એ અનિષ્ટ-વિયોગ આર્તધ્યાનસ્વરૂપ થાય. આર્તધ્યાન ત્રણે કાળના વિષય અંગે હોઈ શકે.

**ત્રણે કાળના વિષયો અંગે આર્તધ્યાન :**

એમાં (૧) આ વર્તમાન વિષય 'અનિષ્ટ વિયોગ' અંગેનું બન્યું. (૨) ત્યારે ભાવી વિષયનું આર્તધ્યાન એ રીતે કે 'ભવિષ્યમાં અનિષ્ટ કેમ ન આવે', 'ન આવે તો સારું'—આવું અનિષ્ટના અ–સંયોગ પર મન લાગી જાય. (૩) એમ અતીત વિષય અંગેનું આર્તધ્યાન એ રીતે કે પૂર્વે વિયોગ થઈ ચૂકેલા અથવા પૂર્વે સંયોગમાં જ ન આવેલા વિષય અંગે મનમાં સ્ફુરી આવે કે અરે ! એ કેવો દુઃખદ પ્રસંગ યા પદાર્થ ગયો ? ઠીક ગયો', યા 'એ ન આવ્યો, બચી ગયા, સારું થયું.' આ અતીત—થઈ ગયેલી વસ્તુને અત્યારે કાંઈ સંબંધ નથી, છતાં અત્યારે મન એના પર જવાથી બગડે છે. એમ ભાવી પણ ધાર્યું બને કે ન બને કોને ખબર, કિન્તુ અત્યારે એનું એકાગ્ર ચિંતન એ આર્તધ્યાન થાય છે. આમ, આગળના આર્ત-ધ્યાનના ભેદોમાં પણ વર્તમાન વિષયની જેમ અતીત અને ભવિષ્યના તેવા વિષય અંગે પણ આર્તધ્યાન બને છે.

## વિષયો આર્તધ્યાનનું મૂળ કારણ :

આ આર્તધ્યાન થવાનું મૂળ કારણ ઇન્દ્રિયોના વિષય છે. 'વિષય' શબ્દનો અર્થ જ એ છે કે જીવ જેમાં આસક્ત થઈ વિષાદ પામે. ઈષ્ટ વિષયમાં એકવાર ભલે હરખ આવી જાય, પરંતુ સમય જતાં એ જ વિષય દુઃખદ બને છે. અણધાર્યા રૂ. ૫૦૦૦ કમાયો એટલે હરખ થાય, પરંતુ જાણવા મળ્યું કે બાજુવાળો રૂ. ૧૦,૦૦૦ કમાયો, ત્યાં ઈર્ષ્યા, વિષાદ ઊઠે છે. પોતે કમાવા ઉપર પણ આ દશા છે. અથવા કમાયેલા પર 'ક્યાં મૂકું? શામાં ખરચું? આના પર નવા કેટલા કમાઈ શકાય?' વગેરે ચિંતાઓ ઊભી થાય એ પણ એક જાતનો ચિંતા–અજંપો–સંતાપરૂપ વિષાદ જ છે. એટલે વિષયો વિષાદ જ કરાવનારા છે. એમાં અનિષ્ટ વિષયો અંગે ત્રણે કાળની લોથ.

## તેય વિષયો દિનભરમાં કેટલા?

ભૂખ–તરસ, ટાઢ–ગરમી, અરુચિકર ખાન–પાન–કપડાં, ઘર–રસ્તો–શેરી, નોકરી–ધંધો, અનિષ્ટ શેઠ–નોકર–ઘરાક–દલાલ–પાડોશી–કુટુંબી–સ્નેહી, અપસંદ રૂપ–રસ–સ્પર્શ વગેરે કેટલાય આવે, આવશે, આવી ગયા, યા હમણાં નથી, પૂર્વે નથી આવ્યા, ભવિષ્યમાં ઇષ્ટ નથી, એના પર પણ મન જતાં બગડે છે; દૃઢ ચિંતન થાય છે કે 'આ ક્યારે મિટે? કેમ જાય? ફરી ન આવે તો સારું'. પૂર્વે બહુ દુઃખદ વિષયો આવી ગયા; ઠીક ટળ્યા, યા ન

આવ્યા તે સારું થયું.' દિનભરમાં આવું કેટલું ચાલે છે? તેય આટલેથી પતતું નથી. કદાચ આ મન પર નથી, તો વેદના યા ઇષ્ટસંયોગ અંગે, આગળ કહેશે તે, ચિંતન આવી જાય છે. તો એકેક દિવસમાંય આર્તધ્યાન કેટલાં? એ કઈ ગતિનાં કર્મ બંધાવે? દેવ–મનુષ્ય ગતિનાં કે તિર્યંચ ગતિનાં? ધ્યાન, અધ્યવસાય, લાગણી વગેરે પ્રમાણે કર્મ તો પ્રતિસમય બંધાય જ છે; શુભમાં શુભ, અશુભમાં અશુભ. આર્તધ્યાન અશુભ હોવાથી દિનભરમાં કેટલી વાર કેટલાં અશુભ બંધાયાં કરે?

પ્ર૦—જગતની વચ્ચે રહ્યે અનિષ્ટ સંપર્કો તો રહેવાના. પછી આર્તધ્યાનથી શે બચાય?

ઉ૦—પહેલું તો એ ઓળખવા માટે આ 'ધ્યાનશતક' પ્રકરણ છે. પછી બચવા માટે આમાં આગળ ધર્મધ્યાનની ભવ્ય વિસ્તૃત વિચારણા કરી છે. એ જોતાં દેખાશે કે બચવું હોય તો આર્ત–રૌદ્ર મિટાવવા ભરપૂર સાધનસામગ્રી છે. માત્ર જીવનમાં એનો ઉપયોગ મુખ્ય બની જવો જોઈએ. વળી, આર્તધ્યાનનો પહેલો પ્રકાર દ્વેષમલિનતામાં જાગે છે, અર્થાત્ અનિષ્ટ પ્રત્યે અરુચિ, અભાવ, અપ્રીતિ રહેતાં આર્તધ્યાન ઊઠે છે. એમ આગળ પ્રકાર કહેશે તેમાં રાગ પણ જવાબદાર છે. એટલે મૂળમાં આ રાગ-દ્વેષ જ ખોટા. તેથી એનો પણ નિગ્રહ કરાય તો આર્તધ્યાનથી બચાય. આટલી પહેલા પ્રકારની વાત થઈ.

હવે આર્તધ્યાનનો બીજો પ્રકાર બતાવે છે.

तह सूलसीसरोगाइवेयणाए विजोगपणिहाणं ।
तदसंपओगचिंता तप्पडिआराउलमणस्स ॥ ७ ॥

તથા શૂળ, શિરોવ્યાધિ વગેરેની વેદનામાં તેના નિવારણના ઉપાયમાં વ્યાકુળ મનવાળાને એ વેદના કેમ જાય અગર (ભાવીમાં) ન આવે એની દૃઢ ચિંતા (એ આર્તધ્યાન).

વિવેચન :

## ૨. આર્તધ્યાન : વેદનાનુબંધી

પેટ–છાતી–દાંત–આંખ–કાન વગેરેના શૂળ, તીક્ષ્ણ પીડા યા શૂળ વિનાના પણ મસ્તક, પેટ, આંતરડાં આદિના અનેકાનેક પ્રકારના રોગ–વ્યાધિ–તકલીફમાંથી ઊઠતી વેદના, કડવા અનુભવ થવા પર થતાં દુઃખદ સંવેદન, 'એ કેમ ટળે, કેમ મિટે' એનું ક્ષણવાર પણ તન્મય ચિંતન થાય એ વર્તમાન અંગે આર્તધ્યાન થયું. તેમ જ ગમે તેમ કરીને એ ટળી કે મિટી, તોય ભવિષ્ય અંગે 'એ કેમ હવે કદીય મારે ન આવે' એવી દૃઢ ચિંતા થાય એય આર્તધ્યાનનો બીજો પ્રકાર છે. એમ ભૂતકાળ અંગે પણ થાય, જો પૂર્વે અનુભવેલી વેદના યાદ આવતાં, 'અરે, એ બહુ દુઃખદ ! કેટલી એની પીડા ! ટળી તે ઠીક થઈ ગયું" એવું ચિંતન થાય, અગર 'બીજાને પીડા આવી, મારે નહોતી આવી તે સારું થયું" એમ દૃઢ ચિંતન ચાલે, એય વેદનાનું આર્તધ્યાન.

પ્ર૦—કેવા જીવને આ વેદનાનું આર્તધ્યાન થાય ?

ઉ૦—જેને વેદનાનું નિવારણ કરવા માટે એના પ્રતિકારમાં યાને નિવારક ઉપાયમાં ચિત્ત વ્યાકુળ હોય. દા. ત.

'કયો વૈદ, ડૉકટર પકડું? કઈ દવા લઉં? પથ્ય શું પાળું? આરામ કેટલો કરું? દવાનો સમય થયો? પથ્યનો થયો?' વગેરે ગડમથલ ચાલતી હોય એને વેદનાવિયોગનું પ્રણિધાન રહે છે, એ આર્તધ્યાન રહે છે. એમ 'ભાવી અંગે કઈ અગમચેતી રાખું, કઈ ભસ્મો, ટૉનિક દવા લઉં, પાક ખાઉં, વસાણાં ખાઉં' વગેરે ગડમથલ ચાલતી હોય એ વેદના–અસંયોગનું પ્રણિધાનરૂપ આર્તધ્યાન છે.

પ્ર૦—વેદના પણ એક અનિષ્ટ જ છે, તો એના વિયોગ કે અસંયોગનું ધ્યાન તો પહેલા પ્રકારમાં આવી જાય. પછી બીજા પ્રકારમાં શી વિશેષતા?

ઉ૦—પહેલામાં કેટલીય વાર અનિષ્ટના નિવારક ઉપાય નથી જણાતા; દા. ત. પાડોશી અક્કરમી મળ્યો છે, દીકરો સ્વચ્છંદ અને ઉદ્ધત પાક્યો છે, પોતાનું શરીર કે અંગ કૂબડું મળ્યું છે વગેરેમાં ઉપાય નથી દેખાતો, છતાં એની અરુચિથી આર્તધ્યાન ચાલે છે કે 'આ ક્યાં મળ્યું? કેટલું દુઃખદ?' ઇત્યાદિ. ત્યારે બીજા પ્રકારમાં વૈદ્ય–દવા–પથ્યાદિ પ્રતિકાર–ઉપાય મળે છે. તે આ ચિકિત્સા અંગેની વ્યાકુળતાઓને લઈને આર્તધ્યાન થયા કરે છે. આ વિશેષતા છે. આટલી બીજા પ્રકારની વાત થઈ.

## ૩. આર્તધ્યાન : ઇષ્ટ સંયોગ–અવિયોગાનુબંધી

હવે આર્તધ્યાનનો ત્રીજો પ્રકાર કહે છે.

इट्ठाण विसयाईण वेयणाए य रागरत्तस्स ।
अविओगऽज्झवसाणं तह संजोगाभिलासो य ॥ ८ ॥

**ઇષ્ટ વિષયો વગેરેમાં કે ઇષ્ટ વેદનામાં રાગરક્ત જીવને એના અ-વિયોગ પર મનની ચોંટ, તથા (ન મળેલા માટે એના) સંયોગની ઇચ્છારૂપ દૃઢ અધ્યવસાન (પ્રણિધાન) થાય એ ત્રીજો પ્રકાર છે.**

---

વિવેચન :

### ૩. આર્તધ્યાનનો ત્રીજો પ્રકાર

ઇષ્ટ, મનગમતા શબ્દ, રૂપ, રસ આદિ વિષયો કે એવા વિષયવાળી વસ્તુ અથવા ચાહીને રાખવી ઇષ્ટ લાગતી વેદના 'એ કેમ ન જાય, અગર ન મળી હોય તો કેમ એ મળે' એનું દૃઢ ચિંતન એ ત્રીજા પ્રકારનું આર્તધ્યાન છે. સ્નેહીસંબંધીઓના સારા માનભર્યા બોલ મળે છે, રૂડાં ખાનપાન મળ્યાં છે, નોકર કે શેઠ યા ઘરાક, આડતિયા વગેરે ગમતા મળેલા છે, વેપાર ઠીક ચાલે છે, કુટુંબીઓ ઠીક વર્તે છે, વગેરે વગેરે ઇષ્ટ મળેલું કેમ બરાબર ચાલ્યા કરે અને એમાં ફરક ન પડે એનું દૃઢ ચિંતન રહે; એમ, કોઈ વેદના પણ ગમતી આવી ગઈ, દા. ત. દેરાણીને કામનો ઢસરડો બહુ કરવો પડે છે, એમાં એને તાવ કે બીજી બીમારી આવી. એનું પ્રણિધાન થાય કે 'આ બીમારી ન જાય તો સારું, જેથી કામથી બચું' તો એ આર્તધ્યાન છે. આ વર્તમાનની વાત.

એમ ભવિષ્ય અંગે 'ભવિષ્યમાં એવા ઇષ્ટ વિષયો, વસ્તુઓ કે વેદના કેમ મળે' એનું ક્ષણવાર પણ તન્મય

देविंदचक्कवट्टित्तणाइं गुणरिद्धिपत्थणमईयं ।
अहमं नियाणचिंतण-मण्णाणाणुगयमच्चंतं ॥ ९ ॥

**દેવેન્દ્ર, ચક્રવર્તીપણાના સૌંદર્યાદિ ગુણની અને સમૃદ્ધિની યાચનાસ્વરૂપ નિયાણાનું ચિંતન થાય છે; તે અધમ છે, અત્યંત અજ્ઞાનતાભર્યું છે. (એ ચોથા પ્રકારનું આર્તધ્યાન છે.)**

---

ચિંતન, એ પણ આર્તધ્યાન છે.

ત્યારે ભૂતકાળ અંગે પણ પૂર્વે ટકી ગયેલા કે આવી મળેલા વિષય-વસ્તુ-વેદના અંગે એકાગ્ર વિચાર આવે કે 'એ ઠીક ટકેલા, ઠીક મળેલા, એ બહુ અનુકૂળ આવી ગયેલા,' તો એ અતીત સંબંધી આર્તધ્યાન છે.

પ્ર૦—કેવા જીવને આવું આર્તધ્યાન થાય ?

ઉ૦—જે રાગરક્ત હોય, રાગ-સ્નેહ-આસક્તિથી ભાવિત હોય, એને એથી આવું આર્તધ્યાન થાય છે. મૂળમાં રાગ આકર્ષણ હોવાથી મન રાગના વિષયમાં એવું લાગી જાય છે કે 'એ વિષય મળ્યો હોય તો કેમ ન જાય, ન ખરચાય' વગેરે જળોજથામાં તન્મય બને છે; અને ન મળ્યો હોય તો 'કેમ મળી આવે, કેમ વધે' વગેરે ચિંતનમાં મશગુલ થાય છે. જીવને રાગ ક્યાં નથી ? કેટકેટલીક ઢગલાબંધ વસ્તુ ઇષ્ટ છે ? ત્યારે મન તો કામ કરતું જ રહેવાનું. એમાં પછી આ આર્તધ્યાન કેટલાંય ડગલે ને પગલે ચાલવાનાં. આ ત્રીજા પ્રકારની વાત થઈ.

## ૪. આર્તધ્યાન: નિદાનાનુબંધી

હવે આર્તધ્યાનનો ચોથો પ્રકાર બતાવે છે—

વિવેચન :

## ૪ થા પ્રકારનું આર્તધ્યાન

નિદાન,નિયાણું એ આર્તધ્યાનનો ચોથો પ્રકાર છે.એ પણ માનસિક ગાઢ ચિંતન છે. એમાં 'મારા ત્યાગ તપ આદિના પ્રભાવે મને દેવલોક મળો, ઇન્દ્રપણું મળો, ચક્રવર્તીપણું-વાસુદેવપણું-બળદેવપણું મળો, દેવેન્દ્ર-નરેન્દ્રનાં બળ, સૌંદર્ય, સમૃદ્ધિ પ્રાપ્ત થાઓ' એવી ઉત્કટ અભિલાષા થઈ એની નિર્ધારિત માગણી કરવામાં આવે છે. 'બસ, મારે આ જ જોઈએ, એ જ મને મળો' એવો નિર્ધાર હોય છે. આ નિયાણાનું ચિંતન અધમ છે. એ આર્તધ્યાન છે.

### સાંસારિક સુખ એ સુખાભાસ :

પ્ર૦—કેવા જીવને આ આર્તધ્યાન થાય ?

ઉ૦—અત્યંત અજ્ઞાનપીડિત જીવને આ આર્તધ્યાન થાય છે, કેમકે અજ્ઞાની સિવાય બીજાઓને સાંસારિક સુખોનો અભિલાષ થતો નથી. અજ્ઞાનપણું એ છે કે એ સુખો સુખાભાસ છે, દુઃખરૂપ છે, દુઃખનો પ્રતિકારમાત્ર છે, પરસંયોગસાપેક્ષ છે; અને પરના સંયોગ વિનશ્વર છે, તરતમતાવાળા છે, તેથી એના સુખમાં જંપ-શાંતિ નથી, કાયમી સ્વસ્થતા નથી; બલ્કે કાળ, સંયોગ, પરિસ્થિતિ ફરતાં એ મહાદુઃખદ બને જ છે. મોહને લીધે આ સમજાતું નથી તેથી એની ઝંખના, આશંસા, આકર્ષણ રહે છે. નહિતર મૂળ તો સાંસારિક સુખના વિષયોમાં

एवं चउव्विहं राग-द्दोस-मोहंकियस्स जीवस्स ।
अट्टज्झाणं संसारवद्धणं तिरियगइमूलं ॥१०॥

આ પ્રમાણે ચાર પ્રકારનું આર્તધ્યાન રાગ-દ્વેષ-મોહ-થી કલુષિત જીવને થાય છે. એ સંસારવર્ધક છે અને તિર્યંચગતિનું કારણ છે.

---

એવું તત્ત્વ જ શું છે કે જેથી એના સુખની કામના થાય ? કહ્યું છે—

अज्ञानान्धाश्चटुलवनितापाङ्गविक्षेपितास्ते
कामे सक्ति दधति विभवाभोगतुंगार्जने वा ।
विद्वच्चित्तं भवति च महत् मोक्षकांक्षैकतानं,
नाल्पस्कन्धे विटपिनि कषत्यंसभित्तिं गजेन्द्रः ॥

અર્થાત્ સ્ત્રીઓના ચપળ કટાક્ષથી આકર્ષાઈ જનારા જે જીવો કામમાં આસક્ત થાય છે એ અજ્ઞાનથી અંધ છે, અથવા મોટા વૈભવના વિસ્તાર કમાવવામાં આસક્ત પણ અજ્ઞાનાંધ છે. ત્યારે જ્ઞાનીનું વિશાળ ચિત્ત (એવા તુચ્છ અર્થ-કામમાં ન ચોંટતાં) માત્ર એક મોક્ષની જ ઇચ્છામાં રક્ત રહે છે. દેખો, શ્રેષ્ઠ હાથી વલુર ચળવા બહુ નાના વૃક્ષ સાથે પોતાના ખભાની કોર ઘસતો નથી. તો પછી જ્ઞાની તુચ્છ વિષયોમાં કેમ જ પોતાનું મન ઘાલે ? એમને તો નિરપેક્ષ નિરાબાધ સ્વાધીન અનંત સુખમય મોક્ષની જ એક લગની હોય. આ આર્તધ્યાનના ચોથા પ્રકારની વાત થઈ.

**ધ્યાનના સ્વામી અને ફળ :**

હવે આ ધ્યાનના સ્વામી કોણ અને ફળ શું, એ કહે છે—

**વિવેચન :**

## આર્તધ્યાનના સ્વામી અને ફળ :

પૂર્વે જોયું કે આર્તધ્યાનના ચાર પ્રકારમાંથી કોઈ તો દ્વેષના કારણે, તો કોઈ રાગના યા કોઈ મોહના કારણે જન્મે છે. માટે આર્તધ્યાનનો સ્વામી કોણ ? તો કે રાગ–દ્વેષ-મોહથી જે કલુષિત જીવ હોય તે. રાગાદિનું જોર છે એટલે આર્તધ્યાન આવી જવાનું.

આર્તધ્યાનનું ફળ છે સંસારવૃદ્ધિ. સંસાર કર્મબંધનના કારણે ઊભો થાય છે, અને આર્તધ્યાનથી કાંઈ કર્મક્ષય નહિ, પણ કર્મબંધનો વધે છે. તેથી સહજ છે કે એથી સંસારવૃદ્ધિ થાય, ભવના ફેરા વધે. આ સામાન્ય ફળ; અને વિશેષ ફળ તિર્યંચગતિ. આર્તધ્યાન એકેન્દ્રિય, બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચઉરિંદ્રિય અને પંચેંદ્રિય તિર્યંચગતિને યોગ્ય કર્મ બંધાવે.

પ્ર૦—આ પરથી શું એમ બને છે કે જીવનભરમાં પરભવનું આયુષ તો એક જ વાર અને અમુક સમય સુધી જ બંધાતું હોય છે. તો આયુષબંધકાળે જીવ આર્તધ્યાનમાં હોય તો તિર્યંચગતિનું આયુષ બાંધે, પણ તે સિવાયના કાળે એ સજા નહિ ?

ઉ૦–ના, સજા તો છે જ. જીવ જો આયુષ બંધાતી વખતે જો આર્તધ્યાનમાં હોય છે તો તે તિર્યંચપણાનું આયુષ બાંધે તે એને યોગ્ય બીજાં કર્મ પણ સાથે બાંધે. પરંતુ તે સિવાયના કાળેય તિર્યંચગતિને યોગ્ય આયુષ

मज्झत्थस्स उ मुणिणो सकम्मपरिणामजणियमेयंति ।
वत्थुस्सभावचिंतणपरस्स संमं सहंतस्स ॥११॥
कुणओ व पसत्थालंबणस्स पडियारमऽप्पसावज्जं ।
तवसंजमपडियारं च सेवओ धम्ममणियाणं ॥१२॥

કિન્તુ (૧) 'આ પીડા તો મારા કર્મવિપાકથી ઊભી થયેલી છે' એવા વસ્તુસ્વભાવની ચિંતવનામાં તત્પર અને સમ્યક્ સહન કરતા મધ્યસ્થ (રાગદ્વેષરહિત) મુનિને, (૨) અથવા (રત્નત્રયીની સાધનાનું) પ્રશસ્ત આલંબન રાખી નિરવદ્ય કે અલ્પ સાવદ્ય (સપાપ) ઉપાયને કરતા મુનિને, તથા (૩) નિરાશંસભાવે તપ અને સંયમને જ પ્રતિકાર તરીકે સેવતા મુનિને ધર્મધ્યાન જ છે, આર્તધ્યાન નહિ.

---

સિવાયનાં બીજાં અશુભ કર્મ અવશ્ય બાંધે. માટે વેદના જોવામાં પણ આર્તધ્યાનથી બચવા જેવું છે, નહિતર અહીં પણ પીડા અને આર્તધ્યાનથી બંધાયેલ અશુભ કર્મોના લીધે પછી પણ પીડા.

## મુનિને વેદનામાં આર્તધ્યાન કેમ નહિ?

પ્ર૦—એમ તો (૧) સાધુને પણ શૂળ, રોગ વગેરેની વેદના આવે છે, ને એ કાંઇ બધા સહન નથી કરી લેતા, પણ એના નિવારણ માટે દવા, ચિકિત્સા કરાવે છે; તો શું એમનેય વેદનાવિયોગનું આર્તધ્યાન લાગે? વળી, (૨) એ તપ અને સંયમ પાળે છે એમાં સાંસારિક દુઃખના વિયોગનું ધ્યાન રહે. 'આ તપ-સંયમથી હવે સંસારનાં

દુઃખ ન આવે તો સારું' એમ થાય. તો એ રહેવાથી શું એમને આર્તધ્યાન લાગ્યું ?

ઉ૦—સાધુ છતાં રાગાદિને વશ પડેલા હોય એમને જરૂર આર્તધ્યાન લાગે, પણ એવા ન હોય એમને નહિ. એટલે જ ગ્રન્થકાર મહર્ષિ કહે છે—

**વિવેચન :**

## મુનિને કેમ વેદનામાં આર્તધ્યાન નહિ ?

(૧) સમ્યક્ સહન કરતા, (૨) સહન નહિ કરતા પણ પુષ્ટાલંબને પ્રતિકાર કરતા, અને (૩) તપ-સંયમ આચરતા મુનિને ધર્મ્યધ્યાન હોય છે એ બતાવવામાં આવે છે.

**મુનિ એટલે ?**— (૧) मन्यते जगत्-त्रिकालावस्थामिति मुनिः । 'મુનિ' એટલે જગતની ત્રણે કાળની અવસ્થાનો વિચાર કરે તે, અર્થાત્ સાધુ. 'જગત' એટલે જીવનમાં અનુભવમાં આવતા જગતના જડ-ચેતન પદાર્થો અને પ્રસંગો. એમાં રાગ-દ્વેષ કે હર્ષ-શોક ન થાય એ માટે એની ભૂત, વર્તમાન અને ભવિષ્યની સ્થિતિનું મનન કરે તે મુનિ.

**ભૂતકાળની અવસ્થાનું મનન** એ રીતે કરે કે વર્તમાનમાં આ પદાર્થ કે પ્રસંગ જે સ્વરૂપે દેખાય છે તે આકસ્મિક કે મારી ઇચ્છાથી ઊભો થયેલો નથી, કિન્તુ એની પાછળ પૂર્વનાં ચોક્કસ કારણ કામ કરી રહ્યાં છે. દા.ત. કોઈ અનિષ્ટ ચીજ સામે આવવી. એ એનાં કારણોએ બની

છે. સંભવ છે સારા પુદ્‌ગલમાંથીય બની હોય; જેમકે બરફીમાંથી વિષ્ટા. તેમ જ મારાં કર્મ-કાળ-ભવિતવ્યતાદિ કારણે અહીં ઉપસ્થિત થઈ છે. તો હું શા માટે દુર્ધ્યાન કરું ? કોઈ જીવ કાંઈ મારું ખરાબ કરતો દેખાયો તો એ પોતાના પૂર્વોપાર્જિત મોહનીય કર્મના ઉદય અને પોતાના જ સ્વાધીન અસત્ પુરુષાર્થથી એમ કરે છે. એમાં મારાં કર્મ પણ જવાબદાર છે. તો હું નાહક દુર્ધ્યાન શું કામ કરું ? બીમારી આવી તો તે મારા પૂર્વોપાર્જિત અશાતા-વેદનીય કર્મના લીધે. એમાં દુર્ધ્યાન શું કરવું ? આ ભૂતકાળની અવસ્થા વિચારી.

હવે વર્તમાન અવસ્થાએ વિચારે કે દા. ત. (૧) આ અનિષ્ટ કે ઇષ્ટ વસ્તુ યા વ્યક્તિ મારા શુદ્ધ અનંતજ્ઞાનાદિ અસંખ્ય પ્રદેશમય મૌલિક આત્મસ્વરૂપમાં લેશ પણ ઘટાડો કે વધારો કરી શકતી નથી; પછી મારે ચિંતા શી ? આ હરખ શો ? (૨) ઊલટું, દ્વેષ કે રાગ, યા ખેદ કે હર્ષ કરવામાં એક બાજુ મારું બાહ્ય આત્મસ્વરૂપ વધુ વિકૃત થાય છે અને બીજી બાજુ મારી સાધના ને મારું ધર્મ-સ્થાન ઘવાય છે. તો શા સારુ એ દ્વેષાદિ કરવા ? (૩) વળી, વર્તમાન સામો સમ કે વિષમ પદાર્થ કે પ્રસંગ બને એમાં કાંઈ નવાઈ નથી. સંસાર જ એવો છે કે એમાં ન ધાર્યું કે ન ઇચ્છયું વિચિત્ર બન્યા કરે....' વગેરે.

ત્યારે ભવિષ્યની અવસ્થાનું મનન એ રીતે કે (૧) વર્તમાન અનિષ્ટ પર કષાય કરવામાં ભાવી માટે અશુભ

કર્મબંધ-સંક્રમણાદિ અને કુસંસ્કાર ઊભા થાય છે. (૨) પાછી વસ્તુ કે વ્યક્તિ, મારા કષાય છતાં, નય સુધરે, ને પોતાના રાહે જ કામ કર્યે જશે એટલે કષાય માથે પડશે. (૩) સામી વ્યક્તિને મારા કષાયથી કષાયની ઉદીરણા થશે, બિચારાને અશુભ કર્મબંધ વધશે. (૪) મારે પણ ભવિષ્યમાં આ કર્મ–કુસંસ્કાર ઉદયમાં આવતાં ત્યાં આત્માની પરિસ્થિતિ વિષમ બનશે, નવાં પાપ ઉપજાવશે....' વગેરે.

## (૧) સમ્યક્ સહી લેનારને આર્તધ્યાન નહિ:

આમ અનેક રીતે તત્ત્વને પકડીને જગતની ત્રિકાળ-અવસ્થાનું મનન કરે તે મુનિ કહેવાય. એ વેદના–બીમારી આવે ત્યારે 'આ ન આવવી એ કાંઈ મારી ઇચ્છાની કે મારા હાથની વસ્તુ નથી, પરંતુ મારા પોતાનાં પૂર્વોપાર્જિત કર્મના ઉદયનું પરિણામ વેદના છે. કારણ હોય એટલે કાર્ય થાય. કર્મ હતા તો રોગ આવે જ.' એમ બીમારી અને કર્મવસ્તુના સ્વભાવ પર મન લગાડે. એટલે જ એ મધ્યસ્થ રહે, ન શરીરના રાગમાં તણાય કે ન બીમારી પ્રત્યેના દ્વેષમાં. એથી એને વેદનાનો ચિત્તસંતાપ ન થાય, આર્તધ્યાન ન થાય. એ તો પૂર્વમહર્ષિનું આ વચન બરાબર નજર સામે રાખે કે—

## કર્મની અકાટયતા અંગે મહર્ષિવચન:

'पुव्विं खलु भो ! कडाणं कम्माणं दुच्चिण्णाणं दुप्पडिक्कंताणं वेयइत्ता मोक्खो, नत्थि अवेदयित्ता, तवसा वा झोसइत्ता ।'

અર્થાત્ 'હે મહાનુભાવો! પૂર્વે દુષ્ટ મનથી કરેલાં

કર્મોનું જો (આલોચના–પ્રાયશ્ચિત્તદ્વારા) પ્રતિક્રમણ ન કર્યું તો તે કર્મોનો ખરેખર ભોગવ્યાથી જ છુટકારો થાય, ભોગવ્યા વિના કે તપથી ખપાવ્યા વિના નહિ'.

## જીવન જીવતાં ૪ સાવધાની :

મુનિ આ સૂત્રના અનુસારે આ જન્મ અંગે બે અને જન્માન્તર અંગે બે, એમ ચાર સાવધાની રાખે છે.

૧. મન–વચન–કાયાની અસત્પ્રવૃત્તિથી બચવું, જેથી અશુભ કર્મબંધ–સંક્રમાદિ અને કુસંસ્કરણથી બચી જવાય.

૨. થઇ જતી અસત્પ્રવૃત્તિના પશ્ચાત્તાપ–આલોચના–પ્રાયશ્ચિત્ત દ્વારા પ્રતિક્રમણ કરવું યાને પાપથી પાછા હટી જવું.

૩. પૂર્વજન્મનાં અશુભ કર્મના ઉદયે આવી પડતી પીડાઓને સમભાવે પ્રસન્નતાથી ભોગવવી.

૪. પૂર્વબદ્ધ કર્મના ક્ષય અર્થે બાહ્ય–આભ્યન્તર તપમાં રક્ત રહેવું.

## પીડા વખતે શુભ વિચારણા :

આ સાવધાનીઓ રાખે એમાં આર્તધ્યાન થવાને અવકાશ જ ક્યાં છે ? સહવાનું આવે ત્યાં (૧) શુદ્ધ આત્મવસ્તુ, (૨) કર્મવસ્તુ તથા (૩) બાહ્ય નિમિત્ત–વસ્તુનાં સાચાં સ્વરૂપ પર બરાબર દૃષ્ટિ છે; પછી એ પીડા–વેદનામાં અસમાધિ કે અસ્વસ્થ ચિત્ત થવાને કોઈ કારણ નથી. એ સમજે છે કે—

(૧) પીડામાં આત્માનાં શુદ્ધ સ્વરૂપમાં કાંઇ જ બગડતું નથી તેમ જ પૂર્વનો દુષ્કૃતકારી અપરાધી બનેલો આત્મા દંડ ભોગવી લે એ જ યોગ્ય છે. એમાં નારાજી શી ?

(૨) કર્મ, હું પસંદ કરું કે ન કરું, પોતાનું ફળ આપીને જ રવાના થાય એવાં છે, તથા પીડામાં એમ એ જાય એટલે તો કચરો સાફ થાય છે. પછી એમાં નાખુશ શું થવું ? જેટલી પીડા એટલી કર્મની સાફસૂફી થાય.

(૩) બાહ્ય નિમિત્તો તો કુહાડીના માત્ર હાથા જેવા છે. કુહાડીમાં કાપનારું તો ફળું જ, હાથો નહિ; એમ પીડાકારી તો કર્મ જ છે, નિમિત્તો નહિ. આ સમજમાં આર્ત નહિ પણ ધર્મ્ય ધ્યાન રહે છે. આ સમ્યક્ સહન જ કરે એની વાત થઈ.

## (૨) મુનિનો દવા કરવામાં વિશિષ્ટ ઉદ્દેશ :

મુનિ જે વેદના મિટાવવા ઔષધ આદિ ઉપચાર કરે છે એ દુઃખથી ત્રાસીને નહિ, કિન્તુ જ્ઞાનાદિના પ્રશસ્ત આલંબને કરે છે. 'આલંબન' એટલે પ્રવૃત્તિનું નિમિત્ત, દવા, ઔષધાદિના સેવનની પ્રવૃત્તિમાં રખાતો ઉદ્દેશ. અહીં ઉદ્દેશ છે પવિત્ર, જ્ઞાનાદિના સંરક્ષણ અને સંવર્ધનનો. તેથી એ કર્મથી બંધાય નહિ. કહ્યું છે—

'काहं अछित्तिं अदुवा अहीहं, तवोवहाणेसु य उज्जमिस्सं ।
गणं च नीती अणुसारवेस्सं, सालंबसेवी समुवेइ मोक्खं ॥'

—'હું (પૂર્વેથી ચાલી આવતા શ્રુત–આગમનો) અવિચ્છેદ જાળવીશ, અથવા હું ભણીશ, યા તપ અને યોગોદ્વહનમાં ઉદ્યમ કરી શકીશ, કે મુનિગણને શાસ્ત્રનીતિ મુજબ સંભાળી શકીશ'—આ ઉદ્દેશ રાખીને દવાદિ ઉપચાર કરે, અર્થાત્ સાલંબસેવી બને. એ (પછીથી એ ઉદ્દેશમાં જ

પ્રવૃત્તિ રાખે છે માટે) મોક્ષ પામે છે.' આ સૂચવે છે કે દવાદિ-ઉપચારના સેવનમાં ઉદ્દેશ આવા પ્રશસ્ત પવિત્ર હોય તો જ આર્તધ્યાન નહિ.

**પ્રશસ્ત આલંબન કેવી રીતે રાખે ? :**

મુનિ જુએ છે કે રોગાદિની વેદના વખતે પોતાના નબળા શરીરસંઘયણ અને નબળા મનને લીધે પોતાનાં જ્ઞાનાદિ આરાધનાનાં કર્તવ્ય બરાબર નહિ બજાવી શકે, એમાં ભંગ પડશે, વિરાધના થશે. એ ન થવા દેવા પૂરતું જ 'લાવ, ઔષધાદિ સેવી લઉં' એમ કરીને ઔષધાદિ સેવે છે. ત્યાં ઉદ્દેશ પ્રશસ્ત છે, પવિત્ર છે. મનનું લક્ષ એ પ્રશસ્ત કર્તવ્યના પાલનમાં છે. માટે મન આર્તધ્યાનમાં નથી.

**એ પ્રશસ્ત આલંબનો આ :**

(૧) પૂર્વપુરુષોએ ભગવાનના શ્રુત ને આગમને બીજાઓને ભણાવીને આગમ–પરંપરાનો અવિચ્છિન્ન વારસો જે આજ મારા સુધી પહોંચાડ્યો છે, એ હું રોગાદિની પીડામાં બીજાને આપી શકતો નથી. એટલે હું ઔષધોપચાર કરી જો શરીરે સ્વસ્થ થાઉં તો બીજાને આપી શકીશ; અને એ રીતે શ્રુતવારસો મારી પછી પણ આગળ ચાલુ રહેશે, નહિતર તો મારી બીમારીમાં તો મારી પાસેનો આ શ્રુતવારસો વિચ્છેદ પામી જાય. એટલા માટે ઔષધોપચાર કરી લઉં.' આ શ્રુતટકાવનું આલંબન, ઉદ્દેશ.

(૨) અથવા, એ ઉદ્દેશ હોય કે 'મારાથી વેદનામાં શ્રુતાભ્યાસ–અધ્યયન–પરાવર્તન નથી થઈ શકતું તેથી લાવ ઔષધાદિ સેવી એમાં લાગી જાઉં.'—આ શ્રુતસ્વાધ્યાયનો ઉદ્દેશ.

(૩) અથવા, 'રોગાદિની પીડામાં મારાથી વિશિષ્ટ તપસ્યા કે આગમ–અધ્યયન માટે જરૂરી યોગોદ્વહનની ક્રિયા નથી થઈ શકતી. તો ઔષધાદિનો ટેકો કરી એ ઉદ્યમ કરું'. એવો યોગોદ્વહનનો ઉદ્દેશ હોય.

(૪) અથવા 'મારા માથે મુનિગણને શાસ્ત્રાનુસારે સારણા–વારણાદિ કરવા દ્વારા બરાબર સંભાળવાની જવાબદારી છે, પરંતુ એ વેદનામાં અદા થઈ શકતી નથી. તો લાવ, ઔષધાદિનો અપવાદ સેવી લઈ એ ગણરક્ષા બરાબર કરું" એવો ગણરક્ષાનો ઉદ્દેશ હોય.

(૫) એમ, ઉપર્યુક્ત આલંબનોની ગાથામાંના 'ચ' પદથી એ ઉદ્દેશ લેવાય કે 'વેદનામાં હું ઉપબૃંહણા, સ્થિરીકરણ, સાધર્મિક વાત્સલ્ય વગેરે દર્શનના આચાર અને જિનદર્શનાદિ અનુષ્ઠાન નથી બજાવી શકતો, 'ગુરુ આવે તો ઊભા થવું" વગેરે અભ્યુત્થાનાદિ વિનયરૂપ જ્ઞાનાચાર નથી પાળી શકતો, સમિતિ, ગુપ્તિ, ભિક્ષાટન, નિર્દોષ ગોચરી, ઇચ્છાકારાદિ સાધુસામાચારી વગેરે નથી બજાવી શકતો. માટે લાવ, ઔષધાદિ સેવી એ બધું બરાબર બજાવું.' એમ દર્શનાદિના આચારપાલનના ઉદ્દેશથી દવા કરે.

આમાંના ગમે તે ઉદ્દેશથી ઔષધાદિ સેવે એ 'સાલંબસેવી' કહેવાય. એ કરીને એ ઉદ્દેશો સાધવામાં જ એ

લાગી જવાનો. એથી એ ક્રમશઃ આગળ વધતાં વધતાં અંતે મોક્ષ પામે છે. સવાલ માત્ર એટલો કે,

**ઔષધાદિ કેવાં સેવે ?** એવાં કે જે નિરવદ્ય યા અલ્પસાવદ્ય હોય. 'અવદ્ય' એટલે પાપ, ખાસ કરીને જેમાં સાક્ષાત્ યા પરંપરાએ હિંસાનું કરણ–કરાવણ–અનુમોદન હોય એ. એવો પાપ વિનાનો નિરવદ્ય ઉપચાર મુનિ સેવે, અથવા જેમાં બહુ અલ્પ પાપ હોય એવો સાવદ્ય ઉપચાર લે. દા. ત. દવા કે પથ્ય માટે જ ગામમાં ત્રણવાર ફરી આવવા છતાં સહજ સ્વાભાવિક ગૃહસ્થે પોતાના જ માટે કરી રાખેલું ઔષધ–પથ્ય ન મળ્યું તો અતિ અલ્પ દોષવાળું એ લેવું પડે તે.

આ રીતે સાલંબસેવી અલ્પ સાવદ્ય પણ સેવે તોય તે નિર્દોષ છે, કેમકે નિર્દોષતા અંગે આ શાસ્ત્રવચન મળે છે કે, 'ગીયત્થો જયણાએ કડજોગી કારણંમિ નિદ્દોસો' અર્થાત્ ગીતાર્થ યાને શાસ્ત્રજ્ઞ પુરુષ રત્નત્રયીનાં પાલન અર્થે કારણ ઉપસ્થિત થયે યતનાપૂર્વક ત્રિપર્યટનાદિ શાસ્ત્રવિધિ સાચવીને દોષવાળું પણ સેવે તેમાં એ નિર્દોષ છે.

પ્ર૦—જૈન શાસ્ત્ર આવું દોષવાળું સેવવાનું કેમ કહે છે?

ઉ૦—જિનાગમ ઉત્સર્ગ અને અપવાદ ઉભયરૂપ માર્ગ બતાવે છે. 'ઉત્સર્ગ' એટલે મુખ્ય વિધિ યા નિષેધ. 'અપવાદ' એટલે એનાથી દેખીતું વિરુદ્ધ, પરંતુ સરવાળે એને અનુકૂળ કરવાનું આચરણ. પ્રસંગ આવ્યે આ જરૂરી હોય છે; નહિતર તો એકલા ઉત્સર્ગનો આગ્રહ રાખવા જતાં, એવી કોઈ પરિસ્થિતિમાં એ શક્ય હોય નહિ તેથી પરલોકહિત

સાધવું અશક્ય બને. દા. ત. એવી ગાઢ બીમારી આવી, નિર્દોષ દવા–પથ્ય મળતાં નથી. હવે સદોષ લેવા જાય તો એમાં ઉત્સર્ગમાર્ગ જે આરંભ–સમારંભનું અ–કરાવણુ, અનનુમોદન, તેનાથી વિરુદ્ધ વર્તવું પડે છે. માટે જો એ ન લે તો બીમારીમાં બીજી સાધનાઓ સીદાય છે, એમાં સરવાળે ચારિત્રનો ઉત્સર્ગમાર્ગ પળે નહિ ને પરલોક બગડે. માટે અવસરે સદોષ ઉપચાર સેવી લેવો એ અપવાદમાર્ગ. એમાં ઉદ્દેશ શુદ્ધ છે તેથી આર્તધ્યાન નહિ, પણ ધર્મધ્યાન.

આ વેદના–પીડામાં પ્રતિકારની વાત થઈ. હવે,

## (૩) તપ–સંયમથી સંસારદુઃખ–વિયોગ ચિંતવવામાં આર્તધ્યાન કેમ નહિ?

આનું સમાધાન એ છે કે અલબત એ તપ–સંયમ સાંસારિક દુઃખોનો પ્રતિકાર છે, છતાં દેવેંદ્રાદિની ઋદ્ધિનાં નિયાણાં કે આશંસા કર્યા વિના તપ–સંયમ સધાય તો એમાં ધર્મધ્યાન છે.

પ્ર૦—અનિષ્ટ સંસારદુઃખના વિયોગનું ધ્યાન એ આર્તધ્યાન કેમ નહિ?

ઉ૦—એટલા માટે, કે આમાં તો દેવતાઈ સુખને પણ દુઃખરૂપ લેખી એનો પણ વિયોગ ઇચ્છે છે, પરંતુ નહિ કે નરક–તિર્યંચનાં દુઃખ મટી મનુષ્ય–દેવનાં સુખ મળે એવી ઇચ્છા છે. ત્યારે અનિષ્ટવિયોગના આર્તધ્યાનીને તો ઇષ્ટ વિષયસુખનો યોગ જોઈએ છે. દા. ત. 'આ ગરીબી, અપમાન કેમ જાય,' એ ચિંતનમાં પૈસા અને સન્માનની

ઇચ્છા છે. તપ-સંયમ સેવનાર મુનિ તો સંસારનાં સુખ-દુઃખ બધાનો વિયોગ ઇચ્છી એના પ્રતિકારરૂપે તપસંયમ સેવે છે.

પ્ર૦—તપ અને સંયમ સાંસારિક દુઃખના પ્રતિકાર શી રીતે ?

ઉ૦—તપ અને સંયમ બે રીતે સાંસારિક દુઃખ ટાળે છે, એક વર્તમાનનાં અને બીજું ભવિષ્યનાં. (૧) વર્તમાનનાં દુઃખ આ કે વારેવારે ભૂખ લાગે, ઇષ્ટ રસની ખણજો ઊઠે, અનુકૂળની ઝંખનાઓ રહે, પ્રતિકૂળના ભય લાગ્યા કરે, ઇન્દ્રિયોના વિષયવિકારો સળવળે, મનના દ્વેષ-ઇર્ષ્યાદિ ઉકળાટ જાગે, ઇત્યાદિ છે. તપ-સંયમનો અભ્યાસ પડતાં એ બધાં શમી જાય છે. (૨) ત્યારે તપ-સંયમથી દુઃખદાયી અશાતા-અંતરાય-મોહનીયાદિ કર્મ નાશ પામે છે, યાવત્ સર્વ કર્મક્ષય થાય છે. તેથી ભવિષ્યમાં એથી આવનારાં દુઃખ અટકે છે.

**'નિયાણાંરહિત' કેમ કહ્યું ? :**

પરંતુ જો 'તપસંયમથી મને ઇંદ્રાદિની ઋદ્ધિ મળો' વગેરે નિયાણું કરે તો એમાં વર્તમાનમાં પણ લોભકષાયનો ઊકળાટ ઊઠ્યો, એ પાછું દુઃખ જ ઊભું થયું. તેમ ભવિષ્યમાં એ સમૃદ્ધિ પ્રાપ્ત થઈને એમાં બુદ્ધિ બગડવાથી નરકાદિ-નાં દુઃખ લાવનાર કર્મ બંધાવાનાં. આ વર્તમાન અને ભાવી બંને દુઃખદ સ્થિતિ તરફ આંખમીંચામણાં એ અજ્ઞાન છે, મોહ છે. તેથી એમાં આર્તધ્યાન આવીને ઊભું

રહે છે. વળી, રાગરક્ત બની ઈષ્ટ સમૃદ્ધિનું નિયાણું કર્યું" એ તો સ્પષ્ટ ચોથા પ્રકારનું આર્તધ્યાન છે જ. માટે કહ્યું કે તપસંયમ નિયાણારહિત હોય તો જ ધર્મધ્યાનરૂપ છે.

પ્ર૦—ઠીક છે, પરંતુ 'તપસંયમથી મારે સર્વ કર્મનો ક્ષય થઈ મોક્ષ થાઓ' એ આશંસા પણ એક જાતનું નિયાણું જ છે ને ? તો એ હોય ત્યાં પણ 'નિયાણારહિત' ક્યાં આવ્યું ?

ઉ૦—વાત સાચી છે. નિશ્ચયનયથી આ પણ નિયાણું જ છે, માટે પરમાર્થથી આવી આશંસા રાખવાનો પણ નિષેધ છે. એટલા જ માટે આ શાસ્ત્રવચન મળે છે કે—

मोक्षे भवे च सर्वत्र निस्पृहो मुनिसत्तमः ।
प्रकृत्याभ्यासयोगेन यत उक्तो जिनागमे ॥

અર્થાત્, કારણ કે જિનાગમમાં કહ્યું છે કે સ્વસ્વભાવના અભ્યાસના લીધે ઉત્તમ મુનિ મોક્ષ અને સંસાર બંને તરફ નિઃસ્પૃહાવાળો બને છે. મુનિ 'અહિંસાદિ મહાવ્રત, સમિતિ, ગુપ્તિ અને ક્ષમાદિ યતિધર્મ એ તો મારો આત્મસ્વભાવ' એમ સચોટપણે લક્ષમાં રાખીને એનું સહજ વૃત્તિરૂપે સતત અને એકતાન સેવન કર્યે જાય છે. ત્યારે દૃષ્ટિ એના પર જ હોઈ, અને ભાવના યાને સતતાભ્યાસથી આત્મા એનાથી ભાવિત થઈ ગયેલો હોવાથી આત્મામાં એની જ રમણતા રહેતી હોય છે. તેથી એ સ્થિતિમાં એ મહામુનિને કોઈ જ સ્પૃહા રહેતી નથી. યાવત્ સંસાર પર પણ નહિ અને મોક્ષ ઉપર પણ નહિ. આ તો નિશ્ચયનયથી વાત થઈ.

## મોક્ષની ઇચ્છાથી ચિત્તશુદ્ધિ-માર્ગપ્રવૃત્તિ :

પરંતુ વ્યવહારનયથી વસ્તુ જુદી છે. તે એવા આત્માઓ માટે કે જેમને હજી એવી ભાવના યાને સતત અભ્યાસથી થતી અહિંસા-ક્ષમાદિ અને સમિતિ-ગુપ્તિની આત્મસાતતા કે ભાવિતતા નથી આવી; એ મોક્ષની કાંક્ષા રાખે એમાં એમને 'નિદાન'નો દોષ નથી; કેમકે એમને એ જ રીતે (૧) ચિત્ત શુદ્ધ થતું આવે છે, તેમ જ (૨) મોક્ષોપયોગી ક્રિયામાં જોરદાર પ્રવૃત્તિ થતી રહે છે. કર્મક્ષય—મોક્ષની જ ઉત્કટ ઇચ્છા રહે એટલે જ બીજી સાંસારિક ભૌતિક ઇચ્છાઓ કે જે ચિત્તને બગાડનારી છે એ ઇચ્છાઓ મરતી આવે, અને એથી ચિત્ત શુદ્ધ થતું આવે એ સહજ છે. ત્યારે મોક્ષેચ્છાથી મોક્ષોપયોગી ક્રિયામાં જોરદાર પ્રવૃત્તિ રહ્યા કરવાથી મન એમાં તન્મય બનતું આવે એટલે અહિંસા, ક્ષમાદિથી ભાવિત થતું જાય. આમ પરિણામે ઉત્કૃષ્ટ ચિત્ત-શુદ્ધિ અને પૂર્ણ અહિંસાદિ-ભાવિતતા ઊભી થતાં પૂર્વે કહ્યું તેમ સર્વથા નિઃસ્પૃહભાવ પ્રગટે છે, જેમાં મોક્ષની પણ સ્પૃહા નહિ.

પ્ર૦—છતાં મોક્ષની ઇચ્છા કેમ જરૂરી ?

ઉ૦—અહીં સમજવાનું છે કે પ્રારંભિક જીવને હજી બિલકુલ નિઃસ્પૃહભાવની દશા તો આવી નથી એટલે ઇચ્છાઓ તો રહેવાની. એમાં જો મોક્ષની યાને સર્વસંગરહિતતાની ઇચ્છા નહિ હોય તો ભૌતિક સુખના સંગની રહેવાની. એથી ક્યારેય એ ઊંચો જ નહિ આવે. એ તો મોક્ષની

ઇચ્છા રાખે તો જ એના મનને એમ થાય કે મોક્ષ મારે એટલા માટે જોઈએ છે કે સંસારમાં જે જન્મ-મરણ આદિની વારંવારની પીડાની અને જીવની એમાં કર્મ તરફથી નાલેશીની દુર્દશા છે એ મોક્ષમાં નથી. પરંતુ આ સંસાર દુન્યવી જડ-ચેતનના સંગ હશે ત્યાં સુધી નહિ છૂટે અને મોક્ષ નહિ મળે. માટે મારે આ સમસ્ત સંયોગો-સંગો ન જોઈએ. આમ, મોક્ષની ઇચ્છાની પાછળ સર્વસંગરહિતતાની ઇચ્છા ઊભી થાય છે. એમાં બધા જ ભૌતિક સુખના સંગથી બચવાની ઇચ્છા બની આવે છે. એ જેટલી બળવાન એટલું અહિંસા, સત્ય...અપરિગ્રહ વગેરેનું પાલન જોરદાર બને છે, એટલી સમિતિ-ગુપ્તિ-સ્વાધ્યાય-સામાચારી વગેરે સંવર-નિર્જરા માર્ગોની આરાધના બળવાન અને વેગવાન બને છે; જે ઉત્કૃષ્ટ થતાં આત્મામાં **સહજ** જેવી થઈ જવાથી પછી મનને એમ નથી થતું કે આ સાધના હું કરું તો મને મોક્ષ મળે. એ તો સહજ ભાવે જ થઈ જાય છે. તેથી ત્યાં મોક્ષની પણ ઇચ્છા નહિ.

બીજું એ પણ છે કે 'न प्रयोजनं विना मन्दोऽपि प्रवर्तते' એ ન્યાયે અજ્ઞાન માણસ પણ પ્રયોજન વિના કોઈ ઉદ્દેશની ઇચ્છા વિના પ્રવર્તતો નથી, તો સજ્ઞાન અભ્યાસી આરાધક મોક્ષનાં પ્રયોજનથી મોક્ષની ઇચ્છાથી જ પ્રવર્તે એ સહજ છે. એ પણ હકીકત છે કે પ્રવૃત્તિમાં ચિકીર્ષા યાને કરવાની ઇચ્છા કારણ છે. તો મોક્ષાર્થ પ્રવૃત્તિમાં મોક્ષની ઇચ્છા જરૂરી છે.

વળી મોક્ષની ઇચ્છા એટલે અસંગ-નિઃસંગતાની ઇચ્છા હોવાથી ચિત્તમાંથી સંગને દૂર કરતો રહે છે; ને એથી ચિત્ત નિર્મળ થતું આવે છે. ભૌતિક સુખના સંગને લીધે જ ચિત્ત રાગાદિથી મલિન રહે છે. નિઃસંગતાની બળવાન ઇચ્છા પર સહેજે એ રાગાદિ મળ દૂર થતા આવે. સારાંશ, મોક્ષની તીવ્ર ઇચ્છાથી જ ચિત્તશુદ્ધિ અને માર્ગપ્રવૃત્તિ પ્રબળ થતી આવે છે. એટલે એવી ઇચ્છા એ કોઈ પાપનિયાણું નથી.

આ ગાથા ૧૧મી અને ૧૨મીમાં મુનિને રોગમાં આર્તધ્યાન કેમ ન

હોય, દવા-ઉપચાર કરે તો પણ એમને આર્તધ્યાનનો બીજો પ્રકાર કેમ નહિ, એની એની વિચારણા થઈ.

અહીં ટીકાકાર મહર્ષિ કહે છે કે 'બીજાઓ આ બે ગાથાની વ્યાખ્યા મુનિને ચારે પ્રકારના આર્તધ્યાનનો નિષેધ કરવામાં કરે છે. અર્થાત્ એમના અભિપ્રાયે આ બે ગાથા એ બતાવે છે કે મુનિને ચારે આર્તધ્યાન કેમ નહિ. પરંતુ આ વ્યાખ્યા આ અભિપ્રાય અત્યન્ત સુંદર નથી. કારણ એ છે કે મુનિને આર્તધ્યાનનો પહેલો પ્રકાર 'ઈષ્ટ-સંયોગ-અવિયોગનું આર્તધ્યાન' તથા ત્રીજો પ્રકાર 'અનિષ્ટ-વિયોગ-અસંયોગનું આર્તધ્યાન.' થવાને અવકાશ જ નથી; કે જેથી શંકા ઊઠે કે 'તો પછી મુનિને કેમ ઈષ્ટ સંયોગ-અનિષ્ટવિયોગની પ્રવૃત્તિ કરવા છતાં આ આર્તધ્યાન નહિ?', અને એ શંકાના નિવારણ માટે હેતુદર્શક આ બે ગાથા કહેવી પડે. મુનિએ મૂળમાં જ દુન્યવી ઈષ્ટ-અનિષ્ટ કશું રાખ્યું નથી, પછી એના આર્તધ્યાનની શંકા જ શાના ઉપર થાય કે જેનાં સમાધાન અર્થે આ ગાથાથી હેતુ બતાવવા પડે. તેથી શંકા બરાબર સંગત નહિ હોવાથી આ ગાથાને એના નિવારણ અર્થે ન યોજી શકાય.

ત્યારે ૨ જા પ્રકાર વેદનાના આર્તધ્યાનની શંકા ઠીક ઊઠવાને અવકાશ છે, કેમકે મુનિને રોગ આવે છે, ને એ રોગ મટાડવા ઔષધોપચાર પણ કરે છે. તો ત્યાં શંકા સહેજે થાય કે તો પછી મુનિને ૨જા પ્રકારનું વેદના-સંબંધી આર્તધ્યાન કેમ નહિ? એટલે 'આ શંકાના નિવારણ માટે અર્થાત્ મુનિને રોગમાં વેદના સંબંધી ૨ જા પ્રકારનું આર્તધ્યાન કેમ નહિ એ બતાવવા માટે આ બે ગાથા મૂકી';-આવી વ્યાખ્યા સુસંગત થાય.

હવે પ્રશ્ન થાય કે આપે આર્તધ્યાનથી સંસાર વધવાનું કહ્યું, તો તે શી રીતે? એનો ખુલાસો એ છે કે આર્તધ્યાન એ સંસારનું બીજ હોવાથી સહેજે એમાંથી સંસાર નીપજે, સંસાર વધે. હવે આર્તધ્યાન એ સંસારનું બીજ છે એ હકીકતને સ્પષ્ટ અને દૃઢ કરવા કહે છે,-

૪૮-૩

**रागो दोसो मोहो य जेण संसारहेयवो भणिया ।**
**अट्टंमि य ते तिण्णि वि, तो तं संसारतरुबीयं ॥१३॥**

**અર્થ :- જે કારણથી રાગ દ્વેષ અને મોહ એ સંસારના કારણ કહ્યાં છે, અને આર્તધ્યાનમાં એ ત્રણે ય છે, તેથી આર્તધ્યાન એ સંસારવૃક્ષનું બીજ છે.**

---

**વિવેચન :- આર્તધ્યાન સંસારવૃક્ષનું બીજ :-**

ભગવાન શ્રી તીર્થંકર દેવો કહે છે કે રાગ દ્વેષ અને મોહ એ સંસારનાં કારણ છે, અને આર્તધ્યાનમાં એ ત્રણેય કામ કરી જાય છે, અંતઃપ્રવિષ્ટ છે, તો પછી આર્તધ્યાન પણ સંસારનું કારણ કેમ નહિ ?

પ્ર૦- સંસારનું કારણ તો મિથ્યાત્વાદિ પાંચ છે, રાગાદિ કેવી રીતે ?

ઉ૦- મિથ્યાત્વાદિ પણ રાગાદિના પાયા પર નભે છે, માટે મૂળમાં રાગાદિ કારણ કહેવાય. રાગાદિ એ પાયો આ રીતે, કે-(૧) અનંતાનુબંધીના કષાય યાને રાગ-દ્વેષ હોય ત્યાંસુધી મિથ્યાત્વ ખસે નહિ; ખસ્યું હોય ને એ રાગાદિ જો ઉદય પામી જાય તો મિથ્યાત્વ પાછું સજાગ બની જાય છે. ત્યારે (૨) **અવિરતિ** પણ, અપ્રત્યાખ્યાનીય કક્ષાના કષાય એટલે કે રાગ-દ્વેષ ઉદયમાં હોય ત્યાંસુધી, ઊભી જ રહે છે. તેથી અહીં પણ રાગ-દ્વેષ પાયામાં આવ્યા. (૩) તો **કષાય** તો રાગદ્વેષરૂપ છે જ. અથવા કહો કે ક્રોધ-માનાદિ કષાયો પણ ક્યાંક રાગ યા દ્વેષ હોવાને લીધે જ સળવળે છે. એમ, (૪) **યોગ** યાને મન-વચન-કાયાની અશુભ પ્રવૃત્તિ પણ મૂળમાં રાગ-દ્વેષ હોવા પર નભે છે. અસત્ વિચાર, પાપવાણી કે અશુભ વર્તાવ કશા પર રાગ યા દ્વેષના લીધે જ ઉદ્ભવે છે. (૫) **પ્રમાદમાં** પણ રાગ-દ્વેષ કામ કરી રહ્યા હોય છે એ સમજાય એવું છે. આમ, જેમ મિથ્યાત્વાદિ પાંચેય સંસારહેતુ છે એમ એના પાયારૂપ રાગદ્વેષ તો જરૂર સંસાર-હેતુ કહેવાય.

પ્ર૦- તો પછી સંસારહેતુ રાગદ્વેષને જ કહો, એમાં સમાઈ જતા મિથ્યાત્વાદિને શા માટે કહો છો ?

ઉ૦- રાગદ્વેષ પર મિથ્યાત્વ વગેરે જુદા જુદા ભાવ થાય છે એ બતાવવા એને અલગ અલગ કહ્યા.

પ્ર૦- ઠીક છે, તો મોહને અલગ કેમ બતાવ્યો ?

ઉ૦- મોહ એ મિથ્યાજ્ઞાનરૂપ ભ્રમરૂપ છે, યા અજ્ઞાન-વિસ્મરણ-સંશયરૂપ છે. કોઈ ઠેકાણે રાગનું જોર ન હોય છતાં જો મિથ્યાજ્ઞાન હોય તો ય અસત્ પ્રવૃત્તિ થાય છે. દા. ત. ભર્તૃહરિ જેવાને સંસારનો રાગ મંદ પડી ગયો, પરંતુ સર્વજ્ઞ શાસન નહિ મળેલું તેથી સૂક્ષ્મ અહિંસાદિમય પાંચ મહાવ્રત વગેરેનુ ચારિત્ર હાથ નહિ લાગવાથી સૂક્ષ્મ જીવોની હિંસામય પ્રવૃત્તિ ચાલુ હતી, એ મોહ. એમ સર્વજ્ઞોક્ત યથાર્થ તત્ત્વ જાણવા સમજવા નહિ મળેલ તેથી મિથ્યાતત્ત્વની માન્યતારૂપી મોહમાં ફરયા રહેલા, ત્યારે મુનિઓને એવા રાગદ્વેષ કે એ મોહ નહિ છતાં શાસ્ત્રબોધ તેટલો વિસ્તૃત ન હોય, યા **વિસ્મરણ** થયું હોય કે સંદેહ હોય, તો એથી પણ ભૂલભાલ અસત્ પ્રવૃત્તિ આવી જવા સંભવ છે; એ પણ એક પ્રકારનો મોહ.

સારાંશ, રાગદ્વેષ અને મોહ એ સંસારનાં કારણ છે. આર્તધ્યાનના મૂળમાં આ કામ કરતા હોય છે, ને આર્તધ્યાનની સાથે રહી એને ટેકો કરનારા હોય છે. તેથી જો રાગાદિ ને સંસારનાં કારણ છે, તો એનાથી સમર્થિત આર્તધ્યાન સંસારવૃક્ષનું બીજ બને એમાં નવાઈ નથી. આર્તધ્યાન એ બીજનું કામ કરે છે, એના પર સંસારવૃક્ષ વિસ્તરે છે.

પ્ર૦- ઠીક છે, પરંતુ જો એમ એ સામાન્યથી સંસારવૃક્ષનું બીજ હોય તો પછી એને તિર્યંચગતિનું મૂળ કેમ કહેવામાં આવે છે ?

ઉ૦- અસલમાં આર્તધ્યાન એ મોક્ષગતિનું નહિ પણ તિર્યંચગતિનું કારણ હોવાથી જ સંસારનું કારણ છે, સંસારવૃક્ષનું બીજ છે; કેમ કે—

**काबोय-नील-कालालेस्साओ नाइसंकिलिट्ठाओ।**
**अट्टज्झाणोवगयस्स कम्मपरिणामजणियाओ॥१४॥**

અર્થ :—આર્તધ્યાન કરનારને અતિ સંકલિષ્ટ નહિ એવી કાપોત-નીલ-કૃષ્ણ લેશ્યાઓ હોય છે, તે લેશ્યા કર્મપરિણામથી ઉત્પન્ન થાય છે.

---

તિર્યંચગતિ એ સંસાર જ છે. બીજાઓ એમ વ્યાખ્યા કરે છે કે તિર્યંચગતિમાં ઘણા જીવો છે., સંસારી જીવોનો મોટો ભાગ એટલે કે અનંતાનંત જીવો તિર્યંચગતિની એકેન્દ્રિય સાધારણ વનસ્પતિકાયમાં છે, અને એની કાયસ્થિતિ બહુ લાંબી; અર્થાત્ એ જીવોને એવી ને એવી એકેન્દ્રિય કાયામાં સતત જનમવા-મરવાનો કાળ બહુ છે, અનંતી ઉત્સર્પિણી-અવસર્પિણી છે. એટલે અહીં માત્ર તિર્યંચગતિમાં 'સંસાર' શબ્દનો ઉપચાર કર્યો. આમ તો સંસાર ચાર ગતિનો; કિંતુ અહીં ઉપચારથી કહ્યું કે આર્તધ્યાન તિર્યંચગતિનું કારણ એટલે કે સંસારનું કારણ છે.

## આર્તધ્યાનમાં લેશ્યા

હવે આર્તધ્યાન કરનારને લેશ્યા કઈ તે કહે છે,—

**વિવેચન :**—લેશ્યા એ મન-વચન-કાયાના યોગના કાળે તેવા તેવા કૃષ્ણ નીલ આદિ દ્રવ્યના સહારે થતો આત્મ-પરિણામ છે. સરાગ જીવને એ પ્રશસ્ત-અપ્રશસ્ત કષાયમાં બળ આપે છે. ધન્ના-શાલિભદ્ર મુનિને તપ-સંયમના રાગમાં ઊંચી તેજો-પદ્મ-શુકલ-લેશ્યાનું બળ રહેતું તેથી ઉચ્ચ ભાવોલ્લાસનો અનુભવ કરતા.

આ લેશ્યા બે જાતની-૧. દ્રવ્યલેશ્યા, ૨. ભાવલેશ્યા, જીવની લેશ્યા કૃષ્ણ-નીલ-કાપોત તેજો-પદ્મ-શુકલ વર્ણ સ્વરૂપ

છે. શાસ્ત્ર એને કર્માન્તર્ગત દ્રવ્ય સ્વરૂપ, યા મન-વચન કાયયોગાન્તર્ગત દ્રવ્યસ્વરૂપ, યા સ્વતંત્ર પુદ્‌ગલસ્વરૂપ કહે છે. જીવ એને ગ્રહણ કરે છે, એટલે એ કૃષ્ણાદિ દ્રવ્યના સહયોગથી આત્મામાં તેવા પ્રકારનો એક પરિણામ ઊભો થાય છે, એ ભાવલેશ્યા છે. કહ્યું છે,—

**कृष्णादिद्रव्यसाचिव्यात् परिणामो य आत्मनः।**
**स्फटिकस्येव तत्रायं लेश्याशब्दः प्रयुज्यते ॥**

અર્થાત્ કૃષ્ણ વગેરે દ્રવ્યોના સહયોગથી સ્ફટિકની જેમ આત્માનો જે પરિણામ થાય તેમાં લેશ્યા શબ્દનો પ્રયોગ થાય છે. સ્ફટિક ઉજ્જવળ હોય છે, પરંતુ એની પાછળ કાળો, લીલો વગેરે જેવા વર્ણનો કાગળ કપડું ધરાય, તેવા રંગે રંગાયેલો સ્ફટિક દેખાય છે. એમ અહીં કૃષ્ણાદિ દ્રવ્યના સંબંધથી આત્મા તેવા પરિણામવાળો યાને તીવ્ર-મંદ શુભાશુભ અધ્યવસાયવાળો બને છે. આ પરિણામને 'લેશ્યા' કહેવાય છે. શ્રેણિક રાજા અંતકાળે આરાધનામગ્ન હોવાથી શુભ અધ્યવસાયવાળા હતા, પરંતુ છેવટે કૃષ્ણલેશ્યામાં ચડ્યા. અલબત્, એ ક્ષાયિક સમકિતી હતા તેથી એમને અતિ ઉગ્ર અનંતાનુબંધી કષાય નહોતા, છતાં એની નીચેના અપ્રત્યાખ્યાનીય કષાયને કૃષ્ણલેશ્યાનું બળ મળ્યું, તેથી એમના દિલના અધ્યવસાય ભયંકર બગડ્યા અને મરીને નરકમાં ગયા.

લેશ્યા બે જાતની,-શુભ અને અશુભ. એમાં અશુભ ૩ પ્રકારે (૧) કૃષ્ણ, નીલ અને કાપોત. ત્યારે શુભ ૩ પ્રકારે, તેજોલેશ્યા, પદ્મલેશ્યા ને શુક્લલેશ્યા. આમાં આર્તધ્યાન રૌદ્રધ્યાન સેવનારને અશુભ લેશ્યા હોય છે. પરંતુ રૌદ્રધ્યાનીને એ કૃષ્ણાદિ લેશ્યા અતિશય સંક્લેશવાળી યાને ક્રૂર ભાવવાળી હોય છે, ત્યારે

આર્તધ્યાનીને તેવા અતિ સંક્લેશવાળી નહિ, પણ એના કરતાં મંદ કૃષ્ણાદિ ત્રણ લેશ્યા હોય છે.

આ લેશ્યા કોણ કરાવે છે? તેવા તેવા કર્મના ઉદય. અલબત્ સાથે મન-વચન કાયાનો યોગ સહકારી કારણ છે, માટે જ લેશ્યા ૧૩ મા ગુણસ્થાનક સુધી જ હોય છે. ૧૪ મે અયોગ અવસ્થા હોઈ ત્યાં કોઈ જ લેશ્યા નથી; અલેશ્ય અવસ્થા છે. છતાં લેશ્યા મુખ્યપણે કર્મપરિણામથી ઉત્પન્ન થાય છે; કર્મને આધીન છે. પછી એમાં મન-વચન-કાયયોગ યાને આત્માનો પુરુષાર્થ જેવા પ્રમાણમાં ભળવાનો, તેવી એ શુભાશુભ મંદ-તીવ્ર લેશ્યા થવાની.

**શુભ યોગોનું મહત્ત્વ**:—માટે જ જિનભક્તિ આદિ શુભ યોગોમાં રહેવાથી શુભ લેશ્યાનો લાભ મળે છે. ત્યારે વિષય-આરંભ-પરિગ્રહાદિના પુરુષાર્થ તો લેશ્યા બગાડી નાખે છે. સામાન્ય પણ બગડેલી લેશ્યામાં આર્તધ્યાન આવે; અને એનું ફળ પૂર્વે કહ્યું છે. માટે જ જૈનશાસ્ત્રો માનવજીવનનાં અનેક પ્રકારના શુભ-યોગમય કર્તવ્યો બતાવે છે. જેમાં જો રક્ત રહેવાય, તો અશુભ લેશ્યાથી બચી જવાય, આર્તધ્યાનથી અને સંસારવૃદ્ધિથી બચી જવાય; આમ છતાં આનો અર્થ એ નથી કે ઇંદ્રિય-વિષયસંપર્ક, પરિગ્રહ, આદિ અશુભ યોગોમાં અશુભ જ લેશ્યા અને આર્ત-ધ્યાન જ થાય;' ના, એવું નથી, વિચારણા સારી રાખે, વાણી સારી બોલે, તો શુભ લેશ્યા પણ આવી શકે છે. છતાં એમાં એટલું છે કે કાયયોગ અશુભ છતાં મનોયોગ-વચનયોગ શુભ રહેવાથી લેશ્યા શુભ બને છે, ધ્યાન પણ શુભ આવે છે. ત્યાગ-

तस्सऽक्कंदण – सोयण – परिदेवण – ताडणाइं लिङ्गाइं ।
इट्ठानिट्ठ–विओगाविओग – वियणानिमित्ताइं ॥ १५ ॥

निन्दइ य नियकयाइं पसंसइ सविम्हओ विभूईओ ।
पत्थेइ तासु रज्जइ तयज्जणपरायणो होइ ॥ १६ ॥

सद्दाइविसयगिद्धो सद्धम्मपरम्मुहो पमायपरो ।
जिणमयमणवेक्खंतो वट्टइ अट्टंमि झाणंमि ॥ १७ ॥

અર્થ: આર્તધ્યાનના લિંગ (ચિહ્ન) છે આક્રંદ, શોક, ઊકળાટ, કૂટવું વગેરે. એ ઈષ્ટવિયોગ, અનિષ્ટ–અવિયોગ તથા વેદનાના કારણે થાય છે. (વળી એમાં) પોતાના કરેલા કાર્યની (અલ્પ ફળ આવતાં કે નિષ્ફળ જતાં) હલકાઇ બોલે છે, અને બીજાની સંપત્તિની વિસ્મિત હૃદયે પ્રશંસા કરે છે, અભિલાષા કરે છે, એમાં જ રક્ત બને છે, અને એને ઉપાર્જવામાં લાગી જાય છે, શબ્દાદિ વિષયોમાં ગૃદ્ધ મૂર્ચ્છિત બને છે, ક્ષમાદિ ચારિત્રધર્મથી પરાઙ્મુખ રહે છે, ને મદ્યાદિ પ્રમાદમાં આસક્ત થાય છે. આર્તધ્યાનમાં વર્તતા જીવ જિનાગમથી નિરપેક્ષ બને છે.

---

વૈરાગ્યના એવા ઉત્કટ શુભ મનોયોગના પુરુષાર્થમાં ચડેલા ગુણસાગર શ્રેષ્ઠિપુત્ર આઠ કન્યાઓ સાથેના પ્રાણિગ્રહણના અશુભ કાયયોગ વખતે શુકલ ભાવનારૂપ મનોયોગ, શુક્લલેશ્યા, ધર્મધ્યાન અને શુક્લધ્યાનમાં ચડી વીતરાગ સર્વજ્ઞ બન્યા. તાત્પર્ય, પહેલા નંબરે કાયયોગ પણ શુભ રાખવા જોઈએ, અને બીજા નંબરે એ ન બને ત્યાં પણ વચનયોગ–મનોયોગ યાને વાણી–વિચાર તો શુભ જ રાખવા જરૂરી છે.

### આર્તધ્યાનનાં બાહ્ય ચિહ્ન

હવે આર્તધ્યાન દિલની અંદર પ્રવર્તે છે એ બાહ્ય કયા ચિહ્નથી ઓળખાય, એ બતાવે છે,—

## વિવેચન: અંતરમાંના આર્તધ્યાનનું કેટલું જોર ?

કેટલીક વાર માણસ પોતાની જાતને ડાહ્યો સમજુ માની કલ્પી લે છે કે મને આર્તધ્યાન નથી થતું; પરંતુ દિલની અંદર એ પ્રવર્તતું હોય છે એ બાહ્ય લક્ષણ પરથી સાબિત થાય છે. કેમકે આ લક્ષણો અંતરમાં આર્તધ્યાન ચાલુ વિના પ્રવર્તતા નથી. ત્યારે રાતદિન આવાં એક યા બીજાં લક્ષણ ચાલતા હોય તો એ પરથી માપ નીકળે છે કે જીવને આર્તધ્યાનમાં રાતદિવસનો કેટલો મોટો ભાગ પસાર થાય છે. એ લક્ષણો આ પ્રમાણે છે,–

### આર્તધ્યાનનાં લક્ષણો :—

કોઇ ઈષ્ટ વસ્તુ ચાલી જવાના, બગડી કે નષ્ટ થઈ જવાના કારણે, અથવા કોઈ અનિષ્ટ આવી પડેલી ન જવા કે ન સુધરવાના કારણે, યા કોઈ વેદનાના કારણે, જીવ

(૧) આક્રંદ કરે, મોટેથી પોક મૂકીને રુએ, યા

(૨) પોક વિના પણ આંસુભર્યા નયને દીન હીન જેવો બની જાય, અથવા

(૩) વાણીથી દિલનો ઊકળાટ, ધમધમાટ કાઢે, બખાળા કાઢે, અરુચિસૂચક શબ્દો બોલે, યા આગળ વધીને

(૪) માથું કૂટે, છાતી કૂટે કે પોતાના વાળ ખેંચી નાખે,

એ અંદરખાને સળવળતા આર્તધ્યાનને લીધે જ થાય છે. આર્તધ્યાનનાં એ બાહ્ય લિંગ–ચિહ્ન લક્ષણ છે.

## અનિષ્ટ બનવામાં આર્તધ્યાન :-

(૧) આવું બહુ બને છે. પુત્ર મરી ગયો છે તો ઇષ્ટનો વિયોગ થયો છે. એના પર હવે કાંઈ એ પાછો નથી આવવાનો, છતાં પોક મૂકાય છે. દિવસો, મહિનાઓ વીતે તો ય કોઈ યાદ કરાવે, કે સ્વયં યાદ આવે, એટલે રડી પડાય છે. એ સૂચવે છે કે અંદરમાં એનું આર્તધ્યાન છે. એમ મનને વિપરીત કાંઈ બની ગયું; દા. ત. ખરીદતાં ઠગાયા, ચીજ હલકી આવી, હવે એનો બળાપો ૧૦-૨૦ જણા આગળ બહાર શબ્દથી વ્યક્ત કરાય છે, બખાળા કઢાય છે,–'આ કેવો કાળ આવ્યો ? વેપારી લુચ્ચા, ભેળસેળ ઘણી, સરકારી તંત્ર લાંચિયું........' વગેરે વગેરે. આ મનમાં પ્રવર્તતા આર્તધ્યાનને લીધે છે. એમ, ઘરમાં કાંઈ એવું જ પોતાને અનિચ્છનીય લાગતું બની ગયું, યા બીજાને ઇષ્ટ મળ્યું, પોતાને ન મળ્યું, ત્યાં આર્તધ્યાન વધતાં પોતે માથું કૂટે છે, છાતી કૂટે છે....વગેરે; યા (૨) અનિષ્ટ નોકર આદિ માથે પડ્યો છે, હવે એ ખસતો નથી, કે (૩) કોઈ રોગાદિની વેદના પીડી રહી છે, ત્યાં જે હાય-બળાપા નીકળે છે એ અંદરના આર્તધ્યાનના લીધે.

આટલા મોટા રૂપમાં આક્રંદ-રુદન-તાડન આદિ ન હોય છતાં ય બીજાં પણ આર્તધ્યાનનાં લક્ષણ છે—

## (૪) સ્વકાર્યની નિંદા પાછળ આર્તધ્યાન :—

(ગાથા-૧૬) પોતે કરેલ કોઈ બનાવટ, શિલ્પ, કળા, કે વેપારમાં ધાર્યું ન થયું, અલ્પ ફળ મળ્યું, નિષ્ફળ ગયું, તો

એની ઘૃણા પ્રગટ કરે છે. દા. ત. બાઈને રસોઈમાં ચીજ બગડી; કપડું બરાબર ન ધોવાયું, સલાટને યા બીજા કારીગરને કારીગરી ધારી ન થઈ લાગી. ઘરમાં જ કાંઈક હોશિયારીના કામમાં ખોડ-ખાંપણ રહી, કે નોકરી–ધંધામાં વાંકું–વચકું થયું, એના પર પછી એ બનાવટ વગેરેની નિંદા કરે, બીજાની આગળ કે મનોમન પણ 'આ ખરાબ થયું, ખોટું થયું' એમ ઘૃણા વ્યક્ત કરે, અરે! આમ તો પોતે પોતાની આવડત સામગ્રી વગેરેના હિસાબે બરાબર કર્યું હોય છતાં બીજાનું તેવું કાર્ય સારું બનેલું જોઈ પોતે પોતાનું કામ વખોડે, એ અંદરમાં આર્તધ્યાન પ્રવર્તી રહ્યાનું સૂચવે છે.

## (૫–૮) અન્યના વૈભવ પર ચકિતતા, વૈભવ-ચાહના, લબ્ધ પર ખુશી, ને સહર્ષ વૈભવોદ્યમ પાછળ આર્તધ્યાન.

(૫) એમ, પોતાને નહિ મળ્યું અને બીજાને સારી સંપત્તિ વૈભવ–બંગલો–મોટર–ફરનીચર વગેરે મળ્યું જોઈ એના પર ચકિત થાય, પ્રશંસા કરે, વૈભવના ગુણ ગાય, એ પણ આર્ત-ધ્યાનનું લક્ષણ છે. અંતરમાં આશ્ચર્ય લાગે છે કે 'બીજાને મળ્યું એવું હાય! મને ઇષ્ટ ન મળ્યું? મને નહિ અને બીજાને આ કેવું સરસ મળ્યું!' અરે! બજારમાંથી ક્યાંકથી કોઈ બીજો એવી સારી ચીજ લઈને આવ્યો એ દેખીને પણ આ થાય.

(૬) એમ પોતે એ માલસંપત્તિ–વૈભવની ચાહના કરે, ઝંખના કરે, પ્રાર્થના કરે, એ તેવા ઉદ્ગારાદિ બહારના લક્ષણથી દેખાય. એ પણ અંતરમાં રમી રહેલ આર્તધ્યાનના સૂચક છે.

મનમાં 'આ ઇષ્ટ કેમ મળે' એના તન્મય ચિંતન વિના બહાર પ્રાર્થના ઇચ્છા પ્રશંસા શાની વ્યક્ત થાય ?

(૭) અથવા, મળેલી ચીજ-વસ્તુ, સંપત્તિ-સન્માન આદિમાં રક્તતા થાય, રાગ, ખુશી, આનંદ રહે, એ પણ મુખમુદ્રા, રહેણી-કરણી અને શબ્દમાં વ્યક્ત થાય છે. આ લક્ષણ પણ અંતરના આર્તધ્યાનનું સૂચક છે.

(૮) એમ, સંપત્તિ-સન્માનાદિ કમાવવા માટે હોંશભેર ઉજમાળ બને, ઉદ્યમ-પરિશ્રમ કરે, ત્યાં પણ અંતરમાં આર્તધ્યાન રમતું હોય છે.

ઉપરનાં લક્ષણ કદાચ ધનના ઢગલા અંગે ન ય હોય, પણ એકાદ વસ્તુ અંગે અને તે ય મામુલી ચીજ અંગે જ હોય, તો ય તે આર્તધ્યાનનાં સૂચક છે. ત્યારે વિચારણીય છે કે દિનભરમાં આ ને તે વસ્તુ અંગે કે આ ને તે બાબત અંગે ઘૃણા, પ્રશંસા, અભિલાષા, રાગ-રક્તતા, અને પ્રાપ્તિ યા નિવારણ માટેની મહેનત કેટકેટલી ચાલુ રહે છે એ પરથી એકેક દિવસમાં પણ કેટલા રકમબંધ આર્તધ્યાન પ્રવર્તતાં ગણાય ?

આ સિવાય પણ આર્તધ્યાનનાં બીજાં ચાલુ લક્ષણ આ પ્રમાણે પ્રવર્તતાં હોય છે,

(૯) ઈન્દ્રિયોના ઇષ્ટ વિષયો પર ગૃદ્ધિ, અર્થાત્ શબ્દ-રૂપ-રસ-ગંધ-સ્પર્શને વિષે જે ગૃદ્ધ હોય, આસક્ત મૂર્છિત હોય, જેને એની કાંક્ષા અપેક્ષા રહેતી હોય, ' એ પણ આર્તધ્યાનમાં રમતો હોય છે. એવી એક ચીજ મનમાં પેઠી એટલી વાર,

આર્તધ્યાન શરૂ જ છે. પછી અનિષ્ટ હશે તો ય તે મનને કોર્યા કરશે. જીવને વિષયાસક્તિ ક્યાં ઓછી છે? પછી આસક્તિને લીધે મનમાં વિષયોના વિકલ્પો–વિચારો–કલ્પનાઓ એટલા બધા ચાલે છે કે એમાં ક્ષણુ ક્ષણુ પણુ મન ક્યાંક સ્થિર તન્મય થતાં એ આર્તધ્યાનનું રૂપક પકડે છે. આમાં કશું મળવા–ભોગવવાનું નહિ છતાં દિનભરમાં આવાં ય આર્તધ્યાન કેટલાં?

વિષયગૃદ્ધિ રાખવી છે અને આર્તધ્યાન કરવું નથી એમ બને?

(૧૦) સદ્ધર્મ યાને શુદ્ધ ધર્મથી પરાઙ્મુખ હોય એ પણુ આર્તધ્યાનમાં રમતો હોય છે. જીવનમાં ધર્મને જો સ્થાન નથી અથવા છે તો ગૌણુ, બહુ મામુલી અને તે ય રાખેતા મુજબ અમુક ક્રિયા જ કરી દેવારૂપ હોય, તો એના મનમાં બીજું શું ચાલવાનું? આડા, અવળા ફજુલ વિચારો; એમાં પછી કોઇ ઈષ્ટ–અનિષ્ટના અંગે મન સહેજ પણુ સ્થિર થતાં આર્તધ્યાન આવી જ ઊભું છે. એમ, શુદ્ધ ધર્મ ક્ષમા મૃદુતા વગેરે ૧૦ પ્રકારનો ચારિત્ર-ધર્મ. એનાથી પરાઙ્મુખતા એટલે ક્રોધ, માનાદિમાં ઓતપ્રોતતા રહેવાની. તેથી આર્તધ્યાન જ રહ્યા કરે, ખૂબી કેવી છે કે જીવનમાં ધર્મ તો હોય, પણુ તે અશુદ્ધ, અસર્વજ્ઞ–કથિત ને હિંસા–રાગાદિ પાપથી મિશ્રિત હોય તો ત્યાં પણુ એનાં વિધાન ખરેખર આત્મહિત-કારી નહિ હોવાથી મનના માન્યા ઈષ્ટ બની જાય છે, ને તેથી જ તેના પર થતું ધ્યાન આર્તધ્યાનરૂપ બને છે. કેવી દુઃખદ સ્થિતિ! ધર્મના નામ હેઠળની પ્રવૃત્તિમાં પણુ આર્તધ્યાન? માટે જ કહ્યું કે 'ધર્મ તે કે જે દુર્ગતિમાં પડતા આત્માને ધારી રાખે, બચાવી લે.'

(૧૧) પ્રમાદમાં તત્પર હોય, 'મજ્જ' વિસય કસાયા નિદ્રા વિગહા ય પંચ પમાયા,' એ વચનથી દારૂ વગેરેનું વ્યસન, શબ્દાદિ વિષયોનું આકર્ષણ, ક્રોધાદિ કષાયો, નિદ્રા અને રાજકથા–ભોજન-કથા વગેરે વિકથા એ પાંચ પ્રમાદ છે,–એમાં લીન રહે, એને પણ આર્તધ્યાન થયાં જ કરે છે. દા. ત. ઉપલક જોતાં એમ લાગે છે કે 'અમે ભોજનની છે એવી કોઈ વાત કરી એમાં આર્તધ્યાન શું?' પરંતુ આ અજ્ઞાનતા છે. આની પાછળ ભોજનના ઈષ્ટ અનિષ્ટની કલ્પના વળગેલી જ છે, એટલે સ્હેજે એ આર્તધ્યાન કરાવે જ.

(૧૨) જિનવચનની બેપરવાઈ રાખે એ પણ આર્તધ્યાન-માં રમતો રહે છે.

પ્ર૦–'સદ્ધર્મપરાઙ્મુખ', કહ્યા પછી આ કહેવાની શી જરૂર પડી?

ઉ૦–જરૂર એ કે 'સદ્ધર્મપરાઙ્મુખ' તો ન હોય, કમમાં કમ જીવનમાં સદ્ધર્મનાં જિનવચનની શ્રદ્ધા કરતો હોય, એટલી સન્મુખતા હોય, પરંતુ બીજી બાજુ અર્થ–કામમાં એવો ફસેલો રહે કે સદ્ધર્મ સાધવાનું બાજુએ રહે. તેથી પણ એ આર્ત-ધ્યાનમાં ડૂબે છે. સાગરચંદ્ર શેઠ જિનમૂર્તિ ભરાવનારો, અને જિનવચન તરફ આકર્ષણ પામનારો બનેલો, છતાં વેપાર–ધંધામાં એવો ડૂબ્યો રહ્યો કે એથી આર્તધ્યાનમાં રમતો રહેવાથી તિર્યં-ગતિનું આયુષ્ય ઉપાર્જી મરીને જિતશત્રુ રાજાના ઘોડા તરીકે અવતાર પામ્યો; જેને ત્રિલોકનાથ મુનિસુવ્રત ભગવાને આવી પ્રતિબોધ પમાડ્યો. ક્ષણવારનું પણ આવું આર્તધ્યાન જીવને ભૂલો પાડી દે છે. ભગવાન પાર્શ્વનાથનો જીવ પ્રથમ ભવે મરુ-ભૂતિ જિનવચનનો આદર કરનારો અને શ્રાવકધર્મ સુંદર

**तदविरय-देसविरय-पमायपरसंजयाणुगं झाणं।**
**सव्वप्पमायमूलं वज्जेयव्वं जइजणेण ॥ १८ ।**

અર્થાત્ એ આર્તધ્યાન અવિરતિમાં રહેલાને, કે દેશવિરતિ-ધરને, અને પ્રમાદનિષ્ઠ સંયમધરને હોય છે. એને સર્વ પ્રમાદનું મૂળ સમજી સાધુજનોએ એનો ત્યાગ કરવો જોઈએ.

---

બજાવનારો તથા અંતે ગુનેગાર પણ ભાઈને ખમાવવા ગયેલો, છતાં પેલાએ એના મસ્તક પર શિલા મારી એથી વેદનાના આર્તધ્યાનમાં મરીને એ મરુભૂતિ શ્રાવક અટવીમાં જંગલી હાથી તરીકે જન્મ્યો. ત્યારે વિચારવા જેવું છે કે જિનધર્મ મળવા છતાં (૧) ખાન-પાન પૈસા-પરિવાર ધંધા-રોજગાર વગેરેમાં ઓતપ્રોત રહેનારને કેટકેટલાં આર્તધ્યાનના થોક ચાલે? તેમ, (૨) ધર્મપ્રવૃત્તિ ય કરે, તો પણ કયારેક જો આર્તધ્યાનમાં ફસ્યો, ને જો એ જ વખતે આયુષ્ય બાંધી દે તો કેવી દુર્ગતિમાં ચાલ્યો જાય? આ તો સદ્ધર્મની શ્રદ્ધા છતાં અધિક કે ઓછો સમય પણ સદ્ધર્મસેવનથી પરાङ્મુખ રહેનારની વાત થઈ.

હવે જે મૂળમાં જ જિનવચનની અપેક્ષા વિનાનો જ હોય, એની બેપરવાહીવાળો અર્થાત્ શ્રદ્ધારહિત હોય એનો વિચાર કરીએ તો દેખાય કે એ તો વળી ઠીક જ આર્તધ્યાનમાં રુલ્યો રહે છે. જિનવચનની પરવા નથી તેથી જિને કહેલા હેય-ઉપાદેય ત્યાજ્ય આદરણીય તત્ત્વને ગણકારતો નથી. પછી ત્યાજ્યને સેવે તો છે પણ ઉપરાંત એની કોઈ અફસોસી ય નથી, ઉલટું શાબાશી લેશે 'આ કેમ ન સેવવા? સેવવામાં કોઈ જ વાંધો નહિ.' આવું આવું માનશે બોલશે. એમ આદરણીય તત્ત્વ અંગે વિરુદ્ધ માનશે-

બોલશે. આ બંનેની આગળ–પાછળ આર્તધ્યાન રકમબંધ ચાલે એમાં નવાઈ નથી.

હવે 'આર્તધ્યાનના સ્વામી કોણ?' એનો વિચાર બતાવતાં કહે છે,–

**વિવેચન: આર્તધ્યાન કોને કોને?:–**

આર્તધ્યાન અવિરતિધર મિથ્યાદૃષ્ટિ આત્માને હોય સમ્યગ્દૃષ્ટિ આત્માને હોય, દેશવિરતિધર શ્રાવકને ય હોય, તેમજ સર્વવિરતિધર પ્રમત્તમુનિને પણ હોય.

અવિરતિ એટલે પ્રતિજ્ઞાપૂર્વક હિંસાદિ પાપથી વિરામ નહિ, પાપનો પ્રતિજ્ઞાબદ્ધ ત્યાગ નહિ. પ્રતિજ્ઞા ન હોય અને હિંસાદિ કરતો ન હોય, એ તો માત્ર પાપની અ–પ્રવૃત્તિ છે, પણ વિરતિ નથી, પાપવિરામ નથી; કેમકે દિલમાં પાપની અપેક્ષા બેઠી છે કે 'અવસર આવ્યે મારે પાપ કરવાની છૂટ' માટે તો ત્યાગની પ્રતિજ્ઞા નથી કરતો. આવી અપેક્ષા એ અવિરતિ. એ ઊભી હોય ત્યાં ભલે પાપનું આચરણ ન હોય એવા પણ કાળે ઈષ્ટસંયોગ અનિષ્ટવિયોગ વગેરેનાં આર્તધ્યાન થયાં કરે એ સ્વાભાવિક છે. આવા અવિરતિવાળા આત્મા મિથ્યાદૃષ્ટિ ય હોય અને સમ્યગ્દૃષ્ટિ પણ હોઈ શકે. બધા જ મિથ્યાદૃષ્ટિ જીવો અવિરતિમાં જ બેઠેલા છે. કેમકે વિરતિ એ સમ્યક્ત્વ પછીની ભૂમિકા છે. પહેલી જિનોક્ત સર્વ તત્ત્વની શ્રદ્ધા જોઈએ; પછી જ સાચો વિરતિભાવ આવી શકે. માટે તો અભવી જેવા જીવો જૈન ચારિત્રદીક્ષા લેવા છતાં પણ અવિરતિમાં જ છે, પહેલે મિથ્યાત્વ-ગુણસ્થાનકે છે.

હવે સમ્યકત્વ પામેલા અર્થાત્ સમ્યગ્દષ્ટિ જીવો બે જાતના હોય, વિરતિધર અને અવિરતિધર. એમાં જેમને થોડા પણ પાપ–ત્યાગની દા. ત. 'હું ત્રસની હિંસા નહિ કરું', ઈત્યાદિ પ્રતિજ્ઞા નથી એ અવિરતિ-સમ્યગ્દષ્ટિ કહેવાય. એમને 'પાપનો ત્યાગ કરવો જ જોઈ એ.' એવી શ્રદ્ધા છે, છતાં એ કરવાની હિંમત નહિ, તે અવિરતિમાં છે. એ સૂચવે છે કે હિંસા–પરિગ્રહાદિ પાપો તરફ ખેંચાણ હજી ઊભાં છે, એવી અવિરતિ પણ આર્તધ્યાનને પ્રેરે એમાં નવાઈ નથી.

એમ દેશવિરતિ એટલે કે જેણે દેશથી યાને અંશથી વિરતિ કરી છે, એને પણ બાકીની અવિરતિ ઊભી છે, એ આર્તધ્યાનને પ્રેરે છે.

પ્ર૦–તો એનો અર્થ એ કે સર્વાંશે વિરતિ કરી લે તો પછી આર્તધ્યાન ન રહે ને ?

ઉ૦–ના, એમાં પણ જો પ્રમાદ હોય તો આર્તધ્યાન સુલભ છે. સર્વવિરતિધર બે જાતની સ્થિતિમાં હોય. ૧. પ્રમાદવાળા અને ૨. પ્રમાદરહિત. એમાં રાગ, દ્વેષ, નિદ્રા, વિકથા, ધર્મમાં અનુત્સાહ, અજ્ઞાન વગેરે પ્રમાદ–અવસ્થામાં આર્તધ્યાન થાય છે, ઝીણો પણ પ્રમાદ આર્તધ્યાનને સુલભ બનાવે છે. કેમકે એ પ્રમાદ કોઈ ને કોઈ ઈષ્ટસંયોગનાં આકર્ષણ યા અનિષ્ટ વિયોગની ચિંતા કે વેદના સાથે સંકળાયેલો હોય છે, પછી આર્તધ્યાન કેમ ન ઊઠે ?

બસ, આ હિસાબે પ્રમાદરહિત યાને અપ્રમત્ત અવસ્થા હોય ત્યારે આર્તધ્યાનથી છૂટકારો મળે. એટલે કહ્યું કે–'અપ્રમત્ત

મુનિ કે જે સાતમે અને ઉપરના ગુણઠાણે હોય છે, એમને આર્તધ્યાન ન હોય.' આ જોતાં સમજાય એવું છે કે આર્ત-ધ્યાનની કેટલી બધી સૂક્ષ્મતા છે કે મિથ્યાત્વ, અવિરતિ-વાળાને તો શું, કિંતુ સહેજ પણ પ્રમાદવાળાને ય એ આર્તધ્યાન લાગતાં વાર નહિ. આખો સંસાર છોડયો, સર્વવિરતિધર મુનિ થયા, તો પણ નિયમ નહિ કે આર્તધ્યાન ન જ આવે. માટે અહીં ગાથામાં કહ્યું કે 'આર્તધ્યાન એ સર્વ પ્રમાદનું મૂળ હોઈ યતિજને એનો ત્યાગ કરવો જોઈએ.' જો આર્તધ્યાન વર્તે છે તો પ્રમાદ આવતાં વાર નહિ. સ્વરૂપથી આર્તધ્યાન સમસ્ત પ્રમાદનું કારણ છે. માટે સાધુ અને શ્રાવક બંનેએ એમાંથી દૂર રહેવું જરૂરી છે.

પ્ર૦–પહેલાં જે એમ કહ્યું કે, 'પ્રમાદવાળાને આર્તધ્યાન થાય.' એનો અર્થ તો એ કે પ્રમાદ એ કારણ અને આર્તધ્યાન એનું કાર્ય થયું. તો પછી અહીં આર્તધ્યાનને સર્વ પ્રમાદનું મૂળ યાને કારણ કહ્યું, એ કેમ ઘટે ?

ઉ૦–વાત સાવ સાચી છે કે અંતરમાં રાગાદિ હોય તેથી આર્તધ્યાન ઊઠે છે. પરંતુ જીવને મન મળ્યું છે; તેથી એને કાંઈ ને કાંઈ લોચા વાળવા જોઈએ છે. એમાં 'કોઈ ઈષ્ટનો સંયોગ મળો,' યા 'વિયોગ ન થાઓ,' અથવા 'અનિષ્ટનો વિયોગ થાઓ,' યા 'સંયોગ ન થાઓ,' કે 'હાય ! વેદના બહુ પીડે છે, શાંત થાઓ,' 'એવું કોઈ ને કોઈ આર્તધ્યાન ચાલ્યા જ કરે છે. પછી એની ચિંતા–સળવળાટ પાછળ જીવ થોડો જ જપ્યો રહે ? એ આર્તધ્યાનના જોસ ને પ્રવાહને લીધે વિષય–કષાયની ત્રિવિધ

પ્રવૃત્તિ, વાણી–વિચાર–વર્તાવરૂપ ચાલ્યા વિના રહેતી નથી. એમ મદ્યાદિ વ્યસન નિદ્રા, નિંદા–વિકથા–કુથલી પણ સુલભ બને છે. વળી ક્રિયાના ખેદ ઉદ્વેગ વગેરે દોષો પણ સેવાતા રહે છે. આ બધો પ્રમાદ જ છે. એનું મૂળ છે આર્તધ્યાન. આર્તધ્યાનથી હૃદય બગાડાય છે તેથી પ્રમાદસેવન ચાલે છે.

આમ, આર્તધ્યાન ભલે ઊઠે રાગ–દ્વેષ–મોહમાંથી, એટલે ત્યાં રાગાદિ પ્રમાદ એ કારણ અને આર્તધ્યાન એ કાર્ય થયું. કિન્તુ આર્તધ્યાન વારંવાર ચાલે એટલે સહજ છે કે એથી એ બધી પ્રમાદપ્રવૃત્તિ રહ્યા જ કરવાની. આ હિસાબે અહીં આર્તધ્યાનને સર્વ પ્રમાદોનું મૂળ કહી એને વર્જવાનું કહ્યું. આર્તધ્યાન બંધ કરી ધર્મધ્યાન ચલાવાય તો હૃદય પવિત્ર રહેવાથી પ્રમાદસેવન અટકી જાય. આટલી આર્તધ્યાનની વિચારણા થઈ.

## રૌદ્રધ્યાન

રૌદ્રધ્યાન પણ ૪ પ્રકારે છે,– ૧. હિંસાનુબંધી, ૨. મૃષાનુબંધી, ૩. સ્તેયાનુબંધી, અને ૪. સંરક્ષણાનુબંધી, શ્રી ઉમાસ્વાતિવાચકવર્યે તત્ત્વાર્થ મહાશાસ્ત્ર (અ. ૯, સૂ. ૩૬) માં કહ્યું છે, 'હિંસા–ઽનૃત–સ્તેય–વિષય–સંરક્ષણેભ્યો રૌદ્રમ્.'

અર્થાત્ હિંસા, જૂઠ, ચોરી અને ઈન્દ્રિયવિષયનાં સંરક્ષણ માટે રૌદ્રધ્યાન થાય છે. 'રૌદ્ર' એટલે ભયાનક, યાને આર્ત કરતાં અતિ ક્રૂર ઉગ્ર. આ હિંસાદિ ચારમાંથી ગમે તે એક પર ચિત્ત ક્રૂર ચિંતનમાં ઊતરી જાય તો ત્યાં રૌદ્રધ્યાન લાગું થયું કહેવાય.

### કર્મબંધનું જજમેન્ટ ધ્યાન પર:—

અહીં ધ્યાનમાં રહે કે આમાં હિંસાદિ ક્રિયા આચરવાની વાત નથી, હિંસા કશી ન કરતો હોય, વાણીથી જૂઠ કાંઈ પણ બોલતો ન હોય, છતાં મનમાં એ કરવા–બોલવાનો ક્રૂર ઉગ્ર અભિપ્રાય, ચિંતન, ચોંટ એ રૌદ્રધ્યાન છે. જેવું આર્તમાં એવું રૌદ્રમાં કાયાથી પ્રવર્તવાનું કે વાણીથી બોલવાનું કશું હોય નહિ, પણ માત્ર મનથી એનું દઢ ચિંતન કરે એ આર્ત–રૌદ્ર-ધ્યાન છે, ત્યારે ચોવીસે કલાક મન તો કાંઈ ને કાંઈ ચિંતવતું હોય

**सत्तवह-वेह-बंधण-डहणङ्कण-मारणाइ-पणिहाणं ।
अइकोहग्गहघत्थं निग्घिणमणसोऽहमविवागं ॥ १९ ॥**

**અર્થ:- અતિ ક્રોધગ્રહથી પકડાઇ મનનું લક્ષ જીવોને પીટવા-વિંધવા-બાંધવા-બાળવા-નિશાન કરવા-મારી નાખવા ઇત્યાદિ પર ચોંટે (એ રૌદ્રધ્યાન છે.) એ નિર્દય હૈયાવાળાને થાય છે અને અધમ (નરકાદિપ્રાપ્તિના) ફળવાળું બને છે.**

---

છે, પછી એ ચિંતન આર્તધ્યાન કે રૌદ્રધ્યાનરૂપ ન બને એ માટે કેટલો બધો ખ્યાલ રાખવો પડે? ધ્યાનને કર્મબંધ સાથે સીધો સંબંધ છે. કર્મ કેવાં બંધાય એનું જજમેન્ટ મનમાં તત્કાલ ચાલતા ભાવ યા ધ્યાનના પ્રકાર પર પડે છે. આર્તધ્યાને તિર્યંચ-ગતિનાં કર્મ બંધાય છે, અને રૌદ્રધ્યાને નરકગતિનાં કર્મ બંધાય છે, તે પણ તરત જ બંધાય; એમાં ઉધારો નહિ. જે સમયે જેવું ધ્યાન, તે જ સમયે તેવાં કર્મ બંધાઈ જવાના. માટે જ જીવનમાં મોટું કામ, મોટી સાવધાની, મનમાં ખરાબ ધ્યાન અટકાવી શુભ-ધ્યાન ચાલુ રાખવા અંગે રહેવી જરૂરી છે.

## ૧. હિંસાનુબન્ધી રૌદ્રધ્યાન

હવે અહીં પહેલું હિંસાનુબંધી રૌદ્રધ્યાન સમજાવવા કહે છે,-

### વિવેચન : ૧ લા રૌદ્રધ્યાનમાં કેવાં ચિંતન :-

અતિ ક્રોધમાં આવી જઈ નિર્દય હૃદયથી હિંસાનું એકતાન ચિંતન કરાય એ હિંસાનુબંધી રૌદ્રધ્યાન છે. હિંસા અનેક પ્રકારે ચિંતવાય છે. દા.ત. એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના કોઈ પણ જીવની પ્રત્યે ક્રોધાન્ધ બની એમ ચિંતવે કે 'હું આ હરામીને

ઘોલ–ધબ્બા ફટકારી પાંસરો કરું,' 'ચાબૂકો સણસણાવી દઉં,' 'લાતો ઠોકીને સીધો દોર કરી નાખું,' અથવા ' નાક કાન વીંધી નાખું,' ' દોરડાથી કે બેડીથી જકડી દઉં,' 'જવાળાથી બાળી નાખું, લાલચોળ સળિયાથી ડામ દઉં", 'કૂતરા–શિયાળિયાના પગેથી નહોરિયાં ભરાવું, ઊઝરડા કોતરાવું,' ' તલવારના ઝટકે કે ભાલો ઘોંચી યા ખંજર ભોંકી જાનથી મારી નાખું,' અથવા ' ખૂબ રીબાવું ' 'ફાડી નાખું', કચરી નાખું, છૂંદો કરી નાખું ' વગેરે વગેરે જીવને પીડવાની વસ્તુ પર મન કેન્દ્રિત કરે, એ પહેલા પ્રકારનું રૌદ્રધ્યાન છે.

ત્યાં ગ્રહ–ભૂતની જેમ ક્રોધ ભારે વળગ્યો હોય છે. અને દિલમાંથી દયા તો સાવ જ નીકળી ગઈ હોય છે. પોતાનો સ્વાર્થ ભંગાયો હોય, સ્વમાન હણાયું હોય, કે વૈર હોય ત્યાં આમ બની આવે છે. શેઠને નોકર પર, માબાપને દીકરા પર, પાડોશીને પાડોશી પ્રત્યે વગેરેમાં પણ આમ બને છે. દેશ–પર-દેશના તેવા સમાચાર જાણીને, કોરટમાં ગુનેગારને છોડી મૂકયાનું સાંભળીને, ઈત્યાદિ ઇત્યાદિ કોઈ પ્રસંગે પરચિંતાવાળાનું મન રૌદ્રધ્યાન સુધી ચડી જાય છે. જેવું ક્રોધના આવેશથી, એવું અભિમાનમાં ચડીને પણ એમ બને છે. દા. ત. રાવણે અભિમાનથી ચક્ર છોડી લક્ષ્મણનું ગળું છેદી નાખવા ધાર્યું. માયાના કે લોભના આવેશમાં પણ એમ બને. કોણિકે રાજ્યના લોભમાં સગા બાપ શ્રેણિકને કેદમાં નખાવી સાટકા મરાવવા પર મન કેન્દ્રિત કર્યું.

ધ્યાનમાં ખૂબી તો એ છે કે પોતે એ હિંસા વગેરે કરવા ન ય પામે, હિંસાદિ ન ય કરી શકે, છતાં હિંસા વગેરે કરવામાં ચિત્ત દૃઢ લાગી ગયું હોય ત્યાં રૌદ્રધ્યાન લાગે છે, તો જીવનમાં એ દૃઢ ચિત્ત પણ કેટલી વાર થતા હશે?

पिसुणासब्भासब्भूयभूयघायाइवयणपणिहाणं ।
मायाविणोऽइसंधणपरस्स पच्छन्नपावस्स ॥ २० ॥

અર્થાત્ ચાડી ચુગલી, અનિષ્ટસૂચક વચન, ગાળ વગેરે અસભ્ય વચન, અસત્ય વચન, જીવઘાતના આદેશ, વગેરેનું પ્રણિધાન (એકાગ્ર માનસિક ચિંતન એ રૌદ્રધ્યાન છે.) એ માયાવીને કે ઠગાઈ કરનારને યા ગુપ્ત પાપીને થાય છે.

---

**રૌદ્રધ્યાનથી નરક :–** એ રૌદ્રધ્યાનનું પરિણામ બહુ કનિષ્ઠ આવે છે. નરકાદિ દુર્ગતિનાં દુઃખોમાં રીબાવું પડે છે. જીવન સારું ધર્મમય ગાળ્યું હોય, પણ કયારેક રૌદ્રધ્યાન આવે અને કદાચ એ જ વખતે આયુષ્ય બંધાઈ જાય તો નરકનું બંધાય અને એક વાર તો નરક ભેગા થવું પડે. પ્રસન્નચંદ્ર રાજર્ષિ મહાસંયમી-તપસ્વી મનોમન લડાઇ અને હિંસાના ધ્યાનમાં ચડયા અને એ જ વખતે શ્રેણિકે મહાવીર ભગવાનને એમની ગતિ પૂછી, તો પ્રભુએ કહ્યું, 'હમણાં મરે તો સાતમી નરકે જાય.' જીવન વલોપાતિયું લોભ–લાલચભર્યું કે અહંકારમાં તણાતું જીવાય તો રૌદ્રધ્યાન સુલભ બને છે. આટલી રૌદ્રધ્યાનના પહેલા પ્રકારની વાત થઈ.

## ૨. મૃષાનુબંધી રૌદ્રધ્યાન

હવે બીજા પ્રકારનું મૃષાનુબંધી રૌદ્રધ્યાન વર્ણવે છે,–

### વિવેચન :– ૨ જા પ્રકારનું રૌદ્રધ્યાન :–

મૃષાનુબંધી રૌદ્રધ્યાન એ તેવા તેવા પ્રકારના દુષ્ટ વચન બોલવાના ઉગ્ર ચિંતનમાં થાય છે. બીજાની ચાડીચુગલી કરવાનું ચિંતવે, પોતાને ન ગમતી બીજાની વાત કોઇની આગળ મીઠું

મરચું ભભરાવીને કહી દેવાની ચોક્કસ ઉગ્ર ક્રૂર ધારણા કરે, ત્યાં રૌદ્રધ્યાન લાગે છે. એમ તિરસ્કારવચન, ગાળ, અપશબ્દ યા અધમ અસભ્ય બોલ સંભળાવી દેવાનું ચિંતવે, અથવા અસત્ય બોલવાનું ચિંતવે એ પણ રૌદ્રધ્યાન છે.

**અસત્ય વચન ૩ પ્રકારે હોય,** ૧. અભૂતોદ્ભાવન, ૨. ભૂતનિહ્નવ, ને ૩. અર્થાન્તર કથન. (૧) અભૂતોદ્ભાવન એટલે ન હોય એવી વસ્તુ બોલવી, દા.ત. આત્મા વિશ્વવ્યાપી નથી, છતાં કહેવું કે 'એ વિશ્વવ્યાપી છે.' પોતે શ્રીમંત કે વિદ્વાન ન હોય છતાં કહે છે કે 'હું શ્રીમંત છું, વિદ્વાન છું.' (૨) 'ભૂતનિહ્નવ' એટલે વસ્તુસ્થિતિ હોય એનો અપલાપ કરે. દા.ત. કહે કે 'આત્મા જેવી વસ્તુ જ નથી.' પૈસાદાર હોય છતાં કહે કે 'મારી પાસે પૈસા નથી.' (૩) 'અર્થાન્તરકથન' એટલે એક પદાર્થને બીજો જ પદાર્થ કહેવો; દા.ત. બળદને ઘોડો કહે, અસાધુને સાધુ કહે.... વગેરે.

એમ ભૂતોપઘાતી વચન એટલે એવું બોલે કે જેની પાછળ જીવને પીડા–કિલામણા–હિંસા થાય; દા. ત. કહે, 'છેદી નાખ, ભેદી નાખ, શેકી ઉકાળી નાખ, માર....' વગેરે. અલબત્ આ વચનમાં દેખીતું જૂઠ જેવું કાંઈ નથી, છતાં પણ એમાં પરિણામ જીવઘાતનું છે, તેથી એ વસ્તુગત્યા મૃષા જ છે.

ઉપરોક્ત વચનોમાં અવાન્તર અનેક પ્રકાર આવે. દા. ત. 'પિશુન' તરીકે કેટલાય પ્રકારના અનિષ્ટસૂચક વચન હોય; જેમ કે કોઈ પોતાના કિંમતી કામે બહાર નીકળતો હોય, એને અપ-

શુકનિયું કહેવું કે; 'તમારે ધખેડો વળવાનો છે. કાંઈ વળવાનું નથી....' વગેરે.

## અસત્ તરંગે રૌદ્રધ્યાન :–

હવે રૌદ્રધ્યાનમાં એવું છે કે આવાં વચન બોલતો ન પણ હોય એ વખતે પણ એવું બોલવાનું નિષ્ઠુરપણે દૃઢ ચિંતન કરે તો એ રૌદ્રધ્યાન બને છે. માણસ વિચારવાયુમાં કે હલકી વિચારસરણીમાં જૂઠનાં એક યા બીજા પ્રકારનાં વચનનાં ચિંતન કેટલાંય કરતો હોય છે; ત્યાં રૌદ્રધ્યાનમાં કેમ ન ઝડપાય ? કોરટમાં જુબાની આપવાની હોય ત્યારે ખરેખર પૂછાવાનું તો શું ય આવે, પરંતુ મૂઢ માણસ પહેલેથી વિચારમાં ચડે છે કે 'કોરટમાં આમ પૂછશે, આમ પૂછશે,....તો મને આવડે છે આવાં આવાં અસત્ય ઉત્તર આપી દઈશ;' ભલે પછી કદાચ એવું બોલવાનો અવસર ન ય આવે. છતાં આ નિષ્ઠુર ચિંતનમાં રૌદ્રધ્યાનને શી વાર લાગે ? એમ પુત્ર કે નોકર વગેરે ખરેખર ગુનામાં ન હોય છતાં બાપ કે શેઠ ગુનો કલ્પી ભયંકર ગુસ્સામાં ચિંતવે છે કે 'હરામખોર આવે એટલે આવાં આવાં ભારે તિરસ્કારનાં વચન સંભળાવી સીધો દોર કરી દઈશ;' પણ પછી બને એવું કે પેલો આવી ખુલાસો કરે ત્યારે રોષ ઊતરી જાય. છતાં પહેલાં ચિંતન કર્યું એ રૌદ્રધ્યાનની કક્ષાનું ય બની ગયું હોય.

## આ રૌદ્રધ્યાન કેવી કેવી રીતે આવે છે ? :–

માયાવી જીવો દા. ત. વેપારી વગેરે, એમને બીજા પાસેથી યેન કેન પ્રકારે સ્વાર્થ સાધવો છે, એટલે એને સીસામાં ઉતા-

રવા માટે સંકલ્પમાં ચડે છે કે 'હું આને આમ કહીશ, સાચા તરીકે જૂઠું આમ ગળે ઉતારી દઈશ....' આવાં મૃષાભાષણ હિંસા પ્રેરકવચન કે પાપોપદેશ પર મન કેન્દ્રિત થઈ જાય, એ માયાવીને રૌદ્રધ્યાન સુલભ થયું ગણાય.

એમ, બીજાને ઠગવામાં તત્પર હોય, જેમકે ભાઈએ ભાગ વહેંચી લેવામાં બીજા ભાઈને ઠગવો હોય, યા ભાગીદારે વેપારમાં ભાગીદારને ઠગવાની, યા દલાલે કે નોકરે સોદામાંથી ગાવલી ખાવામાં શેઠને ઠગવાની ઈચ્છા હોય, અથવા કબાડીએ કોઈ પણ પ્રવૃત્તિમાં ભોળાને સ્વાર્થથી કે વૈરવિરોધથી ઠગવો હોય, ત્યાં એ માટે એ એવાં માયામૃષાનાં વચન મનમાં ઘડે, એ મનની ઘટના રૌદ્રધ્યાન થાય છે.

એમ, પ્રચ્છન્ન પાપી યાને ગુપ્તપણે પાપ કરનારો કે છૂપા પ્રપંચ રચનારો પણ બહાર પોતાની જાતને સારી નિષ્પાપ નિર્દોષ બતાવવી છે માટે મનમાં ઘડી રાખે કે 'જરૂર પડચે હું મારી નિર્દોષતા કે સારાપણું બતાવવા આવી આવી રીતે વાત કરીશ,....' આ મનની ચિકણી ઘટનામાં રૌદ્રધ્યાન લાગે. અથવા પ્રચ્છન્ન પાપી એટલે મિથ્યાધર્મી બ્રાહ્મણ વગેરે પોતે ગુણહીન હોવા છતાં પોતાને ગુણવાન તરીકે ઓળખાવે, એ માટે બડફાં હાંકવાનું એનું માનસિક દૃઢ પ્રણિધાન એ પણ રૌદ્રધ્યાનરૂપ બને. ત્યારે ગુણહીન પોતાની જાતને ગુણવાન તરીકે જે ઓળખાવે છે એના કરતાં બીજો વળી ગુપ્ત પાપી કોણ છે? ઉઘાડો પાપી તો પોતે દોષવાળો હોવાનું છૂપાવતો નથી. ત્યારે આ તો માંહી પોલ ને બહાર ગુણનો ઢોલ વગાડે છે, માટે પ્રચ્છન્ન પાપી

तह तिव्वकोहलोहाउलस्स भूओवघायणमणज्जं ।
परदव्वहरणचित्तं परलोयावायनिरवेक्खं ॥ २१ ॥

અર્થ– જેવું એ દઢ ચિંતન બીજા પ્રકારમાં, તેવું ત્રીજા પ્રકારમાં (જરૂર પડયે) જીવઘાત કરવા સુધીનું પરદ્રવ્ય ચોરવાનું થતું અનાર્ય દઢ ચિંતન (એ રૌદ્રધ્યાન છે; ને એ) તીવ્ર ક્રોધ અને લોભથી વ્યાકુળ અને પરલોકના અનર્થની પરવા વિનાના જીવને થાય છે.

---

છે. વળી પાપ છાનાં છપકાં કરવાં છે એનું પરિણામ એ કે પોતે ગુણહીન છતાં બીજાની આગળ ગુણિયલમાં ખપવા અને કૃત્રિમ વડાઈ ટકાવવા માટે એ બહાર ચોક્કસ પ્રકારના બોલ બોલવાનો. મનમાં એના જે નિષ્ઠુરતાભર્યા દઢ વિચાર ચાલે એ રૌદ્રધ્યાનમાં જાય. આ બીજો પ્રકાર થયો.

## ૩. સ્તેયાનુબન્ધી રૌદ્રધ્યાન

હવે ત્રીજા પ્રકારનું 'અસ્તેયાનુબંધી' રૌદ્રધ્યાન વર્ણવે છે,–

**વિવેચન : ૩ જા પ્રકારનું રૌદ્રધ્યાન :–**

ત્રીજા પ્રકારનું રૌદ્રધ્યાન ચોરીના ક્રૂર ચિંતનમાં થાય છે. 'બીજાના પૈસા, બીજાનો માલ, બીજાના પત્ની–પુત્રાદિ, બીજાની મિલ્કત–સાધન–સંપતિ કેમ ઉપાડું, કેવી રીતે હડપ કરું....' આવા ક્રૂર ચિંતનમાં તન્મય થાય ત્યાં આ રૌદ્રધ્યાન લાગે છે. એના ઉપાયો વિચારે છે, દાવપેચ–કપટને વિચારે છે, સામાની કેમ નજર ચૂકાવવી, કેમ સામાની આંખમાં ધૂળ નાખવી, વગેરે વગેરેની તન્મય વિચારણામાં ચડે છે. જંગલના લૂંટારા અને

શહેરના ચોરો તો આ રૌદ્રધ્યાનમાં ચડે, પણ શાહુકાર ગણાતા ય જ્યારે કૌટુંબિક સગાનું કે ભાગીદાર યા ઘરાક યા વેપારી કે શેઠનું કશું આંચકી લેવાના ક્રૂર ચિંતનમાં ચડે ત્યારે એ પણ રૌદ્રધ્યાનના ભાગી બને છે.

**રૌદ્રધ્યાન ક્રોધ યા લોભથી** :– આ રૌદ્રધ્યાન આવવાનું કારણ તીવ્ર ક્રોધ યા લોભ છે. જીવ જ્યારે કોઈના પર ઉગ્ર ક્રોધથી વ્યાકુળ બને છે, એને એના પર તીવ્ર વૈર–વિરોધ ઊભો થાય છે, ત્યારે એની આજ ઉતારવા, એને બતાવી આપવા એનું કશું તફડાવી લેવાના ક્રૂર ચિંતનમાં ચડે છે. એમ તીવ્ર લોભથી ગ્રસ્ત બનેલો જીવ ધારેલું કશું ગમે તે રીતે મેળવવા ચોરી–લૂંટ–ઉઠાવગીરી કરવાના ક્રૂર ચિંતનમાં ચડે છે. આ તીવ્ર ક્રોધી કે લોભીને ધાર્યું સફળ થશે કે કેમ એ નિશ્ચિત નથી. અરે ! એ ચોરીનો પ્રયત્ન પણ કરવા પામશે કે કેમ એ ય નક્કી નહિ, છતાં આંધળિયા કરીને અત્યારે જે એનું ક્રૂર ચિંતન કરે છે, એ તો રૌદ્રધ્યાનરૂપે લમણે લખાઈ જાય છે. તીવ્ર ક્રોધ અને લોભની વ્યાકુળતા જ એવી છે કે આવાં આંધળિયાં કરાવે.

ત્યારે જેને એવા આંધળિયાના યોગે આ જીવનમાં આવતા ભયંકર ફળનો વિચાર જ ન હોય, અહીં એ ચોરીમાં પકડાઈ જતાં કેવી સજા બેઆબરુ વગેરે સરજાશે, એનો વિચાર કે ડર ન હોય; એને એ નહિ તો પરલોકમાં આ ઘોર પાપથી ઊભાં થયેલ ભયંકર અશુભ કર્મના અતિ કટુ વિપાકે કેવાં કેવાં નરક ગમનાદિ જાલિમ દુઃખ ભોગવવા પડશે, એની તો પરવા હોય જ શાની ? પરલોકના અનર્થોનો ય એ બેપરવા બને છે.

**सद्दाइविसयसाहण-धणसारक्खण-परायणमणिट्ठं ।**
**सव्वाभिसंकण-परोवघायकलुसाउलं चित्तं ॥ २२ ॥**

**અર્થ** :- શબ્દાદિ વિષયોના સાધનભૂત પૈસાના સંરક્ષણમાં તત્પર અને સર્વની શંકા તથા બીજા (એના પર તાકનાર)ના ઘાતની કલુષિત બુદ્ધિથી વ્યાકુળ ચિત્ત-ચિંતન (એ ચોથું સંરક્ષણાનુબંધી રૌદ્રધ્યાન છે.)

---

એટલે જ ચોરીના ઉગ્ર ચિંતનમાં જો એને કદાચ લાગે કે એની આડે કોઈ રોકવા-પકડવા આવશે તો એને મારવા સુધીનો ય નિર્ણય કરી લે છે. દૃઢપ્રહારી એવા ક્રૂર ધ્યાનથી ચોરી કરવા પેઠો, તો વચમાં આડે આવેલી ગાય વગેરેને એણે હણી નાખી. આવું ક્રૂર ચિંતન એટલા જ માટે અનાર્ય કોટિનું છે. આર્ય એટલે,-સર્વ ત્યાજ્ય ધર્મ જેવાં કે શિકાર જુગાર ચોરી વગેરે., એનાથી બહાર નીકળી ગયેલો. ત્યારે એમાં પડેલો તે અનાર્ય. એનાં એ ખરાબ કૃત્ય પણ અનાર્ય કહેવાય, અને એનાં ક્રૂર ચિંતન પણ એવાં જ કહેવાય, માટે અહીં આ રૌદ્રધ્યાનને અનાર્ય કહ્યું. આ ત્રીજો પ્રકાર થયો.

## ૪. સંરક્ષણાનુબંધી રૌદ્રધ્યાન

હવે રૌદ્રધ્યાનના ચોથા પ્રકારની વાત.

### વિવેચન : ૪થા પ્રકારનું રૌદ્રધ્યાન :-

સંરક્ષણાનુબંધી રૌદ્રધ્યાન એ રૌદ્રધ્યાનનો ચોથો પ્રકાર છે. એમાં ધન-સંરક્ષણમાં મશગુલ ઉગ્ર ચિંતન હોય છે. જીવને સારા સારા શબ્દ-રૂપ-રસ વગેરે વિષયો મેળવવા-ભોગવવા બહુ ગમે છે, અને એની પ્રાપ્તિ ધનથી થાય છે. તેથી એ સાધન-

ભૂત ધન મેળવવા–સાચવવા તત્પર રહે છે, એ માટે 'એ કેમ મળે, કેમ સચવાય,' એના તરબોળ ચિંતનમાં ચડે છે. આમાં ખૂબી એ છે કે મેળવવાનું ચિંતન આર્તધ્યાનમાં જાય અને સાચવવાનું ચિંતન રૌદ્રધ્યાનમાં જાય; કેમકે મેળવવા કરતાં સાચવવાની બુદ્ધિમાં ક્રૂરતા આવે છે. અલબત્ મેળવવાની લેશ્યામાં ય કોઈ જૂઠ–ચોરી–જીવઘાતની ક્રૂર વિચારણા હોય તો ત્યાં ય રૌદ્રધ્યાન પણ બની જાય. પરંતુ એમ તો સાચવવાના ચિંતનમાં 'આ મળેલું કેમ ટકે,' એનું સામાન્ય ચિંતન હોય તો એ પણ આર્તધ્યાનરૂપ બને છે. છતાં સાચવવાની લેશ્યા જોરદાર રહે ત્યાં એનું ચિંતન ઉગ્ર ક્રૂર બનવાથી રૌદ્રધ્યાનરૂપ બની જાય છે.

ધન–સંરક્ષણના ચિંતનમાં ઉગ્રતા એટલા માટે આવે છે કે એ ધનને ગમે તે ભોગે સાચવવાની ભારે તાલાવેલી છે, અને તેથી બીજાઓ પર શંકા ખાય છે કે 'એ લઈ તો નહિ લે?' વળી એ ભય વધતાં એ ધન નિમિત્તે જરૂર પડ્યે જીવઘાત સુધીની ક્રૂર લેશ્યા થાય છે કે 'બધાને મારી નાખવા સારા.' ભિખારીને ઠીકરામાં મળેલા એંઠવાડિયા માલ ઉપર પણ અતિ મમતા વશ એના સંરક્ષણની ચિંતામાં એમ થાય છે કે 'આ હું કોઇ પણ ભિખારીને દેખાડું નહિ, ક્યાંય એકાંત ખૂણે જઈને થોડું થોડું ખાઉં, જેથી આ ઝટ ખૂટી ન જાય. એમાં સંભવ છે કે ત્યાં ય બીજા ભિખારી માગવા આવે! તો ય એમને જરીકે ન આપું. ત્યારે એ વળી કદાચ ઝુંટવવાય આવે. તો ય હું શાનો આપું? એમના બાપનો માલ છે? લેવા તો આવે? એમના માથાં જ ફોડી નાખું.' આ સંરક્ષણાનુબંધી રૌદ્રધ્યાન છે. ત્યારે મોટા લોભી રાજાની ય શી દશા છે? એ ય પોતાનું રાજ્ય ટકાવી

इयकरणकारणाणुमइविसय-मणुचिंतणं चउब्भेयं ।
अविरय-देसासंजय-जणमणसंसेवियमहाण्णं ॥२३॥

અર્થ :- આ પ્રમાણે સ્વયં કરવું, બીજા પાસે કરાવવા અને કરતાને અનુમોદવા સંબંધી પર્યાલોચન ચારે પ્રકારના રૌદ્રધ્યાનમાં જાય. (એના સ્વામી કોણ? તો કે) અવિરતિ મિથ્યાદૃષ્ટિઓ સમ્યગ્દૃષ્ટિઓ અને દેશવિરતિ શ્રાવકો સુધીના જીવોના મનથી આ સેવાઈ શકે છે; અને તે અહિતકર નિન્દ્ય પાપ છે.

---

રાખવા અવસરે આવા વિકલ્પોમાં ચડે છે. કલ્પનામાં કોઈ રાજાનું આક્રમણ લાવી એની સેના સાથે એનો કચ્ચરઘાણ કાઢીને ય પોતાનું રાજ્ય સંરક્ષવાના રૌદ્રધ્યાનમાં ચડે છે.

આ રૌદ્રધ્યાન સજ્જનોને ઈષ્ટ નથી હોતું, કેમકે એમાં એક તો નાશવંત પરિગ્રહની અતિ મમતા રહી પરમાત્માદિનું શુભ ધ્યાન ચૂકાય છે; અને બીજું, સારા પણ માણસો માટે ય શંકા રહે છે કે 'એ લઈ તો નહિ લે? કોને ખબર શું કરે?' વગેરે. ને તેમાં આગળ વધતાં ઉગ્ર ક્રોધ –હિંસાદિના પાપવિચારો સુલભ બને છે; ચિત્ત પાપિષ્ઠ અધ્યવસાયોથી વ્યાકુળ રહે છે.

અહીં પ્રારંભે 'શબ્દાદિ વિષયોનું સાધનભૂત' એવું ધનનું વિશેષણ મૂક્યું. એ સૂચવે છે કે માત્ર એવા વિષયો મેળવવા–ભોગવવાના ઉદ્દેશથી ધનનું સંરક્ષણ કરવાનું ધ્યાન એ રૌદ્રધ્યાન સુધી પહોંચી જાય; પરંતુ દેવદ્રવ્યની સંપત્તિ–મિલકત સંરક્ષવાનું ચિંતન દુર્ધ્યાનમાં નહિ જાય. દેવદ્રવ્ય–સંરક્ષણની બુદ્ધિ તો ધર્મબુદ્ધિ છે.

## રૌદ્રધ્યાન કેટલે અને કોને ?

હવે ચારે પ્રકારનાં રૌદ્રધ્યાનમાં વિશેષતા બતાવવા સાથે ઉપસંહાર કરે છે.

ભાવાર્થ :– હિંસા–મૃષા–ચોરી–સંરક્ષણના વિષયનું ક્રૂર ચિંતન એ હિંસાદિ જાતે જ કરવા અંગે હોય એવું નહિ, કિન્તુ હિંસાદિ બીજા પાસે કરાવવાનું ય ઉગ્ર ચિંતન હોઈ શકે; તેમજ બીજા એ હિંસાદિ કરતા હોય એની અનુમોદનાનું ય ક્રૂર ચિંતન સંભવી શકે છે. એમ દરેક પ્રકારમાં ૩–૩ રીતે રૌદ્રધ્યાન લાગે છે. દા. ત.

**હિંસાદિ કરાવવા અંગે રૌદ્રધ્યાન :—**

બીજા પાસે કોઈને પિટાવવા–બંધાવવા–વિંધાવવા–ડામવા–મારી નખાવવાનું ક્રૂર ચિંતન હોય; યા અસભ્ય–ચાડી–જૂઠ બોલાવવા કે હિંસાનો ઉપદેશ કરાવવાનું ય ચિંતન હોય; અથવા બીજા પાસે ચોરી લૂંટ વગેરે કરાવવાનું ય ક્રૂર ચિંતન હોય; અથવા બીજા પાસે વિષય સુખ સાધનભૂત ધન–માલનું સંરક્ષણ કરાવવા અંગે પણ એવું ચિંતન હોઈ શકે; જેમકે 'હું અમુક પાસે આ હિંસાદિ કરાવું....'

**અનુમોદનથી કેમ રૌદ્રધ્યાન ? :—**

એમ સ્વયં કરવાનું કે બીજા પાસે કરાવવાનું ય નહિ, કિન્તુ કોઈ એ હિંસા–જૂઠ વગેરે આચરતા હોય એની અનુમોદના કરવાનું ય ક્રૂર ચિંતન હોઈ શકે. જેમકે મનને એવા ક્રૂર ભાવ થાય કે 'ફલાણાએ પેલાને માર્યો કૂટયો એ સરસ થયું !

એ એજ દાવનો હતો.' લડાઈના કાળમાં અજ્ઞાન લોકોએ આવાં ચિંતન બહુ કર્યાં. જાપાન–જર્મને બ્રિટિશ માણસોનાં કચ્ચરઘાણ કર્યાં. તે જાણી ખુશી થઈ એની અનુમોદનાનાં ક્રૂર ચિંતન કર્યાં. એવું હુલ્લડમાં બને છે. એમાં અમુકની કત્લ થયાનું જાણી ખુશીનું ચિંતન થાય છે. અથવા હિંસામય મીલ વગેરેના સારી કમાઈના ધંધા પર એવું ચિંતન થાય છે. અરે! પોતાને જેના પર અરુચિ છે, એ કોઈથી કૂટાય–લૂંટાય, કે અકસ્માત્નો ભોગ બને, એના પર ખુશીનું ક્રૂર ચિંતન થાય છે. આ બધું રૌદ્રધ્યાન છે.

એમ કોઈ જૂઠ બોલ્યું, કોઈએ ગાળો દીધી, ચાડી ખાધી, ખતરનાક સાક્ષી ભરી, એ ગમવા પર એની અનુમોદનાનું ક્રૂર ચિંતન થાય; એમ કોઈએ કરેલ ચોરી, લૂંટ, ઉઠાઉગીરી અંગે ખુશીનું ચિંતન થાય; અથવા સિફતથી હોશિયારીથી અને બીજાના ઘાત સુધીની તૈયારી રાખીને ધનનાં સંરક્ષણ કર્યાની અનુમોદનાનું ચિંતન થાય, દા. ત. સેફડિપોઝિટ વોલ્ટમાં ચાલુ વિજળી પાવર સાથે ધનરક્ષા થાય છે કે જેમાં કોઈ લેવા ઘૂસે તો વિજળીક કરંટમાં ચોંટીને મરી જ જાય, તો એવા ધનરક્ષા પર ખુશીનું ચિંતન થાય કે 'વાહ! આ સરસ સંરક્ષણ! ચોરવા આવનારો હરામી ખત્મ જ થઈ જાય!' આ વગેરે ચિંતન ક્રૂર બનતાં રૌદ્રધ્યાનમાં લઈ જાય.

આજના ભૌતિકતા–ધનપ્રીતિ–વિષયાસક્તિ– મશીનરી–છાપા વગેરેના યુગમાં પોતાના જીવનને ચારે બાજુથી તપાસાય

તો ખબર પડે કે ક્યારેક ક્યારેક હિંસા–જૂઠ–ચોરી–સંરક્ષણ જાતે કરવા અંગેનું ક્રૂર ચિંતન ભલે ન કર્યું પણ કરાવવા કે અનુમોદવા અંગેનું ય ક્રૂર ચિંતન આવી જાય છે કે નહિ ? આવતું હોય તો એ રૌદ્રધ્યાનના ઘરનું ચિંતન બનવાનું.

પૂર્વે કહેલ આર્તધ્યાનના ચાર પ્રકારમાં પણ કરાવવા–અનુમોદવા અંગેનું ચિંતન સમજી લેવાનું છે.

**હવે રૌદ્રધ્યાનના સ્વામી કોણ ? અર્થાત્ કયા ગુણ-સ્થાનક સુધીના જીવને રૌદ્રધ્યાન આવી શકે ? તે કહે છે,–**

મિથ્યાદૃષ્ટિ જીવોને તો બિચારાને સાચાં તત્ત્વની ગમ જ નથી શ્રદ્ધા જ નથી, એટલે એ તો રૌદ્રધ્યાનમાં ફસાય, પરંતુ અવિરતિ યાને વ્રત વિનાના સમ્યગ્દૃષ્ટિ અને વ્રતધારી દેશવિરતિ શ્રાવક પણ અવસરે એમાં ફસાઈ જાય છે. સર્વવિરતિધર મુનિને રૌદ્રધ્યાન ન હોય; કેમકે એ હિંસાદિ પાપોથી મન–વચન–કાયાએ પ્રતિજ્ઞા–બદ્ધ સર્વથા વિરામ પામેલા છે; એટલે એ કદાચ પ્રમાદવશ આર્તધ્યાનમાં ચડે, પરંતુ રૌદ્રમાં નહિ. નહિતર તો રૌદ્રધ્યાનના ચિંતનમાં ઉગ્ર કષાય થવાથી મંદ કષાયનું આ સર્વવિરતિ–ગુણસ્થાનક જ ગુમાવી દે. સાધુવેશ પડ્યો રહે, પણ આ ગુણસ્થાનકથી નીચે ઊતરી જાય. પ્રસન્નચંદ્ર રાજર્ષિ રૌદ્ર-ધ્યાનના અતિ ક્રૂર ચિંતન માત્રમાં ચડ્યા તો ઊતરી ગયા મિથ્યાત્વગુણઠાણે, અને ત્યાં સાતમી નરક સુધીનાં પાપ ભેગાં કર્યાં. એટલે મુનિને રૌદ્રધ્યાન ન હોય. બાકી દેશવિરતિ શ્રાવક સુધી એ ક્યારેક આવી શકે.

પ્ર૦–શ્રાવકને ત્રસની દયા–અહિંસાનું તો વ્રત છે, પછી એ એવા જીવોના ઘાતનું ચિંતન કેમ કરે ?

પ્ર૦–એને નિરપરાધી ત્રસ જીવોની નિરપેક્ષ હિંસા ન કરવાનું વ્રત છે; કિન્તુ અપરાધી ત્રસની અહિંસાનું વ્રત ક્યાં છે? ત્યાં સંભવ છે કે એવાની હિંસાના ક્રૂર ચિંતનમાં ચડી જાય, તો રૌદ્રધ્યાન લાગે.

પ્ર૦–તો એ વખતે સમ્યક્ત્વ રહે ? જો ન રહે, તો તો એ તરત આ ગુણઠાણેથી નીચે પડવાનો, પછી આ ગુણઠાણે રૌદ્રધ્યાન ક્યાં રહ્યું ?

ઉ૦–એવું નથી, સમ્યક્ત્વ રહી શકે છે; કેમકે સમ્યક્ત્વમાં તો સર્વજ્ઞોક્ત હેય–ઉપાદેય પદાર્થની માત્ર યથાર્થ શ્રદ્ધા છે, પણ હેયનો ત્યાગ નહિ. એટલે કર્મવશ હેયનું સેવન કરે છે. છતાં 'હેય ખોટું' એવી શ્રદ્ધા–પરિણતિ અંદર ખાને હોઇ શકે છે. 'મારવામાં દોષ નહિ' એ બુદ્ધિને મિથ્યાત્વ–મોહનીય કર્મ કરાવે છે. 'સામાને મારુ' એવી બુદ્ધિને ચારિત્ર મોહનીય કર્મ કરાવે છે. તેથી મિથ્યાત્વ જઈ સમ્યક્ત્વ આવ્યું હોય છતાં ચારિત્ર મોહનીય કર્મ મારવાની બુદ્ધિ કરાવે એમ બને. માટે કહ્યું કે 'દેશવિરતિ સુધીના જીવોનું મન રૌદ્રધ્યાન પણ સેવી જાય.' અહીં 'મન' શબ્દ મૂક્યો તે ધ્યાનની વિચારણામાં મન એ પ્રધાન અંગ છે એ સૂચવવા મૂક્યો.

આમ ભલે દેશવિરતિ સુધીનાને રૌદ્રધ્યાન આવતું હોય પરંતુ તેથી કાંઈ એમનું એ ધ્યાન પ્રશંસનીય નથી. એ તો

एयं चउव्विहं राग-दोस-मोहाउलस्स जीवस्स।
रोद्दज्झाणं संसारवद्धणं नरयगइमूलं ॥ २४ ॥

અર્થ– આ ચાર પ્રકારનું રૌદ્રધ્યાન રાગ, દ્વેષ અને મોહથી વ્યાકુળ જીવને થાય છે. એ સંસારની વૃદ્ધિ કરનારું અને નરકગતિનું મૂળ છે.

---

નિન્દ્ય છે, અકલ્યાણને કરનારું છે. એ સહેજ વધુ ટકે કે વધુ ઉગ્ર બને તો સંભવે છે, હૃદયમાં અનંતાનુબંધી કષાય ઊઠીને જીવને નીચે મિથ્યાત્વે ય ઘસડી જાય.

## રૌદ્રધ્યાનનું ફળ અને લેશ્યાઃ

હવે એ રૌદ્રધ્યાન કેવા બળ પર થાય અને તેથી શું વધે તથા કઈ ગતિ થાય એ બતાવે છે,—

**વિવેચન : રૌદ્રના મૂળમાં રાગ–દ્વેષ–મોહ.**

જે જીવ રાગથી કે દ્વેષથી યા મોહમૂઢતા–મિથ્યાજ્ઞાનથી વિશેષે આકુળ વ્યાપ્ત થાય, એને આ ચાર પૈકી ગમે તે પ્રકારનું રૌદ્રધ્યાન જાગે છે. જાગે જ એવો નિયમ નહિ, પરંતુ બહુ રાગ–દ્વેષ–મોહની પીડા ઊભી થઇ તો રૌદ્રધ્યાનને જાગવાની સગવડ થઈ. મમ્મણને ધનના બહુ રાગની પીડા રહી. અગ્નિશર્માને પછીના ભવોમાં સમરાદિત્યના જીવ પ્રત્યે બહુ દ્વેષની પીડા રહી, અને સુભૂમ ચક્રવર્તી બહુ મૂઢ બન્યો, તો એ બધામાં રૌદ્રધ્યાન આવ્યું. માટે ચિત્ત જો બહુ રાગ–દ્વેષ કે મોહથી પકડાઇ ગયું, તો પછી એના વિષય અંગે હિંસા–જૂઠ–ચોરી–સંરક્ષણના ક્રૂર ચિંતનમાં ય મન તન્મય બનવા સંભવ, અને તેથી રૌદ્રધ્યાન

આવીને ઊભું રહેવાનું. માટે એનાથી બચવું હોય તો આ તીવ્ર રાગ-દ્વેષ-મોહને જ અટકાવ્યા રાખવા જોઈએ.

## સાનુબંધ કર્મથી સંસારવૃદ્ધિ :-

વિચારવું જોઈએ કે રૌદ્રધ્યાન સામાન્યથી સંસારની વૃદ્ધિ કરનારું છે, અને વિશેષમાં નરકગતિનાં પાપ સરજનારું છે. સંસારવૃદ્ધિ એટલે ભવોની પરંપરા, એ સાનુબંધ પાપકર્મના યોગે થાય છે. 'સાનુબંધ કર્મ' એટલે ? અહીં રાજીપાથી દુષ્કૃત્યો કરાય એનાથી જે અશુભ કર્મ ઊભાં થાય તે એવાં, કે એ આગળના ભવે ઉદયમાં આવતાં નવી પાપબુદ્ધિ થઇ નવાં દુષ્કૃત્ય થાય, નવાં અશુભ કર્મ બંધાય, તો તે પૂર્વનાં કર્મ અનુબંધ (પરંપરા) વાળાં યાને સાનુબંધ કર્મ કહેવાય. એવાં જે કર્મ દુઃખ તો આપે જ, પણ સાથે પાપબુદ્ધિ, નવાં પાપ અને એથી ભવની પરંપરા સર્જે, તે સાનુબંધ કર્મ. એવાં સાનુબંધ કર્મ ચિત્તના તીવ્ર સંક્લેશવાળા ભાવથી બંધાય છે. રૌદ્રધ્યાનમાં તીવ્ર સંક્લેશ હોય છે, તેથી એથી બંધાતા સાનુબંધ કર્મ દ્વારા ભવપરંપરા સર્જાય, સંસારની વૃદ્ધિ થાય એ સહજ છે.

વિશેષમાં રૌદ્રધ્યાન એ નરકગતિનું મૂળ છે. મૂળ પર વૃક્ષ સલામત. રૌદ્રધ્યાન ઉપર નરકગતિમાં પીડનારા કર્મોનું ઝાડ ઊગે છે. વ્યક્ત ઉત્કૃષ્ટ દુઃખોવાળી ગતિ, નરકગતિ; અને વ્યક્ત ઉત્કૃષ્ટ અશુભ ધ્યાન રૌદ્રધ્યાન. એ બેનો કાર્યકારણભાવ છે. ઉત્કૃષ્ટા અશુભ ધ્યાનથી ઉત્કૃષ્ટી અશુભ ગતિ; એ હિસાબે રૌદ્રધ્યાનથી નરકગતિ.

**कावोय-नील-काला लेस्साओ तिव्वसंकिलिट्ठाओ ।
रोद्दज्झाणोवगयस्स कम्मपरिणामजणियाओ ॥२५॥**

**અર્થ:-રૌદ્રધ્યાનમાં ચડેલાને તીવ્ર સંક્લેશવાળી કાપોત-નીલ-કૃષ્ણ લેશ્યાઓ હોય છે, અને તે કર્મપરિણામથી ઉત્પન્ન થનારી છે.**

---

પ્ર૦—એમ તો અવિરતિ સમ્યક્ત્વી ને દેશવિરતિને ક્યારેક રૌદ્રધ્યાન આવી જવાનું કહ્યું, તો એમને કેમ નરકગતિ નથી બંધાતી ?

ઉ૦—એનું કારણ, સાથે રહેલ સમ્યક્ત્વ એ પ્રતિબંધક છે, યાને નરકગતિને અટકાવનાર છે. પરંતુ એવું રૌદ્રધ્યાન ઊઠે ત્યાં આપણામાં સમ્યક્ત્વ ટકવાનો વિશ્વાસ શો રખાય ? માટે સંસારવૃદ્ધિ અને નરકગતિથી બચવા સદા રૌદ્રધ્યાનથી બચવું.

હવે રૌદ્રધ્યાનીને કઈ લેશ્યાઓ હોય તે કહે છે,—

**વિવેચન: રૌદ્રધ્યાન વખતે લેશ્યા :—**

રૌદ્રધ્યાન વખતે જીવને કાપોતલેશ્યા, નીલલેશ્યા અને કૃષ્ણ લેશ્યા હોય છે. એમ તો આર્તધ્યાન વખતે પણ એ લેશ્યા હોય છે. કિન્તુ આમાં એ પેલા કરતાં તીવ્ર સંક્લેશવાળી હોય છે. લેશ્યા એ કર્મજન્ય પુદ્ગલપરિણામ છે, તેવા વર્ણનાં પુદ્ગલો છે, અને એના સંબંધથી જીવમાં તેવો ભાવ જાગે છે, રૌદ્રધ્યાનમાં રાગાદિના તીવ્ર સંક્લેશને લીધે લેશ્યાના પણ ભાવ અતિ સંક્લેશવાળા હોય છે. શ્રેણિક-કૃષ્ણમાં ક્ષાયિક સમ્યક્ત્વ હતું, છતાં અંત-સમયે કોણિક-દ્વૈપાયન ઉપર તીવ્ર દ્વેષ ઊઠવાથી

**लिङ्गाइं तस्स उस्सण्ण-बहुल-नाणाविहाऽऽमरणदोसा ।**
**तेसिं-चिय हिंसाइसु बाहिरकरणो वउत्तस्स ॥२६ ॥**

**અર્થ-રૌદ્રધ્યાનીના લિંગ-ચિહ્ન છે ૧ ઉત્સન્ન દોષ, ૨બહુલ દોષ, ૩નાનાવિધ દોષ અને ૪આમરણ દોષ, ( રૌદ્રધ્યાનના ૧એક પ્રકારમાં સતત પ્રવૃત્તિ, ૨ચારે પ્રકારમાં બહુ પ્રવૃત્તિ, ૩હિંસાદિના ઉપાયોમાં અનેક વાર પ્રવૃત્તિ, અને ૪સ્વ કે પરના મૃત્યુ સુધી ય અ-સંતાપ). આ લિંગો હિંસા-મૃષાદિમાં ૫બાહ્ય સાધન વાણી-કાયા દ્વારા પણ લાગેલાને હોય.**

---

હિંસાનુબંધી રૌદ્રધ્યાન આવ્યું તો ત્યાં તીવ્ર સંક્લેશવાળી કૃષ્ણ લેશ્યા આવી.

## રૌદ્રધ્યાનીનાં બાહ્ય ચિહ્ન

હવે રૌદ્રધ્યાની કયા લિંગ-લક્ષણોથી ઓળખાય તે બતાવે છે,—

**વિવેચનઃ રૌદ્રધ્યાનનાં લક્ષણ :—**

અંતરમાં રૌદ્રધ્યાન પ્રવર્તે છે એની આ રીતના ચિહ્નોથી ખબર પડે કે,

પહેલાં તો અંતરનાં રૌદ્રધ્યાનને અનુરૂપ વચન અને કાયારૂપી બાહ્ય સાધનથી હિંસા-મૃષાદિમાં જીવ લાગેલો હોય. દા. ત. •હિંસા અંગે વચન એવાં બોલતો હોય કે 'મારી નાખીશ, લમણું તોડી નાખીશ....પેલા લુચ્ચાઓને તો મારી જ નાખવા જોઈતા હતા....'ઈત્યાદિ. આ હિંસાનુબન્ધી ધ્યાન અંગે. એમ •મૃષાનુબંધી ધ્યાન અંગે એવાં વચન કાઢે કે 'આજ સાચાની દુનિયા નથી. એની આગળ તો જૂઠ જ હકૂઠાવવાં જોઈએ.

અમુકની પોલ તો ખુલ્લી જ પાડવી જોઈએ વગેરે. એમ •સ્તેયાનુબન્ધીમાં એમ બોલે કે 'આજના શ્રીમંતોને તો લૂંટવા જ જોઈએ. સરકાર ટેક્ષ શું લઈ જાય ? એને તો એવા સફાઈબંધ તૈયાર કરેલા બનાવટી ચોપડા જ ધરવા જોઈએ કે એ વા ખાય. છતાં ઓફિસર ટેં પેં કરે તો મવાલી દ્વારા ઉડાડવો જોઈ એ....' વગેરે. એમ •સંરક્ષણાનુબંધી ધ્યાનમાં બોલે, 'આજે તો વિજળીક વગેરે સાધન મળે, એને કામે લગાડી એવી રીતે પૈસા તિજોરીમાં રાખવા કે જેથી ચોરવા જનારો મરે....' વગેરે.

જેમ વચનથી હિંસાદિમાં ઉપયોગવાળો, એમ કાયાથી એ રીતે હિંસાદિમાં ઉપયોગવાળો બને કે દા. ત. આંખમાં ખુનસ વરસતું હોય, હાથમાં છરો વગેરે લઈ ઉગામ્યો હોય, ખોપરી તોડી નાખવા મુઠ્ઠી ઉપાડી હોય, ગુંડાઓને સહાયમાં લઈને આવી ઊભો હોય.... વગેરે.

આમ વચન–કાયાના પ્રયોગથી હિંસા–મૃષાદિમાં લાગેલો હોય, ને એ હિંસાનુબન્ધી આદિમાં પ્રવૃતિ [૧] ઉત્સન્ન, [૨]બહુલ, [૩]નાનાવિધ, અને [૪]આમરણ એમ ચાર દોષ વાળી હોય, તો એ રૌદ્રધ્યાનનાં લિંગ છે, જ્ઞાપક ચિહ્ન છે. એથી સમજાય કે અંતરમાં એને રૌદ્રધ્યાન પ્રવર્તે છે.

(૧) '**ઉત્સન્ન**' દોષ એટલે કે એ હિંસાદિ ચારમાંથી ગમે તે એકમાં સતત, મોટા ભાગે બહુવાર પ્રવર્તતો હોય, અર્થાત્ વારે વારે એ હિંસા કરે, હિંસાનું બોલે, યા જૂઠનું સમર્થન કરે....વગેરે. અથવા

**परवसणं अहिंनदइ निरवेक्खो निद्दओ निरणुतावो ।**
**हरिसिज्जइ कयपावो रोद्दज्झाणोवगयचित्तो ॥२७॥**

**અર્થ:–[૫]બીજાની આફત–સંકટ પર ખુશી થાય, ([૬]અહીંના અને પરલોકના ભય પ્રત્યે) બેપરવા હોય, [૭]નિર્દય હોય, [૮]પશ્ચાત્તાપ રહિત હોય, અને [૯]પાપ કરીને ખુશી થતો હોય, એવું રૌદ્રધ્યાન પામેલું ચિત્ત હોય છે.**

---

(૨) **'બહુલ દોષ'** એટલે કે એમ માત્ર એકમાં નહિ, પણ એ બધા ય હિંસા–જૂઠ, આદિ ચારેમાં વાણીથી યા વર્તાવથી વારંવાર પ્રવર્તતો રહેતો હોય. યા

(૩) **'નાનાવિધ દોષ'** અર્થાત્ હિંસાદિના અનેક ઉપાયોમાં પ્રવર્તતો હોય; દા. ત. ચામડી ઉખેડવી, આંખ ફોડવી, વગેરે હિંસાના ઉપાય કહેવાય, એમાં ને જૂઠ–ચોરી–સંરક્ષણના વિવિધ ઉપાયોમાં પ્રવર્તતો હોય. અને

(૪) **'આમરણ'** દોષ એટલે કે ચાહ્ય પોતાનું યા સામાનું મૃત્યુ થઈ જાય ત્યાં સુધી એને પોતાના આ હિંસાદિ દુષ્કૃત્યનો કોઈ પશ્ચાત્તાપ જ ન થાય. દા. ત. કાલસૌકરિક કસાઈને શ્રેણિક રાજાએ કૂવામાં ઊંધો લટકાવ્યો જેથી એ હિંસા બંધ કરે; પરંતુ એણે તો ત્યાં ય મટોડાથી કૂવાની દીવાલ પર પાડા ચિતરી ચિતરી હાથેથી કાપવાનું કર્યું. અહીં તો માત્ર ઊંધો જ લટકયો, પણ મરે તો ય શું? હિંસાનો ઉકળાટ–ખુનસ પૂરો જ થાય નહિ.

આમ વચનથી કે કાયાથી જૂઠમાં, ચોરીમાં ને સંરક્ષણમાં પ્રવર્તે. આ બધાં રૌદ્રધ્યાનનાં લિંગ છે.

એવી રીતે બીજાં પણ લિંગ કહે છે, –

**વિવેચન :**—જેનું ચિત્ત રૌદ્રધ્યાનમાં ચડેલું હોય એનાં બીજાં પણ કેટલાંક ચિહ્ન આવાં હોય છે કે, –

(૫) બીજાને આફત–સંકટ આવે તો એના પર ખુશી દેખાડે, ચિત્ત બહુ સંક્લેશવાળું હોવાથી એને વધાવે કે ' આ ઠીક થયું કે એને આ આફત આવી. એ જ લાગનો એ હતો.'

(૬) જે કાંઈ દુષ્કૃત્યો સેવતો–કરતો હોય એ નિરપેક્ષ હૃદયથી, અર્થાત્ આ લોક કે પરલોકમાં એના કેવા અપાય–અનર્થ આવશે એનો કોઈ ભય નહિ, પરવા નહિ. દા. ત. બોલે કે ' આજે શાહુકારીમાં તો મરે; જૂઠ–ચોરીથી જ જીવાય, એમાં કશો વાંધો નહિ, પાપ–બાપ શાનાં લાગતાં હતાં ? '

(૭) જીવન જીવતાં બીજા જીવો પર દયા ન હોય, એના વાણી–વર્તાવ જ એવા નિર્દય–નિષ્ઠુર દિલના દેખાતા હોય; દા. ત. બોલે કે ' ભગવાને આ બીજા જીવો આપણાં જીવવા માટે જ બનાવ્યા છે. 'જીવો જીવસ્ય જીવનમ્'....'આપણને હેરાન કરે એને ખતમ જ કરો....' વગેરે. ચાલે તો ય નીચે કીડા–મંકોડા મરે એની પરવા ન રાખે. ખાનપાનમાં અભક્ષ્ય છૂટથી ને હોંશે હોંશે વાપરે.....ઈત્યાદિ અંતરનું રૌદ્રધ્યાન સૂચવે છે.

(૮) વળી કોઇને દુઃખ દીધાં, કોઈ પાપ કર્યાં, અનુચિત વર્ત્યા....ઈત્યાદિનો સંતાપ–પસ્તાવો જ ન મળે. મોઢું–મુદ્રા જ એવી ધિટ્ઠી દેખાય, યા બોલે ' એમાં શું થઈ ગયું ? શું

ખોટું કરી નાખ્યું ?' કોઈ શિખામણ આપે તો સામો થાય, 'એવું તે મેં શું કર્યું છે ? આ તમે જ મને હલકો પાડો છો....' આ શું ? અંતરમાંનાં રૌદ્રધ્યાનનો બહાર બખાળો.

(૯) પાપ કરીને ખુશ થાય, બહાર બહાઈ ગાય, 'કેવો એને મેં ફટકાર્યો ?' દા. ત. ત્રિપૃષ્ઠ વાસુદેવે સિંહને ચીરી નાખી અને શય્યાપાલકના કાનમાં ધખધખતું સીસુ રેડાવી ખુશી અનુભવી. પાપની ભારે ખુશી દેખાય તો સમજાય કે અંતરમાં રૌદ્રધ્યાન પ્રવર્તે છે.

બીજાનું તો પછી પણ આપણી જાતમાં ય જોવાનું છે કે આવું કોઈ લિંગ નથી ને ? મૂઢ મન રૌદ્રધ્યાન કરતું હોય છતાં એને લાગતું નથી કે હું રૌદ્રધ્યાન કરું છું. ત્યાં ઉપ-રોક્ત કોઈ લિંગ દેખાય તો અંતરમાં રૌદ્રધ્યાન હોવાનું સમજી લઈ એને અટકાવવું જોઈએ, ને એ માટે એ બહારના લિંગથી ઉલટો માર્ગ લેવો પડે. દા. ત. બીજાની આફત દેખી આપણા મનમાં દુઃખ કરવું, હમદર્દી દાખવવી, પ્રાર્થના કરવી, 'બિચારાની આપદા ટળો....' વગેરે.

આ રૌદ્રધ્યાન અંગે વિચારણા ~~થઈ.~~

## धर्मध्यान

झाणस्स भावणाओ देसं कालं तहाऽऽसणविसेसं।
आलंबणं कमं झाइयव्वयं जे य झायारो ॥ २८ ॥
तत्तोऽणुप्पेहाओ लेस्सा लिङ्ग फलं य नाऊणं।
धम्मं झाइज्ज मुणी तग्गयजोगो तओ सुक्कं ॥ २९ ॥

અર્થ:-ધ્યાનની [1]ભાવના, [2]દેશ, [3]કાળ, [4]અમુક જ આસન, [5]આલંબન, [6]ક્રમ, [7]ધ્યેય યાને ધ્યાનનો વિષય, [8]ધ્યાતા, પછી [9]અનુપ્રેક્ષા, [10]લેશ્યા, [11]લિંગ તથા [12]ફળને જાણીને મુનિ એમાં ચિત્ત સ્થાપી ધર્મધ્યાન કરે. ત્યારબાદ શુકલધ્યાન કરવાનું.

---

## ધર્મધ્યાન

અહીં હવે ધર્મધ્યાનનો અવસર આવ્યો, એટલે ગ્રંથકાર એનું નિરૂપણ કરવાની ઇચ્છાથી એનાં વ્યવસ્થિત પ્રતિપાદન માટે ધર્મધ્યાનને લગતા ૧૨ દ્વાર, ૧૨ મુદ્દા (Points) બતાવે છે. પછી એ દરેક મુદ્દાનું સ્પષ્ટીકરણ કરાતાં ધર્મધ્યાન વસ્તુ વિસ્તારથી અને વ્યવસ્થિત રીતે સમજાવાતી જશે. આગળ શુકલધ્યાનના વિચાર માટે પણ આ જ ૧૨ દ્વાર રહેવાનાં. દ્વારોનાં નામ બતાવે છે,—

**વિવેચન :- ધર્મધ્યાનનાં ૧૨ દ્વાર :—**

'ધર્મધ્યાન' શું છે એ વર્ણવવા માટે આ પ્રમાણે ૧૨ દ્વારો છે. (૧) ધ્યાનની ભાવનાઓ, દા. ત. જ્ઞાનભાવના, દર્શનભાવના, વગેરે. (૨) ધ્યાન માટે ઉચિત દેશ, સ્થાન, (૩) ઉચિત કાળ, (૪) ઉચિત આસન, (૫) ધર્મધ્યાન માટે આલંબન, જેમકે વાચના વગેરે. (૬) ધ્યાનનો ક્રમ, મનો-

पुव्वकयब्भासो भावणाहि झाणस्स जोग्गयमुवेइ।
ताओ य नाण-दंसण-चरित्त-वेरग्गनियताओ ॥ ३० ॥

અર્થ :–ધ્યાનની પૂર્વે ભાવનાઓથી અથવા ભાવનાઓમાં અભ્યાસ કર્યો હોય એ ધ્યાનની યોગ્યતાને પામે છે. તે ભાવનાઓ જ્ઞાન–દર્શન–ચારિત્ર–વૈરાગ્ય સાથે સંબંધ છે.

---

નિરોધ વગેરે, (૭) ધ્યાનનો વિષય ધ્યેય જેમકે જિનાજ્ઞા, વિપાક વગેરે. (૮) ધ્યાતા કોણ ? અપ્રમાદ આદિવાળા. (૯) અનુપ્રેક્ષા યાને ધ્યાન અટકતાં ચિંતવવા યોગ્ય અનિત્યતા–અશરણતાદિનું આલોચન, (૧૦) ધર્મધ્યાનીને શુદ્ધ લેશ્યા. (૧૧) ધર્મધ્યાનનું લિંગ, સમ્યક્ શ્રદ્ધાન આદિ અને (૧૨) ધ્યાનનું ફળ.

આ ૧૨ દ્વારોથી ધર્મધ્યાનનો સારો પરિચય મેળવી એની ભાવના, કારણો, આલંબન વગેરેનો સારો અભ્યાસ કેળવી ધર્મધ્યાન ધ્યાવવું, ત્યાર પછી એમાં પરાકાષ્ઠાએ પહોંચતાં શુક્લધ્યાન ધ્યાવવું.

આમ ૧૨ દ્વારનાં નામ બતાવ્યા પછી, હવે વિસ્તારથી દરેક દ્વાર ઉપર ગ્રંથકાર કહેશે. એમાં પહેલું દ્વાર 'ભાવના,' એનો અર્થ બતાવવા કહે છે,

## ધ્યાનભૂમિકારૂપ ૪ ભાવના

**વિવેચન :–૪ ભાવના** :–ભાવના એટલે અભ્યાસનું સાધન અથવા અભ્યાસનો વિષય. તે ૪ પ્રકારે છે. જ્ઞાનભાવના, દર્શનભાવના–ચારિત્રભાવના–વૈરાગ્યભાવના. જ્ઞાન–દર્શન–ચારિત્ર-વૈરાગ્યથી અભ્યાસ, યા જ્ઞાનાદિ ચારમાં અભ્યાસ કરાય તે

ભાવના. એ દરેક અભ્યાસ કેવી રીતે કરવાનો છે તે આગળ બતાવે છે. અભ્યાસથી મન ભાવિત થાય માટે એ ભાવના.

## ભાવનાથી ધ્યાનને શો વિશેષ ? :—

પરંતુ એટલું સમજવાનું છે કે આ ભાવનાઓનો પહેલાં અભ્યાસ કરવાથી પછી ધર્મધ્યાનની યોગ્યતા પ્રાપ્ત થાય છે. શુભ ધ્યાનમાં રહેવા મનની નિશ્ચલતા જોઈએ, અને એ માટે મનને આ જ્ઞાનાદિભાવનાઓનો અભ્યાસ અપાય, તો જ એ ધ્યાન માટે શાંત અને સશક્ત બની નિશ્ચલ બને છે. મનનો ઉકળાટ ચંચળતાને લાવે છે, અને મનની અશક્તતા તત્ત્વ પર સ્થિર થવા દેતી નથી. એ દૂર કરી મનમાં શાંતિ અને શક્તિ લાવવા માટે પહેલાં જ્ઞાનાદિ ભાવનાઓનો એને અભ્યાસ આપવો પડે. એ અભ્યાસથી મન જ્ઞાન–દર્શન–ચારિત્ર–વૈરાગ્યથી ભાવિત બને છે, વાસિત થાય છે, રંગાયેલું બને છે. એટલે પછી મનને ચંચળ કરનારા, નિઃસત્ત્વ કરનારા અજ્ઞાન–મિથ્યાજ્ઞાન, આહાર, પરિગ્રહ, ઇંદ્રિયવિષયો, કષાયો અને સંસારાસક્તિથી મન જે અનંતા કાળનું રંગાયેલું હતું, ભાવિત હતું, એમાં મંદતા આવે છે. આ ભાવિતતા મોળી પડે તો જ, જે આ ભાવિતતાના યોગે મન ચંચળ, અશાંત રહેતું હતું, મુડદાલ રહેતું હતું, તે હવે સ્થિર શાંત સશક્ત બને.

આ પરિસ્થિતિ ઊભી કરવા માટે જ્ઞાનાદિ ભાવનાનો અભ્યાસ કરવાનો છે. એથી સ્પષ્ટ છે કે આગળ કહેશે તે જ્ઞાનાદિ ભાવનાઓની પ્રક્રિયા આચરતાં આત્મા જ્ઞાનાદિથી ભાવિત કરાતો રહેવો જોઈએ, મન રંગાતું બનવું જોઈએ. ભાવિત કરે માટે

**णाणे णिच्चब्भासो कुणइ मणोधारणं विसुद्धिं च ।**
**णाणगुण-मुणियसारो सो झाइ सुनिच्चलमईओ ॥३१॥**

**અર્થ :–[1]શ્રુતજ્ઞાનમાં હંમેશાં પ્રવૃત્તિ રાખે, (એના દ્વારા) [2]મનને (અશુભ વ્યાપાર અટકાવી) ધરી રાખે; [3](સૂત્રાર્થની) વિશુદ્ધ કરે, 'ચ' શબ્દથી [4]ભવનિર્વેદ કેળવે, એમ [5]જ્ઞાનથી જીવ-અજીવના ગુણ-પર્યાયના સાર-પરમાર્થને જાણે. (અથવા જ્ઞાનગુણથી વિશ્વના સારને સમજે) ત્યાર પછી અતિશય નિશ્ચલ બુદ્ધિવાળો બની ધ્યાન કરે.**

---

ભાવના. એવી જ્ઞાનાદિથી ભાવિતતા આવતી જાય છે. જ્ઞાનાદિના એવા રંગ ચડે છે, એનું પ્રમાણ, આ, કે જીવને મિથ્યાજ્ઞાન-આહાર-વિષય-પરિગ્રહ અને કષાયોના રંગ મોળા પડી જાય, ઉતરી જાય. પછી એ ચીજો મનને ધ્યાનમાંથી પોતાના વિચારમાં ખેંચી નહિ શકે. જેનો રંગ નહિ, મનને એનું ખેંચાણ નહિ.

## જ્ઞાનભાવના

હવે પહેલી 'જ્ઞાનભાવના'નું સ્વરૂપ અને એનો ગુણ બતાવવા કહે છે,–

**વિવેચન :– ૫જ્ઞાનભાવના :–**

પહેલી જ્ઞાનભાવનામાં પાંચ કાર્ય કરવાના છે,–

૧. શ્રુતજ્ઞાનમાં નિત્ય પ્રવૃત્તિ.
૨. મનનું અશુભ ભાવથી રોકાણ.
૩. સૂત્ર-અર્થની વિશુદ્ધિ.
૪. ભવનિર્વેદ.
૫. પરમાર્થની સમજ.

(૧) જ્ઞાને નિત્ય અભ્યાસ :– શ્રુતજ્ઞાન અર્થાત્ સર્વજ્ઞનાં શાસ્ત્રોના જ્ઞાનમાં હંમેશા લાગ્યો રહે. એમાં એ શાસ્ત્રોનો પાંચ પ્રકારનો સ્વાધ્યાય કરતો રહે; (૧) શાસ્ત્ર ભણવા માટે એની ગુરુ આગળ વાચના લે, સૂત્ર–અર્થનાં વ્યાખ્યાન લે, અને ભણીને એમાં નિષ્ણાત થયા પછી ય બીજાને એની વાચના આપે, નહિતર મન નવરું પડતાં એમાં પેલા ખોટા વિચારના ભૂત પેસી જાય. (૨) પોતે વાચના લીધા પછી એમાં શંકા પડતાં ગુરુને પૃચ્છા કરે; નહિતર તો 'શંકાએ સમક્તિ જાય' જેવું થાય. (૩) ભણેલા સૂત્ર-અર્થનું પરાવર્તન–પુનરાવર્તન કરે. નહિતર ભૂલાઈ જતાં, પછીથી એનું પારાયણ ન કરી શકે. (૪) અનુપ્રેક્ષા યાને સૂત્ર–અર્થનું ચિંતન–મનન કરે એથી એમાંથી વિશેષ રહસ્ય ખૂલે, શ્રદ્ધા દૃઢ થાય, તાત્ત્વિક તર્કસિદ્ધ શ્રદ્ધા થાય. જેથી પછી સામેથી ડાકડમાળ ગમે તેવી વિપરીત વાત આવે, છતાં અહીંથી મન ડગે નહિ. (૫) ધર્મકથા યાને ભણેલા શ્રુત ઉપર ધર્મવિચારણા ધર્મોપદેશ કરે. આમ શ્રુતજ્ઞાનમાં નિત્ય પ્રવૃત્તિ ચાલુ રાખે.

(૨) મનોધારણ :–ઉપરોક્ત નિત્ય જ્ઞાનાભ્યાસ તો કરે, પણ મનને વચમાં વચમાં જો અશુભ યા મફતિયા વિચારો કે મલિન લાગણીઓમાં જવા દે તો મન આ શ્રુતજ્ઞાનથી ભાવિત ન થાય. માટે પેલા અશુભ વ્યાપારોમાંથી મનને બચાવે, ધારી રાખે. શ્રુત–શાસ્ત્ર પર અનહદ પ્રીતિ–બહુમાન ધરવાથી આ શક્ય છે, કેમકે મનને સમજાવી લેવાય કે ' આ શ્રુતાભ્યાસ વખતે તું કોની સાથે વાત કરી રહ્યો છે ? શાસ્ત્રરચયિતા મોટા ગણધર કે આચાર્ય મહારાજ સાથે. તો મોટાની સાથે વાત ચાલુ વખતે બીજા સાથે વાત ન

થાય.' એમ સમજાવીને બીજા–ત્રીજા વિચારમાં જતું મન રોકી રખાય. એનું નામ મનોધારણ!

(૩) **વિશુદ્ધિ**:–નિત્ય જ્ઞાનાભ્યાસ અને મનોધારણા કરવા છતાં જો ભણાતા સૂત્ર ને અર્થ શુદ્ધ ન ભણાય તો ચોકખી જ્ઞાનભાવના ન થાય. માટે એનાં જ્ઞાનનું વિશેષ વિશેષ શુદ્ધિકરણ કરવું જરૂરી, તે એવું કે સૂત્ર સ્વનામવત્ પરિચિત થઈ જાય, અને અર્થનું આબેહુબ ચિત્ર નજર સામે ખડું થાય. પછી આની મઝા ઓર! મન એથી એવું ભાવિત થઈ એમાં પકડાયું રહેશે કે ધ્યાનના એકાગ્ર ચિંતન માટે સુંદર અવસ્થા ઊભી થશે.

(૪) **ભવનિર્વેદ**:–જ્ઞાનભાવના માટે સંસાર પર ઝળકતો વૈરાગ્ય (ભવનિર્વેદ) પણ અત્યંત જરૂરી છે. એ જો નહિ હોય હોય તો સંસાર પર રાગ રહેવાનો, તેથી સંસારના કોઈ વૈભવ, સત્તા, સન્માન, સુંવાળાશ વગેરે મનને પકડશે. જ્ઞાન ભણશે તે કદાચ એવા સંસારહેતુ માટે, પછી એમાં પવિત્ર શુદ્ધ જ્ઞાનભાવના ક્યાંથી થાય? માટે જ્વલંત ભવનિર્વેદ કેળવવો પડે. બીજું એ પણ છે કે જે સમ્યક્ શાસ્ત્રોનું જ્ઞાન લેવા–રટવામાં આવે છે, એમાં તો મુખ્યપણે આત્મતત્ત્વની વાતો હોય છે. રાગાદિ દોષોને નામશેષ કરવાનો ઉપદેશ હોય છે. તો એ હૈયામાં પજળે ક્યારે? એથી દિલ પીગળી જઇ એ વાતોથી રંગાય ક્યારે? ભવનિર્વેદ હૈયે ઝગમગતો હોય ત્યારે. માટે પણ ભવનિર્વેદ કેળવવાની જરૂર છે.

## જીવાજીવના ગુણ–પર્યાયનો સાર

(૫) **જ્ઞાનગુણ: જ્ઞાતસાર**:–આના બે અર્થ છે, (૧) જ્ઞાનથી

જીવ-અજીવના ગુણ-પર્યાયના પરમાર્થને જાણ્યો હોય, અથવા ૨. જ્ઞાનના પ્રભાવે વિશ્વના સારને પરમાર્થને જાણ્યો હોય. એ જાણવાનું આ રીતે,—

(i) '**નાણગુણમુણિયસારો**'**નો એક અર્થ** :—જીવના ગુણ બે જાતના છે,-૧. જ્ઞાન-દર્શન, સદ્‌વીર્ય, ચારિત્ર, ત્યાગ-તપ, ઉપશમ-ઉદાસીનતા વગેરે. અને ૨. રાગ-દ્વેષ, કષાયો, અસદ્‌વીર્ય, આહારાદિ-સંજ્ઞા, સુખ-દુઃખ, માનાપમાન, વગેરે. આમાં જ્ઞાનાદિ એ પોતાના સહજ ગુણો, અને રાગાદિ એ ઔપાધિક (ભાડુતી) ગુણો છે. એમ જીવના પર્યાય પણ બે જાતના,-૧ જુદા જુદા મોક્ષ-અવસ્થામાં થતા શુદ્ધ જ્ઞાનાદિ-પરિવર્તનને લીધે બનતી તે તે સમયની વર્તના, આ છે સહજ પર્યાયો. ત્યારે ૨. જુદી જુદી ગતિ-શરીર-વય, આપત્તિ-સંપત્તિની જુદી જુદી અવસ્થાઓ....વગેરે. આમાં ય પહેલા સહજ પર્યાય અને બીજા ઔપાધિક પર્યાય છે.

હવે આ બંને પ્રકારના ગુણ-પર્યાય જાણી એમાંથી સાર ખેંચવાનો, પરમાર્થ પકડવાનો. તેમાં

**સ્વાત્માના ગુણ-પર્યાયનો સાર આ રીતે**, કે 'આ બંનેમાંના માત્ર સહજ ગુણ-પર્યાય એ જ મારી ખરી ચીજ છે. ઔપાધિક પર્યાય તો અજ્ઞાન અને કર્મની ઉપાધિથી જનમતા હોઈ આવ્યા-ગયા જેવા છે. એના પર શા મદાર બાંધવા? રાગાદિ થાય છે તે આત્માના અજ્ઞાનને લીધે. સુખ-દુઃખાદિ થાય છે તે કર્મની વિટંબણા છે. અજ્ઞાન અને કર્મની વિટંબણામાં શા માટે કૂટાવું? એમ ઔપાધિક પર્યાયો જુદા જુદા ભવ વગેરે એ પણ કર્મની વિટંબણા છે, કાળ-કર્મ-ભવિતવ્યતાનું તો

નાટક છે. એમાં ય શું મુંઝાવું ?એ તો ગુણ ગણાય આત્માના, અને એને જ વિટંબણામાં મૂકે. માટે એ તો અપકારી છે. હા, આરાધનામાં એ માનવશરીર વગેરે ઉપયોગી થાય ખરા, પરંતુ એ જાત તો ઔપાધિકની, એટલે અંતે મૂકવાની, મૂકાય ત્યારે જ મોક્ષ થાય. માટે એનાં મમત્વ ને લાલનપાલન નહિ કરવાનાં. મમતા તો જ્ઞાનાદિ સહજ ગુણોની કરવાની, પ્રયત્ન એના માટે જ કરવાના. એમ પર્યાય અંગે ઝંખના મોક્ષપર્યાયોની રાખવાની કે 'ક્યારે એ પ્રગટે ?' આનું નામ, જીવના ગુણ-પર્યાયનો સાર-પરમાર્થ જાણ્યો. આ પોતાના જીવ અંગે વાત થઈ.

**હવે પર જીવના ગુણ-પર્યાયનો સાર-પરમાર્થ પણ** લક્ષમાં લેવો જોઈએ, જેથી જીવોના પ્રસંગમાં આવતાં નિમિત્ત-વશ યા કલ્પનામાત્રથી મન અશુભ ભાવમાં ચડી જતું અટકે, અને ધ્યાનનો ભંગ ન થાય. આમાં શો સાર પકડવાનો ? આ કે 'આ સામા જીવો જો રાગ, મોહ વગેરે કરતા આવે છે તો એ એમના ઔપાધિક ગુણ છે. એનાથી નથી એમને લાભ, નથી મને લાભ. માટે મારે રાગમૂઢ ન થવું. ત્યારે જો એ જીવો દ્વેષ-ઈર્ષ્યાદિ કરતા આવે છે, તો એ બિચારા પોતાના મૂળ ગુણ ઉપશમને ધક્કો પહોંચાડે છે. તેથી મારે એમની કરુણા જ ચિંતવવી, જેથી મારા મૂળ ગુણને સમર્થન મળે. વળી આ જીવો વધુ સુખી સંપત્તિમાન યશસ્વી દેખાય તો એ એમના પુણ્યની લીલા છે. ઔપાધિક છે, માટે મારે ઈર્ષ્યા કરવા યોગ્ય નથી. દુઃખી દેખાય એ કરુણાપાત્ર છે. જીવોમાં દોષો દેખાય એ ઉપેક્ષણીય છે....' ઈત્યાદિ રૂપે અન્ય જીવોના ગુણ-પર્યાયનો પરમાર્થ પકડવા જેવો.

આ જીવના ગુણ-પર્યાયનો સાર-પરમાર્થ જાણવાની વાત થઈ.

**હવે અજીવના ગુણ-પર્યાયના પરમાર્થનો વિચાર કરીએ.** અજીવમાં મુખ્ય પુદ્ગલદ્રવ્ય છે. જીવના સંબંધમાં આ જડ પુદ્ગલની બહુ વસ્તુઓ આવે છે. અને જીવ એના સારા-નરસા રૂપ-રસ વગેરે ગુણો તથા એના અમુક ભાવો-પર્યાયો જોઈ લહેવાઈ જાય છે, ને રાગ-દ્વેષમાં પડે છે. ત્યાં જો એના ગુણ-પર્યાયનો મર્મ સાર જાણ્યો-વિચાર્યો હોય, તો એથી લહેવાવાનું થાય નહિ.

**અનુકૂળ-પ્રતિકૂળમાં ધ્યાન કેમ ન ઘવાય?:—**

દા. ત. કિંમતી હીરાની કિંમત-ચળકાટ વગેરે જોઈ જીવ-મોહિત થઈ જાય છે. પરંતુ જો એનો સાર પકડે કે 'આ બહુ જ રાગ-મોહ-મમતા કરાવનાર હોઈ ચિકણાં કર્મ અને દુર્ગતિ સરજનારા છે,' તો રાગ-મોહાદિ ઉતરી જાય, અને તેથી જ પછી કોઇ શુભ ધ્યાન આડે એની દખલ ન રહે.

એમ પ્રતિકૂળ વસ્તુઓના અનિષ્ટ ગુણોથી લહેવાઈ દ્વેષમાં ન જતાં, એના સારરૂપે જો એ જુએ કે 'આ અનિષ્ટ ચીજો તેવાં તેવાં અશાતાવેદનીય આદિ કર્મ ખપાવવામાં સહાયક છે,' તો પણ ચિત્તની સ્વસ્થતા રહે, અને ધ્યાન ન બગડે. મહાત્માઓએ ઘોર ઉપસર્ગમાં આ સાર પકડ્યો કે 'આ શસ્ત્રપ્રયોગ તો કાયાને છેદે-ભેદે-બાળે, પણ આત્મા અને એના જ્ઞાનાદિગુણોનું જરા ય છેદન-ભેદન-દહન ન કરી શકે. ઉલટું એની વેદનામાં તો આત્મા પરના કર્મનો ઉદય પામી પામી ક્ષય થતો આવે છે.

બાહ્ય શસ્ત્ર ખરૂં જોતાં તો આંતર કર્મગૂમડાં પર નસ્તર મૂકે છે. એમાં ખોટું શું ?' આમ સાર પકડ્યો તો ધ્યાનધારા શુક્લધ્યાન સુધી ચડી. નહિતર તો ખંડિત થઈ જાય.

'નાણગુણમુણિયસારો' નો આ એક અર્થ કે 'જ્ઞાનથી જીવ–અજીવના ગુણ–પર્યાયનો સાર પકડે.'

## ( ii ) 'નાણગુણમુણિયસારો' નો બીજો અર્થ :—

'જ્ઞાનના પ્રભાવે વિશ્વના સાર પકડ્યો હોય.' આનો ભાવ એ, કે વિશેષ શ્રુતજ્ઞાનથી વિશ્વના ધર્માસ્તિકાયાદિ છ દ્રવ્ય જાણે, એના પરસ્પર સંબંધ જાણે, એના પર કાળ–સ્વભાવ–ભવિતવ્યતા-કર્મ–પુરુષાર્થ એ પાંચ કારણોની થતી અસર જાણે, એના પલટાતા પર્યાય જાણે, આ બધું જાણીને એનો સાર પકડે કે 'આ બધાં દ્રવ્યો દ્રવ્યરૂપે નિત્ય પણ પર્યાયરૂપે અનિત્ય છે, તેથી એકલો નિત્ય–અંશ પકડી મોહવા જેવું નહિ, કેમકે પર્યાય પલટાવાનો છે. એમ એકલા અનિત્ય અંશને પકડી ગભરાવા જેવું નહિ, કેમકે એનું મૂળ સ્વરૂપ નિત્ય હોઇ કાયમ છે. દા. ત. 'આત્માને શુભ કર્મોના યોગે સ્વર્ગીય સુખ સન્માન આદિ મળ્યાં. પણ એ સુખપર્યાય અનિત્ય છે. તેથી મોહવા જેવું નહિ. એમ આત્માને અશુભ કર્મોના યોગે દુઃખ આવ્યાં, છતાં ગભરાવાનું નહિ, કેમકે એની વચમાં આત્માનું મૂળ જ્ઞાનાદિ સ્વરૂપ નિત્ય–કાયમ છે. આગંતુક દુઃખ તો ચાલ્યું જશે, પણ જ્ઞાનાદિ ઊભા રહેશે. પછી ફિકર શી ?' આમ જ્ઞાનના પ્રભાવે વિશ્વનો સાર પકડવાથી હર્ષ–ઉદ્વેગ ન થતાં ઉદાસીન ભાવ ઊભો રહે.

**संकाइदोसरहिओ पसमथेज्जाइगुणगणोवेओ ।**
**होइ असंमूढमणो दंसणसुद्धीए झाणंमि ॥ ३२ ॥**

**અર્થ :–( સર્વજ્ઞ વચનમાં ) શંકા આદિ દોષ રહિત, અને સર્વજ્ઞશાસ્ત્ર–પરિચય, પ્રશમ, સમ્યકત્વમાં સ્થિરતા, સાથે પડતાનું સ્થિરીકરણ વગેરે ગુણસમૂહથી સંપન્ન ( પુરુષ ) સમ્યગ્દર્શનની શુદ્ધિથી ધ્યાનમાં સંમોહરહિત ( સ્થિર ) ચિત્તવાળો બને છે.**

---

તેથી કર્મબંધન ન લાગે, તેમજ ધ્યાનભંગ ન થાય. તેથી કર્મનિર્જરા થાય.

તાત્પર્ય, બંને અર્થમાં જીવ–અજીવના ગુણ–પર્યાયનો સાર યા વિશ્વનો સાર પકડવાથી અન્યથા પ્રવૃત્તિ યાને રાગાદિભરી ખોટી પ્રવૃત્તિ ન થાય; તેમજ સન્મતિમાંથી કંપન ન થાય. એમ બુદ્ધિ નિર્મળ અને નિશ્ચળ રહે. આ રીતે જ્ઞાનભાવનાનો આ પાંચમો પ્રકાર 'નાણગુણમુણિયસાર' એ પણ ધ્યાનની સારી ભૂમિકા સરજી આપે છે. એવો એ અભ્યાસ આત્માને શુદ્ધ જ્ઞાનથી ભાવિત કરે છે માટે એનું નામ જ્ઞાનભાવના.

## ૨. દર્શનભાવના

હવે દર્શનભાવનાનું સ્વરૂપ અને એનો મહિમા બતાવવા કહે છે,—

**વિવેચન** :–ધ્યાન માટે બીજી દર્શનભાવના કરવી જરૂરી છે. એથી આત્મા સમ્યગ્દર્શનથી એવો ભાવિત બને છે કે પછી, જો એ ન હોત તો એનાથી વિપરીત દોષોને લઈને ધ્યાન અશક્ય બનત, તે હવે આ ગુણોને લીધે સ્થિર ધ્યાન કરી શકે છે.

આ દર્શનભાવના માટે આ પ્રમાણે શંકાદિ ૫ દોષોનું નિવારણ અને પ્રશ્રમ, પ્રશમ આદિ ૫ ગુણોનું પાલન જરૂરી છે.

| ૫ દોષો | ૫ ગુણો |
|---|---|
| ૧. શંકા | ૧. પ્રશ્રમ |
| ૨. કાંક્ષા | ૨. સ્થૈર્ય |
| ૩. વિચિકિત્સા | ૩. પ્રભાવના |
| ૪. પ્રશંસા | ૪. આયતનસેવા |
| ૫. સંસ્તવ | ૫. ભક્તિ |

## સમ્યક્ત્વમાં ત્યાજ્ય ૫ દોષ

**શંકા એટલે** જિનવચન પર શંકા, દેશથી કે સર્વથી, અંશે કે સર્વથા. દા. ત. 'આત્મા અસંખ્યપ્રદેશી હશે કે નિષ્પ્રદેશી?' આ દેશશંકા 'ધર્માસ્તિકાયાદિ દ્રવ્યો કહ્યા પ્રમાણે હશે કે નહિ?' આ સર્વશંકા. શંકા ન કરાય, કેમકે એમાં મિથ્યાત્વ લાગે છે. શાસ્ત્રે મિથ્યાત્વના પ્રકાર બતાવ્યા છે; એમાં આભિગ્રહિક, અનભિગ્રહિક–સાંશયિક....એમ પ્રકાર બતાવ્યા, ત્યાં સંશય–શંકાને પણ મિથ્યાત્વમાં ગણ્યું કહ્યું છે,

'एकस्मिन्नप्यर्थे सन्दिग्धे, प्रत्ययोऽर्हति हि नष्टः।
मिथ्यात्वदर्शनं तत्, स चादिहेतुर्भवगतीनाम्॥'
सूत्रस्यैकस्यारोचनादक्षरस्य भवति नरः।
मिथ्यादृष्टिः सूत्रं हि नः प्रमाणं जिनाभिहितम्॥'

—અર્થાત્ 'સર્વજ્ઞના કહેલા એક પણ પદાર્થ પર શંકા થાય તો સર્વજ્ઞ અરિહંત પ્રભુ ઉપરનો વિશ્વાસ નષ્ટ થઈ ગયો ગણાય, એ મિથ્યાત્વનું દર્શન છે, અને એ સંસારની ગતિઓનું પ્રથમ કારણ છે.

સૂત્રના એક પણ અક્ષરની અરુચિથી માણુસ મિથ્યાદૃષ્ટિ બને છે. માટે અમારે તો જિનોકત સૂત્ર (સર્વેસર્વા) પ્રમાણ છે.'

આમ શંકારહિત બનવું. કદાચ કયાં ય શંકાસ્પદ લાગે તો ય વિચારવું કે 'જેમ બીજાં સર્વજ્ઞવચન તેમ આ પણ વચન સર્વજ્ઞકથિત હોઈ સત્ય જ છે. માત્ર અમારી મતિ દુર્બળ છે તેથી અમારી સમજમાં ઊતરતું નથી.' એમ વિચારી શંકા દૂર કરવી. શંકા વિનાશ સર્જે છે. એક માતાએ દૂધની પેજી બનાવી એમાં ભૂંજેલા અડદ નાખ્યા. એના બે પુત્રો નિશાળેથી અંધારે આવ્યા, અને એ પેજી પીએ છે. એમાં એકને શંકા પડી કે 'આ પેજીમાં માખીઓ તો નહિ પડી હોય ?' એમ શંકાથી પીતો ગયો, પરંતુ એને ઉલ્ટીનુ દરદ લાગુ થઈ ગયું અને અંતે એ મર્યો. બીજાએ 'મારી મા મને માખ વાળી પેજી આપે જ નહિ,' એમ નિઃશંક દિલથી એ પીને તુષ્ટપુષ્ટ થયો.

(૨) **કાંક્ષા** એટલે બૌદ્ધ આદિ અન્યાન્ય મતની આકાંક્ષા, અભિલાષ; એ પણ અંશે અને સર્વથા. '**અંશે કાંક્ષા**' એટલે દા.ત. એવી બૌદ્ધદર્શનની આકાંક્ષા થાય કે 'આ દર્શનમાં ચિત્તજયનું પ્રતિપાદન છે, અને એ મોક્ષનું મુખ્ય કારણ છે. માટે આ દર્શન ઘટે એવું છે, સાવ કાઢી નાખવા જેવું નહિ.' ત્યારે '**સર્વકાંક્ષા**' એટલે બધા ય દર્શનોની અભિલાષા થાય કે–'બધાયમાં અહિંસાદિ તો કહેલા જ છે; અને લોકમાં એ કાંઈ અત્યંત ક્લેશની વાત તો કહેનારા નથી. માટે બધાં ય દર્શન સારા છે.' આવી બંને કાંક્ષા ખોટી; કેમકે એ બધાં દર્શનો એકાંતવાદી છે. તેથી વસ્તુતત્ત્વને ન્યાય આપનારા નહિ, ઊલટું જે ધર્મો

વસ્તુમાં ખરેખર તો રહેલા જ છે, એ ધર્મો પોતાને અસત્ લાગતાં, એનું એ ખંડન કરનારા છે. વળી માર્ગ બાબતમાં ય બીજાં દર્શનો ચિત્તજય અહિંસા વગેરે જે કહે છે તે સ્થૂલ. બાકી સૂક્ષ્મ અહિંસા-હિંસાની એમને ગમ નહિ; એટલે એ નદીસ્નાન વગેરે હિંસાનું પ્રતિપાદન કરનારાં હોય છે. તેવાં દર્શનોની કાંક્ષા ન રખાય; નહિતર સમ્યક્ત્વને ધક્કો લાગે, મરીચિએ પરિવ્રાજક–વેશમાં ધર્મ છે એમ કહ્યું તો ૧ કોડાકોડી સાગરોપમ સંસાર વધાર્યો.

**કાંક્ષાનો બીજો અર્થ**:– આ લોક–પરલોકનાં ફળની ઈચ્છા, કે 'ધર્મથી મને પૈસા મળો, પ્રતિષ્ઠા મળો, દેવલોકનાં સુખ મળો; આ નિયાણું, આ કાંક્ષા ય ખોટી, કેમકેસમ્યકત્વમાં અતિચાર લગાડે. સમ્યકત્વનું લક્ષણ 'તો સુર–નર–સુખ જે દુઃખ કરી લેખવે, વંછે શિવસુખ એક.' મોક્ષમાં જ એકાંત, શાશ્વત અને સ્વાધીન સુખ છે, માટે એ છોડી તકલાદી ઠગારાં સંસાર–સુખની કાંક્ષામાં સમ્યકત્વ ઘવાય, ભવભ્રમણ વધે. વીરપ્રભુનો જીવ વિશ્વભૂતિ મુનિ એમ રખડી પડ્યા.

(૩) **વિચિકિત્સાનો એક અર્થ** આ, કે યુક્તિ અને આગમથી સંગત ક્રિયામાં પણ, રોગની ચિકિત્સા (ટ્રીટમેન્ટ)ની જેમ, ફળની શંકા કરે, 'ફળ આવશે કે નહિ? કે વેળુના કોળિયા ચાવવાની જેમ આ ઉપવાસાદિ નિષ્ફળ જશે?' આ શંકા પણ સમ્યકત્વમાં અતિચાર છે, ૩ જો અતિચાર વિચિકિત્સા.

પ્ર૦–આ 'શંકા' નામના પહેલા અતિચારમાં ન સમાય? જુદો કેમ કહ્યો?

૭૦–પહેલો અતિચાર 'શંકા' એ દ્રવ્ય–ગુણુ અંગે છે, આ ક્રિયાના ફળ અંગે છે. એમ તો બધા ય અતિચાર મિથ્યાત્વોદય વશ થતા જીવપરિણામ છે; કિન્તુ જીવોને સમજવા અને સમજીને ટાળવા માટે ભિન્ન ભિન્ન રૂપે અતિચાર બતાવ્યા છે. તેથી પહેલો અતિચાર તત્ત્વમાં શ્રદ્ધા મજબૂત રખાવવા કહ્યો, ત્યારે આને માર્ગ–સાધનામાં શ્રદ્ધા મજબૂત રખાવવા જુદો બતાવ્યો. આને ટાળવા એ વિચારવું કે 'સર્વજ્ઞે આચરેલાં ને કહેલાં કલ્યાણ–અનુષ્ઠાન નિષ્ફળ હોય જ નહિ. માટે વિચિકિત્સા નહિ કરવી.' વળી ધર્મસાધનાનાં ફળ તરીકે દુન્યવી સુખ–સન્માન પર દૃષ્ટિ જાય છે, તેથી આવી ફળની શંકા ઊભી થાય છે. ખરી રીતે સાધનાનું ફળ આત્મિક જ ઈચ્છવા જેવું છે. આત્માના રાગાદિ વિકાર શમે, જડ અંગેની અસ્વસ્થતા ઓછી થાય, એ મહાન ફળ છે. દાનાદિ ધર્મસાધનાથી એ સિદ્ધ થાય જ છે. છતાં ય લૌકિક ફળની પણ શંકા તો નહિ કરવી, કેમકે સર્વજ્ઞોક્ત છે. સર્વજ્ઞે લૌકિક ફળ પણ બતાવ્યાં છે. જેવું હોય તેવું તો એ કહે જ ને?

એક શ્રાવકને મિત્ર દેવે વિદ્યા આપી; કહ્યું : 'શ્મશાનમાં ચાર પાયાનું સીકુ કરી, હેઠે અગ્નિ રાખી સીકા ઉપર બેસી, ૧૦૮–૧૦૮ વાર આ વિદ્યા જપી ૧–૧ પાયો કાપવાનો. એમ ચારે પાયા કપાયે આકાશમાં ઉડાય.' સાધવા માંડી. એટલામાં સિપાઈઓ જેની પૂંઠે પડેલા એવો એક ચોર દ્રવ્ય સાથે ભાગતો ત્યાં આવ્યો. સિપાઇઓ તો 'હવે આને સવારે શોધી પકડીશું' એમ કરી વનને ઘેરીને રહ્યા છે. અહીં ચોરે પૂછયું, 'શું કરે

છે?' કહ્યું, 'વિદ્યા સાધું છું.' ચોર કહે, 'લે આ બધું દ્રવ્ય, વિદ્યા મને આપ;' શ્રાવકને ફળની શંકા (વિચિકિત્સા) થઈ, તેથી ધન લઈ વિદ્યા આપી. ચોરે-'શ્રાવક તો કીડી મારવાનું ય પાપ ન ઇચ્છે. માટે આ વિદ્યા ખોટી ન હોય,' એમ વિચારી શ્રદ્ધાથી એ સાધી, આકાશે ઊડ્યો. સવારે સિપાઈઓએ શોધતાં શ્રાવકને માલ સાથે પકડી મારવા લીધો. ચોરે આકાશમાંથી સિપાઈઓને ભય પમાડી શ્રાવકને છોડાવ્યો. બંનેને શ્રદ્ધા થઈ. એમ ધર્મના ફળ સંબંધમાં વિચિકિત્સા નહિ કરવી.

**વિચિકિત્સાનો બીજો અર્થ** 'સાધુના મલિન ગાત્ર-વસ્ત્રની દુગંછા.' 'સાધુ ઉત્તમ, પણ જરા અચિત્ત પાણીથી ચોખ્ખાઈ રાખે તો શો વાંધો?' આ દુગંછા ન કરાય. કેમકે સાધુ તો સુબુદ્ધ છે, સંસારના સ્વભાવને જાણનારા છે, ને તેથી જ સર્વ સંગના ત્યાગી છે. એ બાલિશ સ્નાનાદિ-ચોખ્ખાઈમાં ન પડે. 'બાલિશ' એટલા માટે કે શરીર મૂળે અશુચિભર્યું છે, અશુચિ-વહેતું છે. એને સ્નાનથી ચોખ્ખું થયું માનવું ભ્રમણા છે. વળી સ્નાન એ કામનું અંગ છે. માટે ય સ્નાન ન કરે. તો એમની દુગંછા ન થાય.

એક શ્રાવકની પુત્રીનાં લગ્ન વખતે ઘરે સાધુ આવ્યા. બાપ કહે, 'દીકરી! મહારાજને વહોરાવ.' પેલીને સાધુનાં મલિન ગાત્ર દેખી મનમાં દુગંછા થઈ, 'કેવા મેલા? ભગવંતે ધર્મ તો નિરવદ્ય (નિષ્પાપ) કહ્યો, પણ એમાં જરા સ્નાન કહ્યું હોત તો શો દોષ લાગવાનો હતો?' આ દુગંછાથી ઘોર કર્મ બાંધી મરીને ગણિકાના પેટે ગઈ. ગણિકાને ભારે ઉદ્વેગ, તેથી ગર્ભપાતના

ઓસડ લીધાં, છતાં આ મરી નહિ. જન્મતાં એના શરીરમાંથી ભારે દુર્ગંધ નીકળે છે. તેથી જંગલમાં છોડી. રાજા શ્રેણિક પ્રભુને પૂછે છે, ભગવંત! આ જંગલમાંથી આવતાં બહુ ખરાબ બદબોવાળી કન્યા જોઇ. કેમ બદબો?' પ્રભુએ બધો અધિકાર કહ્યો. 'ક્યારે આ દુઃખ મટશે?' પ્રભુ કહે, 'પાપ ભોગવાઈ ગયું. હવે મોટી થયે ૮ વર્ષ તારી પટરાણી બની રહેશે.'

(૪) **પ્રશંસા** અર્થાત્ સર્વજ્ઞે કહેલ વ્રત-માર્ગ-તત્ત્વ સિવાયના બીજા મિથ્યાદૃષ્ટિના દેવ-ગુરુ-ધર્મ-વ્રતાદિની સ્તુતિ-ગુણગાન-વાહવાહ બોલે. દા.ત. પાખંડીના મતની પ્રશંસા કરે.

## ૩૬૩ પાખંડી

વ્રતને ને મતને સંસ્કૃતમાં 'પાખંડ' કહે છે. મિથ્યાદૃષ્ટિના ૩૬૩ પાખંડ યાને મત હોય છે.

**असीइसयं किरियाणं अकिरियवाईण होइ चुलसीति ।**
**अण्णाणिय सत्तट्ठी वेणइयाणं च बत्तीसं ॥**

અર્થાત્ ક્રિયાવાદીના ૧૦૮, અક્રિયાવાદીના ૮૪, અજ્ઞાનીના ૬૭, અને વૈનયિકના ૩૨ એમ ૧૮૦+૮૪+૬૭+૩૨=૩૬૩. તે આ રીતે. ક્રિયાવાદી એટલે અસ્તિત્વવાદી. જીવ-અજીવ પુણ્ય-પાપ-આશ્રવ-સંવર-બંધ-નિર્જરા-મોક્ષ એ નવ તત્ત્વ પૈકી દરેકને [1]સ્વતઃ, યા પરતઃ, અસ્તિ (છે. એમ) માને. તેય, [2]નિત્ય યા અનિત્ય, તે [3]કાળથી, ઈશ્વરથી, આત્માથી, નિયતિથી યા સ્વભાવથી અસ્તિ માને. દા. ત. જીવ કાળથી સ્વતઃ નિત્ય છે, જીવ ઈશ્વરથી સ્વતઃ નિત્ય છે.......એમ દરેક તત્ત્વને લઈને ગણતાં ૯×૨×૨×૫=૧૮૦ ભેદ ક્રિયાવાદીના થાય.

અક્રિયાવાદી યાને નાસ્તિવાદી, 'પુણ્ય–પાપ સિવાયનાં ૭ તત્ત્વ લઈ, તે સ્વતઃ યા પરતઃ નથી, તે ય કાળ–ઈશ્વર–આત્મા –નિયતિ–સ્વભાવ–યદૃચ્છા પૈકી એકેકથી નથી' એમ માને છે. એ કહે છે કોઈ અવસ્થિત પદાર્થમાં ઉત્પત્તિ આદિ ક્રિયા ન ઘટે. ઉત્પત્તિ છે તો તે પૂર્વે અવસ્થિત હોઈ શકે નહિ.

**"क्षणिकाः सर्वसंस्काराः, अस्थितानां कुतः क्रिया।**
**भूतिर्येषां क्रिया सैव, कारकः सैव चोच्यते ॥"**

બધા સંસ્કાર ક્ષણિક ક્ષણસ્થાયી છે. વસ્તુ (સ્થિત કે) અસ્થિત હોય એમાં ઉત્પત્તિ શી?

જે અસ્તિત્વ છે એ જ ઉત્પત્તિ છે, અને એ જ કારણ છે. એટલે (૧) જીવ કાળથી સ્વતઃ નથી, (૨)....પરતઃ નથી. એમ (૩) ઈશ્વરથી જીવ સ્વતઃ નથી, (૪)....પરતઃ નથી....વગેરે ૮૪ ભેદ થાય.

અજ્ઞાનિકના ૬૭ ભેદ છે. એ જીવાદિ નવ તત્ત્વ પૈકી દરેક સાથે સપ્તભંગીના [૧]સ્યાદ્ અસ્તિ, ૦[૨]નાસ્તિ, ૦[૩]અસ્તિ–નાસ્તિ, ૦[૪]અવક્તવ્ય, ૦[૫]અસ્તિ અવક્તવ્ય, ૦[૬]નાસ્તિ અવક્તવ્ય, ૦[૭]અસ્તિ–નાસ્તિ અવક્તવ્ય, એમ ૧–૧ જોડતાં ૯×૭=૬૩ ભેદ ગણે છે. ઉપરાંત ઉત્પત્તિ સાથે 'સ્યાદ્ અસ્તિ' 'સ્યાદ્ નાસ્તિ' વગેરે ચાર ભંગનો ૧–૧ ભંગ જોડતાં ૬૩+૪=૬૭ ભેદ થાય. એ કહે છે, (૧) કોણ જાણે છે જીવ છે? (૨) કોણ જાણે છે જીવ નથી? (૩)....જીવ છે ને નથી? (૪) કોણ જાણે છે જીવ અવક્તવ્ય છે?........ એમ ૭ ભંગ. એવા અજીવાદિ ૮ તત્ત્વ સાથે. એમ કોને ખબર વસ્તુની ઉત્પત્તિ છે? નથી? છે ને નથી? કે અવક્તવ્ય છે?

તાત્પર્ય, આ કોઈ પણ નથી જાણતું.' આવું અજ્ઞાનિક માને છે. 'અજ્ઞાનિક' એટલે (i) મિથ્યાજ્ઞાનવાળા અથવા (ii) અજ્ઞાનથી ચાલનારા, કે (iii) અજ્ઞાનના પ્રયોજનવાળા, એટલે કે કશો વિચાર નહિ કરતાં એમ માની બેસનાર કે, 'જો ઉપર પ્રમાણે કશું સત્ કે અસત્ વગેરે જોવા જઈએ, તો કૃતનાશ વગેરે આપત્તિ આવે. માટે અજ્ઞાન જ શ્રેયસ્કર.'

**વૈનયિક**, એમ માને કે વેશ–આચાર–શાસ્ત્રને ન જોતાં દરેકનો વિનય કરવાનો. તેના ૩૨ ભેદ. સુર–નૃપતિ–યતિ–જ્ઞાતિ–સ્થવિર-અધમ–માતા–પિતા એ આઠનો મન–વચન–કાયા–દાન એ ચારથી વિનય, એમ ૮×૪=૩૨ પ્રકારે વિનય કરવો.

આમ ૧૮૦+૮૪+૬૭+૩૨=૩૬૩ વાદીએ મિથ્યાદૃષ્ટિ છે. એમની એમના મતની પ્રશંસા ન થાય કે 'અહો આ ભાગ્યશાળી છે! એ પણ તત્ત્વચિંતક છે....'વગેરે.

(૫) 'સંસ્તવ' એટલે મિથ્યાદૃષ્ટિનો પરિચય–સંવાસ–સમાગમ, એ પણ ત્યાજ્ય છે. કેમકે એથી એમની મિથ્યા પ્રક્રિયાનું શ્રવણ, એમની અજ્ઞાન ક્રિયાનું દર્શન વગેરે થયા કરવાથી એની રુચિ થવાનો ભય છે.

આ શંકાદિ પાંચે અતિચારો (દોષો)નો ત્યાગ અને પ્રશ્રમાદિ ૫–૫ ગુણોનો અભ્યાસ કરતા રહેવાથી દર્શન–ભાવના થાય.

**૫ પ્રશ્રમાદિ ગુણ :–**

(૧) '**પ્રશ્રમ**'=પરિશ્રમ, સ્વ–પર શાસ્ત્રમાં પરિશ્રમથી તત્ત્વબોધમાં કુશળ થવું તે. કહ્યું છે,

**'सपरसमयकोसल्लं थिरया जिणसासणे पभावणया।
आययणसेव भत्ती दंसणदीवा गुणा पंच॥'**

–અર્થાત્ સ્વપર શાસ્ત્રકુશળતા, જિનશાસનમાં સ્થિરતા, પ્રભાવના, આયતનસેવા અને ભક્તિ, એ દર્શનને દીપાવનારા પાંચ ગુણ છે.

(૨) '**સ્થિરતા**' એટલે જિનશાસન પર નિષ્પ્રકંપ શ્રદ્ધા; તે એવી કે મોટો દેવતા મોટો વાદી કે માયાજાળિક પણ ડગાવી શકે નહિ.

(૩) '**પ્રભાવના**' અર્થાત્ ઈતરોમાં જિનશાસનની પ્રભાવના થાય, વાહવાહ આકર્ષણ થાય, એવાં સુકૃત–સત્કૃત્યો કરે.

(૪) **આયતનસેવા**:—સમ્યગ્દર્શનનાં આયતન અર્થાત્ રક્ષક સ્થાનોને ભજે, એમની સેવા કરે. અનાયતનનો ત્યાગ કરે.

(૫) **ભક્તિ**:—દેવ–ગુરુ–સંઘ–તીર્થ–શાસ્ત્રની ભક્તિ—આદર–બહુમાન કરે. એમ

**૫. પ્રશમાદિ લક્ષણનો ખપ કરે.**

(૧) **પ્રશમ** એટલે 'અપરાધીશું પણ નવિ ચિત્ત થકી ચિંતવીએ પ્રતિકૂળ' એવો ઉપશમભાવ રાખે; કેમકે આસ્તિકયાદિ ગુણોથી જુએ છે કે, 'દેખાવમાં પોતાનું સામાએ બગાડયું દેખાય છે, પરંતુ ખરેખર તો પોતાનાં કર્મ જ બગાડનાર છે, માટે સામા પર ક્રોધ કરવો ગેરવ્યાજબી છે. સામો તો કરુણા-પાત્ર છે કે બિચારો પાપ કરીને કર્મ બાંધી ભાવી દુઃખમાં પડશે! તેમ પોતાનો જીવ પણ કરુણાપાત્ર છે કે કર્મોથી દંડાઈ

તો રહ્યો છે, એમાં નવા કષાય કરી દુષ્કર્મ કાં ઊભા કરું ?' આમ વિચારી અપરાધી ઉપર પણ ઉપશમ રાખે.

(૨) સંવેગ એટલે મોક્ષસુખનો અને તદર્થ દેવ-ગુરુ-ધર્મનો એવો રંગ, કે ત્યાં દેવ-મનુષ્ય ભવનાં સુખને દુઃખરૂપ માને, સુખનો રંગ આકર્ષણ ઊતરી જાય. સમજે કે 'આ જડસુખો નિસ્સાર નાશવંત અને નુકશાનકારી છે, તેમ એમાં જીવ પરતંત્ર છે, તથા ઠગાય છે. માટે 'સુરનરસુખ જે દુઃખ કરી લેખવે, વંછે શિવસુખ એક.'

(૩) 'નિર્વેદ' એટલે 'નારક ચારક સમ ભવ ઊભગ્યો, તારક જાણીને ધર્મ; ચાહે નીકળવું.' સંસારવાસ-ઘરવાસને પુણ્ય વેચી નકરાં પાપ ખરીદવાનો ધંધો; અને તેથી દીર્ઘ દુર્ગતિ-ભ્રમણ સમજી એના પરથી નરકાગાર કે જેલવાસની જેમ ઊભગી જાય, એના પ્રત્યે અભાવ, ગ્લાનિ, અનાસ્થા રહ્યા કરે, અને તેથી એવા ઘર-સંસારથી નીકળી જવાનું હંમેશા ઝંખે.

(૪) 'અનુકંપા ' એટલે દ્રવ્યથકી દુખિયાની જે દયા, ધર્મહીણાની રે ભાવ,' જીવનાં દ્રવ્યદુઃખ ભૂખ-તરસ-રોગ-મારપીટ વગેરે દુઃખ; એ દૂર કરવાની ઇચ્છા એ દ્રવ્ય-અનુકંપા; અને ભાવદુઃખમાં પાપ-ભૂલ-કષાય-અજ્ઞાન વગેરે ભાવદુઃખ હટાવવાની ઇચ્છા એ ભાવ-અનુકંપા. બીજાનાં દુઃખ પ્રત્યે સમવેદન હોય તો એમ થાય કે, 'બીજાઓ મારું દુઃખ ટાળે એમ ઈચ્છું છું, પણ મારે એ ઇચ્છવાનો અધિકાર તો જ કહેવાય કે જો હું બીજાનાં દુઃખ યથાશક્તિ ટાળવા ઇચ્છતો હોઉં. વળી પાપી ઉપર પણ દ્વેષ નહિ, દયા કરવા જેવી છે; કેમકે એ બિચારા

**नवकम्माणायाणं पोराणविणिज्जरं सुभायाणं ।**
**चारित्तभावणाए झाणमयत्तेण य समेइ ॥३३॥**

**અર્થ :–ચારિત્રભાવનાથી (૧) નવાં કર્મનું અગ્રહણ (૨) જૂનાં કર્મની નિર્જરા, અને (૩) નવા શુભનું ગ્રહણ, તથા (૪) ધ્યાન સહેલાઇથી પામે છે.**

---

કર્મવશ એમ કરે છે, અને ચૌદ રાજલોકમાં ભવો કરી ભમે છે. 'સવ્વે જીવા કમ્મવસ ચઉદ્દહ રાજ ભમંત.' બિચારા કર્મ–પરવશ ઉપર દ્વેષ શો કરવો? એને તો દુઃખમાં સહાયક થઈ એને ઊંચે લાવું.'

(૫) '**આસ્તિકાય**' એટલે 'જે જિનભાખ્યું તે નવિ અન્યથા, એવો જે દૃઢ રંગ.' જિન વીતરાગ દેવ જૂઠનાં કારણભૂત ક્રોધ–લોભ–ભય–હાસ્યાદિ વિનાના હોઈ જૂઠું બોલે નહિ, તેમ-જ સર્વજ્ઞ હોઇ અતીન્દ્રિય સૂક્ષ્મ કર્મ વગેરેને સાક્ષાત્ જોઈને એના અંગે બોલનારા હોય. તેથી એમનું વચન સર્વેસર્વા માન્ય કરાય. 'જિને ભાખ્યું તે જ સાચું, જિને ભાખ્યું તે સાચું જ.' એમ એ સત્ય જ હોય ( અસ્તિ ) એવું માને એ આસ્તિ-ક્ય કહેવાય.

આમ શંકાદિ ૫ દોષો ટાળી, પ્રશ્રમ–સ્થૈર્યાદિ ૫ ભૂષણ, અને પ્રશમ–સંવેગાદિ ૫ લક્ષણ પામવા, તથા એથી જ અસર્વ-જ્ઞના તત્ત્વમાં જરાય મૂર્ચ્છિત ન થવું એ દર્શન–ભાવના કરી કહેવાય. એથી ધર્મધ્યાનની યોગ્યતા આવે, કેમકે શંકા–કાંક્ષા વગેરે, તથા અપ્રશ્રમ યાને શાસ્ત્ર–અપરિચય આદિ તેમજ અ–પ્રશમ એટલે કે પરઅહિતચિંતન વગેરે, એ ધર્મધ્યાનનાં વિરોધી તત્ત્વ છે, ને એ આ રીતે દૂર હટાવાય છે, પછી ધર્મ-ધ્યાનને સહેજે અવકાશ મળે.

## ૩. ચારિત્રભાવના

હવે ચારિત્રભાવનાનું સ્વરૂપ અને એના ગુણ બતાવે છે,–

**વિવેચન :**—ચારિત્રભાવના એટલે ચારિત્રનો અભ્યાસ. જેનાથી અનિન્દિતપણે ચરે–વિચરે એનું નામ ચરિત્ર. લોક અને જ્ઞાનીની નજરમાં અનિંદ્ય વર્તાવ જે ક્ષયોપશમથી થાય, એ ક્ષયોપશમને 'ચરિત્ર' 'ચારિત્ર' કહેવાય. ત્રીજી પ્રત્યાખ્યાનાવરણ કષાય ક્રોધ–માન–માયા–લોભની ચોકડીનો જ્યારે ક્ષયોપશમ કરવામાં આવે, એથી એ ક્રોધ–લોભાદિકર્મના વિપાક–ઉદય અટકી જાય, ત્યારે આત્મા ખરેખર સર્વ-વિરતિભાવમાં આવે છે. એના લીધે પછી, પેલા ક્રોધાદિ કષાય અને હિંસાદિ–અવિરતિના યોગે જે નિંદ્ય વાણી–વિચાર–વર્તાવ ચાલતા હતા, એ અટકી જાય છે, અને ક્ષમાદિ ૧૦ યતિધર્મના તથા જ્ઞાનાચારાદિ પંચાચારના પ્રશસ્ત વાણી–વિચાર–વર્તાવ ચાલે છે. આ ચારિત્રનો અભ્યાસ કરાય એનું નામ ચારિત્રભાવના. એથી આત્મા એવો ભાવિત થાય છે, એવો રંગાઈ જાય છે કે પછી એ ધ્યાન સુખેથી કરી શકે છે.

**ચારિત્રજીવનમાં ત્રણ વસ્તુ છે,**

(૧) આશ્રવોની અટકાયત,

(૨) બાર પ્રકારના તપનું સેવન, અને,

(૩) સમિતિ–ગુપ્તિ આદિ શુભ પ્રવૃત્તિ.

એથી ત્રણ પ્રકારનાં ફળ નીપજે છે—(૧) આશ્રવનિરોધથી નવાં કર્મ બંધાતા અટકે છે, (૨) તપ–સેવનથી પૂર્વબદ્ધ થોક-

બંધ કર્મોની નિર્જરા થાય છે, ક્ષય થાય છે અને (૩) શુભ-પ્રવૃત્તિથી નવાં શાતા-યશ વગેરે શુભકર્મનું ઉપાર્જન થાય છે. આનું પરિણામ એ કે કર્મભાર ઓછો થાય, નવો વધે નહિ, અને જે પુણ્ય વધે એ ભવિષ્ય માટે આરાધનાની જોરદાર સામગ્રી જેવી કે ઉત્તમ ભવ, સબળ પવિત્ર મન, વગેરે મેળવી આપનારું બને છે, તેથી ત્યાં ઉચ્ચ આરાધના દ્વારા વળી કેઈ કર્મના ભાર ઓછા કરી નખાય છે. એમ સર્વ કર્મનાશ તરફ વેગબંધ પ્રયાણ થાય છે.

આવી ચારિત્રભાવના ધ્યાનની ભૂમિકા કેમ સર્જી આપે છે? એટલા માટે કે ધ્યાનમાંથી મનને ચંચળ કરનાર ઇંદ્રિય-વિષયો અને કષાયો તથા હિંસાદિ પાપોની અવિરતિરૂપ આશ્રવો છે; પરંતુ એ આશ્રવો અહીં ચારિત્રમાં રોકાઈ ગયા છે. વળી ચારિત્ર જીવનમાં મન, વચન, કાયાના શુભ યોગો સતત ચાલુ છે, વિશેષે કરીને મનોયોગ સ્વાધ્યાય-સમિતિ-ગુપ્તિ આદિ-માં પકડાયેલો છે, તેથી ધ્યાનને ધક્કો લગાડનારા અશુભ યોગો-માં મનોયોગને અવકાશ નથી. એમ ધ્યાનમાંથી ચલિત કરનારી તન-મનની સુંવાળાશ-સુકોમળતા ૧૨ પ્રકારના તપથી મરી પરવારી; ને ખડતલતા આવી છે. મનનું સત્ત્વ ખૂબ ખૂબ વિકસ્યું છે. હવે એ સત્ત્વ મનને ધ્યાનમાં સ્થિર રાખી શકશે. માટે ચારિત્રભાવનાથી ધર્મધ્યાન સુલભ બને છે, ધ્યાનમાં સુખે ચડી જવાય છે.

## ૪. વૈરાગ્યભાવના

હવે વૈરાગ્યભાવનાનું સ્વરૂપ અને એનો મહિમા બતાવે છે,

**सुविदियजगस्सभावो निस्संगो निब्भओ निरासोय ।**
**वेरग्गभावियमणो झाणंमि सुनिच्चलो होइ ॥३४॥**

**અર્થ:- વૈરાગ્યભાવનાથી ભાવિત મનવાળો જગતના સ્વભાવને સારી રીતે જાણનારો, નિસ્સંગ નિર્ભય અને આશા રહિત બની ધ્યાનમાં સુનિશ્ચળ થાય છે.**

---

**વિવેચન**–વૈરાગ્યભાવનામાં ૫ વસ્તુ,

(૧) સુવિદિત જગત્–સ્વભાવ,

(૨) નિસ્સંગતા

(૩) નિર્ભયતા

(૪) નિરાશંસતા

(૫) તથાવિધ ક્રોધાદિરહિતતા.

(૧) **સુવિદિત જગત્સ્વભાવ:**—ચરાચર જગતના સ્વભાવને સારી રીતે ઓળખી લીધો હોય.

**'जगन्ति जङ्गमान्याहुर्जगद् ज्ञेयं चराचरम् ।'**
**'जन्म मरणाय नियतं, बन्धुर्दुःखाय, धनमनिर्वृत्तये ।'**
**तन्नास्ति यन्न विपदे । तथापि लोको निरालोकः ॥'**

અર્થાત્ જેમાં પદાર્થો પ્રતિસમય નવા નવા પર્યાયોમાં જતા હોઈ જંગમ છે, એને જગત્ કહે છે. એ ચર અને અચર બે પ્રકારે જાણવું. મુક્તજીવો, આકાશ, રત્નપ્રભાદિ પૃથ્વીઓ મેરુ વગેરે પર્વતો, ભવનો વિમાનો વગેરે અચર છે, સ્થિર છે. બાકી સંસારી જીવો, તન–ધન વગેરે અસ્થિર છે, ચર છે.

આવા જગતનો સ્વભાવ કેવો? તો કે જન્મની પાછળ અવશ્ય મૃત્યુ છે. સગાં દુઃખ માટે નીવડે છે. ધન અશાંતિ કરાવે છે. જગતની એવી કોઈ ચીજ નથી કે જે આપદા માટે ન થાય. આમ છતાં ખેદની વાત છે કે લોકો આના ભાન વિનાના છે. જો ભાન હોય તો તો જન્મ સગાં અને ધનથી અર્થાત્ કાયા-કુટુંબ-કંચનથી વૈરાગ્ય પામી જાય.

કેમકે કાયા જન્મી એટલે મોત પામવાની જ; અને રંગરાગથી ભયંકર પરલોક સર્જવાની. પછી એની બહુ માયા અને સાસર-વાસર શા? મોત નથી આવ્યું ત્યાં સુધી એની પાસે તો ભારે ત્યાગ-તપ-સાધના કરાવી લેવાની હોય, એના બદલે એ રંગ-રાગ-ભોગ અને એદી-આરામીપણામાં વેડફાઇ એક દિ' એકાએક ઝુંટવાઇ જાય એ કેટલું દુઃખદ?

સગાવહાલાથી સુખ લાગે છે, પણ એ ખરેખર તો કષ્ટ-કલેશ-આપત્તિ માટે થાય છે, સગાંને કારણે જ કેટલા ય કષ્ટમય ધંધા વહેવાર વગેરે કરવા પડે છે. એ રીસાતાં, બિમાર પડતાં કે આપત્તિમાં આવતાં ભારે દુઃખ થાય છે. તો એવા સગામાં મોહવાનું શું?

એમ ધન અશાંતિ માટે થાય છે, ધન કમાવવા માટે, કમા-યેલાને સાચવવા માટે, અને કરકસરથી ભોગવવા માટે મનને કેટલી ય ચિંતા કરવી પડે છે. ધનના કારણે જ મનને અશાંતિ રહ્યા કરે છે. એવા ધન પર શા આંધળા રાગ કરવા હતા? એનું ભાન હોય તો એનાથી વિરક્ત થઇ એનો સદુપયોગ અને સર્વત્યાગ પણ બની આવે. દુનિયાની ચીજવસ્તુ માલ-મેવા હાટ-હવેલી વગેરે બધું ય ધન છે, ને એ અશાંતિ માટે થાય છે.

આમ જગતનો સ્વભાવ ઓળખાઇ જાય તો એના પર વૈરાગ્ય ઝળહળી ઊઠે.

(૨) **નિસ્સંગતા :–** જગતના સ્વભાવને જાણવા છતાં સંભવ છે કે કોઈ કર્મના ઉદયની પરવશતાએ ક્યાંક વિષયજન્ય સ્નેહ–આસક્તિ લાગી જાય, ત્યારે એને જો ન દબાવાય, તો આગળ પર ધર્મધ્યાન લાગે નહિ, અગર લાગ્યું હોય તો આ આસક્તિ જાગવાથી ધ્યાન અટકી જાય. માટે જગત્–સ્વભાવને સારી રીતે જાણવા ઉપરાંત પણ જગતની પ્રત્યે નિસ્સંગભાવ ઊભો કરવો જોઇએ, નિસ્સંગભાવ કેળવવો જોઈએ, જેથી પછી એની કોઈ ચીજ પ્રત્યે આસક્તિ ઊઠવા જ ન પામે.

નિસ્સંગભાવ ઊભો કરવા આ વિચારાય કે

(૧) સંસારમાં જનમ જનમ સરકતા રહેતા આત્માએ એક જનમના એજ જનમ પૂરતું રહેનારા પદાર્થ પર સંગ–આસકિત–મમત્વ કરવાનો શો અર્થ છે ?

(૨) ' ભલે એક જનમ પૂરતાં, પણ સુખ આપે છે ને ? ' ના, ચિંતા–સંતાપ–વિહ્વળતાદિ દુઃખો અને મદ–માયા–હિંસાદિ અનેકાનેક દોષો ઊભા કરે છે, ત્યાં સુખ શું ? ત્યાં આસક્તિ શી કરવી ?

(૩) ભાવી અનંત કાળ ઉજ્જવળ કરી શકે એવા પરમાત્મા–સદ્ગુરુ–સદ્ધર્મ, યાવત્ સર્વત્યાગ, કોણ ભૂલાવે છે ? કહો, આ વહાલા કરેલા દુન્યવી પદાર્થો. તો પછી એના પર આસક્તિ શી ધરવી ?

(૪) સ્વાત્માના શુદ્ધ જ્ઞાન, ક્ષમાદિ ક્ષયોપશમ, ઉદાસીનતા આદિ ગુણો તરફ જે દૃષ્ટિ ચૂકાય છે, એ આ બાહ્ય પદાર્થોના ફટાકિયા ગુણ જોયા કરવાના કારણે. તેથી જ આત્મસમૃદ્ધિ પ્રગટ કરવાનું આ ઉચ્ચ જીવનનું કર્તવ્ય ભૂલાય છે. તો એના પર સંગ શો ? આમ વિચારી વિચારી સંગ–આસક્તિ છોડી નિસ્સંગતા કેળવવાની.

(૩) **નિર્ભયતા**–નિસ્સંગ બનવા છતાં સંભવ છે ક્યારેક સ્વજાતિ–વિજાતિ–દ્રવ્યહરણ–મરણ વગેરેના ભય ઊભા થાય, તો એ મનને ડહોળી નાખી ધ્યાન ન લાગવા દે, યા ધ્યાનભંગ કરે. માટે ભાગ્ય પર અટલ વિશ્વાસ, ને સત્ત્વને જાગતું રાખી નિર્ભયતા કેળવવી. અથવા પોતાના આત્માની ઉન્નતિ અંગે જો ભય રહે કે (૧) એમાં વિઘ્ન તો નહિ આવે ? (૨) આયુષ્ય વચમાં જ પૂરું થઈ ઉન્નતિનું કાર્ય અધુરું તો નહિ રહે ? (૩) સાધનામાંથી પાછા તો નહિ પડાય ? આવા આવા જો ભય રહે તો એથી પણ ચિત્તના પરિણામ ચંચળ બને છે, પછી ધ્યાનમાં સ્થિરતા એકાગ્રતા ક્યાંથી ટકે ? માટે, એવા ભયને પડતા મૂકી નિર્ભયતા કેળવવાની પણ જરૂર છે.

નિર્ભયતાના અભ્યાસ માટે બાહ્ય અંગે તો એ વિચારવાનું કે '(૧) આ બધું ભાગ્યના અનુસારે નીપજવાનું, ભાગ્યાનુસારે ચાલવાનું, ભાગ્ય મુજબ ટકવા–તૂટવાનું. એમાં કશો ફેર નહિ પડવાનો. પછી ખોટો ભય શું કામ રાખું. (૨) વળી ભયભીત થવામાં મારું સત્ત્વ હણાય છે; અને સત્ત્વનો નાશ થાય એ તો ભયંકર ખોટ છે. સત્ત્વ ઉપર જ અનેક ગુણોનો વિકાસ અને

સાધનાઓમાં આગેકૂચ થાય છે. ખોટો ભય રાખી એવાં સત્ત્વને કેમ જ હણાય ?' આમ વિચારી નિર્ભયતા કેળવાય. ત્યારે આત્માની ઉન્નતિ અંગેના ભય પૈકી (૧) પહેલા વિઘ્નનો ભય ટાળવા માટે વિઘ્નનાં કારણ રોકવાનાં. દા. ત. પ્રવાસીને ત્રણ પ્રકારના વિઘ્ન આવે, ૧. કાંટા નડે, ૨. તાવ આદિ આવે, ૩. દિશાભ્રમ થાય. ત્યાં (૧) પગરખાંથી કાંટા ન વાગે તેથી કાંટા વાગવાના કારણે મુસાફરી ન અટકે. એમ (૨) આહાર–વિહાર પર અંકુશ રાખે, એટલે તાવ વગેરે રોગ ન ઊઠે. એમ (૩) ભોમિયો કે ચોકસ પ્રકારના નિશાનની સમજ હોય તો દિશા–મોહ ન થાય. બસ ધર્મસાધના કરતાં એ મોક્ષમાર્ગના પ્રવાસમાં આ રીતે (૧) કાંટા જેવા વિઘ્ન એટલે ભૂખ–તરસ, ટાઢ–તડકો, આક્રોશ–સત્કાર વગેર પરીસહ ઊભા થવાનો સંભવ છે; પરંતુ પહેલેથી જ પરિસહોને સમતાથી વેઠવાનો અભ્યાસ પાડ્યો હોય, એના પર તાત્ત્વિક વિચારણા ચોકસ કરી રાખી પ્રસંગે એનો ઉપયોગ કર્યા કર્યો હોય, તો એ ભૂખ વગેરેથી સાધના અટકે નહિ. એમ (૨) હિત–મિત આહાર–વિહાર હોય, તો તાવ વગેરે રોગના વિઘ્ન નડે નહિ. ત્યારે, (૩) સાધનાને તાત્ત્વિક રીતે સમજી રાખી હોય, તેમજ સર્વજ્ઞવચન પર અગાધ શ્રદ્ધા કેળવી રાખી હોય તો પછી ત્રીજા દિશામોહ–વિઘ્ન જેવું મતિમોહવિઘ્ન ન નડે. મતિમોહ ઊઠવા જાય કે તરત પેલી તાત્ત્વિક સમજ અને સર્વ–જ્ઞશ્રદ્ધા એને ઉડાવી દે. આ રીતે ત્રણે પ્રકારનાં વિઘ્નની સામે ખાસો પ્રતિકાર થઇ ગયો હોય પછી વિઘ્નનો ભય રાખવાનું કારણ શું ? એમ વિચારી નિર્ભયતા કેળવવાની.

ત્યારે આયુષ્ય વહેલું પૂર્ણ થયે ઉન્નતિ સાધક સાધનાને અધુરી રહી જવાનો ભય પણ નકામો છે; કેમકે (૧) એવા ભયથી કશું સુધરતું તો નથી બલ્કે ભાવીના ભયથી પકડાયેલું મન વર્તમાન સાધનામાં જોરદાર પકડાતું નથી. (૨) વળી કદાચ આયુષ્ય વહેલું પુરૂં થઈ સાધના અધુરી રહી તો ય શું બગડયું ? એમ તો થોડું વધુ જીવીને ય સાધના થોડી જ વીતરાગતા પમાડી પૂર્ણ થવાની હતી ? અધુરી તો રહેત જ. હા, થોડી વધુ સાધના થાત. પરંતુ આમાં પણ એ જોવા જેવું છે કે જૈન શાસનમાં વિશેષ મહત્ત્વ આભ્યન્તર સાધનાનું અને સાધનાના પ્રમાણ કરતાં સાધનાના જોસ–વેગ–તન્મયતાનું છે. એમ મહત્ત્વ અંતિમ કાળની સાધનાનું છે. એટલે થોડા કાળની પણ સાધના આભ્યાન્તર પરિણતિથી જોસિલી જોરદાર બની જાય એ મહત્ત્વનું છે, ને તે બીજા ત્રીજા ભય ન રખાય તો બને. એથી જ અંતિમકાળે પણ સાધનામાં મન તન્મય થઈ જતાં ઉચ્ચ ફળ મળે છે, જેથી આગળના ભવે વિશેષ ઊંચી સાધના પ્રાપ્ત થાય છે. આ વિચારી સાધના અધુરી રહેવાનો ભય પણ ન રાખવો.

ત્યારે સાધનામાં કયારેક પાછા પડાય તો ? એ ભય પણ નકામો છે. કેમકે એ ભયમાં આત્મવિશ્વાસની અને પોતાના સત્ત્વની દુર્બળતા સાબિત થાય છે. જો મજબૂત આત્મવિશ્વાસ હોય, તો મનને એમ રહે કે 'મેં સમજીને સાધના પકડી છે, એટલે એ તો મારે અસ્થિમજ્જા રંગાઈ ગઈ છે, એમાં પછી પાછું પડવાની વાતે ય શી ?' એમ સત્ત્વ સારું વિકસેલું

હોય, તો કાયરતાના વિચાર ન આવે. આમ આત્મવિશ્વાસ અને સત્ત્વથી ભયને હટાવી નિર્ભયતા કેળવવાની. ભયથી ધ્યાન-ભંગ થાય; એ આનાથી અટકે.

(૪) **નિરાશંસતા** એટલે આ લોક પરલોકના વિષયસુખ-સન્માનાદિની આશંસા આકાંક્ષા ન હોવી તે. સાધનાનાં ફળરૂપે આવી વસ્તુ ન ઈચ્છાય.

પ્ર૦– પૂર્વે કહેલ નિરાસંગભાવ કેળવ્યો હોય પછી આવી આશંસા થવાને અવકાશ જ ક્યાં છે, તે 'નિરાશંસભાવ' ગુણ જુદો કેળવવો પડે ?

ઉ૦– નિરાસંગભાવથી જગતના પદાર્થ પ્રત્યે રાગ-દ્વેષ-આસક્તિ ન થવા દેવા અભ્યાસ તો કેળવ્યો, પરંતુ અનાદિથી અભ્યસ્ત રાગાદિના સંસ્કાર-વશ ક્યારેક ક્યાંક અવનવું દેખવા મળતાં આશંસા ઊઠી આવવા સંભવ છે. જેમકે બ્રહ્મદત્તના જીવને પૂર્વ ભવે મુનિપણે સારો નિરાસંગભાવ તો કેળવાયો હતો, પરંતુ ચક્રવર્તી વંદન કરવા આવતાં, એની પટ્ટરાણી-સ્ત્રી-રત્નની મુલાયમ કેશવાળી મુનિને વંદન કરતાં નીચે પડી તે મુનિના પગને એનો સ્પર્શ થયો. ધ્યાનસ્થ મુનિની નીચી નજર, તે ચકમકતી કેશવાળી પર આંખ પડતાં અને પગે એનો સ્પર્શ થતાં જ ઝણઝણાટી થઈ. મન લોભાયું, નિયાણું કર્યું, 'અહો! આવા મુલાયમ કેશવાળી સ્ત્રી કેવી રમણીય હશે! આવી સ્ત્રી મળે સાથે વૈભવ પણ કેટલો મહાન મળે ? બસ, આ કઠોર તપ-સંયમનું ફળ હોય, તો આવો વૈભવ-વિલાસ મળો.' શું થયું આ ? આશંસા જાગી, ને નિરાસંગભાવ દબાઈ

ગયો. સાથે જો એટલું વિચાર્યું હોત કે 'જો બધી ય સાધના નિરાશંસભાવે જ કરવાની છે, તો પછી શા સારુ મારે આવા તુચ્છ ફળની આશંસા કરવી જોઈએ?' અને આવું વિચારી નિરાશંસભાવ ટકાવી રાખ્યો હોત, તો પતન ન થાત.

એવું મહાવીર પ્રભુના જીવ વિશ્વભૂતિ મુનિને બન્યું. તીવ્ર વૈરાગ્યથી એમણે રાજશાહી સુખો છોડી ચારિત્ર લીધેલું અને એના પાલનમાં નિરાસંગભાવ પણ સારો કેળવેલો. કિન્તુ પિતરિયાએ કરેલ મશ્કરીથી અનાદિના સંસ્કારવશ અપમાન લાગ્યું, માન ઉછળી આવ્યું, અને ભવાંતરે બળના ધણી થવાની આશંસા ઊભી કરી, અને પતન થયું.

આશંસા રોકવા આ નિર્ધાર ઘુંટવો જોઈએ કે 'મારે ધર્મનાં ફળરૂપે આ લોક પરલોકના કોઈ પદાર્થની ઈચ્છા કરવી જ નથી. અમૂલ્ય ધર્મને તુચ્છ ફળ ખાતર, ને અવિનાશી ધર્મને નાશવંત વસ્તુ ખાતર વેચી નાખવો નથી. કેમકે એમ ધર્મને વેચી નાખતાં દીર્ઘ ભાવી કાળ માટે ધર્મના સંસ્કાર જ નહિ રહે. પછી ભવાંતરે ધર્મ જ નહિ, તો પાપી જીવન જ બન્યું રહે; કેમકે દુન્યવી આશંસાથી વાસનારોગ દૃઢ થાય.'

આમ નિરાસંગભાવ સાથે નિરાશંસભાવ કેળવવાનો. એથી મન વૈરાગ્યથી સારું ભાવિત બને, ને ધ્યાનભંગ થાય નહિ, તેમ શુભધ્યાન દુર્લભ ન બને. નહિતર આશંસા મગજને પકડી લે પછી શુભધ્યાન લાગે ક્યાંથી?

(૫) **ક્રોધાદિરાહિત્ય**–ઉપરોક્ત ગુણો કેળવવા છતાં સંભવ છે નિમિત્ત મળતાં કે સ્વભાવદોષે અનાદિના સંસ્કારવશ ક્રોધ

અભિમાન વગેરે સ્ફુરી આવે. તો એ પણ ધ્યાન માટે વિઘ્નભૂત થાય. પ્રસન્નચંદ્ર રાજર્ષિ સુંદર ધ્યાન કરનારા છતાં દૂતનું વચન સાંભળી ગુસ્સો લાવ્યા તો ધર્મધ્યાન તૂટયું ને રૌદ્રધ્યાન પર ચડી ઠેઠ સાતમી નરક સુધીનાં કર્મ બાંધવા માંડયા. ચંડરુદ્રાચાર્યને સ્વભાવ–દોષે ક્રોધ સ્ફુરી આવતો. માટે પહેલેથી જ આ કષાય-ચોરોને ઓળખી રાખી એનો નિગ્રહ કેળવવો, એનો ત્યાગ કરતા રહેવું.

**ક્રોધાદિથી વૈરાગ્યભાવિતતા કેમ નહિ ?** :–જો કે પ્રસ્તુત ગાથામાં ‘ક્રોધાદિરાહિત્ય’નું સ્પષ્ટ પદ નથી, પરંતુ ‘નિરાસો ય’ માંનાં ‘ય’ યાને ‘ચ’ પદથી તથાવિધ ક્રોધાદિરાહિત્ય લેવાનું ટીકાકાર મહર્ષિ લખે છે. ‘તથાવિધ’ એટલે તેવા પ્રકારના અપ્રશસ્ત ક્રોધ–લોભ, માન–માયા–ઈર્ષ્યા, હર્ષ–ખેદ, વગેરે કષાયોને અટકાવવા જોઈએ. કેમકે એ સ્થિર વૈરાગ્યભાવિતતા ન આવવા દે. કારણ એ, કે એ ક્રોધાદિ કોઈ દુન્યવી ચીજને મહત્ત્વ આપવાથી ઊઠે છે; ને એને મહત્ત્વ અપાય તો એના પ્રત્યે વૈરાગ્યભાવિતતા ક્યાંથી દૃઢ રહે ?

**તેથી ક્રોધાદિ દાબવા આ વિચારવું કે,** ‘(i) દુન્યવી વસ્તુ તો નાશવંત છે, એક દિ’ જનારી છે, અને આ ક્રોધલોભાદિ કર્યા તો એના સંસ્કાર માથે પડી જશે. શા સારુ નાશવંતને મહત્ત્વ આપી કાયમી કુસંસ્કાર વહોરું ? વળી (ii) આ ક્રોધાદિ તો આત્માના વિકાર છે. જો ધર્મસાધનાથી મારે આત્માને શુદ્ધ જ કરવો છે, તો શા સારુ વિકારોને પોષવા ?

અહીં ધ્યાન રાખવાનું છે કે દુન્યવી ચીજ માટે તો નહિ, પણ આપણી સાધનામાં અંતરાય કરનાર તરફ પણ ગુસ્સો ઊઠતો હોય તો તે પણ આવકાર્ય નથી. કેમકે એમાં ય અહંત્વ કામ કરતું હોય છે; તેમ સાધના માત્ર બાહ્ય વસ્તુ હોવાની સમજ રહે છે; તેથી એ ગુસ્સો ઊઠે છે. પરંતુ એ કષાય આભ્યન્તર સાધનાને ધક્કો પહોંચાડે છે. એવા કષાયો સળવળે તો ત્યાં સૌમ્યભાવ ઉપશમ ન ટકી શકે. મન વૈરાગ્યથી ભાવિત ન બને. પીઠ–મહાપીઠ મહામુનિઓ અનુત્તર વિમાનવાળા દેવલોકમાં જનારા અને પછી બ્રાહ્મીસુંદરી બનીને મોક્ષે જનારા જીવ હતા. છતાં એ બાહુ–સુબાહુ (ભરત–બાહુબળીના જીવ) મુનિની ભક્તિ–વૈયાવચ્ચની પ્રશંસા સહન ન કરી શકયા, ઈર્ષ્યા–માયા–અભિમાન ઊઠયાં, તો વૈરાગ્યભાવને ધક્કો લાગ્યો, આર્તધ્યાન લાગ્યું, અને ગુણસ્થાનકથી નીચે ઊતરી ગયા. એટલે વૈરાગ્યભાવિત મન બનાવવા તેવા ક્રોધાદિ પણ ન હોવા ઘટે, એને ઊઠતાં જ દબાવી દેવા પડે.

આમ, ૧જગતના સ્વભાવનો ખ્યાલ, ૨નિસ્સંગતા, ૩નિર્ભયતા, ૪નિરાશંસતા અને તથાવિધ ૫કષાયથી રહિતતા,–એ પાંચ કેળવનારાનું મન વૈરાગ્યથી ભાવિત બને છે, અને એ ધ્યાનમાં સુનિશ્ચળ બને છે. ધ્યાનમાં ચલિત કરનારા છે અજ્ઞાન આદિ ઉપદ્રવો,– ૧વસ્તુ–સ્વભાવનું અજ્ઞાન, ૨આસક્તિ, ૩ભય, ૪ફળ–લાલસા અને ૫છૂપા ક્રોધાદિ કષાય. એ ધર્મધ્યાનને જાગવા દેતા નથી, યા જાગેલું તોડી નાખે છે. એ આ વિદિત–જગત્સ્વભાવ નિસ્સંગતા વગેરેથી દૂર થવાથી ધ્યાન–નિશ્ચળતા આવે એ સહજ છે.

**विच्चं चिय जुवइ-पसु-नपुंसग-कुसीलवज्जियं जइणो ।**
**ठाणं वियणं भणियं विसेसओ झाणकालंमि ॥ ३५ ॥**

**અર્થ :-હંમેશા યતિને વિશેષે કરીને ધ્યાનકાળે સ્થાન યુવતી-પશુ-નપુંસક અને કુશીલ માણસથી રહિત એકાંત સ્થાન જરૂરી કહ્યું છે.**

---

આમ, ધર્મ્ય અને શુક્લધ્યાન પર વિચાર કરવા માટેની દ્વારગાથામાં કહેલ પહેલું 'ભાવના' દ્વાર વિચાર્યું. હવે 'દેશ' દ્વાર વિચારવા કહે છે,-

## ધ્યાન માટે દેશ

**વિવેચનઃ**-ધ્યાન માટેનું સ્થાન યુવતિ વગેરેથી રહિત હોવું જોઈએ. આમ તો માત્ર ધ્યાનકાળે જ નહિ, કિંતુ હંમેશા મુનિને રહેવાનું સ્થાન સ્ત્રી વગેરેના વાસ કે સંચરણ વિનાનું એકાંત જોઈએ. એમ તીર્થંકર ભગવાન અને ગણધર દેવો કહે છે, એટલે પછી ધ્યાનકાળે તો ખાસ કરીને એવું એકાંત સ્થાન હોવું જરૂરી છે. કોઇપણ માનવી સ્ત્રી કે દેવી, પશુ-સ્ત્રી કે નપુંસક યા જુગારી વગેરે કુશીલનો સંસર્ગ ન હોવો જોઈએ. એ બધાથી અલિપ્ત એકાંત સ્થાન જોઈએ. કેમકે સ્ત્રી આદિના સંપર્કવાળા સ્થાનમાં જિનાગમે કહેલા દોષો ઊભા થાય છે.

સામાન્ય રીતે તો બ્રહ્મચર્યનું પાલન કરનાર માટે નવ વાડ પૈકી આ એક વાડ પાળવાની છે કે સ્ત્રી વગેરેના વાસ કે સંચાર વિનાનો એનો મુકામ જોઈએ. ત્યારે સાધુને તો વિશેષે કરીને એવો એકાંત મુકામ જરૂરી છે. સ્ત્રી ચાહ્ય પશુ-સ્ત્રી પણ

હો, એ વિજાતીય તત્ત્વ છે. એથી એનું દર્શન કામ-વાસનાનું ઉત્તેજક છે. નપુંસક તીવ્ર વાસનાથી પીડાતો હોઈ ગમે તેવી ચેષ્ટા કરે, એટલે એ પણ કામોદ્દીપક બને. અનાદિના મોહના સંસ્કારો સંપૂર્ણ વીતરાગ થવા પૂર્વે સર્વથા નષ્ટ નથી હોતા; તેથી નિમિત્ત મળતાં એ ઉદ્‌બુદ્ધ-જાગ્રત્ બની જઈ જીવને મોહમૂઢ કરી જવા પૂરો સંભવ છે. માટે જ એવા નિમિત્તથી દૂર રહેવું જરૂરી છે. વિજાતીયતત્ત્વ સ્ત્રી એ એવું નિમિત્ત છે. પાસે એનો વસવાટ ખોટો, કે આવવું-જવું દૃષ્ટિમાં પડે એ ખોટું. આ તો બ્રહ્મચર્યની અપેક્ષાએ.

બાકી સંયમની-ચારિત્રની અપેક્ષાએ કુશીલાચારીનો સંપર્ક પણ નુકશાનકારી છે. કુશીલિયા દા. ત. જુગારી, દારૂડિયા, દારૂ વેચનારા, પરસ્ત્રી-લંપટો, વગેરેના વસવાટમાં જો સાધુ રહે તો સાધુના કાને એમની નરસી વાતો કાન પર પડે, યા કુશીલ પ્રવૃત્તિ નજરે ચડે; અને એ સંયમના ભાવને ધક્કો લગાડે.

મુનિને વસવાટ માટે ય જ્યારે આવું સ્ત્રી વગેરેથી અલિપ્ત એકાંત સ્થાન જોઈએ, તો પછી ધ્યાન માટે તો વિશેષે કરીને એવું જ સ્થાન જરૂરી; કેમકે ધ્યાનમાં તો જિનાજ્ઞાદિ કોઈ એક શુભ વિષયમાં મનને એકાગ્ર રાખવાનું છે. પુરુષ-સાધુ માટે જેમ સ્ત્રી સંપર્કનો ત્યાગ, એમ સાધ્વી માટે પુરુષ-સંપર્કનો ત્યાગ. બંનેને નપુંસક સંપર્કનો ત્યાગ; એમ યથાયોગ્ય સમજી લેવાનું. ન્યાય છે-'એકજાતીય ગ્રહણે તજ્જાતીયગ્રહણમ્' અર્થાત્ એક જાતિની વાત કરી હોય, એમાં બીજી જાતિની એને યોગ્ય વસ્તુ આવી જાય. એટલે અહીં મુનિની વાત કરી, તો એ પરથી

**थिरकयजोगाणं पुण मुणीण झाणे सुनिच्चलमणाणं ।**
**गामंमि जणाइण्णे सुण्णेरण्णे व, न विसेसो ॥ ३६ ॥**

**અર્થ :–ત્યારે સંઘયણ અને ધૃતિ બળવાળા અભ્યસ્તયોગી, જીવાદિ પદાર્થનું મનન કરનાર વિદ્વાન તથા ધર્મધ્યાનમાં અત્યંત નિષ્પ્રકંપ મનવાળા મુનિને તો લોકોથી વ્યાપ્ત ગામમાં કે શૂન્ય સ્થાનમાં યા અરણ્યમાં (ગમે ત્યાં ધ્યાન કરે એમાં) કોઈ તફાવત નથી.**

---

સાધ્વીને પુરુષના વાસ કે સંચરણ વિનાનું સ્થાન જોઈએ એ વસ્તુ સમજી લેવાની.

આ સ્ત્રી આદિથી રહિત સ્થાનની વાત અપરિણત યોગી માટે છે. કેમકે એમને હજી યોગનો અભ્યાસ ચાલે છે, એટલે યોગ હજી એમને પરિણત અર્થાત્ આત્મસાત્ નથી થયો; તેથી બાધક તત્ત્વ ટાળવાનો પ્રયત્ન ચાલુ હોય ત્યાં સુધી તો યોગ–અવસ્થા ટકે; નહિતર યોગભ્રષ્ટ થવાનો સંભવ છે. એટલે સ્ત્રી વગેરેના સંપર્કવાળા સ્થાનમાં એમને ધ્યાનની આરાધના અશક્ય છે.

આમ અપરિણત યોગીને માટે ધ્યાનના સ્થાનની વાત કરી. હવે પરિણત યોગી આદિને ઉદ્દેશીને વિશેષ વસ્તુ કહે છે,

**વિવેચન:**– પરિણતયોગી વગેરે માટે આવા સ્ત્રી વગેરેથી રહિત જ સ્થાનનો નિયમ નથી. પરિણત–યોગી એટલે જેમનું શરીર સંઘયણ મજબૂત છે અને જેમની ધૃતિ-ધૈર્ય પણ સ્થિર છે; તેમજ જે કૃતયોગી છે.

'**કૃતયોગી**' અર્થાત્ કૃત એટલે સારી રીતે અભ્યસ્ત છે, યોગ જેમને.

'યોગ' એટલે પૂર્વે કહેલ જ્ઞાનભાવના, દર્શનભાવના વગેરેથી ભાવનની પ્રવૃત્તિ; અથવા જિનકલ્પિકાદિ મુનિપણું લેવા માટે જે પૂર્વે સત્ત્વભાવના, સૂત્રભાવના, તપભાવના વગેરે કેળવવાની છે તે.

'**સત્ત્વભાવનામાં**' સ્મશાન જેવામાં પણ એકલા નિર્ભીકપણે રાતભર કાયોત્સર્ગ ધ્યાનમાં રહેવાનું સત્ત્વ કેળવવાનું હોય છે. '**સૂત્રભાવના**'માં સૂત્રનું પરાવર્તન (પુનરાવર્તન) એવું પરિચિત કરવાનું હોય છે કે એમાં કેટલા સૂત્રસ્વાધ્યાયમાં કેટલો સમય ગયો એની ખબર પડે. એટલું બધું સ્પષ્ટ અક્ષરમાં અને ચોક્કસ વ્યવસ્થિત સમયથી ચાલનારું સૂત્ર–અર્થનું પરાવર્તન કેળવવાનું હોય છે. '**તપભાવના**'માં તપનું બળ એવું કેળવવાનું રહે છે કે તપના સમયમાં આહારના વિકલ્પ ન ઊઠે, તેમજ પારણે નિર્દોષ અને ચોકસ અભિગ્રહવાળી ભિક્ષા ન મળે તો આગળ આગળ તપ સમાધિપૂર્વક લંબાવવાનું સામર્થ્ય હોય.

**સ્થિર કૃતયોગીની ચતુર્ભંગી**:––આ જ્ઞાનભાવનાદિ કે સત્ત્વભાવનાદિરૂપ યોગનો જેમને સારો અભ્યાસ થઈ ગયો છે, તે કૃતયોગી કહેવાય. સ્થિર અને કૃતયોગીની ચતુર્ભંગી બને, (૧) કેટલાક સ્થિર યાને સંઘયણ–ધૃતિબળવાળા હોય પરંતુ કૃતયોગી ન હોય. (૨) કેટલાક સ્થિર ન હોય પરંતુ કૃતયોગી હોય. (૩) ત્યારે કેટલાક સ્થિર પણ ખરા, અને કૃતયોગી પણ ખરા. તો બીજા વળી સ્થિર પણ નહિ અને કૃતયોગી પણ નહિ. આમાં ત્રીજો ભાંગો અહીં પરિણુતયોગી તરીકે લેવાનો છે. એનું કારણ એ છે, કે જો કૃતયોગી હોવા છતાં સ્થિર ન હોય, તો સંઘયણબળ કે ધૃતિ ધર્યના અભાવે ઉપદ્રવમાં ધ્યાનથી ડગી જવાનો સંભવ છે. ત્યારે જો સ્થિર હોવા

છતાં કૃતયોગી ન હોય તો અભ્યાસ દશામાં વિપરીત સંયોગ આવ્યે ચલિત થવાનો સંભવ છે. માટે બંને ગુણ જોઈએ.

આ તો સ્થિર અને કૃતયોગી એમ બે ગુણ લીધા. અથવા સ્થિર કરેલા યોગવાળા એમ પણ એક જ ગુણ લઈ શકાય. એનો અર્થ વારંવાર યોગાચરણ કરી કરીને યોગને ખૂબ પરિચિત કર્યો છે જેમણે, તે સ્થિર કૃતયોગી. ભોગીને જેમ ભોગનો પરિચય હોય છે. એટલે એને ભોગ ધારીને યાદ કર્યા વિના પણ સહેજ સહેજમાં યાદ આવી જાય છે, એમ આમને યોગના ખૂબ અભ્યાસથી થયેલા સારા પરિચયે યોગ સહજ બની જાય છે. આવા ગાઢ પરિચિત અને સુઅભ્યસ્ત કરેલા યોગવાળા એ પરિણતયોગી કહેવાય. એ પૂર્વોક્ત ત્રીજા ભાંગાવાળા જ હોવાના.

આવા જે સારી રીતે અભ્યસ્ત યોગવાળા મુનિ, એમને સ્થાનનો નિયમ નહિ–'મુનિ'–એટલે જીવ–અજીવ આદિ તત્ત્વોનું મનન કરનારા; એ દરેક તત્ત્વનું અલગ અલગ સ્વરૂપ, એના ગુણ–દોષ, અપાય–ઉપાય, હેય–જ્ઞેય–ઉપાદેયતા, વગેરે પર ગંભીર ચિંતન મનન પરિણમન કરીને એવા આત્મ–સમન્વય કરનારા બન્યા હોય કે એમને ગમે તે સ્થાને ધ્યાન અખંડ ચાલી શકે.

અલબત એ સુનિશ્ચલ મનવાળા જોઈએ. મન ધર્મધ્યાનમાં અત્યંત નિષ્પ્રકંપ હોવું જરૂરી. તો જ એમના માટે સ્થાનનો નિયમ નહિ. ધ્યાન લોકવ્યાપ્ત ગામમાં કરે, શૂન્ય ઘરમાં કરે કે જંગલમાં કરે, પણ ધ્યાનમાં ફરક ન પડે. અહીં 'ગામ' શબ્દથી એક–જાતીયના ગ્રહણમાં તજ્જાતીયનું ગ્રહણ થાય એ ન્યાયે, નગર, બંદર, કસ્બો, ઉદ્યાન વગેરે ય સમજી લેવાના. બધે જ

**जो (तो) जत्थ समाहाणं होज्ज मणो-वय-कायजोगाणं।**
**भूओवरोहरहिओ सो देसो झायमाणस्स ॥ ३७ ॥**

**અર્થ :- તેથી ધ્યાન કરનારને જ્યાં મન-વચન-કાયાના યોગોની સ્વસ્થતા રહે, એવું જીવસંઘટ્ટાદિ વિરાધના વિનાનું સ્થાન ( યોગ્ય છે. )**

---

ધ્યાન કરી શકે; કેમકે એમને તો બધા ય સ્થાન પ્રત્યે સમભાવ છે, દા. ત. ભર્યું ગામ પ્રતિકૂળ નહિ અને શૂન્ય ઘર અનુકૂળ નહિ. એનું કારણ એ, કે એ અભ્યસ્ત યોગીઓ તત્ત્વપરિણત બનેલા છે. તત્ત્વપરિણતિ આવી તે અંતરમાં તત્ત્વ પરિણત થઇ ગયાં. પછી તો ગામ કે જંગલ બધું ય લક્ષ-બહાર અને વિશેષતા વિનાનું હોઈ એમને મન સમાન છે.

## કાય-વાગ્-મનોયોગમય ધ્યાન

**વિવેચન :-** આમ પરિણત અપરિણત યોગવાળાના સ્થાનનો વિચાર કર્યો એનો સાર આ છે કે ધ્યાન કરનારે મુખ્ય આ જોવાનું કે ‘ કેવા ગામ વગેરે સ્થાનમાં પોતાના મન-વચન-કાયાના યોગ સ્વસ્થ રહે છે ? ’ બસ એ સ્થાન એના માટે ધ્યાનનો યોગ્ય દેશ બને.

પ્ર૦- ધ્યાન માટે મનોયોગની સ્વસ્થતા તો જરૂરી છે કેમકે ધ્યાન મનોયોગમય છે. પરંતુ વચન-કાયયોગની સ્વસ્થતા શી રીતે !

ઉ૦-વાત સાચી, કિન્તુ મનોયોગની સ્વસ્થતા પર વચન-યોગ કાયયોગની સ્વસ્થતા ઉપકારક છે. જો વચનયોગ અસ્વસ્થ હોય, દા. ત. ગમે તેવા પાપ શબ્દો વિકથાના શબ્દો બોલાતા હોય,

તો સહેજે એથી મનોયોગ યાને વિચારવ્યાપાર બગડતો જાય છે, એમ કાયયોગમાં પરસ્ત્રી આદિ તરફ આંખો જોતી રહે, તો પણ મનોયોગ બગડે છે. એથી ઉલ્ટું વાણી-વ્યાપાર ધર્મનો ચાલતો હોય, દા. ત. વૈરાગ્યનાં કાવ્ય બોલાતા હોય કે કાયયોગ પરમાત્માની યા કોઈ તપસ્વી-સંયમી-સંતની ઉપાસનામાં હોય તો એથી મનોયોગ સારો ચાલે છે. એટલે ભલે ધ્યાન મનોયોગમય હો, છતાં એ માટે ય પ્રશસ્ત વાક્કાયયોગ જરૂરી છે.

બીજી જૈનશાસનની એક વિશિષ્ટ વસ્તુ આ છે કે ધ્યાન સ્થિર મનોયોગમયની જેમ સ્થિર સ્વસ્થ વચનયોગમય અને ાયયોગમય પણ બને છે. કહ્યું છે—

'एवंविहा गिरा मे वत्तव्वा, एरिसी न वत्तव्वा
इय वेयालियवक्कस्स भासओ वाइगं झाणं ॥'
सुसमाहियकरपायस्स अकज्जे कारणंमि जयणाए ।
किरियाकरणं जं तं काइयझाणं भवे जइणो ॥'

'આવા પ્રકારની મારે વાણી બોલવી, આવી ન બોલવી, એમ દશવૈકાલિકસૂત્રે કહેલ વચન પ્રમાણે બોલનારને વાચક ધ્યાન હોય છે. તથા, હાથ-પગને સારી રીતે વ્યવસ્થિત રાખી એને અકાર્યમાં ન જોડનાર અને કારણ પડ્યે યતનાથી ક્રિયા કરનાર યતિનું આ ક્રિયાકરણ એ ધ્યાન છે.

આ સૂચવે છે કે સ્વસ્થ વચન યોગ-કાય યોગ પણ ધ્યાનરૂપ છે. આ ગ્રંથમાં આગળ જઇને કહેવાના છે કે 'ધ્યાન'નો અર્થ,-(૧) 'ધ્યૈ' ચિન્તાયામ (૨) 'ધ્યૈ કાયનિરોધે' (૩) ધ્યૈ 'અયોગિત્વે' એ હિસાબે,-એકાગ્રચિંતન, કાયનિરોધ, ને અયોગિતાકરણ એવા થાય. તેમજ ગ્રંથના અંતે એ પણ લખ્યું

છે કે મુનિની સર્વક્રિયા ધ્યાનરૂપ છે. આ હિસાબે વચનયોગ-કાયયોગ ધ્યાનરૂપ બને છે.

અહીં એક વિશેષ એ સમજવાનો છે કે ધ્યાનના યોગ્ય દેશ તરીકે સ્થાન માત્ર યોગસમાધાનકારી યાને યોગ સ્વસ્થતાકારી હોય એટલું જ બસ નથી, કિન્તુ એ 'જીવોપરોધરહિત' પણ હોવું જોઈએ. 'જીવોપરોધરહિત' એટલે જ્યાં પૃથ્વીકાયાદિ જીવોનો સંઘટ્ટો થતો હોય જીવોને પરિતાપ થતો હોય, ઈત્યાદિ જીવ-વિરાધનાવાળું સ્થાન ન જોઈએ. ધ્યાનમાં બેઠા ભલે આપણાથી જીવોને દુઃખ ન પહોંચતું હોય, કિન્તુ એ સ્થાનમાં જો જીવોને બીજાઓથી પણ દુઃખ પહોંચતું હોય તો તે સ્થાન ધ્યાનને યોગ્ય ન ગણાય. કેમકે યતિના દયામય હૃદયને આ જોતાં સહેજે એ જીવો પ્રત્યે લાગણી, દયાર્દ્રતા થઈ આવે, ને એથી ચિત્ત એમાં જતાં પ્રસ્તુત વિષયના ધ્યાનનો ભંગ થાય.

આટલું જ બસ નથી, કિન્તુ, 'એકજાતિયના ગ્રહણમાં તજ્જાતીય બીજાનું પણ ગ્રહણ થાય.'–એ ન્યાયથી 'જીવોપરોધ' શબ્દથી હિંસા જેવા અસત્ય, અદત્તાદાન, મૈથુન, પરિગ્રહ વગેરે પાપ પણ સંગૃહિત બને છે. એટલે એવાં પાપો સેવાતાં હોય એવું પણ સ્થાન ન જોઈએ. એનું પણ કારણ આ કે યોગીનું પાપઘૃણાવાળું હૃદય બીજાનાં પાપ નજરે પડતાં એ પાપ પ્રત્યે ઘૃણા ને એ પાપકારી જીવો પ્રત્યે દયાની અસરવાળું બની જવા સંભવ છે, અને એ ઘૃણા–દયા ઊભરાઈ આવતાં ધ્યાનભંગ થાય.

માટે ધ્યાનને યોગ્ય સ્થાન આવું જીવહિંસાદિ પાપ વિનાનું જોઈએ. આ પરથી એ પણ સૂચિત થાય છે કે મુનિનું દિલ

**कालोवि सोच्चिय जहिं जोगसमाहाणमुत्तमं लहइ।**
**न उ दिवस-निसावेलाइनियमणं झाइणो भणियं ॥३८॥**

**અર્થ:—ધ્યાન કરનારને કાળ પણ એવો જોઇએ કે જેમાં યોગસ્વસ્થતા ઉત્તમ મળતી હોય. કિંતુ દિવસ જ યા રાત્રિ જ યોગ્ય વેળા, એવો નિયમ નથી, એમ (તીર્થંકર-ગણધરદેવોએ કહ્યું છે.)**

---

પરિગ્રહાદિ પાપો તરફ કેવું જોઈએ. આ 'દેશ'ની વાત; એવી હવે ધ્યાનયોગ્ય 'કાળ'ની વસ્તુ કહે છે,–

## ધ્યાન માટે કાળ

**વિવેચન :–** કાળ એટલે કલન, જેમાં ગણતરી થાય, અથવા કાળ એટલે કળાસમૂહ, અઢી દ્વીપ સમુદ્રમાં ચંદ્ર–સૂર્યની ગતિ–ક્રિયાથી સૂચિત દિવસ આદિ. 'કાલો વિ' માં 'વિ' પદ તુલ્યતા બતાવવા માટે છે. ધ્યાન કરનારને ધ્યાન માટે જેમ દેશ યોગ્ય જોઈએ એટલું જ, પરંતુ નામથી અમુક જ દેશ સ્થાન, એવો નિયમ નહિ; એ રીતે કાળમાં પણ અમુક જ સમય એવો નિયમ નહિ; કિન્તુ એટલું જ કે કાળ પણ યોગ્ય જોઈએ, એ કહેવું છે.

**એ યોગ્ય કાળ કેવો ?** તો કહે છે કે જ્યાં યોગનું ઉત્તમ સમાધાન મળે; યોગની ઉત્તમ સ્વસ્થતા મળે. જે કાળે મન–વચન-કાયાનો વ્યાપાર સ્વસ્થ હોય તે કાળે ધ્યાન થઈ શકે. એ કાળ દિવસે ય હોય, રાત્રે પણ હોય, કોઇ મુહૂર્ત (૨ ઘડી) આદિ, યા દિવસનો પૂર્વ ભાગ કે પાછલો ભાગ પણ હોઈ શકે. અમુક દિવસ જ યા રાત્રિ જ, કે પૂર્વાહ્ન જ એવો નિયમ નથી. એમ તીર્થંકરદેવો અને ગણધરદેવોએ કહ્યું છે. આ 'કાળ' દ્વાર વિચાર્યું.

जच्चिय देहावत्था जिया ण झाणोवरोहिणी होइ।
झाइज्जा तदवत्थो ठिओ निसण्णो निवण्णो वा ॥३९॥

અર્થ :— અભ્યાસ કરેલી જે કોઇ દેહાવસ્થા ધ્યાનને પીડા કરનારી ન બનતી હોય, તે અવસ્થામાં રહીને ધ્યાન કરે, ચાહ્ય ઊભા ( કાયોત્સર્ગ અવસ્થામાં ) રહીને, યા ( વીરાસનાદિએ) બેઠા, રહીને કે લાંબા–ટૂંકા સૂઇ રહીને.

---

## ધ્યાનનું આસન : યોગસમાધાન એજ ધ્યાન.

હવે 'આસનવિશેષ' દ્વારની વ્યાખ્યા કરવા કહે છે,–

**વિવેચન :**– ધ્યાન કયા આસને કરવું ? એના માટે પણ નિયમ નથી કે અમુક પદ્માસનાદિએ જ થાય. કિન્તુ શરીરની જે અવસ્થા પોતાને અભ્યસ્ત હોય, જેની આદત પડેલી હોય, યા ઉચિત હોય, તે અવસ્થાએ રહીને ધ્યાન કરાય. અલબત્ એ અવસ્થા એવી જોઈએ કે જેથી પછી થાક વિહ્વળતા થઈ ચિત્ત એમાં જતાં ધ્યાનભંગ ન થાય. જો તે અવસ્થામાં વચમાં અંગોપાંગને ફેરવવા પડતા હોય તો એનો અર્થ એ કે ત્યાં થાકનો અનુભવ થયો હોય, અને તેથી તો ધ્યાનમાંથી ચિત્ત ડગવાનું, ધ્યાન સ્ખલિત થવાનું.

એટલે મુખ્ય મુદ્દો આ, કે ધ્યાન અસ્ખલિત ચાલી શકે એવું કોઈ પણ સ્થિર આસન યાને સ્થિર રહેનારી શરીરાવસ્થા એ ધ્યાન માટે યોગ્ય આસન છે, પછી ચાહ્ય તે ઊભા કાયોત્સર્ગની અવસ્થાએ રહીને કરાય, યા બેઠા બેઠા કોઈ વીરાસન પદ્માસન પર્યંકાસન ( પલાંઠી ) માંડીને કરાય, અથવા જીવનના અંતિમ કાળે પાદપોગમન અનશનમાં જેમ સૂવાની અવસ્થા

सव्वासु वट्टमाणा मुणओ जं देस-काल-चेट्ठासु।
वरकेवलाइलाभं पत्ता बहुसो समियपावा ॥४०॥

**અર્થ:– (દેશ–કાળ–આસનનો નિયમ નથી) કારણ કે મુનિઓ બધી ય દેશ–કાળ–શરીરાવસ્થામાં રહ્યા પાપને શમાવીને અનેકવાર પ્રધાન કેવળજ્ઞાનાદિને પામ્યા છે.**

---

રખાય છે તેમ લાંબા ટૂંકા સુવાના આસને રહીને પણ કરાય. અત્યંત બિમાર પથારીવશ હોય તો શું કરે? એ સુતાં સુતાં પણ ધ્યાન કરી શકે. પરંતુ સાજો સારો તેમ કરવા જાય તો પ્રમાદ–નિદ્રા–ઝોકામાં જ ઉતરી જાય. 'ધ્યાન અસ્ખલિત અખંડ' નો અર્થ જ એ છે કે જેમાં ન તો કોઈ વચ્ચે વિક્ષેપ આવે, યાને બીજા વિચારમાં મન તણાય, યા ન તો પ્રમાદનિદ્રા આવે.

ધ્યાન માટે બીજાઓ તો ગુફા વગેરે સ્થાન જ, દિવસ-રાતનો અમુક જ સમય, તથા અમુક જ પદ્માસન વગેરે જરૂરી બતાવે છે, અને તે વિના ધ્યાન થઈ જ ન શકે એમ કહે છે, તો અહીં કેમ સ્થાન–કાળ–આસનનો નિયમ ન બાંધ્યો? એના ખુલાસામાં કહે છે,–

**વિવેચન :–** ધ્યાન માટે દેશ–કાળ–આસનનો નિયમ ન બાંધવાનું કારણ એ છે કે મુનિઓ અઢી દ્વીપના બધા ય સ્થાનમાં, બધા ય દિવસ–રાતના કાળમાં, અને કોઈ પણ ચેષ્ટા–પ્રવૃત્તિ–શરીરાવસ્થામાં પાપ શમાવીને કેવળજ્ઞાનાદિ પામ્યા છે. કેવળજ્ઞાન પામવાનું ધ્યાન વિના તો બને જ નહિ, કેમકે કઠોર તપ તપીને પણ અમુક જથાબંધ કર્મક્ષય થયા પછી પણ જે ઘાતીકર્મનાં પાપ બાકી રહે છે તેને તોડવાની તાકાત એકમાત્ર ધ્યાનમાં છે.

तो देसकालचेट्ठानियमो झाणस्स नत्थि समयंमि।
जोगाणं समाहाणं जह होइ तहा पइयव्वं ॥४१॥

અર્થ:- એટલા માટે આગમમાં 'ધ્યાનના દેશ-કાળ-શરીર ચેષ્ઠા અમુક જ જોઇએ' એવો નિયમ નથી. માત્ર, યોગોની સ્વસ્થતા જે રીતે થાય તે રીતે પ્રયત્ન કરવો. ( આટલો નિયમ છે).

---

સો ગમે તે સ્થાનાદિમાં કેવળજ્ઞાન થયું એને ધ્યાન તો આવેલું જ, પછી ધ્યાન માટે અમુક જ સ્થાનાદિનો નિયમ કયાં રહ્યો કે એમાં જ ધ્યાન લાગી શકે?

એકલું કેવળજ્ઞાનાદિ જ નહિ પણ અવધિજ્ઞાન મનઃપર્યાય-જ્ઞાન વગેરે પણ, ધ્યાનથી પાપ શમી જઈને પ્રગટે છે, અને એ ય ધ્યાન કેટલાયને અનિયત યાને અચોક્કસ સ્થાનાદિમાં આવ્યું હોય છે. તે પણ એક જ વાર નહિ કિન્તુ અનેકવાર. એ સૂચવે છે કે ધ્યાન માટે અમુક જ દેશ-કાળ-આસન એવો નિયમ નથી. છતાં એટલું ખરું કે અભ્યાસીએ ત્રણે યોગની સ્વસ્થતા રહે અને ધ્યાનભંગ ન થાય એવા દેશ-કાળ-આસન જાળવવા જોઈએ.

એ જ વસ્તુ સાર રૂપે બતાવતાં કહે છે,-

(વિવેચન:- જીવો ગમે તે દેશાદિમાં કેવળજ્ઞાન આદિ પામેલા છે માટે ધ્યાન અર્થે દેશ-કાળ-શરીરચેષ્ટા-અવસ્થા-આસન અમુક જ જોઈએ એવો નિયમ નથી, આગમમાં કયાં ય એવો નિયમ બાંધ્યો નથી. નિયમ હોય તો એટલો જ કે ધ્યાન કરવામાં મન-વચન-કાયાના યોગો સમાહિત-સ્વસ્થ હોવા જોઇએ, અને એવી રીતે પ્રયત્નશીલ રહેવું કે જેથી યોગોનું સમાધાન થાય, સ્વસ્થતા થાય.

आलंबणाई वायण-पुच्छण-परियट्टणाऽणुचिंताओ।
सामाइयाइं सद्धम्मावस्सयाइं च ॥ ४२ ॥

**અર્થ :-( ધર્મધ્યાનમાં ચડવા માટે નિર્જરા નિમિત્તે કરાતી સૂત્રની ) વાચના યાને પઠન-પાઠન, (શંકિતમાં) પૃચ્છા, પૂર્વ-પઠિતનું પરાવર્તન, તથા અનુચિંતન-અનુસ્મરણ અને ચારિત્ર-ધર્મનાં સુંદર અવશ્ય-કર્તવ્ય સામાયિક પડિલેહણાદિ સાધુ-સામાચારી એ આલંબન છે**

---

અહીં ત્રણે યોગોનું સમાધાન લીધું એ સૂચવે છે કે ધાર્મિક કોઈ પણ પ્રતિક્રમણાદિ કાયિક પ્રવૃત્તિ, યા સ્વાધ્યાયાદિ વાચિક પ્રવૃત્તિ, અથવા તત્ત્વચિંતન કે અનિત્યાદિ ભાવના ચિંતનાદિ માનસિક પ્રવૃત્તિ, સ્વસ્થતાથી શાસ્ત્રવિધિ અનુસાર ચાલતી હોય એમાં ધ્યાન લાગી શકે છે, અને પૂર્વે કહ્યું તેમ જબરદસ્ત પાપકર્મોને શમાવી શકે છે.

'આસન' દ્વાર વિચાર્યું. હવે 'આલંબન'-દ્વારના અવયવ-અર્થ બતાવવા કહે છે,-

## ધ્યાન માટે આલંબન

**વિવેચન** :—પૂર્વ કહેલ જ્ઞાનભાવનાદિ ચાર ભાવનાથી મનને સારું ભાવિત કર્યું એટલે આત્મા યોગ્ય દેશ-કાળ-આસનમાં ત્રિવિધ યોગને સ્વસ્થ રાખવા માટે કેળવાયો. એ આજ્ઞા-વિચય આદિ ધર્મધ્યાનમાં કયા કયા આલંબને ચડી શકે, અર્થાત્ એવી કઈ કઈ પ્રવૃત્તિ રાખે તો એના આધારે ધર્મધ્યાન લાગે એ આલંબનો બતાવે છે.

એમાં પહેલું આલંબન ૭'વાચના' છે. વાચના એટલે ગણધરદેવાદિએ રચેલા સૂત્રનું યોગ્ય શિષ્યને કર્મનિર્જરાના હેતુએ દાન કરવું, સૂત્ર ભણાવવું. એ ભણાવવામાં એનો અર્થ ભણાવવાનું પણ આવી જાય. ઉપલક્ષણથી સૂત્ર-અર્થનું ગ્રહણ યાને ગુરુ પાસે સૂત્રાર્થ ભણવાનું પણ સમજી લેવાનું. આ વાચનાનું આલંબન યાને પ્રવૃત્તિ રાખે તો એમાં મન એકાગ્ર થતાં ધર્મધ્યાનમાં ચડી શકે.

એમ '૭પુચ્છણ' અર્થાત્ એ ભણેલામાં ક્યાંક શંકા પડે, પ્રશ્ન ઊઠે, તે ગુરુ પાસે જઈને નિરાકરણ માટે વિનયથી પૂછે. વળી '૭પરિયટ્ટણ' એટલે કે ભણેલા સૂત્ર-અર્થ ભૂલાઈ ન જાય અને વાચના સિવાયના સમયમાં શુભપ્રવૃત્તિ રહે એ માટે એ ભણેલા સૂત્ર-અર્થનું પરાવર્તન-પુનરાવૃત્તિ-પારાયણ કરે. તેમ, '૭અનુચિંતા' અર્થાત્ સૂત્રાદિનું વિસ્મરણ ન થાય એ માટે મનથી જ ચિંતન કરે. આ 'વાયણ-પુચ્છણ-પરિયટ્ટણા-ऽणुचिंताओ' એ દ્વન્દ્વ સમાસ થયો.

**શ્રુતધર્મ-ચારિત્રધર્મ** :-એ વાચનાદિ પ્રવૃત્તિ શ્રુતધર્મની અન્તર્ગત ગણાય. ધર્મ બે પ્રકારે આરાધવાનો છે, શ્રુતધર્મ અને ચારિત્રધર્મ. શ્રુતધર્મ તરીકે વાચનાદિની પ્રવૃત્તિ રાખવાની, અને ચારિત્રધર્મ તરીકે હવે જે કહેશે તે સામાયિકાદિ આવશ્યક આચરવાના હોય છે.

૭સામાયિકાદિમાં સામાયિક, પડિલેહણાદિ સમસ્ત ચક્રવાલ સામાચારી આવે. ૭સામાયિક પ્રસિદ્ધ છે. સાવદ્ય યોગોનો મન-વચન-કાયાથી પ્રતિજ્ઞાપૂર્વક ત્યાગ કરીને રાગદ્વેષાદિ રહિત સમ-

ભાવમાં આવવું એ સામાયિક કહેવાય. એમાં સ્વાધ્યાય–ધ્યાન મહાવ્રત–સમિતિ–ગુપ્તિપાલન આદિ કરવાનું હોય છે.

૭પડિલેહણમાં મુખવસ્ત્રિકા (મુહપત્તિ)નું તથા વસ્ત્ર–પાત્ર–વસતિ (મુકામ)નું પ્રત્યુપ્રેક્ષણ–પ્રમાર્જન કરતા રહેવાનું આવે; જેથી કોઈ જીવ જંતુ મરે નહિ....ઈત્યાદિ સમસ્ત ચક્રવાલ સામાચારી પળાય એ ધ્યાન માટે આલંબનરૂપ બને છે.

સાધુ જીવનમાં ગુરુ તથા ગચ્છની સાથે રહેતાં ‘ ઈચ્છાકાર ’ યાને બીજાને કાંઈ કામ ભળાવવું હોય તો એની તે કરવાની ઈચ્છા પૂછવી, ‘ મિચ્છાકાર ’ ભૂલ આવતાં મિથ્યાદુષ્કૃત દેવો; ‘ તહત્તિકાર ’ ગુરુવચન તરત ‘તહત્તિ (તથાસ્તુ)’ કહીને સ્વીકારી લેવું; વળી મુકામ યા મંદિરમાં પેસતાં નીકળતાં ‘ આવસ્સહી ’ ‘નિસીહિ’ કહેવું. ગોચરી (ભિક્ષા) જતાં અને આહાર લઈ આવી મુનિઓને ‘ છંદણા ’ (ઇચ્છા) પૂછવી તથા ‘ નિમંતણા ’ કરવી...ઈત્યાદિ આચાર પાળવાના આવે. એમ પાંચ સમિતિ ત્રણ ગુપ્તિની પ્રવૃત્તિઓ જેમાં ૪૭ દોષ રહિત ગોચરી લાવવા–વાપરવાની પ્રવૃત્તિ પણ આવે છે, એ તથા ઉભયકાળ પ્રતિક્રમણની ક્રિયા, દેવવંદનની ક્રિયા, વગેરે બરાબર શાસ્ત્રોક્ત વિધિપૂર્વક સેવાય, એ બધો સાધ્વાચાર છે અને એ ચારિત્રધર્મમાં સુંદર આવશ્યકો છે, યાને અવશ્ય કર્તવ્ય છે.

આમ શ્રુતધર્મના વાચના પ્રચ્છના વગેરે સત્કૃત્યો તથા ચારિત્રધર્મના સામાયિકાદિ આવશ્યક સત્કર્તવ્યો ધ્યાન માટે આલંબનભૂત છે. એમાં જીવ પરોવાઈ જાય તો ધર્મધ્યાન સુલભ બને છે. આ આલંબન વસ્તુ પણ બતાવે છે કે ધ્યાનના અર્થીએ સંસારની જળોજથામાંથી છૂટી આવી પ્રવૃત્તિમાં લાગવું જોઈએ.

विसमंमि समारोहइ दढदव्वालंबणो जहा पुरिसो ।
सुत्ताइकयालंबो तह झाणवरं समारुहइ ॥ ४३ ॥

અર્થ :—જેવી રીતે માણસ નીચા સ્થાનમાં રહેલો કોઈ મજબૂત (દોરડાદિ) દ્રવ્યના આલંબને ઊંચે ચઢી જાય છે, તેવી રીતે સૂત્રાદિનું આલંબન કરનારો ઉત્તમ ધ્યાન (ધર્મધ્યાન) પર ચડી જાય છે.

---

હવે આ શ્રુત–ચારિત્રધર્મના અંગોને જ કેમ આલંબન રૂપ કહ્યા એનું કારણ બતાવે છે,–

**વિવેચન** :—માણસ કોઈ કૂવા વગેરેમાં નીચે પડી ગયો હોય તો એને મજબૂત દોરડું વગેરે કોઈ દ્રવ્ય આલંબન–આધાર તરીકે મળતાં એના આધારે ઉપર ચડી જાય છે. એ ચડવાનો પોતાની શક્તિ અને પોતાના પુરુષાર્થથી જ; કિન્તુ દોરડું સીડી આદિ કશું સાધન–આધાર–આલંબન ન મળે તો ન ચડી શકે. એમ અહીં દુર્ધ્યાન–કુવિકલ્પાદિમાં પડેલો ગણધરાદિ–રચિત સૂત્રની વાચનાદિનું આલંબન કરીને ધર્મધ્યાનમાં ચડી જાય છે. શુભધ્યાનમાં ચડવાનું પોતાના મનથી અને પુરુષાર્થથી, કિન્તુ આવું વાચનાદિ શ્રુતધર્મ કે સામાયિકાદિ આવશ્યકનું આલંબન ન કરે તો ધર્મધ્યાનમાં ન ચડી શકે. આરિસાભવનમાં કે લગ્નની ચોરીમાં ધર્મધ્યાનમાં ચડયા તે પણ સૂત્રોક્ત શુભ ચિંતનનું આલંબન કરીને જ ચડયા. એટલે ધ્યાન સારુ આ–લંબનનું અતિશય મહત્ત્વ છે. આ 'આલંબન' દ્વાર થયું.

## ધર્મ–શુક્લધ્યાનમાં ક્રમ

હવે 'ક્રમ'દ્વારનો અવસર આવ્યો. તે લાઘવ માટે અર્થાત્ ટૂંકમાં પતે એ માટે ધર્મધ્યાન અને શુક્લધ્યાન બંનેનો ક્રમ જણાવતાં કહે છે,–

झाणप्पडिवत्तिकमो होइ मणोजोगनिग्गहाईओ ।
भवकाले केवलिणो, सेसाण जहासमाहीए ॥ ४४ ॥

અર્થ :—ધ્યાનપ્રાપ્તિનો ક્રમ (મોક્ષગમનની અતિ નિકટના) સંસારકાળે કેવળજ્ઞાનીને મનોયોગ-નિગ્રહ આદિ હોય છે, બાકીનાને સ્વસ્થતાનુસાર (હોય છે.)

---

**વિવેચન** :—ધ્યાનની પ્રાપ્તિનો ક્રમ બે રીતે છે-(૧) કેવળજ્ઞાની મહર્ષિ જ્યારે મોક્ષ પામવાના અતિ નિકટકાળમાં અર્થાત્ છેલ્લી શૈલેશી અવસ્થાની અંદરના અંતમુહૂર્તકાળમાં આવે છે અને ત્યાં એમને શુકલધ્યાનના છેલ્લા બે પાયાનું ધ્યાન કરવાનો અવસર આવે છે, ત્યારે એ પહેલાં તો મનોયોગનો નિગ્રહ કરે છે, પછી વચનયોગનો નિગ્રહ, અને પછી સૂક્ષ્મ પણ કાયયોગનો નિગ્રહ કરે છે.

કેવળજ્ઞાનીને આમ તો ધ્યાન કરવાનું છે જ નહિ; કેમકે (i) એ સર્વજ્ઞ-સર્વદર્શી હોવાથી એમની સામે ત્રણે કાળના સર્વભાવો બધા જ પ્રત્યક્ષ હોવાથી એમને ચિંતન કરવા જેવું કાંઈ બાકી રહેતું જ નથી, પછી ધ્યાન શાનું કરે ? વળી (ii) એ હવે જીવન-સિદ્ધ બનેલા છે. એમને સાધનાકાળ સમાપ્ત થયો છે. સાધના માત્રથી જે ઘાતીકર્મોનો નાશ કરવાનો છે તે એમને સર્વથા થઈ ગયો. તો હવે શું કામ ધ્યાનની સાધના કરે ? ત્યારે અઘાતી કર્મો જે બાકી છે તે તો ભોગવીને પૂરા થવાના. એ કાંઈ સાધનાથી વહેલા નાશ કરી શકાય એવું હોતું નથી. તેમ એ હજી બાકી હોય તો પણ આત્માનાં નિર્મળ વીતરાગ સર્વજ્ઞ સ્વરૂપ પરમાત્મપણાને કોઈ બાધ પહોં-

ચતો નથી. એટલે હવે કોઈ સાધના જ ન હોઈ ધ્યાનસાધના પણ ન હોય.

આ પરથી એ પણ સમજવાનું છે કે **દેવની ધ્યાનસ્થ મૂર્તિ એ અપૂર્ણ અવસ્થાની મૂર્તિ છે;** જ્યારે મધ્યસ્થ કીકીવાળી ચક્ષુ જેમાં છે એવી પ્રશાંત વીતરાગ સર્વજ્ઞ અવસ્થાવાળી પરમાત્માની મૂર્તિ એ પૂર્ણ અવસ્થાની મૂર્તિ છે. સાધકનો અંતિમ આદર્શ આ પૂર્ણ જ અવસ્થાની કક્ષાનો હોય, તેથી એ વીતરાગ અવસ્થાની જ પ્રતિમાને પૂજે ને ? અને ભાવથી દેવાધિદેવપણું–તીર્થંકરપણું તો આ પૂર્ણ વીતરાગ સર્વજ્ઞ અવસ્થામાં જ છે.

વાત આ છે કે કેવળજ્ઞાનીને ધ્યાનની સાધના કરવાની હોતી નથી. પરંતુ જ્યારે હવે મોક્ષ પામવાનો સમય અત્યંત નિકટ આવી ગયો લાગે છે ત્યારે એમને યોગનો નિરોધ કરવો જરૂરી છે. કેમકે હજી સુધી એમને વિહાર વ્યાખ્યાન વગેરે પ્રવૃત્તિ એટલે કે કાયયોગ વચનયોગ ચાલુ છે, એટલે કર્મબંધનાં મુખ્ય પાંચ કારણો મિથ્યાત્વ–અવિરતિ–પ્રમાદ–કષાય અને યોગ પૈકી એ પાંચમું કારણ 'યોગ' હજી હયાત છે. એ છે ત્યાં સુધી તો કર્મબંધ ચાલુ રહેવાનો. તો મોક્ષ શી રીતે થાય ? એ તો યોગનિરોધ કરે, કર્મબંધ અટકાવે, પછી જ મોક્ષ થાય.

પ્ર૦–પણ આયુષ્ય પૂર્ણ થતાં શરીર વગેરે છૂટી જવાથી મોક્ષ થાય ને ?

ઉ૦—ના, જીવનના અંતિમ સમયે જો યોગ ઊભો છે, તો એથી બાંધેલ કર્મ આત્મા પર ઊભું હોઈ જીવન પૂરું થતાં સર્વકર્મક્ષય ક્યાં આવ્યો ? તો મોક્ષ શી રીતે થાય ? ત્યારે આયુષ્ય પૂર્ણ થયે શરીર છૂટી ગયા પછી એ અંતિમ સમયના બાંધેલા કર્મને ભોગવાઈ જવા માટે સાધન ક્યાં છે ? ત્યારે જો કહો કે 'છેલ્લા સમયે યોગ રોકી દે એટલે નવું કર્મ નહિ બંધાય,' તો એ કહેવું ઠીક નથી, કેમકે એ રીતે એ કાર્ય અશક્ય છે. યોગોને તદ્દન રોકવા માટે એક સમયમાં કાર્યવાહી ન થઈ શકે. એના માટે આત્મપુરુષાર્થ ફોરવવો પડે, મન–વચન–કાયાના સ્થૂલ અને સૂક્ષ્મ યોગોને ક્રમશઃ અટકાવવાની પ્રક્રિયા કરવી પડે; ને એમ કરવામાં અસંખ્ય સમય લાગે.

**શૈલેશીકરણ** :—એટલે જ જ્ઞાનીઓ જ્ઞાનથી આ દેખ્યું કહે છે કે કેવળજ્ઞાની જીવ મોક્ષે જવાના અતિ નિકટના અંતમુહૂર્ત કાળમાં સમસ્ત યોગોને તદ્દન અટકાવવાની યાને યોગનિરોધની ક્રિયા કરે છે. આને શૈલેશીકરણની ક્રિયા કહે છે. કેમકે આત્મા જ્યાં સુધી યોગવાળો હોય છે ત્યાં સુધી તો એના પ્રદેશ (અંશ) કંપનશીલ હોય છે, પરંતુ હવે સંપૂર્ણ યોગ નિરોધ થતાં આત્મપ્રદેશ સર્વથા મેરુની જેમ સ્થિર થઈ જાય છે. મેરુ એ શૈલ(પર્વતો)નો ઈશ યાને શૈલેશ કહેવાય છે. જીવ તદ્દન નિષ્પ્રકંપ થતાં આ શૈલેશ જેવી અવસ્થા પર યાને શૈલેશી પર આરૂઢ થાય છે. આ શૈલેશી કરવામાં અંતર્મુહૂર્ત સમયમાં યોગોને રુંધવાની જે પ્રક્રિયા થાય છે તે શુક્લધ્યાનરૂપ બને છે. અહીં ધ્યાનનો અર્થ મન–

વચન–કાયાની ત્યાં સુધીની સ્થિરતા કે એના યોગોનો યાને પ્રવૃત્તિનો તદ્દન નિરોધ અટકાયત થઈ જાય. એ જ ધ્યાન કેવળજ્ઞાનીને સંસારના અંતકાળે હોય છે; અને એ ધ્યાનમાં ક્રમ આ, કે પહેલાં મનોયોગનો નિગ્રહ, પછી વચનયોગનો નિગ્રહ, અને અંતે કાયયોગનો નિગ્રહ, એ રીતે હોય છે.

આ તો માત્ર કેવળજ્ઞાનીને જ અંતે થનારા શુક્લધ્યાન–માંના ક્રમની વાત થઈ. બાકીના બીજા મહાત્માને ધર્મધ્યાન પામે ત્યારે, યોગ અને કાળને આશ્રીને પ્રાપ્તિક્રમ એમની સમાધિ પ્રમાણે હોય છે, અર્થાત્ એમને જે રીતે યોગોની ને કાળની સ્વસ્થતા રહે તે મુજબ ક્રમ હોય છે. આ 'ક્રમ' દ્વાર થયું.

## 'ધ્યેય' ધ્યાનનો વિષય

હવે 'ધ્યેય' દ્વાર કહે છે. 'ધ્યેય' અર્થાત્ ધ્યાનનો વિષય શો? શ્રી તત્ત્વાર્થ મહાશાસ્ત્ર અ૦૯, સૂ૦–૩૭

'**आज्ञाऽपाय विपाक संस्थानविचयाय धर्म्यम्**' બતાવે છે કે ધર્મધ્યાન આજ્ઞા, અપાય, વિપાક ને સંસ્થાનના ચિંતન માટે હોય છે. અર્થાત્ ધર્મધ્યાનનો વિષય યાને ધર્મધ્યાનનું ધ્યેય આજ્ઞાદિ ચાર બને છે.

(૧) '**આજ્ઞા**' એટલે જિનાજ્ઞા, જિનવચન, જિનાગમ. '(૨)**અપાય**' એટલે રાગ–દ્વેષાદિ આશ્રવોના અનર્થ. '(૩)**વિપાક**' એટલે કર્મોના ઉદયના પરિણામ. (૪)'**સંસ્થાન**' એટલે ૧૪ રાજ-લોક વગેરેની સ્થિતિ, આ ચારને વિષે એકાગ્ર ચિંતન ધર્મ–ધ્યાનમાં કરવાનું હોય છે.

ધર્મધ્યાનના આજ્ઞા–અપાયાદિ ચાર પ્રકારની પાછળનું રહસ્ય જોવા જેવું છે. જીવને આર્ત–રૌદ્રધ્યાનથી બચાવનાર ધર્મધ્યાન છે, ને એ આર્ત–રૌદ્રધ્યાન થવાનું કારણ (૧) વિષયરાગ, (૨) હિંસાદિ પાપોમાં રસ અને નિડરતા. (૩) અહંત્વ ક્ષુદ્રતા તથા (૪) અજ્ઞતા–મૂઢતા છે. એ જો અટકે તો આર્ત–રૌદ્રધ્યાન અટકે. ત્યારે ધર્મધ્યાનના ચાર પ્રકાર એને અટકાવનારા છે; તેથી પછી ધર્મધ્યાનથી અશુભ ધ્યાન અટકી જાય એ સહજ છે.

(૧) ધર્મધ્યાનમાં પહેલો પ્રકાર આજ્ઞાવિચય યાને જિનાજ્ઞા પર ચિંતન છે. એ લાવવા માટે જિનાજ્ઞાની એકેક વિશેષતાને લઈને જિનાજ્ઞા પર અત્યંત બહુમાન ઊભું થવું જોઇએ. મનને એમ થાય કે 'અહો આ જિનાજ્ઞા ! આટલી બધી અતિ નિપુણ ? અનાદિ–અનંત !....'એમ દિલના ઊછળતા બહુમાન સાથે ચિંતન થાય ત્યારે મન એમાં ક્યાંક એકાગ્ર તન્મય થઈ ચોંટી જાય; અને એ જ ધર્મધ્યાનરૂપ બને. ત્યારે જો જિનાજ્ઞા–બહુમાન થાય તો જિનાજ્ઞામાં તો વિષયત્યાગ અને સમ્યક્ જ્ઞાનાચારાદિ આરાધનાની આજ્ઞાઓ છે, એટલે આજ્ઞા–બહુમાનથી સહેજે વિષયરાગ અટકે, ને એથી એ નિમિત્તનું દુર્ધ્યાન અટકી જાય.

(૨) ત્યારે વિષયરાગની સાથે પાપનો રસ અને પાપમાં નિર્ભયતા અટકાવવા માટે 'અપાયવિચય' છે. અપાયવિચયમાં હિંસાદિ દુષ્કૃત્યો અને રાગાદિ દોષોના અપાય યાને અનર્થનું ચિંતન છે; એ ચિંતનમાં તન્મયતા લાવવા માટે એ દોષો અને દુષ્કૃત્યો પ્રત્યે ભારોભાર તિરસ્કાર અને એના અનર્થોનો ભય

જાગવો જોઈએ. આ પાપો પ્રત્યે અત્યંત તિરસ્કાર તથા ભય ઊભો થતાં (i) એના અપાયના ચિંતનમાં ક્યાંક તન્મયતા આવે એ જ ધર્મધ્યાન બને. (ii) સહેજે પાપનો રસ-નિર્ભયતા અટકે અને તેથી આર્ત-રૌદ્રધ્યાન અટકે.

(૩) ત્યારે જીવની ત્રીજી ખામી અહંત્વ અને ક્ષુદ્રતા. આ પણ જીવને સુખ-દુઃખના પ્રસંગ અંગે દુર્ધ્યાન કરાવે છે. એની સામે નિરહંકાર અને ઉમદા દિલ ઊભું થાય તો એ અહંત્વ-ક્ષુદ્રતા સહેજે અટકે. ધર્મધ્યાનનો ત્રીજો પ્રકાર 'વિપાક-વિચય' છે. એમાં શુભાશુભ કર્મોના વિપાક વિચારવાના છે. એ જો કર્મોના વિપાક પર અટલ વિશ્વાસ હોય કે 'આવાં આવાં કર્મથી જ આવું આવું ફળ આવે,' તો એ વિશ્વાસના લીધે (i) ક્યાંક કર્મવિપાકનાં ચિંતનમાં તન્મયતા આવતાં ધર્મધ્યાન લાગે; તેમજ (ii) બીજી બાજુ સુખમાં અહંત્વ અને દુઃખમાં ક્ષુદ્રતા-રીસ-હાયવોય વગેરે અટકે; તેથી દુર્ધ્યાન અટકે.

(૪) ત્યારે ધર્મધ્યાનના ચોથા પ્રકાર 'સંસ્થાન-વિચય'માં ચૌદ રાજલોકનું તથા ધર્માસ્તિકાયાદિ ષડ્દ્રવ્યોનું સ્વરૂપ પરિસ્થિતિ વગેરે ચિંતવવાનું છે, એ વિચારવામાં વિરાટ દર્શન થાય છે, અને તેથી અજ્ઞાનતા-મૂઢતા અટકે છે, જેથી પછી એના નિમિત્તનું આર્તધ્યાનાદિ પણ અટકી જાય એમાં નવાઈ નથી.

બસ, ધર્મધ્યાનના ચાર પ્રકારમાં જીવનના ચાર મહાન સાધ્ય બતાવ્યા, જિનાજ્ઞા-બહુમાન, હિંસાદિ પાપનો તિરસ્કાર, કર્મવિપાકનો અટલ વિશ્વાસ, અને વિરાટદર્શન.

[1]सुनिउण[2]मणाइणिहणं [3]भूयहियं [4]भूयभावण[5]मणग्घं ।
[6]अमिय[7]मजियं [8]महत्थं [9]महाणुभावं [10]महाविसयं ॥ ४५ ॥
झाइज्जा [11]निरवज्जं जिणाणमाणं जगप्पईवाणं ।
[12]अणिउणजणदुण्णेयं [13]नय-भंग-प्रमाणगमगहणं ॥४६॥

અર્થ :- (જિનાજ્ઞા સૂક્ષ્મ દ્રવ્યાદિ મત્યાદિની નિરૂપક હોઈ) [1]અત્યન્ત નિપુણ, (દ્રવ્યાદિ અપેક્ષાએ) [2]અનાદિ અનંત, [3]જીવ કલ્યાણ રૂપ, (અનેકાંત બોધક) [4]સત્યભાવક, [5]અનર્ઘ્ય-અમૂલ્ય (અથવા ઋણઘ્ન=કર્મનાશક) હોઈ (અર્થથી) [6]અપરિમિત (યા અમૃત, કેમકે મીઠી, પથ્ય, અથવા સંજીવ યાને ઉત્પત્તિક્ષમ), (અન્યવચનોથી) [7]અજિત, પ્રધાન અર્થવાળી (અવિસંવાદિ, અનુયોગદ્વારાત્મક, નયઘટિત હોઈને (i) મહાર્થ, યા (ii) મહત્સ્થ -મોટા સમકિતી જીવોમાં રહેલ, યા (iii) મહાસ્થ=પૂજા પામેલ), [9]મહાન અનુભાવ પ્રભાવ સામર્થ્યવાળી (ચૌદપૂર્વી સર્વ-લબ્ધિસંપન્ન બનતા હોઈને પ્રધાન, તથા સર્વાર્થસિદ્ધ વિમાન અને મોક્ષ સુધીનાં પુષ્કળ કાર્ય કરતું હોવાથી પ્રભૂત), [10] મહાન વિષયવાળી, [11] નિરવદ્ય દોષ પાપરહિત, અ-નિપુણ લોકથી દુર્જ્ઞેય, તથા નય-ભંગી પ્રમાણ-ગમ (અર્થ માર્ગો) થી ગહન એવી જગતના દીવા સમાન જિનેશ્વર ભગવાનની આજ્ઞાનું (નિરવદ્ય) ધ્યાન કરે.

---

હવે અહીં ધર્મધ્યાનના પહેલા પ્રકાર 'આજ્ઞાવિચય' નું પ્રતિપાદન કરવા માટે કહે છે,

વિવેચન :—ધર્મધ્યાનના પહેલા પ્રકાર 'આજ્ઞા-વિચય'માં જગતના દીવાસમી જિનેશ્વર ભગવાનની આજ્ઞા પર ચિંતન કરવાનું છે. અર્થાત્ એ જિનાજ્ઞા કેવી કેવી વિશેષતાવાળી છે,

એનું ધ્યાન કરવાનું છે. અહીં એ માટે બે ગાથામાં 'કુલ જિનાજ્ઞાના ૧૩ વિશેષણ બતાવ્યા છે. અલબત્ એમાં પ્રાકૃત ભાષાને લીધે અથવા શબ્દમહિમાથી એકના અનેક અર્થ થાય છે; તેથી તેર કરતાં પણ વધુ વિશેષણો બને છે. એ પૈકી દરેક વિશેષણથી જિનાજ્ઞાનું ધ્યાન કરવાનું છે. તે આ રીતે,–

(૧) 'સુનિપુણ' અર્થાત્ જિનાજ્ઞાની સુનિપુણતા ચિંતવે, 'અહો! કેવું સુનિપુણ જિનવચન! જિનવચને જ સૂક્ષ્મ દ્રવ્ય અને સૂક્ષ્મ પર્યાયો સુધીનું પ્રતિપાદન કર્યું છે. ધર્માસ્તિકાયાદિ દ્રવ્ય, તથા પુદ્ગલદ્રવ્યમાં વર્ગણાઓ, વળી જીવદ્રવ્યમાં નિગોદ યાને જમીનકંદ–લીલ–ફુગ આદિના એકેક કણમાં અસંખ્ય શરીર, ને એ એકેકા શરીરમાં અનંતાનંત જીવો, વળી એ જીવોના દરેકના ઉપર ચોંટેલ કર્મના અનંતા સ્કન્ધ, ને એ એકેકા સ્કન્ધમાં અનંતાનંત પરમાણુ, વગેરે જીવાજીવ સૂક્ષ્મ દ્રવ્યોની ઓળખાણ સર્વજ્ઞ શ્રી જિનેન્દ્રદેવના વચન સિવાય બીજું કોણ બતાવી શકે? એમ એ એકેકા અણુ પર પણ થતા અનંતા સ્વ–પર પર્યાય,... એકેકા કર્મસ્કન્ધ પર બંધ–ઉદય–ઉદીરણા–સંક્રમણ–ઉદ્વર્તના વગેરેની થતી પ્રક્રિયા, એમાં સંખ્યાતગુણ–અસંખ્યાતગુણ–અનંતગુણ હાનિ–વૃદ્ધિએ થતી ષડ્ગુણ હાનિવૃદ્ધિ, ઈત્યાદિ પર્યાય–સૂક્ષ્મતા જિનવચનથી જ જાણવા મળે છે. ત્યારે જિનવચનની આ કેવી સુનિપુણતા! કેવી ઉત્કૃષ્ટ કુશળતા!

એમ, મતિજ્ઞાન–શ્રુતજ્ઞાન વગેરે પાંચ જ્ઞાનના ભેદ અને એના અવાંતર પ્રકાર માત્ર જિનવચન જ ઓળખાવે છે. એમાં વળી જિનવચનરૂપી શ્રુતની અને શ્રુત–જ્ઞાનની નિપુણતા કેવી, કે

જિનેશ્વરદેવને કેવળજ્ઞાન થયા પછી પણ એ શ્રુત દ્વારા જ શ્રુતજ્ઞાનનું અને બીજા ચાર જ્ઞાનનું પ્રકાશન કરે છે. એ પણ જિન-વચનની કેવી સુનિપુણતા ! આ રીતે સુનિપુણતાનું ધ્યાન કરે.

(૨) '**અનાદિનિધના**'—અર્થાત્ ' અહો જિનવચન કેવું આદિ અને નિધન અર્થાત્ ઉત્પત્તિ અને નાશ વિનાનું સદા સ્થાયી! કેવું અનાદિકાળથી ચાલ્યું આવતું, ને અનંતકાળ રહેવાનું !

પ્ર૦–જિનવચન એટલે તો દ્વાદશાંગી આગમ. એ તો દરેક જિનેશ્વર ભગવાનના શાસનમાં નવેસરથી રચવામાં આવે છે, અને શાસનનો વિચ્છેદ થતાં એનો પણ નાશ થાય છે. તો પછી અનાદિનિધન શી રીતે ?

ઉ૦–દ્રવ્યાદિની અપેક્ષાએ અનાદિનિધન છે. કહ્યું છે, ' દ્રવ્યાર્થાદેશથી આ દ્વાદશાંગી કદી નહોતી એમ નહિ, અગર ભવિષ્યમાં નહિ હોય એવું નથી.'

'**દ્રવ્યાર્થાદેશ**' **એટલે શું ?** દ્વાદશાંગી આગમ જે પદાર્થનું નિરૂપણ કરે છે એમાં મુખ્ય બે ચીજ છે,–ધર્માસ્તિ-કાયાદિ દ્રવ્યો અને એના સ્વ–પર પર્યાયો. એટલે 'પદાર્થ' યાને અર્થ બે પ્રકારે, દ્રવ્યાર્થ અને પર્યાયાર્થ. આમાં દ્રવ્યાર્થની દૃષ્ટિએ અર્થાત્ દ્રવ્યાર્થાદેશથી જોઈએ તો દરેક જિનેન્દ્ર ભગવાનની દ્વાદશાંગી ભલે શબ્દરચનાથી જુદી જુદી, કિન્તુ બધી ય દ્વાદશાંગી એના એ જ ધર્માસ્તિકાયાદિ દ્રવ્યોનું નિરૂપણ કરે છે; કેમકે એ મૂળ દ્રવ્ય કદી અન્યરૂપ થતાં નથી, કે સર્વથા નાશ પામતાં નથી. પર્યાયો ફરે, દ્રવ્ય ન ફરે, દ્રવ્ય તો એના એ જ રહે. માટે આ વર્તમાન દ્વાદશાંગી પણ એનાં એ જ દ્રવ્ય કે જે

ભૂત-ભવિષ્યની દ્વાદશાંગીઓનો વિષય છે, એનું જ પ્રતિપાદન કરતી હોવાથી દ્રવ્યાર્થની દૃષ્ટિએ એ ભૂત-ભાવી દ્વાદશાંગી સ્વરૂપ જ છે. માટે એને અનાદિ-અનંત-કહેવાય. ત્યારે અનાદિ-અનંત એ જ દ્રવ્યોને કહેનાર દ્વાદશાંગીમય જિનવચન કેવું શાશ્વત, ટંકશાળી અને ત્રિકાળાબાધ્ય ! જિનવચનની જ આ વિશેષતા છે, જગતમાં બીજાં કોઈ વચનની નહિ ! વાહ ધન્ય જિનાજ્ઞા ! આમ જિનાજ્ઞાની અનાદિ-અનંતતા ચિંતવે.

(૩) '**ભૂતહિતા**', -વળી ચિંતવે કે, જિનાજ્ઞા જિનવચન કેવું ભૂતોને હિતરૂપ ! ભૂત એટલે પ્રાણીઓ, એને હિત-પથ્યરૂપ; તે બે રીતે, (i) જીવોને પીડા ન થવા રૂપે, અને (ii) એનું કલ્યાણ થવા રૂપે. એમાં (i) જગતના એકેન્દ્રિય સુધીના જીવો અંગેની જિનાજ્ઞા છે કે 'સર્વે જીવા ન હન્તવ્યાઃ' અર્થાત્ કોઈ પણ જીવની હિંસા ન કરવી. એવી જિનાજ્ઞાનું પાલન કરનારાઓએ સમસ્ત જીવોને અભયદાન દે છે, એમને લેશ પણ પીડા પહોંચાડતા નથી. તો જિનાજ્ઞા કેવી સુંદર જીવહિતકર ! વળી (ii) જિનાજ્ઞાએ ફરમાવેલ રત્નત્રયીના માર્ગે ચાલનાર ઘણા જીવો સંસારવિટંબણાથી છૂટી સિદ્ધ-મુક્ત બની ગયા. આ દૃષ્ટિએ પણ જીવોને જિનાજ્ઞા કેવી સુંદર કલ્યાણકર હિતકર !' એમ જિનાજ્ઞાની ભૂતહિતતા ચિંતવે.

(૪) '**ભૂતભાવનાઃ**-' વળી ચિંતવે કે, 'અહો જિનાજ્ઞા કેવી સુંદર ભૂતની ભાવના કરી આપનારી છે !' આના બે અર્થ,-(i) 'ભૂત' એટલે સદ્ભૂત, સત્ય. 'ભાવન' એટલે વિચારણા. જિન-વચન દરેક પદાર્થને અનેકાન્તદૃષ્ટિથી વિચારનારું હોવાથી

સત્ય જ વિચારે છે. એકાંત દર્શનો વસ્તુના માત્ર એક અંશનો વિચાર કરી એના પર જ મદાર બાંધીને એ આંશિક ધર્મનો સ્વીકાર કરે છે, પરંતુ સાથે એ જ વસ્તુમાં ખરેખર રહેલ બીજા એથી વિરુદ્ધ દેખાતા અંશનો અપલાપ-ઈન્કાર કરે છે; માટે એ અસત્ય-ભાવક ઠરે છે; ત્યારે જિનવચન એ અનેકાંત-દર્શન હોઈ ભૂત-ભાવન યાને સત્યવિચારણા કરનારું બને છે. અથવા,

(ii) 'ભૂત' એટલે જીવો. એની 'ભાવના' યાને વાસના, વાસિતતા. જિનવચન ભૂતભાવના છે, એટલે કે ભવ્ય જીવો વડે ભાવિત કરાનારી વસ્તુ છે. કહ્યું છે :

**कूरावि सहावेणं रागविसवसाणुगावि होऊणं ।**
**भावियजिणवयणमणा तेलुक्कसुहावहा होंति ॥**

(કોઈ જીવો પૂર્વે) સ્વભાવે ક્રૂર પણ અને રાગવિષથી મૂર્છિત પણ હોય, છતાં જો એ જિનવચનથી મનને ભાવિત કરે છે, તો એ ત્રણે જગતને સુખાકારી બને છે.

'ભાવિત' એટલે, જેમ કસ્તૂરી બાંધેલું કપડું કસ્તૂરીની સુવાસથી પૂમે પૂમે વાસિત થઈ જાય, એમ જિનાજ્ઞા દિલમાં રાખીને એના પરના અનન્ય અતિશય બહુમાનથી આત્માના પ્રદેશે પ્રદેશને વાસિત કરી દેવાય તે. આમ ભાવિત થયા પછી તો પૂર્વની ક્રૂરતા અને રાગ-આદિની પરવશતા પલાયન થઈ જાય છે. શાસ્ત્રમાંથી સાંભળવા મળે છે કે ચિલાતીપુત્ર વગેરે ઘણા એવા પૂર્વે સ્વભાવે ક્રૂર વગેરે હતા છતાં જિન-

વચનથી ભાવિત બનતાં જગતના જીવમાત્રને સુખકારી યાને અભયદાતા બની ગયા.

**ચિલાતીપુત્ર** અતિ રાગવશ શેઠની છોકરી ઉપાડી દોડેલો, અને એની પાછળ પડેલા બાપની પ્રત્યેના ક્રૂર સ્વભાવથી બિચારી છોકરીનું ડોકું કાપી નાખી એ આગળ ભાગ્યો. પરંતુ આગળ મુનિએ 'ઉપશમ વિવેક સંવર' એવું જિન-વચન સંભળાવ્યું, તો એ વચનને એણે પોતાના દિલમાં ખૂબ પજળાવી દીધું, એ વચનથી ભાવિત થઈ ગયો, તો તરત ત્યાં સર્વ હિંસાદિ પાપોનો ત્યાગ કરી એ કાયોત્સર્ગધ્યાને ઊભો રહી ગયો. એના શરીર પરના લોહીથી ખેંચાઈ આવેલી હજારો કીડીઓએ એના શરીરને કરડી કરડી ચાળણી જેવું કરવા માંડ્યું, છતાં જિનવચનના રંગથી એણે એ જીવોને કાંઈ કર્યું નહિ; તો એ મરીને સદ્ગતિના સુખનો ભાગી થયો. આમ જિનાજ્ઞાની ભૂતભાવના ચિંતવે.

(૫) **'અનર્ઘ્ય'**:–જિનવચનની અનર્ઘ્યતા યાને અમૂલ્યતાને ચિંતવે કે 'અહો! આ જિનવચન કેટલું બધું અમૂલ્ય છે!' કહ્યું છે કે 'રત્નાદિ કિંમતી દ્રવ્યોવાળા મોટા રત્નાકર અને ત્રણ લોક સહિત સમસ્ત ઈતર શાસ્ત્રો એ પરમ પ્રભાવી જિનવચનની કિંમત આંકવા માટે કશા ઉપયોગી નથી. કેમકે જિનવચનની અમૂલ્યતા છે. એનું જો મૂલ્ય જ નથી આંકી શકાતું, તો પછી કેટલાની બરાબર એની કિંમતનો આંક મૂકી શકાય?' સ્તુતિકારે પણ કહ્યું છે,

**कल्पद्रुमः कल्पितमात्रदायी, चिन्तामणिश्चिन्तितमेव दत्ते।**
**जिनेन्द्रधर्मातिशयं विचिन्तय, द्वयेऽपि लोको लघुतामवैति॥**

—અર્થાત્ કલ્પવૃક્ષ તો માત્ર કલ્પનામાં આવેલું આપનારો છે. ચિંતામણિ ચિંતવેલું જ આપે છે. વિચારક લોક જિનેન્દ્ર ભગવાનના ધર્મનો અતિશય વિચારીને (એની અપેક્ષાએ આ કલ્પવૃક્ષ-ચિંતામણિ) બંનેમાં હીનતા જુએ છે. 'અણગ્ઘ'નો આ 'અનર્ઘ્ય' એવો એક અર્થ; બીજો અર્થ 'ઋણઘ્ન' થાય.

'અણગ્ઘ'માં 'અણ'નો અર્થ ઋણ. (પ્રાકૃતમાં ઋનો अ થાય છે.) ઋણને કાપનાર તે ઋણઘ્ન.

(ii) **'ઋણઘ્ન'**:—અહો જિનવચન કેવું જબરદસ્ત ઋણ યાને કર્મોને હણનારું! કહ્યું છે,

**जं अन्नाणी कम्मं खवेइ बहुयाहिं वासकोडोहिं।**
**तं नाणी तिहिं गुत्तो खवेइ ऊसासमित्तेणं॥**

—અર્થાત્ અજ્ઞાની બહુ ક્રોડો વરસે જે કર્મ ખપાવે એટલાં કર્મ ત્રણ ગુપ્તિએ ગુપ્ત જ્ઞાની પુરુષ માત્ર એક શ્વાસોચ્છ્વાસમાં ખપાવે છે. જીવ ક્ષપકશ્રેણીમાં લઈ જનાર શુક્લધ્યાનમાં જ્યારે ચડે છે, ત્યારે મન-વચન-કાયાની ઉત્કૃષ્ટ ગુપ્તિ કરનારો અને મહાજ્ઞાની બનેલો હોય છે, ત્યાં એ જિનવચનાનુસાર તત્ત્વરમણતા કેળવી એક શ્વાસ જેટલા કાળમાં એવા જંગી જથાબંધ કર્મ ખપાવે છે કે જેને ખપાવવા માટે અજ્ઞાનીને કેટલાએ કરોડો વરસનાં કષ્ટ સહવાં પડે. તો ક્ષણમાં આ કરાવનાર જિનવચન કેવું જબ્બર ઋણઘ્ન યાને કર્મને હણનારું!

(૬) **'અમિતા'**:—જિનાજ્ઞાની અમિતતા ચિંતવે. 'અમિત'-ના બે અર્થ,-૧. અપરિમિત, ૨. અમૃત. પહેલામાં એમ ચિંતવે

કે 'અહો જિનવચન કેવાં અપરિમિત!' અલબત જિનાગમ જિનવચન સૂત્રાક્ષરથી પરિમિત છે; પરંતુ અર્થથી અમાપ છે. કહ્યું છે,–

'सव्वनईणं जा होज्ज वालुया सव्वउदहीणं जं उदयं ।
एत्तोवि अणंतगुणो अत्थो एगस्स सुत्तस्स ॥'

એક સૂત્રનો અનંત અર્થ શી રીત?:—

—અર્થાત્ સર્વ નદીઓની જેટલી રેતી થાય, અને સર્વ સમુદ્રોનું જેટલું પાણી થાય, એના કરતાં પણ અનંતગુણો એક સૂત્રનો અર્થ છે. જિનવચનના સૂત્ર-સૂત્રનો આટલો બધો અર્થ હોવાનું કારણ એ છે કે જિનવચન એ દરેક અર્થ—પદાર્થનો અનેક માર્ગણાદ્વારોથી અને અનંત અનુવૃત્તિ વ્યાવૃત્તિ પર્યાયોથી વિચાર કરવાનું બતાવે છે. આમ અનંત અર્થ નીકળવાના હિસાબે જિનવચન કેવું 'અમિય' યાને અમિત અપરિમિત!

'અમિય' નો બીજો અર્થ:—'અમૃત' યાને (i) મીઠી, (ii) પથ્ય, ને (iii) સજીવ.

(i) જિનાજ્ઞા અત્યંત મધુર છે. કહ્યું છે, 'જિનવચનરૂપી લાડુ રાત ને દિવસ ખાતો બેસે, તો પણ બોધપ્રેમી આત્મા તૃપ્તિ પામતો નથી; કેમકે એ જિનવચન હજારો હેતુઓથી પરિવરેલું છે. એટલે પછી એકેક પ્રતિપાદન પર નવ નવા હેતુ જાણવા મળે ત્યાં રસ શાનો ખૂટે?

(ii) જિનવચન પથ્ય છે, આરોગ્યાનુકૂળ છે. કહ્યું છે,– 'નારકી-તિર્યંચ-મનુષ્ય-દેવગણના સંસાર સંબંધી સર્વ રોગોનું એકમાત્ર ઔષધ જિનવચન છે, અને એ પરિણામે મોક્ષના અક્ષય સુખને પમાડનારું છે.

(iii) જિનવચન સજીવ છે, યાને યુક્તિ–સંગતિને સમર્થ હોવાથી સાર્થક છે, યથાર્થ છે, પરંતુ અયથાર્થ નથી, મૃત–નિર્જીવ નથી. જેમકે 'મોટા રાજાના હાથીઓ એટલા બધા હતા કે એના હાથીઓના ગંડસ્થલમાંથી ઝરેલા મદબિંદુઓની એવી નદી વહી કે એમાં દુશ્મનના હાથી–ઘોડા–રથનું લશ્કર તણાઈ ગયું,' આવું વચન એ યુક્તિયુક્ત નથી, માટે એ મૃત નિર્જીવ વચન કહેવાય.

(૭) '**અજિતા**':—'અહો ! જિનાજ્ઞા કેવી ઇતર પ્રવચનોનાં વચનથી અ–પરાજિત છે !' કહ્યું છે,—

**जीवाइवत्थु चिन्तणकोसल्लगुणेणऽणण्णसहिएणं ।**
**सेसवयणेहिं अजियं जिणिंदवयणं महाविसयं ॥**

—અર્થાત્ બીજાની સાથેની તુલનાને લંઘી જનારું જિનન્દ્ર-વચન જીવાદિ વસ્તુનો વિચાર કરવાની કુશળતાના ગુણે બાકીના વચનો (શાસ્ત્રો)થી અજિત છે. જિનવચન (૧) સર્વજ્ઞનાં વચન હોઈને, તેમજ (૨) અનેકાન્તદૃષ્ટિએ વસ્તુનાં પ્રતિપાદક હોવાથી, એ જીવ અજીવ વગેરે પદાર્થનો વિચાર કુશળતાથી કરી શકે છે. એ તાકાત એ સર્વજ્ઞનાં એકાન્તદૃષ્ટિથી વિચારતા વચનોમાં ન હોઈ શકે.

(૮) મહત્થઃ—'અહો! જિનવચન કેવું મહત્થ!' અહીં ગાથાના પ્રાકૃત ભાષાના 'મહત્થ' શબ્દના 'મહાર્થ', 'મહત્સ્થ', 'મહાસ્થ' એમ ત્રણ અર્થ નીકળે. એમાં,

(i) '**મહાર્થ**' એટલે **પ્રધાન અર્થવાળું** જિનવચન છે. જિનાજ્ઞાના અર્થ પ્રધાન છે. બીજાં શાસ્ત્રો કરતાં જિનાગમના પદાર્થ પ્રધાન હોવાનું કારણ એ છે કે એ (ક) પૂર્વાપરમાં

વિરોધરહિત છે, (ખ) અનુયોગદ્વારાત્મક છે, અને (ગ) નયઘટિત છે. અર્થાત્

(ક) જિનવચનમાં કયાં ય પૂર્વાપરમાં વિરોધ નથી આવતો. શાસ્ત્રના એક ભાગમાં કંઈ કહ્યું, ને બીજા ભાગમાં એથી તદ્દન વિરુદ્ધ જ કહ્યું, એ પૂર્વાપર વિરોધી કહેવાય. જેમકે વેદશાસ્ત્રમાં પહેલાં કહ્યું, 'મા હિંસ્યાત્ સર્વભૂતાનિ' કોઈની હિંસા ન કરવી. અને પછી આગળ પર કહ્યું, 'અશ્વમેધેન યજેત.' અર્થાત્ અશ્વ-મેધ (ઘોડાની હિંસાવાળો) યજ્ઞ કરે. આવું પૂર્વાપર વિરોધિપણું જિનાગમમાં નથી. માટે એનાં વચન કલ્પિત નહિ પણ સદ્ભૂત છે.

(ખ) ૪ અનુયોગદ્વારો ઉપક્રમાદિઃ—એમ, જિનવચન અનુયોગદ્વારાત્મક છે. 'અનુયોગ' એટલે વ્યાખ્યાન, એ કરવાના સોપાનને અનુયોગદ્વાર કહે છે. જેમકે 'આચાર' નામનું દ્વાદશાંગીમાં પહેલું અંગસૂત્ર છે. એનો અનુયોગ કરવો છે તો એ માટે પહેલાં એનો ઉપક્રમ, પછી ક્રમશઃ એના નિક્ષેપ. અનુગમ, અને નય–સમન્વય કરવાના.

'ઉપક્રમ' એટલે નિક્ષેપને યોગ્ય બનાવવું. પછી નિક્ષેપ કરવાનો.

'નિક્ષેપ' એટલે ન્યાસ. વસ્તુને તે તે નામ આદિમાં મૂકવું. દા. ત (૧) 'આચાર' એવું કોઈનું નામ પાડયું છે, તો એ આચારનો [૧]નામનિક્ષેપ કહેવાય, નામનિક્ષેપે એને 'આચાર' કહેવાય. એમ (૨) આચારની કયાંક ચિત્રાદિમાં સ્થાપના કરી છે, તો એ [૨]સ્થાપનાનિક્ષેપે આચાર કહેવાય. એમ (૩) 'દ્રવ્ય' એટલે ભાવનો આધાર. આચારના ભાવનો આધાર શરીર યા

આત્મા એ દ્રવ્ય–આચાર નિક્ષેપો. એમ. (૪) આચારનો ભાવ એટલે મુખ્ય આચરણ–વસ્તુ દા. ત. અહિંસા આચરાય તે. એ ભાવ–આચાર નિક્ષેપો. દરેક વસ્તુમાં આ નામાદિ ચાર નિક્ષેપ થાય; કોઈમાં તેથી વધુ પણ થાય. જેમકે 'લોક' વસ્તુમાં નામલોક સ્થાપના લોક....વગેરે ઉપરાંત ક્ષેત્રલોક, કાળલોક, ભવલોક ઈત્યાદિ.

◉ '**અનુગમ**' એ ત્રીજું અનુયોગ દ્વાર છે. અનુગમ કરવો યાને સૂત્ર યા એની નિર્યુક્તિ (સૂત્રનું અર્થ સાથે નિર્યોજન, જોડવું તે) સાથે અનુગત કરવું અર્થાત્ સંમિલિત સમન્વિત કરવું. દા. ત. 'આચાર' અંગના સૂત્રનો પહેલો શબ્દ લઈ એમાં અને એની નિર્યુક્તિમાં અનુગમ કરાય.

◉ '**નય**' એ ચોથું અનુયોગદ્વાર. એની સમજ આ રીતે,

(ગ) **નયઘટિત** જિનવચન છે, માટે એ મહાર્થ છે. '**નય**' એટલે જુદી જુદી દૃષ્ટિ, અપેક્ષા, જેનાથી વસ્તુનો તે તે અંશે વિચાર થાય, નિર્ણય થાય. દા. ત. આચારના બે અંશ, બાહ્ય અને આભ્યન્તર. એટલે તે તે અંશે આચાર વસ્તુનો વિચાર વ્યવહારનયથી તેમ નિશ્ચયનયથી થાય. વ્યવહારની દૃષ્ટિએ આચાર–કાયાદિથી બાહ્ય સારું આચારણ કરે તેને કહેવાય. નિશ્ચયદૃષ્ટિએ આચાર આત્માની આંતરિક શુદ્ધ આચરણપરિણતિને કહેવાય. એમ બીજા પણ શબ્દ નય–અર્થનય, જ્ઞાનનય—ક્રિયાનય, દ્રવ્યાર્થિકનય–પર્યાયાર્થિકનય, નૈગમનય–સંગ્રહનય વગેરે નયોને જિનવચન બતાવે છે, એ નયો લઈને પદાર્થનું અનેકાંતમય દર્શન કરાવે છે.

બીજા કોઈ ધર્મમાં આવી નય-વ્યવસ્થા નથી. અલબત્ પ્રમાણ-વ્યવસ્થા છે, પરંતુ તેથી શું ? વસ્તુનો બોધ તો પ્રમાણ અને નયથી થાય. એમાં પ્રમાણથી તો સકલાંશે થાય, સમસ્ત ભાવે થાય, પરંતુ વિકલાંશે યાને એકાંશે નહિ. એ માટે તો નયની જ જરૂર પડે. ત્યારે આવા નયઘટિત જિનવચનની કેવી બલિહારી ! કેવી પ્રધાનાર્થતા ! મહાર્થતા ! મહત્થનો આ એક અર્થ.

(ii) '**મહત્થ**' **એટલે મહત્સ્થ** પણ કહેવાય. મહત્સ્થ એટલે મહાન સમ્યગ્દષ્ટિ ભવ્ય આત્માઓમાં રહેલું. 'અહો ! જિનવચન કેવું વિશ્વના ઉત્તમ પ્રધાન પુરુષોમાં રહેલું છે !' જેની દષ્ટિમાં મિથ્વાત્વ છે, સર્વજ્ઞાનુસારિતા નથી, એ કાંઈ પ્રધાન પુરુષ નથી.

(iii) '**મહત્થ**' **એટલે મહાસ્થ**, એવો પણ અર્થ થાય. 'મહા' એટલે પૂજા. જિનવચન પૂજામાં રહેલું યાને પૂજાપાત્ર છે. કહ્યું છે 'જ્ઞાન ( જિનવચન ) સર્વ વૈમાનિક ભવનપતિદેવ, મનુષ્ય અને વ્યંતર-જ્યોતિષીદેવથી પૂજિત છે, કેમકે જિનવચન પરથી આગમરચયિતા ગણધર ભગવાન ઉપર દેવતાઓ પણ વાસક્ષેપ ઉછાળે છે !' એ આગમનો જિનવચનનો કેવો અદ્ભુત મહિમા ! આમ જિનવચન કેવું મહત્થ !

(૯) '**મહાનુભાવ**':—'અહો જિનાજ્ઞા કેવા મહાન અનુભાવ-સામર્થ્ય-પ્રભાવવાળી છે !' 'મહાન' એટલે [૧]પ્રધાન યા [૨]પુષ્કળ. (i) જિનવચનનાં સામર્થ્યની પ્રધાનતા આ રીતે કે જિનવચનના જ્ઞાતા ચૌદ પૂર્વધર મહર્ષિઓ સર્વ લબ્ધિએ સંપન્ન બને છે. આટલું ઊંચું પ્રધાન સામર્થ્ય જિનવચન

સિવાય બીજાં ક્યાં વચનનું હોય છે કે જેથી સર્વ લબ્ધિઓની શક્તિ ઉત્પન્ન થાય? વળી (ii) સામર્થ્યની પુષ્કળતા–વિશાળતા એ રીતે કે ગૌતમ મહારાજે વીર પ્રભુને પૂછ્યું, 'હે ભગવંત! ચૌદપૂર્વી એક ઘડામાંથી હજારો ઘડા કરવા સમર્થ છે?' પ્રભુએ કહ્યું, 'હંતા ગોયમા! પ્રભૂ ણં ચોદ્દસ પુવ્વી ઘડાઓ ઘડસહસ્સં કરિત્તએ.' ચૌદ પૂર્વધર 'પ્રભુ' એટલે સમર્થ છે. આ સામર્થ્ય કેટલું બધું વિશાળ?

આ તો જિનવચનના આ લોકમાંના સામર્થ્યની વાત. ત્યારે, પરલોકમાં ચૌદપૂર્વીનો જન્મ જઘન્યથી છઠ્ઠા લાંતક વૈમાનિક દેવલોકમાં અને ઉત્કૃષ્ટથી અનુત્તર દેવલોકના સર્વાર્થ સિદ્ધ વિમાનમાં થાય છે, અથવા એ સર્વ કર્મક્ષય કરી મોક્ષમાં જાય છે.

(૧૦) '**મહાવિષય**':—'જિનવચન અહો! કેવું મહાન યાને સકલ દ્રવ્યાદિ વિષયવાળું છે!' કહ્યું છે 'દવ્વઓ સુયનાણી ઉવઉત્તો સવ્વ દવ્વાઇં જાણઇ'—અર્થાત્ શ્રુતજ્ઞાની દ્રવ્યો પર ચિત્તનો ઉપયોગ મૂકે તો સર્વ દ્રવ્યોને જાણે છે, જાણી શકે છે. અલબત્ કેવળજ્ઞાનીની જેમ એ ધર્માસ્તિકાયાદિ દ્રવ્યોનું પ્રત્યક્ષ ન કરી શકે, કિન્તુ કેવળજ્ઞાની જિનેન્દ્ર ભગવાને એ સમસ્ત દ્રવ્યોનું પ્રતિપાદન કરેલું છે, તેથી એમનાં વચન પરથી એ સર્વ દ્રવ્યોને જાણી શકે, એમ એના કેટલા ય પર્યાયોને પણ જાણી શકે.

(૧૧) **નિરવદ્ય**:—'અહો જિનવચન કેવાં નિરવદ્ય નિર્દોષ છે!' વચનના ૩૨ દોષ હોય છે. અત્યુક્તિ, પુનરુક્તિ, તુચ્છ

શબ્દ, ઈત્યાદિ ૩૨ દોષોથી રહિત જિનવચન હોય છે. એમ જિનવચન કોઈ પણ પાપનો આદેશ-ઉપદેશ કરતાં નથી. એટલા માટે પણ એ નિષ્પાપ નિરવદ્ય વચન છે.

☉ અથવા આ 'નિરવદ્ય' શબ્દને, આગળ 'ચિંતવે' ક્રિયાપદ કહેવું છે, એનું વિશેષણ સમજી શકાય; એમાં 'નિરવદ્ય રીતે ચિંતવન કરે' એ અર્થ થતાં 'નિરવદ્ય'નો અર્થ 'નિર્દોષ રીતે' યાને 'આ લોક પરલોકના સુખાદિની આશંસા રાખ્યા વિના' એવો થાય. ધર્મધ્યાન તો સારું કરે, પરંતુ સાથે એનાં ફળરૂપે દુન્યવી કોઈ ધન, માન, કીર્તિ વગેરેની આશંસા-આકાંક્ષા રાખે તો એ ધ્યાન-ચિંતન નિરવદ્ય-નિર્દોષ રીતે કર્યું ન ગણાય. એ સમજવું જોઈએ કે 'અદ્ભુત કર્મક્ષય અને જબરદસ્ત પુણ્યોપાર્જન કરી આપનારું આટલું સુંદર ધર્મધ્યાન મળ્યું તો પછી એનાં ફળરૂપે તુચ્છ, નાશવંત અને મારક ફળની આકાંક્ષા શી કરવી? એ કરવામાં તો ધર્મધ્યાનના સંસ્કારને બદલે અતિ ઈચ્છિત તુચ્છ જડની લાલસાના સંસ્કાર દૃઢ બને છે, જે અનેક દુર્ગતિના ભવોમાં ભટકાવે છે. એટલા માટે શાસ્ત્રે કહ્યું છે કે 'નો ઈહલોગટ્ઠયાએ, નો પરલોગટ્ઠયાએ, નો પરપરિભવઓ અહં નાણી.' અર્થાત્ 'હું જ્ઞાની છું યાને જ્ઞાન-ધ્યાન કરવાવાળો છું તે આ લોકના (સુખના) હેતુએ નહિ, પરલોકના (સુખના) હેતુએ નહિ,' તેમજ બીજાના અપમાનના હેતુએ નહિ,'-એમ નિર્દોષ રીતે ધ્યાન કરે.

(૧૨) '**અનિપુણજન દુર્જ્ઞેયઃ**' અહો! અશુભ મતિવાળાથી સમજમાં ન આવે એવું જિનવચન કેવું ગંભીર કે સુમતિ-

વાળા જ એને ને એની ભવ્યતા–મહાનતા–અનંત કલ્યાણકરતાને સમજી શકે ! કુમતિવાળા તો કાં તો વિષયલુબ્ધ હોય, અથવા વિરક્ત હોવા છતાં દુરાગ્રહથી અસર્વજ્ઞનાં વચનને અંતિમ સત્ય, એકાંત સત્ય માની લેનારા હોય. એવાને વૈરાગ્ય–નીતરતા અને સર્વજ્ઞકથિત અનેકાંતાદિમય વચન શે સમજાય ?

(૧૩) **'નય–ભંગ–પ્રમાણ–ગમગહન:'**—' અહો જિન વચન નય–ભંગ–પ્રમાણ અને ગમથી કેવું ગહન ! કેવું ગંભીર ! ' ® [૧]નયો પૂર્વે બતાવ્યા તે નૈગમાદિ, એ માત્ર જિનવચનની જ એક વિશેષતા છે. હવે ® [૨]'ભંગ' એટલે ભાંગા, ચતુર્ભંગી, સપ્તભંગી વગેરે. ભંગ–ભાંગો–ભંગી એટલે પ્રકાર. દા. ત. ચતુર્ભંગી એટલે ચાર પ્રકારનું જૂથ. સામાન્ય રીતે ક્રમ–ભેદથી યા સ્થાનભેદથી ભંગરચના થાય, અર્થાત્ ક્રમ બદલવાથી કે સ્થાન બદલવાથી જે પ્રકારો પડે તે ક્રમભંગ કે સ્થાનભંગ. ® **'ક્રમભંગ'માં** દા. ત. ક્રમસર બે વસ્તુ લેવાની હોય તો ચાર ભાંગે લેવાય. એમાં (૧) એક જીવ અને એક અજીવ, યા (૨) એક જીવ ને બીજો પણ જીવ, કે (૩) એક અજીવ અને બીજો જીવ અથવા (૪) એક અજીવ અને બીજો પણ અજીવ, એમ ચાર ભાંગા એ ચતુર્ભંગી થઈ.....બેથી આવી અનેક ચતુર્ભંગીઓ બને. ® **'સ્થાનભંગ'માં**, દા. ત. (૧) કોઈ પ્રિયધર્મા હોય પણ દૃઢધર્મા ન હોય, (૨) કોઈ પ્રિયધર્મા હોય ને દૃઢધર્મા પણ હોય, (૩) કોઈ પ્રિયધર્મા ન હોય અને દૃઢધર્મા ય ન હોય, ત્યારે (૪) કોઈ પ્રિયધર્મા ન હોય પણ દૃઢધર્મા હોય. આવી બેમાં ચતુર્ભંગી થાય. ત્રણના સ્થાનભંગ કરવાના હોય તો આઠ ભાંગા થાય. દા. ત.

વ્રત અંગે જાણે, આદરે, પાળે, એના ૮ ભંગ થાય. 'જાણે' એટલે વ્રત ગ્રાહ્ય છે એવી શ્રદ્ધા હોય; 'આદરે' એટલે એની પ્રતિજ્ઞા કરે. પાળે એટલે પ્રતિજ્ઞાથી કે પ્રતિજ્ઞા વિના એનું પાલન કરે. આ ત્રણમાં આઠ ભાંગા થાય. એમ અનેક રીતે ભંગરચના બને છે. એથી પદાર્થબોધ વિસ્તૃત બને છે. એવી એક સપ્તભંગી પણ છે.

સપ્તભંગી તો અનેકાન્ત સમજવા માટે સચોટ વ્યવસ્થા છે. એમાં વસ્તુમાં રહેલા દરેક ધર્મનો અપેક્ષાવિશેષ લઈને વિધિ–નિષેધથી વિચાર કરવામાં આવે છે, દા. ત. ઘડો સત્ છે, અનિત્ય છે, મોટો છે, વગેરે દરેકનો વિચાર આ રીતે થાય કે 'શું ઘડો સત્ જ છે? નિત્ય જ છે? મોટો જ છે? કે સત્ નથી પણ? નિત્ય નથી પણ? મોટો નથી પણ?' ત્યારે જવાબમાં ઘડાના સ્વદ્રવ્ય–ક્ષેત્ર–કાલ–ભાવની અપેક્ષાએ સત્ છે જ, પરંતુ પરદ્રવ્ય–ક્ષેત્ર–કાલ–ભાવની અપેક્ષાએ સત્ નથી જ. હવે સ્વદ્રવ્યાદિ પરદ્રવ્યાદિ બંનેની પણ ક્રમશ: એકેકની અપેક્ષા લઈ ને બંનેની દૃષ્ટિએ કેવો? તો કે સદસત્ છે. એ ત્રીજો ભંગ. પરંતુ એક સાથે સ્વ–પરદ્રવ્યાદિની ઉભયની અપેક્ષાએ કેવો? તો જવાબમાં કહી શકાય એવું નથી કે 'સત્', યા 'અસત્', યા 'સદસત્'; માટે અવકતવ્ય જ કહેવું પડે, આ ચોથો ભાંગો. પછી એકેકની અપેક્ષાએ અને સાથે એક સાથ ઉભયની અપેક્ષાએ કેવો? તો (૫) સત્–અવકતવ્ય, (૬) અસત્–અવકતવ્ય, (૭) સદસત્–અવક્તવ્ય છે. એમ કુલ ૭ ભાંગા યાને સપ્તભંગી થાય. એમ અનિત્ય વગેરે ધર્મને લઈ ને અનેક સપ્તભંગી બને. આવી ભંગરચના-

ઓથી વસ્તુનો અનેકાંત શૈલીથી વિસ્તૃત અને સર્વાંશ સત્ય બોધ થાય છે. આ ભંગરચનાઓ પણ માત્ર એક જિનવચનની જ બલિહારી છે. અહો કેવાં ગંભીર જિનવચન !

૩. **પ્રમાણ** :—વસ્તુનો બોધ કરાવનારાં દ્રવ્યાદિ પ્રમાણ છે, જે 'અનુયોગદ્વારસૂત્ર'માં બતાવ્યાં છે. તે આ પ્રમાણે,—

## દ્રવ્યાદિ ૪ પ્રમાણ

પ્રમાણ એટલે પ્રમેય જેનાથી સિદ્ધ થાય, જણાય તે. પ્રમાણાત્ પ્રમેયસિદ્ધિઃ પ્રમાણથી સત્ય વસ્તુ પ્રમેય જ્ઞાત બને. પ્રમેય એટલે જગતની જ્ઞેય જ્ઞાતવ્ય વસ્તુ; એને જણાવનાર તે પ્રમાણ. એ ૪ પ્રકારે–દ્રવ્યપ્રમાણ, ક્ષેત્રપ્રમાણ, કાલપ્રમાણ, ને ભાવપ્રમાણ. જે દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી વસ્તુ મપાય, નિશ્ચિત થાય, તે દ્રવ્યાદિને પ્રમાણ કહેવાય.

(૧) **દ્રવ્યપ્રમાણમાં**, (૧) પ્રદેશનિષ્પન્ન અને (૨) વિભાગ નિષ્પન્ન; અર્થાત્ (૧) દ્રવ્યોની પ્રદેશસંખ્યાના હિસાબે લેવાતું માપ. દા. ત. દ્વિપ્રદેશિક સ્કંધ, ત્રિપ્રદેશિક સ્કંધ, અનંત પ્રદેશિક સ્કંધ. એમ (૨) દ્રવ્યના વિભાગથી બનતું પ્રમાણ; એ ૫ પ્રકારે, માન–ઉન્માન–અવમાન–ગણિમ–પ્રતિમાન. '**માન**' એટલે ધાન્ય તથા રસનાં ભરીને માપાં, પ્રસ્થક દ્રોણ–કુંભ આદિ, લીટર આદિ. '**ઉન્માન**' એટલે તોલમાપ, શેર–મણ–કીલોગ્રામ. '**અમાન**' એટલે લંબાઈ માપ, હાથ–ગજ–વાર–મીટર વગેરે. '**ગણિમ**' એટલે સંખ્યા, ૧—૧૦—૧૦૦....'**પ્રતિમાન**' એટલે સૂક્ષ્મ તોલમાપ, યવ–ગુંજા–રતિ–વાલ વગેરે.

(૨) **ક્ષેત્રપ્રમાણમાં** પણ એમ (૧) 'પ્રદેશનિષ્પન્ન' પ્રમાણ તરીકે અવગાહક આકાશના પ્રદેશથી માપ; એક પ્રદેશમાં રહેનાર એ

એકપ્રદેશી, બે પ્રદેશમાં રહેનાર દ્વિપ્રદેશિક....(૨), વિભાગ નિષ્પન્ન પ્રમાણ તરીકે આત્માંગુલ–ઉત્સેધાંગુલ–પ્રમાણાંગુલ. તે તે કાળના પોતાના ૧૦૮ અંગુલમાપે ઊંચા ઉત્તમ પુરુષનો અંગુલ તે 'આત્માંગુલ' એવા ૫૦૦ ધનુષ્યની કાયાનો અંગુલ તે 'પ્રમાણાંગુલ'. વીરપ્રભુના (૭ હાથની કાયાના) આત્માંગુલથી અર્ધ તે 'ઉત્સેધાંગુલ.' એના કરતાં ૪૦૦ ગુણો પહોળો [૧]પ્રમાણાંગુલ થાય. દ્વીપ સમુદ્ર પર્વત વગેરે પ્રમાણાંગુલથી મપાય છે. ૧ રસ–૧ વર્ણ–૧ ગંધ અને ૨ સ્પર્શવાળો અણુ તે સૂક્ષ્મ (નિર્વિભાગ) પરમાણુ. અનંત સૂક્ષ્મ પરમાણુનો ૧ વ્યાવહારિક પરમાણુ થાય. અનંત વ્યાવ૦ પરમાણુનો ૧ઉત્શ્લક્ષ્ણ શ્લક્ષ્ણિકા. પછી ક્રમશ ૮–૮ ગુણા થતાં શ્લક્ષ્ણિકા ઊર્ધ્વરેણુ–ત્રસરેણુ–રથરેણુ–દેવકુરુ ઊ૦વાલાગ્ર....લીખ-જૂ–યવમધ્ય–અંગુલ થાય. પછી ક્રમશ : ૧૨ અંગુલે હાથ, ૪ હાથે ધનુષ્ય, ૨૦૦૦ ધનુષ્યે ગાઉ, ૪ ગા૦૧ યોજન.

(૩) **કાળપ્રમાણમાં,**– (૧) 'પ્રદેશનિષ્પન્ન' ૧ સામયિક, ૨ સામયિક....(૨) 'વિભાગનિષ્પન્ન' માં અસંખ્ય સમયની ૧ આવલિકા, ૧,૬૭, ૭૭, ૨૧૬ આવલિકાનું ૧ મુહૂર્ત. બીજી રીતે ૭ પ્રાણે ૧ સ્તોક, ૭ સ્તોકે લવ, ૭૭ લવે મુહૂર્ત, ૩૦ મુહૂર્તે અહોરાત્ર. ૮૪ લાખ વર્ષે પૂર્વાંગ, ૮૪ લાખ પૂર્વાંગે ૧ પૂર્વ....યાવત્ શીર્ષ પ્રહેલિકા. અસંખ્ય વર્ષનો ૧ પલ્યોપમ. ૧૦ કોટાકોટિ પલ્યો૦નો ૧ સાગરોપમ, ૧૦ કોટાકોટિ સાગરો૦ની ૧–૧ અવસર્પિણી–ઉત્સર્પિણી. બે મળીને ૧ કાળચક્ર, અનંતા કાળચક્રે ૧ પુદ્ગલ પરાવર્ત.

(૪) **ભાવપ્રમાણમાં,** (૧) ગુણપ્રમાણ, (૨) નયપ્રમાણ, ને (૩) સંખ્યા પ્રમાણ.

**'ગુણપ્રમાણ'માં** ૨, જીવ ગુ૦ ને અજીવ ગુ૦. જીવગુણ જ્ઞાન–દર્શન–ચારિત્ર.

**'જ્ઞાનપ્રમાણ'માં** પ્રત્યક્ષ–અનુમાન–ઉપમાન–આગમ ①**પ્રત્યક્ષમાં** ઈં૦ પ્રત્ય૦, નોઇં૦ (મન) પ્રત્યક્ષ.

②**અનુમાનમાં** ૩, પૂર્વવત્–શેષવત્–દૃષ્ટસાધર્મ્યવત્. પૂર્વોપલબ્ધ ચિહ્નથી ઓળખાય, દા.ત–તલ–મસા–ક્ષત આદિથી પુત્રને ઓળખે તે 'પૂર્વવત્'. 'શેષવત્'માં કાર્ય–કારણ–ગુણ–અવયવ–આશ્રય પરથી ઓળખાય. દા.ત– [1]હેષારવથી અશ્વ, [2]તંતુથી પટ (ધૂમથી અગ્નિ), [3]ગંધથી પુષ્પ, [4]શૃંગથી પાડો, [5]બગલાથી તળાવ જણાય. **'દૃષ્ટસાધર્મ્યવત્'માં** (૧) સામાન્ય, એકથી ઘણાનું અનુમાન; (૨) વિશેષ, ઘણા પરથી એક વિશેષને જાણે. અથવા દૃષ્ટસાધ૦,–૧ અતીત આશ્રીને (ભરી નદીઓથી પૂર્વે સારી વર્ષા જાણે), ૨. વર્તમાન આશ્રીને (પ્રચુર દાન જોઈ સુભિક્ષ જાણે), (૩) ભવિષ્ય અંગે (પ્રશસ્ત વાયુ આદિથી સુવૃષ્ટિ કલ્પે).

③**ઉપમાનપ્રમાણમાં'** ૨– (૧) સાધર્મ્ય, (૨) વૈધર્મ્ય: 'સાધર્મ્ય'માં (૧) યત્કિંચિત્ સા૦ મેરુ જેવો સરસવ, મૂર્ત હોઈ, (૨) પ્રાય: સાધ૦, ગાય જેવું ગવય, (૩) સર્વ સાધ૦, અરિહંત જેવા અરિહંત. 'વૈધર્મ્ય'માં–(૧) કિંચિત્ વૈધ૦, કાળી ગાયને કાળું વાછરડું એથી વિરુદ્ધ ધોળીને ધોળું. (૨) પ્રાય: વૈધ૦, પાયસથી વિરુદ્ધ વાયસ (માત્ર છેલ્લા બે અક્ષર અને અસ્તિત્વ પૂરતું સાધર્મ્ય છે બાકી વૈધ૦), (૩) સર્વવૈધ૦, ગુરુઘાતક જેવો તો નીચ પણ ન હોય.

**આગમપ્રમાણમાં**–(૧)લૌકિક, મહાભારતાદિ, (૨) લોકોત્તર, આચારાંગાદિ. અથવા (૩) સૂત્ર–આગમ, અર્થાગમ, તદુભય આગમ. અથવા ૧. આત્માગમ, અર્થથી તીર્થંકરને, સૂત્રથી ગણધરને, ૨. અનંતરાગમ, અર્થથી ગણધરને, ૩. પરંપરાગમ, જંબૂસ્વામીને.

આટલી ભાવપ્રમાણની અંદર જીવગુણપ્રમાણમાં જ્ઞાનગુણપ્રમાણની વાત થઈ. હવે

**દર્શનગુણપ્રમાણમાં**, —ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન અને કેવળદર્શન.

**ચારિત્રગુણપ્રમાણમાં**,—સામાયિક (ઈત્વર, યાવત્કથિક), છેદોપસ્થાપનીય (સાતિચાર, નિરતિચાર), પરિહાર વિશુદ્ધિ (નિર્વિશ્યમાન તે તપસેવી, નિર્વિશ્યકાયિક તે વૈયાવચ્ચી), સૂક્ષ્મસંપરાય (સંકિલશ્યમાન, વિશુદ્ધયમાન), યથાખ્યાત (પ્રતિપાતી, અપ્રતિ૦, યા છદ્મસ્થ, વીતરાગ).

**અજીવગુણપ્રમાણમાં**, સ્પર્શ–રસ–ગંધ–વર્ણ–સંસ્થાન.

**નયપ્રમાણમાં**, ૩ દૃષ્ટાન્ત,–પ્રસ્થક, વસતિ, પ્રદેશ. (તે ધાન્ય ભરવાનું માપું, મુકામ, સૂક્ષ્માંશ) અંગે નૈગમ–વ્યવહાર નય, સંગ્રહનય, ઋજુસૂત્ર૦, શબ્દનયની જુદી જુદી દૃષ્ટિ છે. તે આ પ્રમાણે,–

| નય | પ્રસ્થક દૃષ્ટાન્ત શું કરો છો? | વસતિ–દૃષ્ટાન્ત ક્યાં રહો છો? |
|---|---|---|
| નૈ૦ વ્ય૦ | અટવી તરફ જવાથી માંડી પ્રસ્થક કોતરી, નામ પાડવા સુધી કહે 'પ્રસ્થક કરું છું.' | લોકમાં, મધ્યલોકમાં ..........અમુક ગામમાં શેરીમાં, ઓરડાના ખૂણામાં રહ્યો છું. |
| સંગ્રહ | ધાન્ય ભરેલ પ્રસ્થકને પ્ર૦ કહે | શય્યાદિમાં રહ્યો છું. |
| ઋજુ૦ | વર્તમાન પ્રસ્થક પણ પ્રસ્થક, તેટલું ધાન્ય પણ પ્રસ્થક. | અવગાહેલ આકાશ-પ્રદેશમાં રહું છું. |
| શબ્દનય | પ્રસ્થકનો જ્ઞાતા, ઉપ-યુક્ત એવો કર્તા એ પ્રસ્થક | સ્વ સ્વરૂપમાં રહું છું. |

**(૩) 'પ્રદેશ' દૃષ્ટાન્તમાં નય–ઘટના : પ્રદેશ કેટલા?**

**નૈગમનયે**– 'ધર્માસ્તિકાય–પ્રદેશ (ધર્મપ્રદેશ), અધર્મપ્રદેશ આકાશપ્રદેશ, જીવપ્રદેશ, પુદ્ગલસ્કંધ–પ્રદેશ, દેશપ્રદેશ,–એમ ૬ના પ્રદેશ હોય.'

**સં૦નયે**,—'દેશ એ સ્કન્ધમાં સમાયો, માટે એના પ્રદેશ જુદા નહિ, બાકી પાંચના પ્રદેશ હોય.'

**વ્ય૦નયે**,—'પાંચનો કોઈ સાધારણ પ્રદેશ નથી માટે પાંચના પ્રદેશ ન કહેવાય, કિન્તુ પાંચ પ્રકારના પ્રદેશ છે,–ધર્મ-પ્રદેશ અધર્મપ્રદેશ વગેરે.'

**ઋજુસૂત્રનય**—'દરેકના કાંઇ પાંચ પ્રકારના પ્રદેશ નથી; તેથી ૫ પ્રકારના પ્રદેશ નહિ, પણ કહો, ભજના છે,—સ્યાદ્ ધર્મપ્રદેશ, સ્યાદ્ અધર્મપ્રદેશ...........'

**શબ્દનય**— 'આમ કહેવામાં પણ દરેક પ્રદેશના સ્યાદ્ ધર્મ૦, સ્યાદ્ અધર્મ૦,....એમ ૫-૫ પ્રકારની આપત્તિ છે. તેથી કહો, જે ધર્મ૦નો પ્રદેશ તે પ્રદેશધર્માસ્તિકાય,........એમ પાંચ.'

**સમભિરૂઢનય**,—'પ્રદેશધર્મ' એમ સમાસ કરવા જતાં ધર્મમાં પ્રદેશ એવી ભેદસપ્તમીની શંકા થાય. માટે અસમાસથી કહો, 'જે ધર્માસ્તિકાય એ જ પ્રદેશ, તે પ્રદેશધર્મ........'

**એવંભૂતનય**,—'પ્રદેશ દેશ જેવી વસ્તુ જ નથી. કેમકે તે જો ભિન્ન કહો, તો અનુપલબ્ધ છે. અભિન્ન કહો તો ધર્મા૦ અને પ્રદેશ એક પર્યાયવાળા થવાની આપત્તિ. માટે જે છે તે અખંડ ધર્મા૦........વગેરે છે.

(iii) **સંખ્યાપ્રમાણમાં**,—નામાદિ ૪ સંખ્યા + ઉપમા સંખ્યા + પરિમાણ સં૦ + જ્ઞાનરૂપ સં૦ + ગણના સં૦–એમ ૮ પ્રકારે છે. એમાં ⓐ**દ્રવ્યસંખ્યા** આગમથી,નોઆગમથી એમ ૨ પ્રકારે છે. અને નોઆગમથી એ જ્ઞશરીર, ભવ્યશરીર, તદ્વ્યતિરિક્ત, એમ ૩ પ્રકારે.ⓑ **ઉપમાસંખ્યાપ્રમાણ** ૪ પ્રકારે, સત્‌ની સત્ સાથે ઉપમા, (એમ ચતુર્ભંગી.) દા.ત. અરહિંતની છાતી કપાટ જેવી. સત્‌ની અસત્ સાથે, દા.ત. અનુ૦દેવોનું આયુષ્ય ૩૩ સાગરોપમ. અસત્‌ની સત્ સાથે, દા.ત, સૂકું પર્ણ લીલાને કહે, 'અમ વીતી તુમ વીતશે, લીલી કુંપળિયા.' અસત્‌ની અસત્ સાથે,

–ગર્દભશૃંગ આકાશકુસુમ જેવું છે ©**પરિમાણુસંખ્યાપ્રમાણમાં** (i) કાલિકશ્રુત–પરિમાણમાં પર્યાય અનંતા, બાકી અક્ષર પદ પાદ ગાથા....નિર્યુક્તિ અનુયોગ ઉદ્દેશક....અંગ આદિ સંખ્યાતા. (ii) દૃષ્ટિવાદશ્રુત પરિ૦માં ઉપરોક્ત અનુયોગ સુધી, પછી પ્રાભૃત, પ્રાભૃતિકા, વસ્તુ આદિ ©**જ્ઞાનસંખ્યાપ્રમાણમાં** (સંખ્યાયતે= જ્ઞાયતે) શબ્દજ્ઞાનથી શાબ્દિક કહેવાય. ગણિતથી ગણિતજ્ઞ.... વગેરે. ©**ગણનાસંખ્યામાં** સંખ્યાત–અસંખ્યાત્–અનંત. ©ભાવસંખ્યાપ્રમાણમાં, પ્રાકૃતમાં 'સંખા' શબ્દ છે તેથી 'શંખ' લઈ શંખગતિ૦ને વેદે તે ભાવસંખ કહેવાય.

જિનાગમની શૈલીએ આ દ્રવ્યપ્રમાણ, ક્ષેત્રપ્રમાણ, કાલ–પ્રમાણ, ભાવપ્રમાણ, એમ ૪ પ્રકારે પ્રમાણની વિચારણા થઈ. બાકી સામાન્ય રીતે સ્થૂલ શૈલીથી જોતાં પ્રમાણ બે પ્રકારે,–૧ પ્રત્યક્ષ, અને ૨. પરોક્ષ. પ્રત્યક્ષ પ્રમાણમાં અવધિજ્ઞાન, મનઃ–પર્યાયજ્ઞાન, અને કેવળજ્ઞાન એમ ત્રણ પ્રમાણ આવે. અહીં

પ્રત્યક્ષ 'એટલે' 'પ્રતિ અક્ષમ્' અર્થાત્ સીધું આત્મામાં. એટલે કે આત્માને કોઈ બાહ્ય ઈન્દ્રિયો, યા હેતુ,યા શબ્દ, વગેરે સાધન વિના જ સાક્ષાત્ વસ્તુદર્શન જેનાથી થાય એ પ્રત્યક્ષ. એ ૩, (૧) **અવધિજ્ઞાનથી** ભૂત–વર્તમાન–ભવિષ્યની નજીક કે દૂરની રૂપી વસ્તુને પણ સાક્ષાત્ જોઈ શકે.

(૨) **મનઃપર્યાયજ્ઞાનથી** અઢી દ્વીપમાં રહેલા સંજ્ઞી પંચેન્દ્રિય જીવોના મનને જોઈ શકે.

(૩) **કેવળજ્ઞાનથી** લોકાલોકના સમસ્ત અનંતા કાળના ભાવ જોઈ શકે, સર્વ જીવો અને સર્વ પુદ્ગલાદિ દ્રવ્યોનાં ભૂત,

વર્તમાન ભાવી અનંતાનંત પર્યાયોને સાક્ષાત્ નિહાળે. આ તો પારમાર્થિક પ્રત્યક્ષ. ત્યારે, વ્યાવહારિક પ્રત્યક્ષ એ ઈન્દ્રિયો અને મનથી થતું પ્રત્યક્ષ છે. લોકવ્યવહાર એને પ્રત્યક્ષ કહે છે. એ પરમાર્થથી યાને ખરી રીતે પરોક્ષજ્ઞાન છે. કેમકે એ આત્માને સાક્ષાત્ થતું નથી. કિન્તુ ઇન્દ્રિય દ્વારા થાય છે.

**'પરોક્ષ' એટલે** અક્ષ યાને આત્માથી પરઃ; અર્થાત્ આત્માને બાહ્ય ઇંદ્રિય, હેતુ, શબ્દ વગેરે સાધન દ્વારા થતો યથાર્થ વસ્તુ-બોધ, એ પારમાર્થિક પરોક્ષ પ્રમાણ કહેવાય. એમાં ૧. મતિ-જ્ઞાન, ૨. શ્રુતજ્ઞાન, એમ બે પ્રકાર છે. ઇન્દ્રિયો અને મનથી વસ્તુ જણાય તે 'મતિજ્ઞાન,' અને આગમ આપ્તપુરુષનાં વચને જે અતીન્દ્રિય પદાર્થોનો પણ બોધ થાય એ 'શ્રુતજ્ઞાન' છે. હેતુ પરથી થતું અનુમાન, તર્ક, સ્મરણ પ્રત્યભિજ્ઞા વગેરે એ મતિજ્ઞાનના પ્રકાર છે....

આ 'પ્રમાણ' વ્યવસ્થા પણ જિનવચનમાં જ મળે છે. ત્યારે,

(૪) ગમ એટલે અર્થમાર્ગ, જે દ્વારોથી પદાર્થનો વિસ્તૃત બોધ થાય તેને અર્થમાર્ગ કહે છે. દા. ત. 'દંડક' પ્રકરણમાં ચારે ગતિના જીવોમાં જુદી જુદી વસ્તુ વિચારવા ૨૪ ભેદ યાને ૨૪ દંડક પાડચા. શ્રી તત્ત્વાર્થશાસ્ત્રમાં જીવ મમ્યકૃત્વાદિ વસ્તુનો વિચાર કરવા. માટે નિર્દેશ–સ્વામિત્વ વગેરે તથા–સત્–સંખ્યા ક્ષેત્ર.... વગેરે મુદ્દાઓ–દ્વારો બતાવ્યા. એમ કર્મગ્રન્થ–શાસ્ત્રોમાં જીવ, ગુણસ્થાન, વગેરેનો વિચાર કરવા માટે ગઈ–ઇંદ્રિય–કાય....વગેરે માર્ગણાઓ બતાવી, એમ 'આવશ્યકસૂત્ર' શાસ્ત્રની ઉપોદ્ઘાત

तत्थ य [1]मइदोब्बल्लेणं [2]तव्विहायरियविरहओ वा वि ।
[3]णेयगहणत्तणेण य [4]णाणावरणोदएणं च ॥ ४७ ॥
[5]हेऊदाहरणासंभवे य सइ सुट्ठु जं न बुज्झेज्जा ।
सव्वण्णुमयमवितहं तहावि तं चिंतए मइमं ॥ ४८ ॥
अणुवकयपराणुग्गहपरायणा जं जिणा जगप्पवरा ।
जियराग-दोस-मोहा य णऽण्णहावादिणो तेणं ॥ ४९ ॥

અર્થ :—(૧) બુદ્ધિની સમ્યગ્ અર્થાવધારણની મંદતાએ, (૨) સમ્યક્ યથાર્થ તત્ત્વ પ્રતિપાદન–કુશળ આચાર્ય ન મળવાથી, (૩) જ્ઞેય પદાર્થની ગહનતાને લીધે, (૪) જ્ઞાનાવરણીય કર્મનો ઉદય થવાથી, યા (૫–૬) હેતુ-ઉદાહરણ ન મળવાથી, આ જિનાજ્ઞાના વિષયમાં જો કાંઈ સારી રીતે ન સમજાય તો પણ બુદ્ધિમાન પુરુષ આ ચિંતવે કે, 'સર્વજ્ઞ તીર્થંકરોનું વચન અસત્ય હોય નહિ. કારણ કે ચરાચર જગતમાં શ્રેષ્ઠ શ્રી જિનેશ્વર ભગવંતો, એમના પર બીજાઓએ ઉપકાર ન કર્યો હોય તો ય, એના પર ઉપકાર કરવામાં તત્પર રહે છે. એમણે રાગ-દ્વેષ-મોહ (અજ્ઞાન)ને જીતી લીધા છે, તેથી ( અસત્ય બોલવાનાં કારણો જ નહિ હોવાથી ) તે અન્યથાવાદી યાને અસત્યભાષી હોય નહિ.'

---

નિર્યુક્તિમાં 'સામાયિક' વસ્તુનો વિચાર કરવા ઉદ્દેશ–નિર્દેશ–નિર્ગમ....વગેરે ૨૬ દ્વાર બતાવ્યા, એ દંડક–દ્વાર–મુદ્દા–માર્ગણા વગેરેને 'અર્થમાર્ગ' કહેવાય. શાસ્ત્રોમાં એવા બીજા અનેક અર્થમાર્ગો કહેલા છે. આ પણ જિનવચનની જ વિશેષતા છે. અહો કેવાં ગહન જિનવચન!

જિનેશ્વર ભગવાન કેવળજ્ઞાનના પ્રકાશથી સમસ્ત સંશયરૂપી અંધકારનો નાશ કરે છે, માટે જગતના દીવા છે. એમના દ્વારા

જીવોને કુશળ કાર્ય કરવાની આજ્ઞા કરાય છે માટે એમનાં વચનને જિનાજ્ઞા કહેવાય. એવી જિનાજ્ઞાના ઉપરોક્ત વિશેષણો પૈકી કોઈ પણ વિશેષણથી નિરાશંસ ભાવે જિનાજ્ઞાનું એકાગ્ર ચિંતન કરે, તે પહેલા પ્રકારનું 'આજ્ઞા-વિચય' નામનું ધર્મધ્યાન કહેવાય.

આમાં એવું બને કે મંદબુદ્ધિના યોગે, યા સમજાવનાર તેવા આચાર્ય ન મળવાને લીધે, કે જ્ઞેયની ગહનના આદિ કારણે કોઈ જિનવચનમાં સમજ ન પડે તો શ્રદ્ધા ડગવાનો સંભવ, અને તેથી ઉક્ત વિશેષણથી જિનાજ્ઞાનું ધ્યાન મુશ્કેલ થાય, તો એવા કયા કારણો છે, ને તે પ્રસંગે શું કરવું ? એ બતાવે છે,—

**વિવેચન:**-જિનવચને કહેલા પદાર્થ કદાચ સમજવામાં ન આવે તો તે કેવા કારણે, પહેલાં તો એ બતાવતાં કહે છે કે,-

**જિનવચન ન સમજાય એનાં ૬ કારણ:-**

(૧) **મતિદૌર્બલ્યથી,** યાને બુદ્ધિ જડ હોય યા ચંચળ હોય, તો વાચના સાંભળતાં જિનોક્ત પદાર્થનું મનમાં સમ્યગ્ અવધારણ ન થાય. જડબુદ્ધિવાળો તો સમજી જ શકતો નથી; અને જો જડ નથી, તો ય ચલવિચલતાના કારણે મન બહારમાં જાય છે તેથી પદાર્થ મનમાં ઊતરતા નથી, ટકતા નથી. ત્યારે મતિ જો સતેજ હોય કિન્તુ,

(૨) **તેવા આચાર્યના અભાવે** અર્થાત્ જેમાં જરા ય ફેરફાર નહિ એવું યથાર્થ તત્ત્વપ્રતિપાદન સારી રીતે કરવામાં કુશળ આચાર્ય મહારાજ ન મળે, તો પણ જિનવચન ન સમજાય. અહીં 'આચાર્ય' એટલે મુમુક્ષુ આત્માઓ વડે જે આચરાય છે, સેવાય છે તે. આચાર-સંપન્ન આચાર્યને જ મુમુક્ષુઓ સેવે;

પરંતુ એવા આચાર્ય (૧) તત્ત્વપ્રતિપાદન જો વિપરીત કરતા હોય, અથવા (૨) વિપરીત નહિ કિંતુ યથાર્થ કરવા છતાં સામાને સમજાય એવી સરળ શૈલીથી વિવેચન કરવામાં હોશિયાર ન હોય, તો એવા આચાર્ય મળવા છતાં પૂર્વોક્ત વિશેષણ વિશિષ્ટ જિનવચનના ભાવ સમજી શકાય નહિ. આમ જિનવચન ન સમજી શકવામાં કાં આ કારણ અથવા મતિદુર્બલતા કારણ હોય યા તો આ બંને કારણ પણ સંભવી શકે. તેમ,

(૩) **જ્ઞેયની ગહનતાને લીધે,** અર્થાત્ જે જણાય તે 'જ્ઞેય' કહેવાય, એવા જ્ઞેય પદાર્થ ધર્માસ્તિકાયાદિ દ્રવ્ય યા નય-ભંગી વગેરે; એની ગહનતાના હિસાબે પણ ન સમજાય અને જિનવચનનો અ-બોધ રહે એવું બને. એમ,

(૪) **જ્ઞાનાવરણીય કર્મના ઉદયથી,** અર્થાત્ પહેલેથી કે તત્કાળ એવા જ્ઞાનાવરણકર્મ ઉદયમાં આવવાથી જિનવચનના ભાવ ન સમજાય, એવું બને.

પ્ર૦- જ્ઞાનાવરણનો ઉદય કારણભૂત કહેવો છે તો એ જ એક કારણ કહો, મતિદુર્બળતાદિ કારણો તો એમાં સમાઈ જાય છે, કેમકે એ જ્ઞાનાવરણના ઉદયથી જ હોય છે, તો પછી એ બધાને જુદાં કારણ કહેવાનું યુક્તિયુક્ત નથી.

ઉ૦- ના, યુક્તિયુક્ત છે. કેમકે જો કે જિનવચન કેમ નથી સમજાતા એનું કારણ જ્ઞાનાવરણના ઉદયનાં કાર્યને જ બતાવવું છે, પરંતુ તે સંક્ષેપથી ને વિસ્તારથી. એમાં સંયોગ જુદા જુદા, તેથી કારણો ભિન્ન ભિન્ન કહેવાય. સંક્ષેપમાં જ્ઞાનાવરણના ઉદયથી થતું અજ્ઞાન કારણભૂત બતાવાય, અને વિસ્તારથી

પેલા મતિદુર્બળતાદિ કારણો બતાવવા પડે. મતિદુર્બળતાદિ એ જ્ઞાનાવરણના ઉદયનું કાર્ય ખરા, કિન્તુ ઉપાધિ યાને વિશેષણો સંયોગો જુદા, તેથી મતિદુર્બળતાદિ જુદા જુદા હોવાનું કહી શકાય. કોઈને મતિમંદતા દ્વારા, તો બીજાને વળી આચાર્ય તેવા ન મળવા દ્વારા, ત્યારે ક્યાંક જ્ઞેયની ગહનતા પર, એમ જુદા જુદા સંયોગે જ્ઞાનાવરણનો ઉદય કામ કરી જાય.

(૫-૬) **હેતુ-ઉદાહરણના અસંભવથી** પણ અર્થાત્ કોઈ કથનમાં હેતુ કે ઉદાહરણ ન મળવાથી પણ જિનવચનનો ભાવ બુદ્ધિમાં બેસે નહિ, એમ બને. 'હેતુ' એટલે પ્રયોજન અને કારણ. પ્રસ્તુતમાં 'પ્રયોજન' અર્થનો ઉપયોગ નથી, કેમકે કોઈ કથનનું પ્રયોજન ન સમજાય એટલે એ કથન ન સમજાય એવું નથી હોતું. તેથી ટીકાકાર મહર્ષિએ અહીં 'હેતુ' શબ્દનો કારણ અર્થ લઈ કારણ તરીકે કારક અને વ્યજંક એમ બે અર્થ લીધા. એમાં 'કારક' એટલે ઉત્પાદક, દા. ત. અગ્નિ બનવામાં કારક હેતુ છે ઇંધણ-બળતણ, ત્યારે 'વ્યંજક' એટલે જણાવનાર હેતુ છે ધૂમાડો.

ત્યાં 'હેતુ' એટલે પદાર્થને 'હિનોતિ'=મગજમાં મોકલે, અર્થાત્ જણાવે તે. દા. ત. મકાનની બારીમાંથી બહાર ધુમાડો આવતો દેખાય, તો તે ધૂમાડો અંદરમાં અગ્નિ હોવાનું જણાવે છે. માટે એ ધૂમાડાને હેતુ કહેવાય. એ વ્યંજક હેતુ બન્યો. જિનવચનના કોઈ કોઈ કથનનો યાને કથિત વિધાનનો હેતુ ન મળે, તેથી એ કથન સમજમાં ન આવે એવું બને.

અથવા 'ઉદાહરણ' એટલે ખરેખર બનેલું કે કલ્પેલું દૃષ્ટાન્ત; એ ન બતાવ્યું હોય તેથી પણ જિનવચન ન સમજાય એવું બને.

આમ છ કારણ પૈકી કોઈ કારણે જિનવચન–કથિત કોઈ વસ્તુજાત મુદ્દલ ન સમજાય, યા સારી રીતે ન સમજમાં આવે, તો પણ ભલે સમજમાં ન આવ્યું છતાં જિનવચન યા તત્કથિત વસ્તુ માટે બુદ્ધિમાન પુરુષ આ વિચાર કરે,–

**જિનવચન કેમ અસત્ય નહિ?**:—સર્વજ્ઞવચન અને સર્વજ્ઞોક્ત વસ્તુ અસત્ય હોય નહિ. એનું કારણ એ છે કે ચરાચર વિશ્વમાં શ્રેષ્ઠ જિનેશ્વર ભગવાન પોતે બીજાઓથી કાંઈ ઉપકાર પામ્યા ન હોય તો ય એમની પ્રત્યે ધર્મોપદેશાદિથી અનુગ્રહ–કૃપા–ઉપકાર કરવામાં પરાયણ રહે છે, ઉદ્યુક્ત હોય છે. એવા એકાંત ઉપકાર–પ્રવૃત્તિવાળા એમને જગતને ઠગવાનું શું કામ તે અસત્ય બોલે? હાં, ઉપકારીને પણ ક્યાંક કદાચ રાગાદિ વશ અસત્યનો સંભવ રહે, કેમકે (૧) રાગ યાને આસક્તિવશ જૂઠું બોલાય છે. પૈસા પર રાગ છે તો વેપારી ઘરાકને જૂઠું કહે છે, (૨) એમ દ્વેષ એટલે અપ્રીતિ, એના લીધે પણ અસત્ય બોલાય છે; દા. ત. ઓરમાન માતા શોકયના પુત્ર અંગે પતિને જૂઠું ભળાવે છે. એમ (૩) મોહ યાને અજ્ઞાન, વસ્તુનો બરાબર ખ્યાલ ન હોવાથી પણ અસત્ય બોલવાનું બને છે. આમ રાગ, દ્વેષ કે મોહના કારણે કથનમાં મૃષા આવે. કિન્તુ આ જિનેશ્વર ભગવાને તો અસત્ય ભાષણના કારણભૂત રાગ–દ્વેષ–મોહને જીતી લીધા છે, 'રાગાદિને જીતે

राग-द्दोस-कसाया-ऽऽसवादिकिरियासु वट्टमाणाणं ।
इहपरलोयावाए झाइज्जा वज्जपरिवज्जी ॥ ५० ॥

અર્થઃ- રાગ, દ્વેષ કષાય અને આશ્રવાદિ ક્રિયાઓમાં વર્તતાને આ લોક પરલોકના અનર્થ (કેવા આવે છે તે) વર્જ્ય (અકૃત્ય) નો ત્યાગી ધ્યાવે, એકાગ્રતાથી વિચારે.

---

તે જિન;' અર્થાત્ રાગાદિનો સદાને માટે પોતાના આત્મામાંથી અભાવ કરી દીધો છે, પછી એમને અસત્ય બોલવાનું કોઈ કારણ જ નથી. માટે એ અન્યથાવાદી યાને ફેરફાર બોલનાર હોય જ નહિ. તેથી એમના વચનમાં કે એમણે કહેલ પદાર્થમાં અસત્યતા હોય જ ક્યાંથી?' માટે આપણી મતિદુર્બળતાદિ કારણે ન સમજાય તો પણ જિનવચન-જિનાજ્ઞાને એકાંત સત્ય અને હિતકર માની એનું પૂર્વોક્ત વિશેષણોથી ધ્યાન કરવું જોઈએ. એ પહેલું 'આજ્ઞા-વિચય' નામનું ધર્મધ્યાન થાય. આ ધર્મધ્યાનના ધ્યાતવ્યનો પહેલો ભેદ.

## (૨) અપાયવિચય

હવે ધ્યાતવ્યનો બીજો ભેદ 'અપાયવિચય' બતાવે છે,-

**વિવેચન** :—ધર્મધ્યાનનો બીજો પ્રકાર 'અપાય-વિચય,' એમાં રાગાદિ ક્રિયાથી આ લોક પરલોકમાં નીપજતા અનર્થ કેવા, એ ધ્યાવવાનું છે. તે ક્રમશઃ આ રીતે,—

જીવનો સ્વભાવ અક્રિય અવસ્થાનો છે; કોઈ રાગક્રિયા-દ્વેષક્રિયા-કષાયક્રિયા-મિથ્યાત્વાદિ આશ્રવક્રિયા કે હિંસાદિની કાયિકી આદિ ક્રિયા કરવાનો નથી. પરંતુ સંસારમાં એ કરીને

જીવ દુઃખ અને પાપ તથા દીર્ઘ સંસારભ્રમણ જ પામે છે. કહ્યું છે,–

**રાગ–દ્વેષના અનર્થ:—**

**रागः संपद्यमानोऽपि दुःखदो दुष्टगोचरः ।**
**महाव्याध्यभिभूतस्य कुपथ्यान्नाभिलाषवत् ॥**
**दृष्टयादिभेदभिन्नस्य रागस्यामुष्मिकं फलम् ।**
**दीर्घः संसार एवोक्तः सर्वज्ञैः सर्वदर्शिभिः ॥**

–અર્થાત્ (૧)અપ્રશસ્ત વસ્તુ અંગેનો રાગ ઊઠતાં જ દુઃખદાયી બને છે; જેમકે, મહારોગથી ઘેરાયેલાને કુપથ્થ ખોરાકની અભિલાષા. મનમાં કુપથ્ય ખાવાની ઇચ્છા ઊઠતાં શરીર પર એની અસર થાય છે. એવું અહીં વિષયાદિનો રાગ ભભુકતાં દુઃખ–અશાંતિ–અસ્વસ્થતા શરૂ થાય છે.

(૨)દૃષ્ટિ વગેરે પ્રકારોથી જુદા જુદા રાગનું એટલે કે (૧) દૃષ્ટિરાગ, (કોઈ પણ અસત્ માન્યતાની પકડ), (૨) કામરાગ, અને (૩) સ્નેહરાગનું પરલોકમાં ફળ સર્વજ્ઞ સર્વદર્શી તીર્થંકર ભગવંતોએ દીર્ઘ સંસાર કહ્યું છે.

**द्वेषः संपद्यमानोऽपि तापयत्येव देहिनम् ।**
**कोटरस्थो ज्वलन्नाशु दावानल इव द्रुमम् ॥**
**दोसानलसंसत्तो इहलोए चेव दुक्खिओ होइ ।**
**परलोयंमि य पावो पावइ निरयानलं तत्तो ॥**

–અર્થાત્ (૧)જેમ ઝાડના બખોલમાં દાવાનળ ભભૂકતાં જ ઝાડને તપાવે છે, એમ હૈયામાં દ્વેષ ઊઠતાં જ એ પ્રાણીને તપાવે છે.

(૨)દ્વેષરૂપી અગ્નિથી સ્પર્શાયેલો પહેલો તો આ જીવનમાં જ દુઃખી થાય છે, અને પછી પરલોકમાં એ પાપી જીવ નરકની અગ્નિ પામે છે.

આવું ક્રોધાદિ કષાયોમાં બને છે. એનાં નુકસાન અંગે કહ્યું છે,—

## કષાયોના અનર્થ:—

कोहो य, माणो य अणिग्गहिया, माया य लोहो य पवड्ढमाणा।
चत्तारि एए कसिणा कसाया सिञ्चन्ति मूलं पुणब्भवस्स ॥

कोहो पोइं पणासेइ माणो विणयणासणो।
माया मित्ताणि णासेइ लोहो सव्वविणासणो ॥

-અર્થાત્ ક્રોધ અને અભિમાન જો અંકુશમાં ન લીધા, દબાવ્યા નહિ, તેમજ માયા અને લોભ જો વધતા ચાલ્યા, તો એ ચારે કષાયો અખંડ રહીને પુનર્જન્મ-સંસારના બીજભૂત કારણોને સિંચે છે. (સંસારનું કારણ મિથ્યાત્વ, અર્થ-કામ, આહારાદિ સંજ્ઞાઓ, હિંસાદિ દુષ્કૃત્યો,-આ બધા ક્રોધાદિ કષાઓથી પુષ્ટ બને છે. એના પર સંસાર પુષ્ટ થાય છે. )

ક્રોધ પ્રીતિનો નાશ કરે છે, માન વિનયનો ઘાત કરે છે. માયા મિત્રોને ઉરાડે છે. લોભ સર્વ વિનાશક છે.

## મિથ્યાત્વ-અજ્ઞાનના અનર્થ:—

એમ આશ્રવો અર્થાત્ મિથ્યાત્વાદિ કર્મબંધના હેતુઓના વળી અનર્થ પણ કેવા ભયંકર ? કે

मिच्छत्तमोहियमई जीवो इहलोए एव दुक्खाइं।
निरयोवमाइं पावो पावइ पसमाइगुणहीणो ॥
अज्ञानं खलु कष्टं क्रोधादिभ्योऽपि सर्वपापेभ्यः।
अर्थं हितमहितं वा न वेत्ति येनावृतो लोकः ॥

–અર્થાત્ ©મિથ્યાત્વથી મોહિત મતિવાળો પાપી જીવ પ્રથમ સંવેગ આદિ ગુણોથી રહિત રહી આ જીવનમાં જ નરકના જેવા દુઃખ પામે છે. (નરકના જીવને બહારની તીવ્ર વેદનાથી અંતરમાં ભારે સંતાપ, ત્યારે આવા જીવોને અંદરની મિથ્યાત્વની પીડા અને તેથી બહારની ઊંધી પ્રવૃત્તિની વિટંબણાથી અંતરમાં ભારે સંતાપ હોય છે.)

©ક્રોધાદિ સર્વ પાપો કરતાં અજ્ઞાન–મિથ્યામતિ એ ખરેખરું દુઃખરૂપ છે. કેમકે એનાથી આચ્છાદિત લોક હિતાહિત વસ્તુને સમજતો નથી, (અજ્ઞાનમિથ્યાત્વ ન હોય તો તો ક્રોધાદિ થવા છતાં એ સમજે કે 'આમાં મારું અહિત છે; અને આના ત્યાગમાં જ હિત છે;' તેથી વીર્યોલ્લાસ વધતાં એને ફગાવી દે. ત્યારે જો મિથ્યાત્વ હોય તો તો ક્રોધાદિને અહિતકારક સમજતો જ નથી, પછી શું કામ એનો ત્યાગ કરે?)

અવિરતિના અનર્થ:—

એમ અવિરતિ આશ્રવના પણ અનર્થ આ રીતે ચિંતવે,–

जीवा पावंति इहं पाणवहादविरईए पावाए ।
नियसुयघायणमाई दोसे जण-गरहिए पावा ॥
परलोयंमि वि एवं आसवकिरियाहि अज्जिए कम्मे ।
जीवाण चिरमवाया निरयाइगई भमंताणं ॥

–અર્થાત્ ©હિંસાદિની પાપી અવિરતિ (છૂટ) થી પાપી જીવો લોકમાં નિંદાય એવા સ્વપુત્રઘાત આદિ દોષોમાં ફસાય છે. (પ્રતિજ્ઞાથી હિંસાદિનો ત્યાગ નથી કર્યો, તેથી એવો અવસર આવી લાગતાં પોતાના પુત્ર વગેરેનો ય ઘાત આદિ પાપ આચરે છે. ચુલનીએ પોતાના પુત્ર બ્રહ્મદત્તને લાખના ઘરમાં જીવતો બાળી નાખવાનો પેંતરો રચેલ.) આ તો આ જીવનમાં અનર્થ.

*આશ્રવરૂપ ક્રિયાઓથી કર્મ ઊભા થયે પરલોકમાં પણ જીવોને નરક આદિ ગતિઓમાં ભટકતાં દીર્ઘકાળ અનર્થ નીપજે છે.

અહીં મૂળ ગાથા ૫૦મીમાં 'આસવાદિ' એમાં આશ્રવની સાથે જે 'આદિ' પદ મૂકયું છે, એ એ જ રાગદ્વેષ–કષાય અને મિથ્યાત્વ–અવિરતિ આશ્રવના અવાન્તર અનેક ભેદોનું સૂચક છે. ત્યારે બીજા આચાર્યો કહે છે કે આ 'આદિ' પદ પ્રકૃતિબંધ, સ્થિતિબંધ, અનુભાગબંધ અને પ્રદેશબંધનું જ્ઞાપક છે. એટલે આ બે અપેક્ષાએ રાગાદિના અપાય ચિંતવતાં રાગાદિના અવાંતર અનેકાનેક પ્રકારોના અથવા રાગાદિના પ્રકૃતિ–બંધ, સ્થિતિ–બંધ આદિના અનર્થ પણ ચિંતવી શકાય.

**૫ પ્રકારની ક્રિયાઃ—**

એમ 'કિરિયાસુ' અર્થાત્ કાયિકી, અધિકરણિકી, પ્રાદ્વેષિકી, પારિતાપનિકી અને પ્રાણાતિપાતિકી ક્રિયાના પણ અનર્થ ચિંતવે. કહ્યું છે,–

**किरियासु वट्टमाणा काईयमाईसु दुक्खिया जीवा।**
**इह चेव य परलोओ संसारपवड्ढया भणिया॥**

અર્થાત્ કાયિકી આદિ ક્રિયામાં પ્રવર્તતા જીવો આ જીવનમાંથી જ દુઃખી થાય છે, અને પરલોકમાં સંસારને અત્યંત વધારનારા બને છે.

જે ક્રિયામાં અંતે જીવની હિંસા થાય છે, એમાં પાંચ પગથિયાં હોય છે. પહેલાં કાયાની હીલચાલ થાય તે કાયિકી ક્રિયા. પછી હિંસાનું સાધન પકડે તે અધિકરણિકી ક્રિયા. બાદ હિંસાર્થે મનમાં દ્વેષ ક્રૂરતા–કઠોરતા ઊભો થાય તે પ્રાદ્વે-

ષિકી ક્રિયા. પછી શસ્ત્રપ્રયોગ કરતાં જીવને દુઃખ દેવાનું થાય તે પારિતાપનિકી, અને અંતે જીવનો નાશ થાય તે પ્રાણાતિપાતિકી ક્રિયા.

**આશ્રવના અનર્થના દૃષ્ટાન્તોઃ—**

અહીં રાગ–દ્વેષ–કષાય–મિથ્યાત્વ–અવિરતિ અને હિંસાદિ ક્રિયાથી નીપજતા અનર્થ ચિંતવવાના છે તે આ રીતે, કે 'અરે! આ જીવનમાં રાગાદિમાંથી કેવા મહાનુકસાન ઊતરે છે! મમ્મણ ધન પરના રાગથી સુખે ખાવા–પીવા ન પામ્યો. કોણિક રાજ્યના લોભમાં દ્વેષથી પિતા શ્રેણિકને કેદમાં પૂરનારો થયો, ને ભાન આવ્યું ત્યારે પિતાને ગુમાવનારો બન્યો. સુભૂમ સમૃદ્ધિના લોભ અને મદમાં ધાતકી ખંડના ભરતને જીતવા જતાં વિમાન અને લ્હાવ–લશ્કર સાથે દરિયામાં પડ્યો. પ્રદેશીએ સૂર્યકાન્તા રાણી પર બહુ રાગ કરેલો તો રાણીએ અંતે એને ઝેર આપ્યું. ધવલ શ્રીપાલ પર દ્વેષની પ્રવૃત્તિ કરી કરી દુઃખી થતાં અંતે શ્રીપાલને મારવા જતાં પડ્યો, ને પોતાની કટારીથી પોતે જ મર્યો. કુલવાલક મુનિ વેશ્યાના રાગમાં અંતે ભગવાનનો સ્તૂપ ઊખેડી નખાવનારો બન્યો. અભયા રાણી સુદર્શન શેઠ પર કામરાગ અને માયા કરવા જતાં દેશવટો પામી. સોમિલ સસરાએ ગજસુકુમાળને દ્વેષમાં માર્યા પછી એ કૃષ્ણજીને જોતાં જ હૃદયાઘાત અનુભવી મર્યો.

**રાગાદિના પોતાને ચાલુ અનર્થમાં,** દા. ત. વસ્તુ પર રાગ કરવા જતાં (૧) એમાં બગડવાના લીધે દુઃખ થાય છે. (૨) રાગના લીધે નરસાને સારું માનવાનું અજ્ઞાન આવે છે.

(૩) વિષયરાગના લીધે દેવ-ગુરુ-ધર્મ પર એવો રાગ જામતો નથી, (૪) જેના પર રાગ છે એના અંગે કેટલીક વાર બીજાઓની ટીકાટિપ્પણ થતાં દ્વેષ વગેરે જાગે છે. એમ, દ્વેષના ને ઈર્ષ્યાના કેટલા ય અનર્થ નીપજે છે. તો અભિમાન કરવા પાછળ ક્યાં વેઠવાનું હારવાનું નથી આવતું? એમ અવિરતિ યાને પાપની છૂટના લીધે એ પાપોમાં અતિરેક-અધિકતા થઈ જાય છે, ને પછી સહવું પડે છે. દા. ત. મિઠાઈની અવિરતિ હોવાથી એ વધારે ખવાઈ જતાં પેટ ચડે છે, દુઃખે છે, એવું બને છે. આમ જગતમાં ચાલતા અનર્થ જોઈએ તો દેખાય કે એના મૂળમાં આ રાગાદિ કારણભૂત છે.

આ પર ચિંતવતાં 'અપાયવિચય' ધર્મધ્યાન લાગે છે. એનો મહાન લાભ એ, કે આર્તધ્યાન અટકે છે. જ્યાં આર્તધ્યાન થવું લાગે ત્યાં અપાયવિચય-વિપાકવિચય લાગુ કરવાનું.

આવી રાગાદિ ક્રિયાઓના અનર્થને ચિંતવનાર કેવો હોય, તો કહે છે, 'વજ્જપરિવજ્જી' 'વજ્જ' એટલે કે વર્જ્ય, ત્યાજ્ય જે અકૃત્ય પ્રમાદ, એનો પરિવર્જી હોય, ત્યાગી હોય; અર્થાત્ અપ્રમત્ત હોય, લેશ પણ પ્રમાદને ન સેવનારો હોય. એ 'અપાયવિચય' ધર્મધ્યાન બરાબર કરી શકે. પ્રમત્ત હોય, પ્રમાદી હોય, રાગાદિસેવનમાં મગ્ન હોય, એને હૈયે તો એની મિઠાશ હોવાથી એ રાગાદિના અનર્થ દિલથી શું વિચારી શકે?

## (૩) વિપાકવિચય

હવે 'વિપાકવિચય' નામનો ધર્મધ્યાનનો ત્રીજો પ્રકાર કહેવામાં આવે છે,–

पयइ-ठिइ-पएसा-ऽणुभावभिन्नं सुहासुहविहत्तं ।
जोगाणुभावजणियं कम्मविवागं विचिंतेज्जा ॥ ५१ ॥

અર્થ:- પ્રકૃતિ-સ્થિતિ-પ્રદેશ-અનુભાવના વિભાગથી ભિન્ન ભિન્ન, (એ દરેક પાછા) શુભઅશુભના વિભાગથી ભિન્ન ભિન્ન, તથા યોગ ને કષાયાદિથી ઉત્પન્ન કર્મવિપાકને ચિંતવે.

---

**વિવેચન:**—'વિપાકવિચય' નામના ત્રીજા ધર્મધ્યાનમાં આત્મા પર બંધાતા કર્મોની પ્રકૃતિ-સ્થિતિ-રસ-પ્રદેશના વિપાકનું ચિંતન કરવાનું છે.

**પ્રકૃત્તિ-સ્થિતિ-પ્રદેશ - અનુભાવ:**-એમાં① 'પ્રકૃતિ' એટલે જ્ઞાનાવરણ, દર્શનાવરણ વગેરે કર્મોના જે ૮ મૂળ પ્રકાર, તથા દરેકના ઉત્તરભેદ, એનો સ્વભાવ દા. ત. વિપાક વખતે જ્ઞાન રોકવું, દર્શન અટકાવવું વગેરે છે.② 'સ્થિતિ' એટલે કર્મોનું આત્મા પર વળગ્યા રહેવાનું કાળમાન. તે જઘન્યથી બે સમય યા અંતર્મુહૂર્ત હોય, ઉત્કૃષ્ટથી ૭૦ કોડાકોડી સાગરોપમ હોય, વિપાકમાં આટલી કાળસ્થિતિ ભોગવવી પડે. 'પ્રદેશ' એટલે જીવના પ્રદેશે પ્રદેશ (સૂક્ષ્મ અંશ) સાથે કર્મપુદ્ગલના અમુક જથાનો સંબન્ધ થવો. એમાં કર્મપુદ્ગલનાં દળિયા કયાંક વધુ કયાંક ઓછા ચોંટે છે.③ 'અનુભાવ' એટલે વિપાક, રસોદય; આના વિપાકમાં જ્ઞાનાવરણાદિ સ્વભાવની ઉગ્રતા મંદતા અનુભવવી પડે. આ પ્રકૃત આદિના વિપાક ચિંતવવાના છે.

આ પ્રકૃત આદિ શુભ અશુભ બે પ્રકારે હોય છે. દા. ત. જ્ઞાનાવરણ, દર્શનાવરણ, મોહનીય અને અંતરાયકર્મ, એ ચારે ય અશુભ છે. ત્યારે શાતાવેદનીય આદિ કર્મ શુભ છે, અને

અશાતાવેદનીય આદિ અશુભ છે. એટલે કર્મની પ્રકૃતિ આદિ કેવા શુભ યા અશુભ છે તે ચિંતવવાનું છે.

આ વિપાક પણ યોગાનુભાવ યાને 'યોગ'થી મનોયોગ-વચન-યોગ-કાયયોગ તથા 'અનુભાવ'થી કષાય-અવિરતિ-મિથ્યાત્વ-પ્રમાદને અનુસાર ઉત્પન્ન થાય છે. દા. ત. તંદુલિયા મચ્છનો મોટા મત્સ્યના મોંમાંથી કેટલાં ય નાનાં માછલાં ક્ષેમ-કુશળ પેસીને નીકળી જતા જોવા પર એનાં ભક્ષણનો મનોયોગ યાને વિચારણા તથા કષાય જોરદાર રહે છે. તેથી નરકગતિના ભારે કર્મવિપાક સર્જાય છે.

અથવા વૃદ્ધ પુરુષોની વ્યાખ્યાને અનુસારે, 'પ્રદેશ' એટલે જીવપ્રદેશ સાથે કર્મપ્રદેશનું મિલન; એ કર્મપુદ્‌ગલ એક ક્ષેત્રાવ-ગાઢ હોય, યાને જીવના અવગાહેલા ક્ષેત્રમાં જ અવગાહેલ હોય. આત્મપ્રદેશે એ કર્મપ્રદેશો બંધાય તે સ્પૃષ્ટરૂપે, અવગાઢરૂપે, અનંતરરૂપે, તેમ અણુ ને બાદરરૂપે, એમ ઉર્ધ્વ ને અધોરૂપે બંધાય. આત્મપ્રદેશ સાથે સ્પર્શ થાય, પછી 'અવગાઢ' યાને પ્રવિષ્ટ થાય, પછી 'અનંતર' યાને આંતરા વિના એકમેક બને. એ પહેલાં 'અણુ' યાને નાના સ્કંધરૂપે, ને પછી 'બાદર' યાને મોટા સ્કન્ધરૂપે બંધાય. એ 'ઊર્ધ્વ-અધો' ઉપર-નીચેથી બંધાય. આનું કર્મવિપાક ધ્યાનમાં ચિંતન કરે.

વળી 'અનુભાવ' એટલે સ્પૃષ્ટ-બદ્ધ-નિકાચિત આઠ કર્મનું ઉદયથી વેદન. એ 'સ્પૃષ્ટ' આદિમાં સોયોનું દૃષ્ટાંત છે. સોયો દોરીથી એક ઝુડીમાં 'બંધાઈ', પરસ્પર સ્પર્શીને રહી હોય તે 'સ્પૃષ્ટ,' અથવા તપાવાઈ પરસ્પર ચોંટી ગઈ હોય તે બદ્ધ, અને

## (૪) સંસ્થાનવિચય

जिणदेसियाइ लक्खण-संठाणा-ऽऽसण-विहाण-माणाइं ।
उप्पाय-ठिइ-भंगाइपज्जवा जे य दव्वाणं ॥ ५२ ॥

पंचत्थिकायमइयं लोगमणाइणिहणं जिणक्खायं ।
णामाइभेयविहियं तिविहमहोलोयभेयाइं ॥ ५३ ॥

खिइ-वलय-दीव--सागर--नरय--विमाण--भवणाइसंठाणं ।
दोसाइपइट्ठाणं नियंयं लोगट्ठिइविहाणं ॥ ५४ ॥

સોયો પીગળી જઈને એક ગઠ્ઠારૂપે થઈ હોય તે નિકાચિત. એની જેમ કર્મોનો આત્મપ્રદેશ સાથે સંબંધ સ્પૃષ્ટ હોય, યા બદ્ધ હોય અથવા નિકાચિત હોય. અર્થાત્ સામાન્ય સંબદ્ધ, વિશેષ સંબદ્ધ, યા ગાઢ સંબદ્ધ થયેલ હોય. એવાં કર્મનું ઉદયથી ભોગવાવું તે 'અનુભાવ' કહેવાય.

આમ કર્મોની પ્રકૃતિ–સ્થિતિ–પ્રદેશ–અનુભાવના વિપાક ચિંતવે. એ કર્મવિપાક 'યોગાનુભાવ'થી ઉત્પન્ન થયો હોય એમાં 'યોગ' મનોયોગ આદિ ત્રણ. 'અનુભાવ' મિથ્યાદર્શન–અવિરતિ પ્રમાદ–કષાયો. એ બંનેથી ઉત્પાદિત કર્મનો વિપાક–ઉદય ચિંતવે.

આ ત્રીજું વિપાકવિચય ધર્મધ્યાન થયું. આનો પ્રભાવ એ છે કે રોગાદિ પીડામાં હાયવોયથી જે આર્તધ્યાન થતું હતું, તે આનાથી અટકે અને જીવને સમતા–સમાધિ આવે; કેમકે આમાં દૃષ્ટિ સીધી પીડાના મૂળભૂત કારણ કર્મના વિપાક પર જવાની.

હવે ચોથો પ્રકાર 'સંસ્થાન વિચય,' એ વર્ણવે છે,–

⊛ उवओग लक्खणमणाइणिहणमत्थंतरं सरीराओ ।
जीवमरूविं कारिं भोयं च सयस्स कम्मस्स ॥ ५५ ॥

⊛ तस्स य सकम्मजणियं जम्माइजलं कसायपायालं ।
वसणसयसावयमणं मोहावत्तं महाभीमं ॥ ५६ ॥

⊛ अण्णाणमारुपरिय-संजोगविजोग-वीइसंताणं ।
संसारसागरमणोरपारमसुहं विचिंतेज्जा ॥ ५७ ॥

⊛ तस्य य संतरणसहं सम्मद्दंसणसुबंधणं अणघं ।
णाणमयकण्णधारं चारित्तमयं महापोयं ॥ ५८ ॥

⊛ संवरकयनिच्छिद्दं तवपवणाइद्ध जइणतरवेगं ।
वेरग्गमग्गपडियं विसोत्तियावीइ निक्खोभं ॥ ५९ ॥

⊛ आरोढुं मुणिवणिया महग्घसीलंगरयणपडिपुन्नं ।
जह तं निव्वाणपुरं सिग्घमविग्घेण पावंति ॥ ६० ॥

⊛ तत्थ य तिरयण-विणिअागमइयमेगंतियं निराबाहं ।
साभावियं निरूवमं जह सोक्खं अक्खयमुवेंति ॥ ६१ ॥

⊛ किं बहुणा? सव्वं चिय जीवाइपयत्थवित्थरोवेयं ।
सव्वनयसमूहमयं झाएज्जा समयसब्भावं ॥ ६२ ॥

અર્થ:— ⊛[૫૨](ચોથા 'સંસ્થાનવિચય'માં શું ચિંતવે? તો કે) જિનેશ્વર ભગવાને ઉપદેશેલ ધર્માસ્તિકાયાદિ દ્રવ્યોનાં લક્ષણ, આકૃતિ, આધાર, પ્રકાર, પ્રમાણ અને ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાદિ જે પર્યાય (તે ચિંતવે; વળી)

⊛[૫૩]જિનોક્ત અનાદિ-અનંત પંચાસ્તિકાયમય લોકને નામાદિ (નામ-સ્થાપના-દ્રવ્ય-ક્ષેત્રકાળ-ભાવ-પર્યાયલોક) ભેદથી ૮ પ્રકાર તથા અધો-મધ્ય-ઊર્ધ્વ એમ ત્રણ પ્રકારે (ચિંતવે; એમાં) ⊛[૫૪] (ઘર્મ-ઘમ્મા આદિ સાત પાતાલ) ભૂમિઓ,

(ઘનોદધિ આદિ) વલયો, (જંબૂદ્વીપ-લવણાદિ અસંખ્ય) દ્વીપો-સમુદ્રો, નરકો, વિમાનો, દેવતાઈ ભવનો તથા વ્યંતરનગરોની આકૃતિ, આકાશ-વાયુ આદિમાં પ્રતિષ્ઠિત શાશ્વત લોકવ્યવસ્થા પ્રકાર (ચિંતવે;)[૫૫] (વળી સાકાર નિરાકાર) ઉપયોગ સ્વરૂપ, અનાદિ અનંત, તથા શરીરથી જુદો, અરૂપી, સ્વકર્મનો કર્તા-ભોક્તા જીવ (ચિંતવે,[૫૬] વળી) જીવનનો સંસાર, સ્વકર્મથી જે નિર્મિત, જન્માદિ જળવાળો, કષાયરૂપી પાતાલવાળો, સેંકડો વ્યસનો (વ્યસન-દુ:ખો) રૂપી જળચર જીવોવાળો, (ભ્રમણકારી) મોહરૂપી આવર્તવાળો, અતિ ભયાનક, [૫૭]અજ્ઞાનપવનથી પ્રેરિત (ઇષ્ટાનિષ્ટ) સંયોગ-વિયોગરૂપી તરંગમાળાવાળો અનાદિ અનંત અશુભ સંસાર ચિંતવે. [૫૮]વળી તેને તરી જવા માટે સમર્થ, સમ્યગ્દર્શનરૂપી સારા બંધનવાળું, નિષ્પાપ ને જ્ઞાનમય સુકાનીવાળું ચારિત્ર રૂપી મહાજહાજ,(ચિંતવે.)[૫૯]તે પણ આશ્રવ-નિરોધાત્મક સંવર (ઢાંકણા) થી છિદ્રરહિત કરાયેલું, તપરૂપી પવનથી પ્રેરિત અધિક શીઘ્ર વેગવાળું, વૈરાગ્યરૂપી માર્ગે પડેલું, ને દુર્ધ્યાનરૂપી તરંગોથી અક્ષોભાયમાન,[૬૦]મહાકિંમતી શીલાંગરૂપી રત્નોથી ભરેલા (તે મહાજહાજ) પર આરૂઢ થઈને મુનિરૂપી વેપારીઓ જે રીતે શીઘ્ર નિર્વિઘ્ને મોક્ષનગરે પહોંચી જાય છે, એ (ચિંતવે.)[૬૧] વળી એ નિર્વાણનગરમાં જ્ઞાનાદિ ત્રણ રત્નના વિનિયોગમય એકાન્તિક, બાધારહિત, સ્વાભાવિક, અનુપમ અને અક્ષય સુખને જે રીતે પ્રાપ્ત કરે છે, તે(ચિંતવે.) [૬૨] વધુ શું કહેવું ? જીવાદિ પદાર્થના વિસ્તારથી સંપન્ન અને સર્વ નયસમૂહમય સમસ્ત સિદ્ધાંત-અર્થને ચિંતવે.

## (૪) સંસ્થાન-વિચય

**વિવેચન :**—ધર્મધ્યાનના ચોથા પ્રકાર 'સંસ્થાન વિચય'માં વીતરાગ સર્વજ્ઞ જિનેશ્વર ભગવાને કહેલા સિદ્ધાન્તના પદાર્થો વિચારવાના છે. કેમકે અહીં 'સંસ્થાન' એટલે સંસ્થિતિ, અવસ્થિતિ, સ્વરૂપ, પદાર્થોનું સ્વરૂપ. એનો 'વિચય' યાને ચિંતન–અભ્યાસ કરવાનો તે સર્વજ્ઞકથિત સિદ્ધાન્ત શાસ્ત્રના જ પદાર્થ યથાર્થ હોઈને એનો જ ચિંતન–અભ્યાસ કરવાનો. આ પદાર્થો નામથી આ પ્રમાણે,—

### —સંસ્થાન વિચયમાં વિચારવાના પદાર્થ—

(૧)⊛ ૬ દ્રવ્યોનાં લક્ષણ–આકૃતિ–આધાર–પ્રકાર––પ્રમાણ–ઉત્પાદાદિ પર્યાય.

(૨)⊛ નામ–સ્થાપના––દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવ–પર્યાય–લોક, એમ ૮ ભેદથી પંચાસ્તિકાયમય લોક, એ નિત્ય.

(૩)⊛ ૭ પાતાલભૂમિ–દ્વીપ–સમુદ્ર–નરક–વિમાન–ભવન–વ્યંતર નગર ૧૪ રાજલોક સંસ્થાન

(૪)⊛ જીવ નિત્ય–ઉપયોગલક્ષણ–દેહભિન્ન–અરૂપી–કર્મ-કર્તાભોક્તા

(૫)⊛ સંસાર સાગર

જન્માદિ જળ
કષાય પાતાલ
વ્યસન શ્વાપદ
મોહ આવર્ત
અજ્ઞાન પ્રેરિત પવન-પ્રેરિત
સંયોગ વિયોગ તરંગ

(૬)⊛ ચારિત્ર જહાજ

સમ્યકત્વ બંધન
નિષ્પાપ નિર્દોષ
જ્ઞાન સુકાની
સંવર છિદ્રસ્થગન
તપ પવન
વૈરાગ્ય માર્ગ
દુર્ધ્યાન-અસ્પૃષ્ટ તરંગથી અક્ષુબ્ધ
શીલાંગભૃત રત્નભૃત
મુનિ વેપારી

(૭)⊛ મોક્ષ નગર

જ્ઞાનાદિવિનિયોગ સુખ એકાન્તિક, નિર્બાધ, સહજ, અનુપમ, અક્ષય.

⊛ જીવાદિ તત્ત્વ–વિસ્તારથી યુક્ત, સર્વનયસમૂહમય, સિદ્ધાન્ત પદાર્થ

આ પદાર્થોના સ્વરૂપ પર એકાગ્ર ચિંતન કરવાનું છે. આમાં મુખ્ય પદાર્થ ૭— [1]દ્રવ્યો, [2]પંચાસ્તિકાયમય અષ્ટવિધ લોક, [3]ક્ષેત્રલોક, [4]જીવ, [5]સંસાર, [6]ચારિત્ર અને [7]મોક્ષ. એ દરેક પર આ રીતે ચિંતવવાનું.—

## (૧) દ્રવ્ય પર ચિંતન

દ્રવ્ય અંગે ૬ વસ્તુ વિચારવાની છે,— ધર્માસ્તિકાયાદિ દ્રવ્યોનાં [1]લક્ષણ, [2]આકૃતિ, [3]આધાર, [4]પ્રકાર, [5]પ્રમાણ, તથા [6]પર્યાયો પર ચિંતન કરવાનું. દા. ત.

(i) લક્ષણ :—ધર્માસ્તિકાયાદિનાં લક્ષણ આ પ્રમાણે-

| | | |
|---|---|---|
| દ્ર૦ ધર્માસ્તિકાય | અધર્માસ્તિકાય | આકાશ |
| લ૦ ગતિસહાયકતા | સ્થિતિ–સહાયકતા | અવકાશ–દાન |
| દ્ર૦ પુદ્ગલ | જીવ | કાળ |
| લ૦ પૂરણ–ગલન | ઉપયોગ, ચૈતન્ય | વર્તના–કરણ |

### (i) ૬ દ્રવ્યોનાં લક્ષણ :—

આના પર એમ ચિંતવી શકાય કે 'અહો ! જગતમાં છ દ્રવ્ય કેવાં કેવાં એક બીજાથી તદ્દન સ્વતંત્ર લક્ષણવાળાં છે ! એથી કદી એ એક દ્રવ્ય બીજા દ્રવ્યરૂપ નથી બનતું. વળી ધર્માસ્તિકાય દ્રવ્યનું લક્ષણ 'જીવ તથા પુદ્ગલને ગતિમાં સહાયકતા' છે. એટલે જ એ બે દ્રવ્ય લોકાકાશના અંત સુધી જ જઈ શકે છે, આગળ અલોકમાં નહિ; કેમકે ધર્માસ્તિકાય લોકાકાશ–વ્યાપી

જ છે. માછલી ગમન તો પોતાની શક્તિથી કરે છે, પરંતુ એમાં પાણી સહાયક હોવાથી પાણીના કિનારા સુધી જ ગમન કરી શકે છે, આગળ નહિ; એવું ધર્માસ્તિકાયની સહાયથી જીવ અને પુદ્ગલ માટે છે. એમ અધર્માસ્તિકાયનું લક્ષણ 'એ બે દ્રવ્યને સ્થિતિમાં સહાયકતા' છે. અશક્ત વૃદ્ધ પુરુષને ચાલતાં વચમાં ઊભા રહેવા લાકડી સહાયક બને છે, એમ જીવ-પુદ્ગલને સ્થિતિ સ્થિરતા કરવામાં આ અધર્મા૦ સહાયક છે. આકાશનું લક્ષણ અવગાહ છે, એ બાકીનાં દ્રવ્યોને અવકાશ-દાન કરે છે દ્રવ્ય ક્યાં રહે? ક્યાં અવગાહે? Spaceમાં, આકાશમાં. પુદ્ગલનું લક્ષણ પૂરણ-ગલન છે; આ એક જ દ્રવ્ય એવું છે કે જેની અંદર પોતાનાં સજાતીય દ્રવ્ય પૂરાય છે, તેમ ગળે છે, છૂટા પડે છે. બીજાં જીવ સુદ્ધાં દ્રવ્યો અખંડ રહે છે. ન એમાં વધે કે ન ઘટે. ત્યારે જગતમાં પુદ્ગલની કેવી ઘડભાંગ ચાલે છે! મોટા મેરુ જેવામાંય પુદ્ગલોનું સડન-પડન-વિધ્વંસન અને પૂરણ ચાલુ છે. જીવનું લક્ષણ ચૈતન્ય છે, જ્ઞાનાદિનો ઉપયોગ છે; એ એમાં જ હોય; તેથી એ જ ચેતન દ્રવ્ય, બીજાં જડ દ્રવ્ય. કાળનું લક્ષણ વર્તના છે, યાને વસ્તુમાં જૂનું, નવું, ભાવી, અતીત વગેરે રૂપે વર્તવાનું કરાવે છે. વસ્તુ એની એ, છતાં કલાક પછી એ કાળ દ્રવ્યના આધાર પર જ કલાક-જૂની કહેવાય છે. આમ, લક્ષણો જોતાં છએ દ્રવ્યમાંથી એક એક દ્રવ્યનું લક્ષણકાર્ય પોતે જ કરી શકે, બીજું દ્રવ્ય નહિ. એ સૂચવે છે કે છએ દ્રવ્ય જુદાં જુદાં યાને સ્વતંત્ર છે. આ લક્ષણો પર ઘણું ચિંતવી શકાય.

(ii) **આકૃતિ (સંસ્થાન)** :—આના પર એ ચિંતવાય કે સંસ્થાન યાને આકૃતિ એ મુખ્યતાએ તો અજીવ પુદ્ગલની રચનાઓ આકાર છે, દા.ત. ગોળાનો આકાર હોય, ઢાલ જેવો ગોળ હોય, ત્રિકોણ, ચતુષ્કોણ યા લાકડી જેવો લાંબો હોય. આ તો મુખ્ય આકાર; બાકી પેટા આકારોનો પાર નથી. જંગલની કેવી કેવી વિચિત્રતા! પુદ્ગલના આકાર જીવનો આકાર ગણાય છે. જીવ અને શરીરનો આકાર [1]સમચતુરસ્ર સંસ્થાનનો, [2]ન્યગ્રોધ સંસ્થાનનો, [3]સાદિ, [4]વામન [5]કુબ્જ, અને [6]હુંડક સંસ્થાનનો હોય છે. એમાં ક્રમશ : [1]પદ્માસને બેઠેલાના જમણા ઢીંચણથી ડાબા ખભા સુધીનું અંતર, એમ ડાબેથી જમણા ખભા સુધીનું અંતર, બે ઢીંચણ વચ્ચેનું અંતર, અને લલાટથી નીચે બે પગના મધ્ય સુધીનું અંતર;—આ ચાર સમાન હોય. [2]'ન્યગ્રોધ'માં વડની જેમ નાભિથી ઉપરનું શરીર લક્ષણ–પ્રમાણવાળું; [3]સાદિમાં એથી ઉલટું. [4]'વામન'માં માથું–ગળું–હાથ–પગ જ લક્ષણ–પ્રમાણવાળાં, [5]કુબ્જમાં એ ખરાબ ને છાતી–પેટ વગેરે સારાં, ને [6]'હુંડક'માં સર્વ અવયવ પ્રમાણ–લક્ષણ વિનાનાં હોય. શરીર અને તત્સંબદ્ધ જીવમાં આ સંસ્થાન ચિંતવવા. ધર્મા૦અધર્મા૦નો આકાર લોકાકાશ જેવો. લોકાકાશનો આકાર નીચે ઊંધી છાબડી જેવો, મધ્યમાં ઝાલર (ખંજરી) જેવો, અને ઉપર શરાવ–સંપુટ (એક કોડિયા પર બીજું કોડિયું ઊંધું ઢાંકેલું) જેવો. ક્રમશ : નીચેથી ઉપર આ ત્રણ ભાગમાં અધોલોક, મધ્યલોક અને ઊર્ધ્વલોક છે. કાળનો આકાર, કાળ મનુષ્યલોકમાંની સૂર્ય–ચંદ્રની ગતિના આધારે મનાય છે તેથી, મનુષ્યક્ષેત્ર યાને અદ્ધાક્ષેત્ર જેવો. ('અદ્ધા' એટલે કાળ.)

(iii) **આસન યાને આધાર** :—છ દ્રવ્યોને રહેવાનો આધાર કોણ ? એ વિચારવું. એમાં વ્યવહારથી લોકાકાશ એ પોતે ધર્માસ્તિકાયાદિ પાંચે દ્રવ્યોનો આધાર છે. કેમકે એ ક્ષેત્રરૂપ છે, બીજાં દ્રવ્યો એમાં રહ્યા હોવાથી ક્ષેત્રી છે. અથવા નિશ્ચય-દૃષ્ટિએ તો દરેક વસ્તુ પોતાના સ્વરૂપમાં જ રહે છે, કેમકે બીજામાં રહેવા જતાં, પ્રશ્ન થાય કે, એ આધારના સર્વાંશે રહે, કે અંશે રહે ? સર્વાંશે રહેવા જતાં તદ્રૂપ બનવાની આપત્તિ આવે ! અંશે રહેવા જતાં ફરી પ્રશ્ન થાય કે વસ્તુ જો અંશમાં રહે તો એ અંશના સર્વાંશે રહે કે અંશે રહે ?....આમ વિચારતાં વ્યવસ્થા ન થાય. તેથી કહો કે વસ્તુ બીજામાં નહિ પણ પોતાના સ્વરૂપમાં જ રહે છે. આ સ્વ સ્વરૂપ એ જ આધાર. એમ વ્યવહાર અને નિશ્ચયથી આધાર વિચારી શકાય.

(iv) **વિધાન યાને પ્રકાર** :—આમાં છ દ્રવ્યોના અવાન્તર ભેદ વિચારવા. દા.ત. ધર્માસ્તિકાયના પ્રકાર, ૧. અખંડ ધર્માસ્તિકાય સ્કન્ધ, ૨. ધર્માસ્તિકાયનો દેશ (ભાગ), અને ૩. ધર્માસ્તિકાયનો પ્રદેશ અર્થાત્ ઝીણામાં ઝીણો અંશ. એમ અધર્મા૦ આકાશ, અને જીવના ભેદ પડે. ત્યારે પુદ્ગલમાં સ્કન્ધ–દેશ–પ્રદેશ ઉપરાંત પર-માણુ પણ પ્રકાર પડે. છૂટો પડેલો પ્રદેશ તે પરમાણુ. આ તો એક રીતે પ્રકારની વાત થઈ. બાકી જીવ તથા પુદ્ગલમાં અનેક રીતે પ્રકાર પડે. દા.ત જીવમાં મુક્ત–સંસારી, ત્રસ–સ્થાવર, એકેન્દ્રિય, દ્વીન્દ્રિય, ....પંચેન્દ્રિય, એ દરેકના અવાંતર ભેદ....વગેરે ચિંતવવાનું. એમ પુદ્ગલમાં ઔદારિક વર્ગણા, વૈક્રિય વર્ગણા, આહારક–તૈજસ–ભાષા–શ્વાસોચ્છ્વાસ–મન–કાર્મણવર્ગણા....વગેરે, આ પ્રકારોનું ચિંતન કરે. એ આ 'સંસ્થાન વિચય' ધર્મધ્યાનમાં જાય.

(V) **પ્રમાણ** :—છ દ્રવ્યોનાં પ્રમાણ ચિંતવવાં. પ્રમાણ એટલે (i) પરિમાણ, યા (ii) સાધક યુક્તિ. એનું ચિંતન કરવું. દા. ત. પરિમાણમાં, ધર્મા૦, અધર્મા૦, લોકાકાશ અને જીવ એ ચારે ય સમાન માપના અસંખ્યપ્રદેશી છે. છતાં જીવ શરીર પ્રમાણે નાનો બને છે. અલબત્, એમાં એક પણ પ્રદેશ ઓછો ન થતાં સંકોચ થાય એટલું જ. બાકી દેવ જેવા ય જ્યારે બીજું શરીર યાને ઉત્તર વૈક્રિય શરીર બનાવી બહાર મોકલે ત્યારે મૂળ શરીરના આત્મપ્રદેશ એમાં લંબાઈને અખંડ સંલગ્ન રહે છે. વચલા અંતરમાં પણ આત્મપ્રદેશ ખરા. કેવળજ્ઞાની સમુદ્‌ઘાત કરે ત્યારે એક સમય માટે સમસ્ત લોકાકાશમાં એમના આત્મપ્રદેશ વ્યાપી જાય છે. પુદ્‌ગલમાં એક પરમાણુથી માંડીને અનંતપ્રદેશી સ્કન્ધ ખરા, પરંતુ તે લોકાકાશના વધુમાં વધુ અસંખ્ય આકાશપ્રદેશમાં સમાય એટલુ એનું માપ હોય છે. હવે,

**'પ્રમાણ' એટલે ૬ દ્રવ્યની સાધક યુક્તિ** વિચારતાં, દા. ત. ધર્માસ્તિકાય માટે એમ વિચારાય કે 'સહજ ગતિવાળા પરમાણુ અને જીવ લોકાકાશની બહાર કેમ જતા નથી? ત્યાં માનવું પડે કે ગતિ–સહાયક કોઈ તત્ત્વ લોકાકાશમાં જ છે, પણ બહાર નથી, અર્થાત્ બહાર અવકાશ–દાન કરનાર આકાશ તો છે, છતાં ગતિસહાયક ધર્માસ્તિકાય દ્રવ્ય નથી. માટે બહાર ગતિ નથી, આ માનવું જ પડે. નહિતર તો પરમાણુ વગેરે છેવટે અનંતાનંત કાળે અનંતાનંત આકાશમાં ક્યાંના ક્યાં ય વેરવિખેર થઈ જવાથી, વર્તમાન વ્યવસ્થિત જગત જે દેખાય છે, તે શી રીતે હોત? એમ **અધર્માસ્તિકાયની** સાધક દલીલ એ, કે અશક્ત માણસ લાકડીના ટેકે આખો ઊભો, યા અર્ધો ઊભો, યાવત

ઊભડક પગે સ્થિર રહી શકે છે. એમ લોકમાં જીવ યા પુદ્ગલ ભિન્ન ભિન્ન સ્થિતિમાં સ્થિર રહી શકે છે, તે કોના ટેકે ? કહેવું જ પડે કે અધર્મા૦ના ટેકે. **જીવદ્રવ્યની સાધક યુક્તિ** અનેકાનેક છે. દા. ત. (૧) 'હું' એવું સંવેદન કોણ કરે છે ? દેહથી જુદો આત્મા, પણ દેહ નહિ. કેમકે જો એમ હોત તો જ્યાં 'હું એવો મૂર્ખ નથી કે વધુ ખાઈને મારો દેહ બગાડું' આ ખ્યાલ કરાય છે ત્યાં એમ ખ્યાલ થવો જોઈતો હતો કે 'હું એવો મૂર્ખ નથી કે વધુ ખાઈને મને બગાડું !'
(૨) એમ, 'હું રોગથી કે ઘાથી પીડિત છું, પણ સમતા-સમાધિથી સુખી છું', આ ભાવ શરીર શી રીતે કરી શકે ? શરીર તો પીડિત દુઃખી જ છે. સુખી કયાં છે ? ભિન્ન આત્મા જ આ ખ્યાલ કરી શકે. (૩) એમ, સૌથી પ્રિય કોણ ? શરીર નહિ, પણ આત્મા. તેથી જ અવસરે ઘોર અપમાન બેઆબરુ વગેરે દુઃખથી છૂટવા જીવ પોતાના પૈસા વગેરેને તો જતા કરે, યાવત્ એમ પોતાના શરીરનો ય નાશ કરી દે છે. એમ આત્માની સાધક બીજી અનેકાનેક યુક્તિ વિચારાય.

(VI) **પર્યાય** :—છ દ્રવ્યના ઉત્પાદ-સ્થિતિ-ભંગ (નાશ) વગેરે પર્યાય ચિંતવવા. પર્યાય એટલે અવસ્થા. એમાં છએ દ્રવ્યમાં સર્વવ્યાપી સમાન પર્યાય યાને અવસ્થા ઉત્પત્તિ-સ્થિાત-નાશની મળે. શ્રી તત્ત્વાર્થ મહાશાસ્ત્ર (અ૦૫, સૂ૦૨૯) કહે છે કે,

'**उत्पाद-व्यय-ध्रौव्ययुक्तं सत्**' સત્માત્ર ઉત્પત્તિ નાશ અને સ્થૈર્યવાળું હોય છે. ત્યારે, છએ દ્રવ્ય સત્ છે, માટે એ દરેક આ ત્રણે પર્યાયથી યુક્ત છે. સવાલ થાય,

**એક જ વસ્તુમાં ઉત્પત્તિ-સ્થિતિ-નાશ ત્રણેય કેવી રીતે ? :—**

પ્ર૦–એકમાં ત્રણે એક સાથે કેવી રીતે રહે ? કેમકે ઉત્પત્તિયુક્ત એટલે ઉત્પન્ન, નાશયુક્ત એટલે નષ્ટ, ને સ્થિતિયુક્ત એટલે સ્થિર, કાયમ. તો જે ઉત્પન્ન એ જ નષ્ટ કેવી રીતે, અને એ જ પહેલેથી કાયમ કેમ ?

ઉ૦–એક જ કાળે અપેક્ષા વિશેષથી એક જ વસ્તુ ઉત્પન્ન હોય, અને વિશેષથી એ જ વસ્તુ નષ્ટ પણ હોય, તેમ અપેક્ષા—વિશેષે કાયમ પણ હોઈ શકે છે. દા.ત. રાજાના બે છોકરાને રમવા માટે સોનાનો એક નાનો કળશ હતો. એમાં એક છોકરો ક્યાંક બહાર ગયો છે અને બીજા છોકરાએ કહ્યું, 'મારે રમવા મુગટ જોઈએ,' ત્યારે રાજાએ માણસ પાસે એ જ કળશને સોનીને ત્યાંથી ગાળીને મુગટ કરાવી મંગાવ્યો. ત્યાં સોનું-વસ્તુ તો કાયમ જ છે, પણ એ જ કળશ તરીકે નષ્ટ છે, અને એ જ મુગટ તરીકે ઉત્પન્ન છે, એકમાં જ ત્રણ અપેક્ષાએ ત્રણે પર્યાય છે. માટે તો જ્યારે બહાર ગયેલો છોકરો પાછો આવી આ જુએ છે, ત્યારે એ કળશનો પ્રેમી હોઇ નાખુશ થાય છે, અને એ જ વખતે બીજો છોકરો ગમતો મુગટ બન્યો હોવાથી ખુશ છે, ત્યારે બાપ રાજા સોનું કાયમ રહ્યાની દૃષ્ટિએ મધ્યસ્થ છે. એકી વખતે આ રાજા અને બે પુત્રો, ત્રણેયની લાગણી જુદી જુદી હોવા પાછળ કોઈ કારણ જરૂર છે, ને તે કારણ જુદા જુદા જ હોય તો જ લાગણીઓ ભિન્ન ભિન્ન થાય. દેખવામાં કારણીભૂત વસ્તુ ભલે એક જ દેખાય છે, પરંતુ માનવું પડે કે એ જ ચીજ કલશરૂપ

હતી તે નષ્ટ થઈ તેથી કલશાર્થી ખેદ કરે છે, એ જ મુગટરૂપ બની તે જોઈ મુગુટાર્થી રાજી થાય છે, ને એ જ સોનારૂપે કાયમ છે, તેથી માત્ર સુવર્ણાર્થીને કશું ગુમાવવા-કમાવાનું નહિ હોઈ મધ્યસ્થ રહે છે. કહ્યું છે,-

घटमौलिसुवर्णार्थी नाशोत्पत्तिस्थितिष्वयम् ।
शोकप्रमोदमाध्यस्थ्यं जनो याति सहेतुकम् ॥
पयोव्रतो न दध्यत्ति, न पयोऽत्ति दधिव्रतः ।
अगोरसव्रतो नोभे, तस्मात् तत्त्वं त्रयात्मकम् ॥

-અર્થાત્ ઘટાર્થી મુગુટાર્થી અને સુવર્ણાર્થી ઘટનાશ મુગટોત્પત્તિ તથા સુવર્ણસ્થિતિમાં શોક, હર્ષ અને મધ્યસ્થભાવ અનુભવે છે તે સહેતુક છે, (ત્રણે ભાવના હેતુ ત્યાં એકમાં જ મોજુદ છે.)

'મારે દૂધ જ લેવું' એવા વ્રતવાળો દહીં નથી ખાતો, 'મારે દહીં જ લેવું' એવા વ્રતવાળો દૂધ નથી ખાતો, ને 'મારે અગોરસ જ લેવું.' એવા વ્રતવાળો દૂધ-દહીં બંને નથી ખાતો, માટે (નક્કી થાય છે કે) ગોરસ તત્ત્વ ત્રિતયાત્મક છે; અર્થાત્ ગોરસ એ દૂધ પણ છે, દહીં પણ છે, અને ગોરસ પણ છે. દૂધ હતું ત્યારે દહીં નહોતું, દહીં બન્યું ત્યારે દૂધ નથી રહ્યું, પણ ગોરસ પહેલાંય હતું ને અત્યારેય છે. એમ એક જ વસ્તુ ત્રયાત્મક બની.

## નિત્ય દ્રવ્યમાં પણ ઉત્પત્તિ-નાશ કેવી રીતે?:-

પ્ર૦-ધર્માસ્તિકાયાદિ નિત્ય દ્રવ્યોમાં ઉત્પત્તિ-સ્થિતિ-નાશ શી રીતે?

૭૦–એ રીતે, કે ધર્માસ્તિકાયાદિ કોઈ પણ દ્રવ્ય વર્તમાન સમયે વર્તમાન સમય–સંબદ્ધ તરીકે બન્યું, યાને ઉત્પન્ન થયું; અતીતસમય સંબદ્ધ તરીકે ન રહ્યું યાને નષ્ટ થયું; છતાં મૂળ ધર્માસ્તિકાય તરીકે ઊભું જ છે, કાયમ જ છે. એટલે એ આવ્યું કે વસ્તુ અમુક સમયસંબંધની અપેક્ષાએ ઉત્પન્ન થાય છે, અતીત સમયસંબંધની અપેક્ષાએ નષ્ટ થાય છે, ને મૂળ દ્રવ્યની અપેક્ષાએ કાયમ રહે છે. કહ્યું છે,

**सर्वव्यक्तिषु नियतं क्षणे क्षणेऽन्यत्वमथ च न विशेषः ।**
**सत्योश्चित्यपचित्योराकृतिजाति — व्यवस्थानात् ॥**

–અર્થાત્ સમસ્ત વસ્તુવ્યક્તિમાં ક્ષણે ક્ષણે ચોક્કસ પ્રકારનું વિભિન્નપણું આવે છે, અને તો પણ એ વ્યક્તિમાં અનેક વ્યક્તિતા નથી, એક વ્યક્તિતા જ છે; કેમકે એમાં વધારો–ઘટાડો થવા છતાં આકાર અને જાતિ એની એ જ વ્યવસ્થિત છે, કાયમ છે. અથવા આકાર અને જાતિની સ્વતંત્ર વ્યવસ્થા છે, એટલે કે આકાર બદલાય, જાતિ નથી બદલાતી જાતિ ન બદલાવાથી વ્યક્તિ એ જ ઊભી રહે છે. ને એમાં આકાર બદલાવાથી એનાં સ્વરૂપ-પર્યાય-અવસ્થા ભિન્ન ભિન્ન બને છે. દા. ત.

ધર્માસ્તિકાયાદિ તે તે ક્ષણ–સંબદ્ધ તરીકે ભિન્ન ભિન્ન બનવાથી એમાં દરેક ક્ષણે ચોક્કસ પ્રકારની ભિન્નતા આવી; છતાં એનો ખાસ આકાર અને ધર્માસ્તિકાયના જાતિ તો એના એ જ ઊભા રહે છે, તેથી એક જ વ્યક્તિપણું છે, અનેક–વ્યક્તિતા નહિ. તેથી જ સોનું એ કળશ મુગટ કંઠી કડું વગેરે રૂપે બદલાવા છતાં વ્યક્તિ એની એ જ સોનું છે; કેમકે એમાં મૂળ સોનાનો આકાર યાને સોનાપણાનો માલ વજન ચળકાટ આદિ કાયમ

છે; તેમજ સોનાપણાની જાતિ કાયમ છે, અર્થાત્ આ સોનું એવો વ્યવહાર ઊભો છે, સોનાની જાત નથી બદલાઈ. અથવા આકારો કળશ-મુગટાદિ બદલાવા છતાં સુવર્ણજાત એની એ જ ઊભી છે. આવું દરેક વ્યક્તિમાં. તાત્પર્ય, એક જ વ્યક્તિમાં ઉત્પત્તિ નાશ અને સ્થિરતા, એ ત્રણેય પર્યાય રહે છે. એવા બીજા પણ પર્યાય દા. ત. અગુરુલઘુ પર્યાય, અનુવૃત્તિ પર્યાય, વ્યાવૃતિપર્યાય વગેરે અનંતપર્યાયો હોય છે. દ્રવ્યોમાં એનું ચિંતન થઈ શકે. આમ વિશાળ દૃષ્ટિથી વસ્તુના વિવિધપર્યાયોનું ચિંતન કરે, તો ઈષ્ટસંયોગ અનિષ્ટવિયોગ અંગે થતાં આર્તધ્યાનથી બચી શકે.

## (૨) પંચાસ્તિકાયમય લોક પર ચિંતનઃ-

આ એમ કરવાનું કે 'અહો ! આ લોક જિનેશ્વર ભગવાને કેવો અનાદિ અનંત પંચાસ્તિકાયમય બતાવ્યો છે.' 'લોક' એટલે જ્ઞાનમાં જે કાંઈ આલોકાય છે, જોવાય છે તે બધું જ; અર્થાત્ સમગ્ર વિશ્વ. અનંતજ્ઞાની વીતરાગ તીર્થંકર ભગવંતોએ વિશ્વનું યથાસ્થિત સ્વરૂપ બતાવ્યું છે. તે આ,-કે વિશ્વ પાંચ અસ્તિકાય-મય છે, —ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય ને જીવાસ્તિકાય.

## (૫) અસ્તિકાયની દૃષ્ટાંતથી સમજ :-

જેવી રીતે આંખવાળાને વસ્તુદર્શન કરવામાં દીવો સહાયક છે, એવી રીતે જીવ-પુદ્ગલને ગતિ કરવામાં ધર્માસ્તિકાય સહાયક છે.૦ જેમ બેસવાની ઈચ્છાવાળા પુરુષને સ્થિર બેસવામાં ભૂમિ સહાયક છે, તેમ જીવો અને પુદ્ગલને સ્થિતિ-સ્થિરતા કરવામાં અધર્મા-

સ્તિકાય સહાયક છે. ⓖજેવી રીતે બોરાંને રહેવામાં ઘડો જગા આપે છે, તેમ જીવાદિ ચારે અસ્તિકાયને રહેવામાં આકાશ જગા આપે છે. ⓖજીવ જ્ઞાનસ્વરૂપ છે, સર્વભાવનો જ્ઞાતા છે, કર્મોનો ભોક્તા અને કર્તા છે, ભિન્ન ભિન્ન અનેક સંસારી અને મુક્ત તરીકે છે, એમ જિનાગમમાં કહ્યું છે. ત્યારે ⓖપુદ્‌ગલ દ્રવ્ય સ્પર્શ–રસ–ગન્ધ–વર્ણ–શબ્દસ્વભાવ અને એથી જ મૂર્તસ્વભાવ તથા સંયોગ અને વિભાગથી ઉત્પન્ન થનારું જિનેન્દ્ર ભગવાને કહ્યું છે. દા. ત. બે પરમાણુના સંયોગથી દ્વયણુક દ્રવ્ય બન્યું. હવે એ પરમાણુ દ્રવ્ય નથી. પરંતુ પાછો એમાં અવયવ–વિભાગ થાય તો એ બે જુદા પરમાણુ બને. 'બને' એટલે ઉત્પન્ન થાય. એટલે અસ્તિનો કાય, યાને પ્રદેશોનો સમૂહ. આ પાંચ પૈકી દરેકમાં દેશ પ્રદેશ છે, અને પ્રદેશ એ ઝીણામાં ઝીણો અંશ છે, તેથી આખું દ્રવ્ય પ્રદેશ–સમૂહાત્મક છે, યાને (પ્રદેશ=અસ્તિ, તથા કાય=સમૂહ, એટલે કે) 'અસ્તિકાય' છે. એમ કાળ સિવાયના પાંચે દ્રવ્ય પાંચ સ્વતંત્ર અસ્તિકાય (પંચાસ્તિકાય) થયા.

### પ્ર૦–કાળ એ કેમ અસ્તિકાય નહિ?

ઉ૦–અસ્તિકાય એવી વસ્તુ છે કે જેમાં પ્રદેશસમૂહ એક સાથે મળે, એક જ સમયે એ સમૂહ એકત્રિત જોઈ શકાય. ત્યારે કાળ તો જ્યારે જોઈએ ત્યારે વર્તમાન એક જ સમયરૂપ મળે. તેની પૂર્વેના સમસ્ત અતીત સમયો નષ્ટ હોવાથી વર્તમાનમાં સમય સાથે એકત્રિત ન મળે. તેમ પછીના સમયથી માંડી ભાવી અનંત સમય હજી ઉત્પન્ન જ નથી, તેથી વર્તમાનમાં એ

પણ એકત્રિત ન મળે. તો ક્યારે ય પણ કાળના અનેક સમયો એકત્રિત એક સાથે ન મળવાથી એને અસ્તિકાય કેમ કહી શકાય? આમ છતાં,

પ્ર૦– ભલે એક સમયરૂપ કાળ હો, પણ વિશ્વમાં પંચાસ્તિકાય ઉપરાંત એનો અલગ નંબર ન ગણવાનું કારણ શું ?

ઉ૦–કારણ આ, કે પંચાસ્તિકાયમાં એનો સમાવેશ છે, તેથી એ જુદું દ્રવ્ય નહિ. તે આ રીતે કે કાળનું કામ વસ્તુમાં નવાપણું–જુનાપણું વગેરે પર્યાય ઊભો કરવાનું છે. પરંતુ વસ્તુમાં જેમ તે તે કારણોથી બીજા પર્યાય ઊભા થાય છે, તેમ સૂર્ય–ચંદ્રાદિ ક્રિયાના સંબંધથી કાળપર્યાય યાને એક સામયિક–દ્વિસામયિક....વગેરે, ને નવા–જુનાપણાદિના પર્યાય ઉત્પન્ન થાય છે; અને પર્યાયો દ્રવ્યમાં ભેદાભેદ સંબંધથી આશ્રિત છે એટલે દ્રવ્યથી કથંચિત્ અભિન્ન યાને એકરૂપ હોઈ કાળનો નંબર જુદો ન ગણતાં વિશ્વાન્તર્ગત બતાવેલ દ્રવ્યમાં એનો સમાવેશ ગણી લીધો.

આવો પંચાસ્તિકાયમય લોક અનાદિનિધન અર્થાત્ આદિ અને નિધન (નાશ, અંત) વિનાનો છે.—'અનાદિ' કહેવાથી એ વાતનો નિષેધ કર્યો કે 'લોક (વિશ્વ–જગત) ક્યારેક ઈશ્વરથી રચાય છે.'—ઈશ્વરરચનાનો નિષેધ એટલા માટે કે એમાં તો અનેક આપત્તિ ખડી થાય;—

## 'જગત્કર્તા ઇશ્વર'ના સિદ્ધાંતમાં આપત્તિઓ :—

☞(૧) ઈશ્વરની રચના પહેલાં કશું હતું નહિ, તો ઉપાદાન કારણ વિના જગતરૂપી કાર્ય બન્યું કેવી રીતે ? ☞(૨) કહો 'ઉપાદાન પરમાણુ હતા,' તો નિમિત્તભૂત કારણો વિના કાર્ય કેમ થયું ?

(૩) ઈશ્વરે કયા પ્રયોજનથી રચના કરી? (૪) સારું નરસું રચવામાં ઇશ્વર રાગી દ્વેષી ઠરશે! (૫) રચના માટે પહેલું તો ઈશ્વરનું શરીર જ કેવી રીતે બન્યું? ને એ કેટલું મોટું હશે? (૬) 'ઈશ્વરે જીવો પણ બનાવ્યા,' એવું માનતાં, આદિ કાળે એને દુઃખી અને કુકર્મી બનાવનાર ઈશ્વર કેટલો બધો તામસી ને નિર્દય?....ઇત્યાદિ અનેકાનેક આપત્તિઓ ઊભી થવાથી 'જગત ઈશ્વરે બનાવ્યું'નો સિદ્ધાંત યુક્તિરહિત ઠરે છે, અમાન્ય બને છે.

એટલે કાર્યકારણભાવના અટલ સિદ્ધાંત ઉપર, તથા **नासतो विद्यते भावो, नाभावो विद्यते सत:।**–અર્થાત્ જગતમાં 'કોઈ પણ ભાવ પહેલાં સર્વથા અસત્ હોય નહિ, તેમ સત્નો સર્વથા અભાવ યાને નાશ થાય નહિ', આ સિદ્ધાંતના હિસાબે પંચાસ્તિકાયમય લોક અનાદિ અનંત સિદ્ધ થાય છે.

**'લોક'ના નામાદિ ૮ નિક્ષેપઃ–**

'લોક'નું પણ અનેક રીતે દર્શન થાય છે, તેથી એ અનેક સ્વરૂપે છે, દા. ત. શ્રી 'આવશ્યક નિર્યુક્તિ' શાસ્ત્રના ચતુર્વિંશતિસ્તવ' નામના અધ્યયનમાં કહ્યું છે,–

**नाम ठवणा दविए खित्ते काले भवे अ भावे अ।**
**पज्जवलोगो अ तहा अट्ठविहो लोगनिक्खेवो ॥**

અર્થાત્ નામલોક, સ્થાપનાલોક, દ્રવ્યલોક ક્ષેત્રલોક કાળલોક, ભવલોક, ભાવલોક અને પર્યાયલોક, એમ 'લોક'વસ્તુમાં ૮ નિક્ષેપા થાય, અર્થાત્ 'લોક'ને આઠ વિભાગમાં મૂકી શકાય; જેમકે (૧) નામલોક એટલે કોઈનું 'લોક'નામ પાડયું; તો 'એ કોણ છે?' એના પ્રશ્નના ઉત્તરમાં કહેવાશે કે 'લોક'; પરંતુ નામ માત્રથી લોક.

(૨) સ્થાપના-લોક કશામાં લોકને સ્થાપવામાં આવે તે. દા. ત. ૧૪ રાજલોકના નકશામાં બતાવાય કે આટલો લોક છે, બાકીનો અલોક. (૩) દ્રવ્યલોક યાને દ્રવ્યરૂપ લોક બધા જીવ-અજીવરૂપ દ્રવ્યોને કહેવાય. (૪) ક્ષેત્રલોક ક્ષેત્રરૂપી લોક સમસ્ત લોકાકાશને કહે છે, અને અનંત આકાશ એ પણ ક્ષેત્રલોક છે; કેમકે આકાશ ક્ષેત્રરૂપ છે, ભલે એ સમસ્તનો ઉપયોગ ન થયો હોય. અહીં 'લોક' એટલે લોકાય-અવલોકાય જ્ઞાનથી જણાય-દેખાય તે. (૫) કાળલોક એ સમયથી માંડીને પુદ્ગલ પરાવર્ત સુધીના કાળને કહેવાય. (૬) ભવલોક એટલે વર્તમાન ભવમાં રહેલા ચારે ગતિના જીવો જે ભોગવી રહ્યા છે તે. (૭) ભાવલોક એટલે ઔદયિક-ઔપશમિક-ક્ષાયિક-ક્ષાયોપશમિક-પારિણામિક અને સાંનિપાતિક એ ૬ પ્રકારના ભાવને કહેવાય છે. ('ઔદયિક' ભાવ એટલે કર્મના ઉદયથી આત્મા પર થતો પરિણામ....ઇત્યાદિ. 'પારિણામિક' એટલે જીવનો અનાદિસિદ્ધ જીવત્વ ભવ્યત્વાદિ પરિણામ. 'સાંનિપાતિક' એટલે ઔદયિકાદિ પાંચ ભાવમાંથી જીવ-જીવમાં જેટલા ભાવોનો સદ્ભાવ મળે છે તે.) (૮) પર્યાયલોક એટલે જીવ-અજીવ દ્રવ્યોના ગુણ-પર્યાય-ભાવોનું થવું હોવું તે. એ બધા પર્યાય અનંતાનંત છે, એ પણ લોક. 'લોક' એટલે અવલોકન થાય એવી વસ્તુ; માટે એ ઉક્ત આઠ પ્રકારે.

આવો લોક અનાદિથી ચાલી આવે છે અને અનંત કાળ રહેશે, એવું જિનેશ્વર ભગવાને ભાખ્યું છે.

પ્ર૦-પૂર્વ શ્લોકમાં 'જિનદેશિત' કહીને જિનેશ્વર ભગવંતે ઉપદેશ્યાનું તો કહ્યું જ છે. અને એનો અહીં ય સંબંધ છે,

તો પછી અહીં ફરીથી 'જિણુક્ખાયં' પદથી કેમ એ જ વસ્તુ કહે છે? પુનરુક્તિ દોષ નથી?

ઉ૦–ના, 'જિણક્ખાયં' પદ ફરીથી મૂક્યું તે જિનેશ્વર ભગવાન પ્રત્યે અને એમનાં વચન પ્રત્યે આદર બતાવવા માટે છે. આદર આ, કે (i) 'અહો! એ પ્રભુ કેવા કરુણાવાન કે એમણે આ પણ કહ્યું! એમ (ii) 'અહો! પંચાસ્તિકાય લોક અને નામ આદિ આઠ પ્રકારનો લોક પણ એ જિનેશ્વર ભગવંતે જ ભાખેલો છે!' આવા આદરથી સમ્યગ્દર્શન નિર્મળ થાય છે. તેથી એવો આદર કરાવવાનો સુંદર લાભ આપનાર પદ ફરીથી પણ કહેવામાં આવે તો એમાં કાંઈ પુનરુક્તિ દોષ નથી. કહ્યું છે,–

## પુનરુક્તિદોષ ક્યાં ક્યાં નહિ?:—

**[१]अनुवादा[२]दर–[३]वीप्सा–[४]भृशार्थ–[५]विनियोग–[६]हेत्व[७]सूयासु ।**
**[८]इष[९]त्सं भ्रम–[१०]विस्मय–[११]गणना–[१२]स्मरणेष्वपुनरुक्तम् ॥**

અર્થાત્ અનુવાદ–આદર –વીપ્સા–અત્યન્તતાર્થે–સોદો–હેતુ–ઇર્ષ્યા–કંઈક (નહિવત્)–સંભ્રમ–વિસ્મય–ગણતરી અને સ્મરણમાં ફરી બોલાય એ પુનરુક્તિ દોષ નથી.

દા. ત. (૧) '૧૨ માસનો સંવત્સર થાય' આમાં 'સંવત્સર' પદ અનુવાદ અર્થે છે તેથી, એનો અર્થ પણ ૧૨ માસ જ હોવા છતાં, પુનરુક્તિ દોષ નથી. (૨) આદર અર્થે 'ભાઈ! તમે આવ્યા એ સારું થયું; અને જુઓને ભાઈ! તમારા વિના આ કાર્ય કોણ કરી શકે એવું છે?' આમાં બીજી વાર 'ભાઈ'નું સંબોધન કર્યું એમાં પુનરુક્તિદોષ નથી. (૩) જાઓ, જાઓ, જોવા જેવું છે,' એમાં 'જાઓ' બે વાર કહ્યું એ

વીપ્સા કરી ગણાય. એ જવાની અગત્ય બતાવતું હોઈ છે. એમાં પુનરુક્તિ દોષ નથી. (૪) 'માણુસ વાતવાતમાં માન કરે છે. માન વિના એને ચાલે નહિ.' આમાં માન ઘણું ('ભૃશમ્') કરે છે એ દર્શાવવા પહેલાં વાકય ઉપરાંત એ જ અર્થમાં બીજું વાકય કહ્યું; તેથી પુનરુક્તિ દોષ નથી. એમ આ બીજા પણ પ્રસંગોમાં પુનરુક્તિ દોષ નથી ગણાતો, જેમકે, (૫) વેપાર સોદો કરવા એક જ વસ્તુ અનેકવાર બોલાય છે. (૬) કોઈ પ્રતિપાદનને બરાબર ઠસાવવા એનો હેતુ અનેકવાર દર્શાવાય છે. છોકરાને કહેવાય છે કે 'જો બહુ ખાઈશ નહિ, એથી શરીર બગડે, મંદવાડ આવે, કામો અટકે....' (૭) ઈર્ષ્યામાં માણુસ એકની એક વાત અનેકવાર બોલે છે. 'પેલા શ્રીમંતનો રોફ કેવો છે? બીજામાં ભળે જ નહિ ને? કોઈ સાથે વાત જ ન કરે. એને બોલાવો જો, એ બોલે છે? ના, અક્ષરે ય ન બોલે.' (૮) 'ઈષત્' યાને સહેજ બતાવવું હોય, દા. ત. વીર પ્રભુને ૧૨॥ વર્ષમાં કુલ નિદ્રાકાળ બે ઘડી; એટલે કહો કે પ્રમાદ ઈષત્, કંઈ જ નહિ; સાડા બાર વરસ સતત અપ્રમાદ!' (૯) સંભ્રમ યાને અપૂર્વ હર્ષમાં પુનરુક્તિ; દા. ત. મા પાડોશણુને કહે છે, 'મારો દીકરો પહેલા નંબરે પાસ થયો. એક પણ છોકરાને આગળ ન આવવા દીધો. સૌથી વધારે માર્ક લઈ આવ્યો.' (૧૦) વિસ્મયમાં, દા. ત. 'પ્રભુની આજની આંગી કેવી અદ્ભુત!, કેવી અપૂર્વ! પહેલાં આવી આંગી જોઈ નથી;' એમ બોલાય છે. ત્યાં પુનરુક્તિ દોષ નથી. (૧૧) વસ્તુની ગણુતરીમાં તો દા. ત. ૨૫-૨૫ની થપ્પી કરવી હોય તો ૧, ૨, ૩, ૪,....એમ આંકડા વારે વારે બોલાય જ

છે. (૧૨) ગાથા યાદ કરવી હોય તો, યાદ કરેલી રટવી હોય તો એને જ વારે વારે બોલવામાં આવે છે. આ બધામાં પુનરુક્તિ દોષ નથી મનાતો. આ રીતે પ્રસ્તુતમાં 'જિનાખ્યાત' પદ આદર અર્થે હોઈ એમાં પુનરુક્તિ દોષ નથી.

**ક્ષેત્રલોક પર ચિંતન :-**

હવે ક્ષેત્રલોક બતાવે છે,–અધોલોક, મધ્યલોક અને ઉર્ધ્વ-લોક, એમ ત્રણ પ્રકારે ક્ષેત્રલોક છે આ ક્ષેત્રલોકમાં શું શું વિચાર-વાનું તે કહે છે, (ગાથા–૫૪),—

ક્ષેત્રલોકનાં ચિંતનમાં રત્નપ્રભાદિ પૃથ્વીઓ, ઘનોદધિ આદિ વલયો, દ્વીપો, સાગરો, નરકાવાસ, વિમાનો, ભવનો, વ્યતંરનગરો વગેરેની આકૃતિ વિચારે. એમાં,

◎ **પૃથ્વીઓમાં** અહીંથી નીચે નીચે ધર્મા–વંશા–શેલા–અંજના–રિષ્ટા–મઘા–માઘવંતી એ સાત નરકવંશની રત્નપ્રભા શર્કરાપ્રભા–વાલુકાપ્રભા–પંકપ્રભા–ધૂમપ્રભા–તમઃપ્રભા–તમસ્તમઃ-પ્રભા નામની, ભાખરી જેવી ગોળ, સાત પાતાળ પૃથ્વીઓ છે. પહેલી પૃથ્વી જાડાઈમાં ૧,૮૦,૦૦૦ યોજન જાડી, એની નીચે નીચેની તેથી ઓછા ઓછા યોજન જાડી અને દરેક લોકાકાશના લગભગ છેડા સુધી વિસ્તૃત, તથા નીચે અને બાજુમાં ઘનોદધિ આદિ વલયોથી વિંટળાયેલી હોય છે. આ સાત પૃથ્વી ઉપરાંત એક પૃથ્વી ૧૪ રાજલોકના યાને લોકાકાશના મથાળા ઉપરના ૫ અનુત્તર વિમાનથી ૧૨ યોજન ઊંચે છે. એ ઈષત્ પ્રાગભારા યાને સિદ્ધશિલા નામની અને સ્ફટિક રત્નની છે. તે પણ ભાખરી જેવી ગોળ કિન્તુ વચમાં ૮ જોજન

જાડી અને ત્યાંથી પાતળી થતી થતી છેક છેડા પર અણીદાર હોય છે. એનો વિસ્તાર (લંબાઈ-પહોળાઈ યાને વ્યાસ) ૪૫ લાખ જોજનનો છે; અને એટલા જ માપના અઢી દ્વીપના કોઈપણ સ્થળમાંથી જીવ મોક્ષ પામી ત્યાંથી સીધી ગતિએ ઊંચે જઈ સિદ્ધશિલાની ઉપર લોકના અંતે સ્થિર થાય છે.

® **વલયો** દરેક પાતાળ પૃથ્વીને નીચે ને બાજુમાં વિંટળાઈને રહેલ ઘનોદધિ ઘનવાત અને તનવાત નામે છે. એમાં પહેલું વલય થીજી ગયેલ બરફરૂપ, એની નીચે બીજું થીજી ગયેલ વાયુરૂપ, અને એની નીચે સૂક્ષ્મ વાયુરૂપ હોય છે. એ વલય થાળી જેવા; જાણે એક થાળીમાં બીજી થાળી, ને એ બીજીમાં ત્રીજી થાળી; એ ત્રીજી તે ઘનોદધિ; પછી એમાં ભાખરી જેવી પૃથ્વી, તે આખી થાળીમાં ભરેલી. આવા ૩-૩ વલય દરેક પાતાળ પૃથ્વીને; એટલે કુલ ૨૧ વલય છે.

® **દ્વીપોમાં** વચમાં જંબૂદ્વીપ ભાખરી જેવો ગોળ, અને પ્રમાણઅંગુલના માપે ૧ લાખ જોજનનો લાંબો-પહોળો યાને વ્યાસવાળો. આ દ્વીપને ફરતો લવણ સમુદ્ર ચૂડી-આકારે, ને ૨ લાખ જોજન પહોળાઈમાં. એને ફરતો દ્વીપ ધાતકીખંડ એ પણ ચૂડી આકારે, ને ૪ લાખ જોજન પહોળો. પછી ફરતો સમુદ્ર-દ્વીપ-સમુદ્ર-દ્વીપ....એમ છેલ્લો દ્વીપ સ્વયંભૂરમણ દ્વીપ. દરેકનું માપ પૂર્વ પૂર્વ કરતાં દ્વિગુણ-પહોળું. તે છેલ્લો દ્વીપ અસંખ્ય લાખ જોજનનો; કેમકે કુલ દ્વીપ અસંખ્યાતા છે આમાં મધ્યના જંબૂદ્વીપ+ધાતકીખંડ+૦॥ પુષ્કરવરદ્વીપ=૨॥ દ્વીપ, એટલો મનુષ્ય લોક છે. ૧૬ લાખ જોજનનો પહોળો

પુષ્કરવર દ્વીપ ચૂડી જેવો છે. એની વચ્ચે ૮–૮ લાખ જોજનના બે ભાગ કરતી માનુષોત્તર પર્વતની લાઈન આખા દ્વીપમાં ફરતી છે. એની અંદર તરફના ભાગમાં ૨।। દ્વીપ છે, ને એમાં જ મનુષ્યો રહે છે. જંબૂદ્વીપમાં ભરત, મહાવિદેહ, ઐરવત વગેરે ૭ ક્ષેત્ર છે, અને એ દરેકની વચમાં આડો લાંબો પર્વત, તે ૬ છે. જંબૂદ્વીપની વચમાં ૧ લાખ જોજનનો ઊંચો મેરુ પર્વત છે. જંબૂદ્વીપની બે બાજુના પૂર્વ–પશ્ચિમ ધાતકી ખંડ તથા પુષ્કરાર્ધમાં દરેકમાં આ પ્રમાણે હોવાથી, કુલ ૫ મેરુ, ૫ ભરત, ૫ ઐરવત, અને ૫ મહાવિદેહ વગેરે છે.

⊛ **સમુદ્રો** ૨ લાખ જોજનના લવણસમુદ્રથી માંડી અસંખ્ય જોજનના છેલ્લા સ્વયંભૂરમણ સમુદ્ર સુધી અસંખ્ય છે એમાં એક બાજુ ગામ ને બીજી બાજુ રામ જેવી સ્થિતિ છે લવણ ૨ લાખનો, તો વચમાં જંબૂ ૧ લાખનો; ધાતકીખંડ ૪ લાખનો તો વચ્ચે લવણ–જંબૂ મળી ૩ લાખ; ને ધાતકીની બે બાજુ લઈએ તો ૫ લાખ, ત્યાં જંબૂ ૧ + લવણની બંને બાજુના ૪, એમ કુલ ૫ લાખ થાય; એટલે ધાતકી ૩ લાખ પહોળો વધુ. બસ, એ પ્રમાણે છેલ્લો સ્વયંભૂરમણ સમુદ્ર બંને બાજુ જેટલો થાય, એના કરતાં વચ્ચેના કુલ દ્વીપ–સમુદ્ર બંને બાજુ થઈ માત્ર ૩ લાખ જોજન ઓછા થાય.

⊛**નરકો** યાને નારકીના જીવોને તે તે પૃથ્વીમાં ઉત્પન્ન થઈ રહેવાના નરકાવાસો. એ માળ જેવા પ્રતરમાં અંધારી ગુફા જેવા છે પહેલી નરકમાં ૧૩ પ્રતરમાં પહેલો સીમન્તક નરકાવાસ, એવા ૩૦ લાખ છે. સાતેયમાં ક્રમશઃ ૩૦–૨૫–૧૫–૧૦–૩

લાખ, પંચન્યૂન ૧ લાખ નરકાવાસો અને ૫ નરકાવાસો, એમ કુલ ૮૪ લાખ નરકાવાસ છે.

**વિમાનો** જ્યોતિષીદેવ સૂર્ય ચંદ્રના અસંખ્ય વિમાન છે, અને ઉપર વૈમાનિક દેવોના ૮ દેવલોકમાં ક્રમશઃ ૩૨–૨૮–૧૨–૮–૪ લાખ તથા ૫૦–૪૦–૬ હજાર વિમાનો છે, ૯–૧૦મામાં ૪૦૦, ને ૧૧–૧૨મામાં ૩૦૦ વિમાન છે. તથા ઉપર નવગ્રૈવેયકમાં ૩૧૮ તથા પાંચ અનુત્તર વિમાનમાં ૫ વિમાન છે. કુલ ૮૪૯૭૦૨૩ વિમાન વૈમા૦ના છે. વચલું અનુત્તર વિમાન 'સર્વાર્થસિદ્ધ' વિમાન ૧ લાખ જોજનનું, બાકીના દરેક વિમાન અસંખ્ય જોજનના વિસ્તારવાળું હોય છે.

**ભવનો** ભવનપતિ દેવતાઓને રહેવાના દેવતાઈ મકાન, તે ૭ ક્રોડ ૭૨ લાખ છે એમાં નીચે નીચે અસુરકુમાર આદિ ૧૦ પ્રકારના દેવ રહેતા હોવાથી અસુરનિકાય નાગનિકાય વગેરે કુલ દશ નિકાય છે. દરેક ભવન અસંખ્ય જોજનનું હોય છે. 'ભવણાઈ'માં આદિ પદથી નગરાદિ લેવાના.

**નગરો** તે વ્યંતર દેવોને રહેવાના નગરો અસંખ્ય છે. તે પહેલી રત્નપ્રભા પૃથ્વીમાં ઉપરના ૧૦૦૦ યોજનના ઉપર–નીચેના ૧૦૦–૧૦૦ યોજન સિવાય વચલા ૮૦૦ યોજનમાં પોલાણમાં આવેલા છે.

આ બધા પૃથ્વી–વલય–દ્વીપ–સમુદ્ર–નરક–વિમાન–ભવન-નગરના સંસ્થાન આકાર ચિંતવવાના કે એ કેવા કેવા આકારે છે. આનાં એકાગ્ર ચિંતનમાં ધર્મધ્યાન લાગી જાય, એ સંસ્થાન-

વિચય ધર્મધ્યાન બને. ખાલી આવા પદાર્થના ચિંતનમાંય આ તાકાત છે.

લોકસ્થિતિને ચિંતવે. એ એવી રીતે કે લોકસ્થિતિ અર્થાત્ લોકની વ્યવસ્થા મર્યાદા, એનો વિધિ એટલે પ્રકાર, એટલે કે લોકમાં જ્યાં જે જે પૃથ્વી, પર્વત, સમુદ્ર, વિમાન વગેરે વ્યવસ્થિત જે જે પ્રકારે ગોઠવાયેલ છે, ત્યાં તે તે આકાશ વાયુ વગેરેમાં પ્રતિષ્ઠિત છે. દા. ત. ઉપર સિદ્ધશિલા લોકના મથાળે વ્યવસ્થિત છે, તે કોના આધાર પર છે? આકાશના આધાર પર, કેમકે એની નીચે માત્ર આકાશ છે. જેમ પર્વત નીચે ભૂમિ હોય, એમ એની નીચે ભૂમિ નથી. એવી રીતે અનુત્તર ગ્રૈવેયકાદિ વિમાનો પણ આકાશમાં જ અદ્ધર રહેલા છે. એમ તનવાત આકાશમાં અવસ્થિત છે.

## વિમાનો વગરે અદ્ધર કેમ રહી શકે? :-

પ્ર૦–તો શું એ આકાશમાં નીચે ન પડી જાય? અદ્ધર કેમ રહી શકે?

ઉ૦–આકાશમાં અદ્ધર રહેલ છે, એ હકીકત છે. સૂર્ય ચંદ્ર આકાશમાં એ રીતે રહેલા દેખાય જ છે ને? કેમ રહી શકે છે? એનો ખુલાસો એટલો જ કે તથાસ્વભાવે. એવી એવી શાશ્વત કાળની પરિસ્થિતિ છે, વસ્તુસ્વભાવ છે, લોકસ્થિતિ છે, કે એ એમજ રહે. જો આકાશના બદલે બીજો આધાર હોવાનો આગ્રહ રાખીએ, તો પાછો સવાલ એ આવીને ઊભો રહે કે એ આધાર કોનો આશ્રય કરીને રહેલ છે?.... એમ પ્રશ્ન કરતાં કરતાં છેવટે છેલ્લો આધાર આકાશમાં જ રહ્યાનું માનવું પડે;

ને એ એમ રહેવામાં કારણ તરીકે તથાસ્વભાવને જ આગળ કરવો પડે. પછી તો સ્વભાવ પર 'એ સ્વભાવ આવો કેમ?' એવો પ્રશ્ન ન થઈ શકે. કેમકે સ્વભાવ અચિંત્ય અહેતુક પદાર્થ છે, અગ્નિની જ્વાળાનો સ્વભાવ ઊંચે જવાનો કેમ? ને વાયુનો સ્વભાવ તિર્છો જવાનો કેમ? જવાબ એ જ કે એ 'સ્વભાવ' વસ્તુ છે માટે. અસ્તુ.

રત્નપ્રભાદિ પૃથ્વી ઘનોદધિના આધારે છે. એ વળી તનોદધિની ઉપર છે. ત્યારે એ વળી તનવાત પર અવસ્થિત છે. પર્વતો અને સમુદ્રો પૃથ્વીની ઉપર આધારિત છે. એમ ભારે વાયુ પર હલકી રજ વગેરે અદ્ધર રહે છે. એ ખસી જતા રજ નીચે પડે છે.

આ આકાશાદિના આધારે રહેવાનું શાશ્વતા કાળનું છે. તેમજ તનવાત પર જ ઘનવાત, ઘનવાતની ઉપર જ ઘનોદધિ, એની જ ઉપર પૃથ્વી....આ વ્યવસ્થિત પ્રકાર પણ શાશ્વતો છે; એમાં ફેરફાર નથી થતો. 'સંસ્થાનવિચય'માં આ બધું ચિંતન થઇ શકે. હવે 'જીવ'પદાર્થ પર ચિંતન બતાવે છે. (ગાથા–૫૫)

## ૪ જીવપદાર્થ પર ચિંતન

જીવવસ્તુ પર ચિંતનના અહીં [૧]લક્ષણ, [૨]કાળસ્થિતિ [૩]શરીરભિન્નતા, [૪]અરૂપિતા, [૫]કર્તૃત્વ, [૬]ભોક્તૃત્વ, એમ ૬ મુદ્દા કહ્યા છે. એના પર આ રીતે ચિંતન કરાય, (૧) લક્ષણ :— જીવનું લક્ષણ ઉપયોગ છે. એ જ્ઞાન, દર્શન, બે પ્રકારે છે; જ્ઞાનોપયોગ, દર્શનોપયોગ.

પ્ર૦–જ્ઞાન–દર્શનને 'ઉપયોગ' કેમ કહે છે? જો કહો કે "ઉપ=સામીપ્યેન યોગ=જોડાણ, અર્થાત્ જે ગાઢ જોડાય તે

ઉપયોગ. જ્ઞાન–દર્શન જીવ સાથે ગાઢ જોડાવાથી એને ઉપયોગ કહે છે," તો એમ તો પુદ્ગલમાં રૂપ રસાદિ ગુણ ગાઢ જોડાય છે તો તેથી શું એ રૂપ રસાદિને ઉપયોગ કહેશો ?

ઉ૦–'ઉપયોગ'નો અહીં એ અર્થ નથી, પણ 'ઉપયોગ' એટલે જેના દ્વારા બીજામાં નિકટતાથી તન્મયતાથી જોડાવાનું થાય તે. ત્યારે આત્માને જ્ઞાન–દર્શનથી એના વિષયમાં એવું જોડાવાનું થાય છે, અર્થાત્ વિષયને તન્મયતાથી એ જુએ છે જાણે છે. સારાંશ, જ્ઞાન–દર્શન એ 'ઉપયોગ' એટલા માટે છે કે જીવ એથી બીજા વિષયમાં ઉપયુક્ત યાને જાગતો–સાવધાન–જાણકાર બને છે. કોઈ જડને બીજાનો વિચાર જ નથી, બીજાની જાગૃતિ યાને જાણકારી નથી, ગમ જ નથી. તેથી એનામાં ઉપયોગ નથી. ત્યારે નાની કીડી જેવા જીવને ચાલતાં ખબર પડે છે કે આ પાણી આવ્યું, તો એ નિવૃત થાય છે, એમાં એ આગળ નહિ વધે. સિદ્ધના જીવોને આખા જગતની ખબર પડે છે; માત્ર એમને રાગાદિ નહિ હોવાથી એ એમાં પ્રવૃત્તિ–નિવૃત્તિ નથી કરતા. કોઈ જડને બીજાની ખબર નહિ પડે. દર્પણને ય ગમ નથી પડતી; એમાં પ્રતિબિંબ એ તો માત્ર છાયાણુનું સંક્રમણ છે. માટે જડના ગુણને ઉપયોગ નહિ કહેવાય.

આ ઉપયોગ બે પ્રકારે–૧. સાકાર ૨. નિરાકાર. સાકાર એટલે જ્ઞાનોપયોગ, નિરાકાર એટલે દર્શનોપયોગ. અહીં 'સાકાર' = જ્ઞાન એ વિશેષોપયોગ છે અને 'નિરાકાર'=દર્શન, એ સામાન્યોપયોગ છે. વસ્તુનાં બે સ્વરૂપ (૧) સામાન્ય, અને (૨) વિશેષ. એવી જ બીજી વસ્તુઓ સાથેનો સમાનભાવ એ

સામાન્ય. દા. ત. બીજા પાર્થિવ પદાર્થોની સમાન ઘડો પણ પાર્થિવ છે, તો ઘડામાં પાર્થિવતા એ સામાન્ય કહેવાય, ત્યારે બીજાઓથી જુદાઈ એ વિશેષ. દા. ત. એજ ઘડામાં ઘડાપણું એ બીજા પાર્થિવ કુંડા આદિ પદાર્થોથી જુદાઈ છે, માટે એ ઘડાપણું ઘડાનું વિશેષ સ્વરૂપ કહેવાય, વળી બીજા ઘડાની સમાન આમાં પણ ઘડાપણું એ તો સામાન્ય. પણ અન્ય ઘડાની અપેક્ષાએ આમાં અમુકથી જ બનવાપણું, અમુકની જ માલિકી, અમુક સ્થાને જ રહેવાપણું, વગેરે ધર્મો જુદા; તેથી આ ધર્મો એ આ ઘડાનું વિશેષ સ્વરૂપ કહેવાય. બસ, વસ્તુને વિશેષરૂપે જુએ તે વિશેષોપયોગ, સાકાર ઉપયોગ, યાને જ્ઞાન કહેવાય, અને સામાન્ય રૂપે જુએ તેને સામાન્યોપયોગ, નિરાકાર ઉપયોગ, યાને દર્શન કહેવાય.

**સાકાર ઉપયોગ** ૮ પ્રકારે હોય,–મતિજ્ઞાનાદિ ૫ તથા મતિ–અજ્ઞાન, શ્રુત–અજ્ઞાન, વિભંગજ્ઞાન એ ૩, મળી ૮. (આમાં 'અજ્ઞાન' એટલે જ્ઞાનનો અભાવ નહિ, કિન્તુ મિથ્યાજ્ઞાન, મિથ્યાદૃષ્ટિનું જ્ઞાન) **નિરાકાર ઉપયોગ** ૪ પ્રકારે છે. ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન, અને કેવળદર્શન. શ્રી તત્ત્વાર્થશાસ્ત્ર (અ૦ ૨, સૂ– ૯) માં કહ્યું છે–'સ દ્વિવિધોऽષ્ટચતુર્ભેદઃ' અર્થાત્ ઉપયોગ બે પ્રકારે સાકાર અને અનાકાર, તે ક્રમશઃ ૮ અને ૪ ભેદે હોય છે. આ ઉપયોગ એ જીવનું લક્ષણ. એનું ચિંતન કરે. વળી કાળસ્થિતિ વિચારે;

(૨) **કાળસ્થિતિ** જીવની અનાદિ અનંત છે, શાશ્વત નિત્ય છે. ક્યારે ય જીવ તદ્દન નવો જ ઉત્પન્ન થયો નથી; તેમ અત્યંત

નાશ પામતો નથી, સદાનો છે. અલબત્, એમાં પર્યાયનાં પરિવર્તન થાય; એક જન્મ પછી મૃત્યુ, વળી જન્મ, પછી મૃત્યુ, હમણાં મનુષ્ય, પછી દેવ, હમણાં સંસારી પછી મુક્ત. એમ ભિન્ન ભિન્ન પલટાતા પર્યાયની અપેક્ષાએ જીવ અનિત્ય છે. કિન્તુ એ બધા પ્રવાહમાં જીવપણે તો એ કાયમ જ રહે. તેથી પ્રવાહથી નિત્ય છે આ પરથી માત્ર વર્તમાન જીવન જ જોતાં બેસી રહેવું, એનાં જ સુખ-સન્માનનો વિચાર કરવો એ અજ્ઞાન દશા છે. જીવ માટે તો અનંતો ભૂતકાળ વીતી ગયો, એણે કેઈ સુખ-સન્માન અને દુઃખના ડુંગર જોઈ નાખ્યા. અહીં શું નવું છે તે એમાં મોહી પડાય? વળી જીવ માટે ભાવી અનંત કાળ ઊભો છે; એને ટૂંકા વર્તમાનના જ મોહ ખાતર કેમ બગાડાય? આમ જીવની શાશ્વતતા ચિંતવે. વળી જીવ કાયાથી ભિન્ન હોવાનું વિચારે;

(૩) **કાયાથી ભિન્નતા** :- જીવ એક સ્વતંત્ર દ્રવ્ય છે. જેમ ઔદારિક કાયા યાને આપણે જે શરીર ધારણ કરીએ છીએ તે ભોગ્ય એવી ઘર-પૈસા-ચીજ-વસ્તુ વગેરેથી તદ્દત જુદી વસ્તુ છે, એમ અંદર રહેલ આત્મા પણ એ ભોગ્ય શરીરથી તદ્દન જુદી વસ્તુ છે. શરીર ભોગ્ય હોઈને જ ઘરની જેમ એને મેલાનું ઊજળું, દુબળાનું સબળું વગેરે કરી ભોગવાય છે. આનંદનું સાધન છે બનાવાય છે, તો એનો ભોકતા જીવ જુદો પુરવાર થાય છે. નહિતર શરીર પોતે પોતાને શું ભોગવે? એમ કાર્મણકાય અર્થાત્ કર્મનો જથો એનાથી પણ જીવ તદ્દન જુદો છે, કેમકે જીવે છે, જીવશે, જીવતો હતો, એ જીવ કહેવાય. 'જીવ' શબ્દની આ વ્યુત્પત્તિ શરીરમાં લાગુ ન થઈ શકે, કેમકે એ તો અંતે નિશ્ચેષ્ટ બને

છે ત્યાં, અને પછી એના ફુરચા ઊડી જાય છે ત્યાં, જીવવાની ક્રિયા ક્યાં રહેવાની? આમ શરીરથી તદ્દન અલગ સ્વતંત્ર જીવ હોવાનું ચિંતવે. વળી અરૂપિતા ચિંતવે;

(૪) **અરૂપિતા :** જીવ અરૂપી છે, અમૂર્ત છે, રૂપ–રસાદિ ગુણ વિનાનો છે. માટે સિદ્ધશિલાની ઉપર જ્યાં મુક્ત સિદ્ધ બનેલો એક જીવ છે ત્યાં બીજા અનંતા મુક્ત જીવો રહેલા છે. અમૂર્ત હોવાથી જેમ મગજમાં એક ગ્રંથનું જ્ઞાન હોવા છતાં ત્યાં જ બીજા સેંકડો ગ્રંથનું જ્ઞાન સમાય છે, એવી રીતે મોક્ષ-સ્થાન નાનું છતાં ત્યાં ને ત્યાં જ અનંતા મુક્ત જીવો સમાય છે; કોઇ જ જીવ કોઈને બાધ નથી કરતો આ સિદ્ધો અરૂપી હોઈને જ એમના પર હવે કર્મ, શરીર, આદિ કશાનો લેપ નથી લાગતો. અરૂપી જીવ પર સંસારમાં તો એટલા માટે લેપ લાગે છે કે જીવની ઉપર અનાદિ કાળથી કર્મના લેપનો પ્રવાહ જ ચાલ્યો આવે છે, તેથી લેપ પર લેપ લાગવામાં વિરોધ નથી. ત્યાં આત્મા રૂપારૂપી છે. પછી સર્વથા અરૂપી થયે ક્યારેય લેપ લાગવાનો નહિ.

આત્માની મૂળભૂત આ અરૂપિતાનું જો પોતાને મમત્વ લાગી જાય તો તો પછી ૭(૧) એનું એને મહત્ત્વ લાગવાથી જડ રૂપી પદાર્થો 'કૂછ નહિ' લાગે, ક્યાં મારી શુદ્ધ નિર્મળ અક્ષય અજર અમર અરૂપિતા? ને ક્યાં જડનાં પલટાતા નાશવંત બેહુદા રૂપ–રસાદિ? શા સારુ એમાં હું ભળું? શા માટે એને મહત્ત્વ આપી આ સુંદર આ ખરાબ એવા ભાવ કરું?' એમ જડ પ્રત્યે ઉદાસીનતા આવે એવી અરૂપિતાની મમતા છે. વળી

(૨) રૂપી જડના લેપને લીધે જ શુદ્ધ અરૂપિતા આવરાઈ ગઈ છે. સાથે અનંત સુખ પણ દબાઈ ગયું છે. એટલે રૂપી જડ તો આત્માનું દુશ્મન છે. તો દુશ્મનના માલ વિવિધ રૂપાદિ, એમાં સારુ નરસુ શું લાગે? દુશ્મનના માલ પ્રત્યે તો નફરત ઉદાસીનતા જ હોય, આમ રૂપીની સામે સ્વકીય ભવ્ય અરૂપિતા ચિંતવે. વળી સ્વકર્મનું કર્તૃત્વ ચિંતવે;

(૫) **સ્વકર્મકર્તૃત્વ** : આવો શરીરથી ભિન્ન આત્મા સંસારમાં છે, ત્યાં સુધી જ્ઞાનાવરણાદિ કર્મનો કર્તા છે. કર્મબંધના કારણો સેવે એટલે સહજ છે કે કર્મ બાંધે એ કારણો જેવાં કે, હિંસાદિ પાપને ત્યાજ્ય ન માનવું વગેરે મિથ્યા દષ્ટિ, પાપની છૂટ હોવી એ અવિરતિ, રાગદ્વેષાદિ કષાયો, તથા હિંસાદિ પાપોનું આચરણ-એ સ્પષ્ટ દેખાય છે. કારણ હોય એટલે કાર્ય થાય જ એ ય સહજ છે. એટલે એ કાર્ય 'કર્મ' આત્મા પોતે જ આ કારણો સેવવા દ્વારા કરે છે. ઉક્ત કારણો તદ્દન મૂકી દે ત્યારે કર્મકર્તૃત્વ બંધ થઇ જાય છે, ને ક્ષણમાં મોક્ષ પામે છે. સાંખ્યદર્શન આત્માને હંમેશનો તદ્દન શુદ્ધ એટલે કૂટસ્થ નિત્ય માને છે, તેથી કર્મનો કર્તા નથી માનતા. પણ એ ખોટું છે, કેમકે આત્મા જો કર્મનો કર્તા નહિ, તો એના પર કર્મનો સંબંધ પણ નહિ, તેથી એનો સંસાર નહિ; કેમકે કર્મસંયોગે જ સંસાર, કર્મવિયોગે મોક્ષ. જો જીવનો સંસાર જ નહિ તો પછી મોક્ષ કોનો કરવાનો? મોક્ષ કરણીય છે, એનાં શાસ્ત્ર છે, ને એ માટે આરાધ્ય માર્ગ પણ છે, તો પછી જરૂર કર્મસંબંધ પણ છે. એ કરનાર આત્મા પોતે જ છે. બીજું કોઇ આવીને કર્મ નથી ચોંટાડી દેતું, આત્મા પોતે જ કર્મનાં કારણો સેવવા દ્વારા

પોતાના ઉપર કર્મ સરજે છે. આમ કર્મકર્તૃત્વ ચિંતવે. વળી કર્મભોક્તૃત્વ વિચારે;–

(૬) **જીવ સ્વકર્મનો ભોક્તા છે.** પોતે કર્યાં કર્મ પોતાને ભોગવવાં જ પડે છે. વર્તમાનમાં પોતાને કેટલું ય અજ્ઞાન છે એ શું છે? પોતાનાં જ્ઞાનાવરણીય કર્મનો ભોગવટો. આંખ કાચી છે, નિદ્રા આવે છે, એ શું? દર્શનાવરણ કર્મનો ભોગવટો. રાગદ્વેષ કામ–ક્રોધ–લોભ વગેરે થાય છે, એ શું? પોતાનાં જ મોહનીય કર્મનું વેદન. પોતે કર્યાં કર્મ પોતાને જ ભોગવવાનાં રહે. અવળો ધંધો કોઈ કરે, ને ખોટ બીજો ખાય એ ન બને. જેને ગૂમડું, એણે જ એની પીડા ભોગવવી પડે છે. અહીં સીતાની કોઈ ભૂલ નહિ, છતાં કેમ એને અપજશ વેઠવો પડ્યો! કહે. પોતાના આત્માનાં સ્વોપાર્જિત પૂર્વ કર્મના લીધે જ. કરેલાં કર્મનો પ્રતિક્રમણ, તપ કે ભોગવટાથી જ છૂટકારો થાય, કર્મ બાંધ્યા એ ગૂમડું. એ પાકે એટલે એનું ફળ અનુભવાય એ જ ભોગવટો. આમ ભોગવટો પોતાનાં જ કર્મનો હોય. જગતમાં સારું નરસું મળવાનું પોતાનાં કર્મના લીધે જ થાય છે. સારાંશ, કર્મ છે ત્યાં સુધી એનું ભોક્તૃત્વ છે. આ ચિંતવે તો આર્ત-ધ્યાન, બીજા પર દ્વેષ, વસ્તુનો મોહ વગેરે અટકે.

જીવતત્ત્વ અંગે આ લક્ષણ વગેરે મુદ્દાઓથી ચિંતન કરતાં મન તન્મય થયે 'સંસ્થાન વિચય' ધર્મધ્યાન લાગે (ગાથા–૫૫) હવે 'સંસાર' પર ચિંતન બતાવે છે. (ગાથા–૫૬–૫૭).

## ૫. સંસાર–ચિંતન

એવા શરીરથી તદ્દન સ્વતંત્ર આત્મદ્રવ્યનો પોતે ઉપાર્જેલા

કર્મના યોગે સંસાર નીપજે છે. કર્મનો પ્રવાહ અનાદિથી ચાલુ, કર્મ બાંધવાનું અનાદિ કાળથી ચાલુ, તો સંસાર પણ અનાદિ કાળથી ચાલ્યો આવે છે. 'સંસાર' એટલે સંસરણ, પર્યટન, ભટકવાનું. શામાં? જન્મ-મરણ, ગતિઓ, કર્મભોગ, પુદ્ગલસંબંધ, રાગાદિ અશુભ ભાવો, સુખદુઃખ વગેરેમાં. સ્વકર્મજનિત આ સંસાર છે. એનું ચિંતન આ રીતે થાય,—

સંસાર એક સમુદ્ર જેવો છે. સમુદ્રમાં પાણી બહુ. એમ સંસારમાં જન્મ, જરા, મરણ અતિ બહુ; એટલે એમાં જન્માદિરૂપી પાણી છે, એમ કહેવાય. (૨)વળી સમુદ્રનું પાતાળ એવું કે એમાંથી અગાધ પાણી આવ્યા જ કરે, કયારે ય પાણી બંધ નહિ; એમ સંસારમાં ક્રોધાદિ કષાયરૂપી પાતાળ પણ એવા છે એમાંથી અગાધ જન્માદિ જ વહ્યા કરે છે. (૩)વળી સંસારસમુદ્રમાં સેંકડો વ્યસનો યાને આપત્તિઓ રૂપી શ્વાપદો છે, જળચર જંતુઓ છે. આપત્તિઓ પીડાકારી હોવાથી શ્વાપદની ઉપમા આપી.

અહીં ગાથામાં 'સાવયમણં' પદમાં 'મણ' શબ્દ છે. એ દેશ્ય શબ્દ છે. એનો અર્થ 'વાળો' થાય. સાવયમણં એટલે શ્વાપદવાળો. કહ્યું છે,—'મણુઅત્થંમિ મુણિજ્જહ આલં ઇલ્લં મણં ચ મણુયં ચ' 'મત્વર્થ'માં યાને જ્યાં સંસ્કૃતમાં 'મતુ'-મત્વત્ પ્રત્યય લાગે, ત્યાં પ્રાકૃતમાં 'આલ' 'ઇલ્લ' 'મણ' 'મણુય' પ્રત્યય આવે છે. જેમકે 'દીનદયાવાન' માટે 'દીણદયાલ', ગર્વ-વાન-ગર્વિષ્ઠ' માટે 'ગવ્વિલ્લ' 'શ્વાપદવાન્' માટે 'સાવયમણ' વપરાય.

(૪)વળી સંસારસમુદ્રમાં મોહનીય કર્મરૂપી આવર્ત છે, ભમરી છે; કેમકે વહાણ જો ભમરીમાં ફસાયું તો એ ત્યાં ને ત્યાં ગોળ

ગોળ ભ્રમિ યાને ચક્કર લે છે, એમ મોહનીય કર્મ પણ જીવને ભ્રમિમાં યાને ભ્રમમાં ચડાવે છે, મિથ્યાતત્ત્વમાં ઘુમાવ્યા કરે છે. જીવ હિંસાદિ પાપથી સુખ લેવા જાય છે, પણ દુઃખ મળે છે, એટલે માને છે કે એ તો અમુક કારણો બગડ્યા માટે દુઃખ આવ્યું, તેથી હવે બરાબર ધ્યાન રાખીને હિંસાદિ આરંભ કરવા દે. ⊛આમ હિંસાદિ પાપોના ચક્રાવે ચડે છે. ⊛વળી સંસારસમુદ્ર મહાભયંકર છે. વિરાટ સમુદ્રના અંગો ભય કરે, એમ વિરાટ સંસારના અંગો અતિ ભયકારક બને છે. ⊛વળી સમુદ્રમાં વાયુથી પ્રેરિત મોટાં મોજાં-ઓની હારમાળા ચાલે, એમ સંસારમાં જ્ઞાનાવરણકર્મના ઉદયથી પ્રેરિત અજ્ઞાનના લીધે ઊઠેલા સંયોગ-વિયોગની હારમાળા ચાલે છે.

પ્ર૦–કોઈ વસ્તુ સાથે સંયોગ અને પછી તેની સાથે વિયોગ તો બીજાં બીજાં કર્મને આધીન છે, તો અહીં અજ્ઞાનથી યાને જ્ઞાનાવરણ–કર્મોદયથી પ્રેરિત કેમ કહ્યું ?

ઉ૦–સંયોગ–વિયોગ હોવા માત્રથી દુઃખદ નથી, કિન્તુ એમાં ઈષ્ટ–અનિષ્ટપણાની બુદ્ધિ થવાથી એ દુઃખદ બને છે; અને આ બુદ્ધિ અજ્ઞાનના કારણે ઊઠે છે. નીરસ ખાનપાનનો સંયોગ થયો ત્યાં ખબર નથી કે 'આમાં તો રાગ નહિ થવાથી જાલિમ કર્મબંધ અટકશે એ બહુ લાભમાં છે,' એથી અજ્ઞાનના લીધે લાગે છે કે 'આ અનિષ્ટ સંયોગ થયો.' આવા તો કેટલા ય અનિષ્ટ સંયોગો, અને ઈષ્ટ વિયોગો, એમ ઈષ્ટ સંયોગો ને અનિષ્ટ વિયોગોરૂપી તરંગો અજ્ઞાનરૂપી પવનથી ચાલ્યા જ કરે છે.

વળી આ સંસારસાગર કેવો? 'અણોરપાર' અર્થાત્ જેની આદિ નથી, અંત નથી, એવો અનાદિ અનંત છે. આદિ એટલે

માટે નહિ, કે આદિ માનવા જતાં એની પહેલા, માનવું પડે કે, સંસાર નહિ, અર્થાત્ આત્મા તદ્દન શુદ્ધ. તો પછી સવાલ થાય કે એવા આત્મા પર એકાએક સંસાર થવાનું કારણ શું ? કારણ વિના કાર્ય બને નહિ એ સનાતન સિદ્ધાન્ત છે.

પ્ર૦–કોઈક કાર્ય એમજ થયું એવું ન બને ?

ઉ૦–જો આદિ કાર્ય એમજ થયાનું માનો તો પ્રશ્ન થાય કે (૧) એ ત્યારે જ કેમ શરૂં થયું ? પૂર્વે અગર પછી કેમ નહિ ? વળી (૨) શુદ્ધનેય જો સંસાર શરુ થતો હોય તો ભવિષ્યમાં મોક્ષ પામ્યા પછી પણ પાછો સંસાર શરૂ થવાનો ભય કેમ નહિ ? કાર્ય કારણથી જ થવાનું માનનાર તો કહી શકે કે જીવ અત્યંત શુદ્ધ થયા પછી કારણ નહિ રહેવાથી હવે કદી એને સંસાર નહિ બને. ત્યારે પૂર્વે તો જ્યારે પૂછો કે 'ત્યાં સંસાર કેમ ?' તો કહેવાય કે એની પૂર્વનાં કારણોને લીધે. એમ પૂર્વે પૂર્વે કારણ હોય જ; એટલે સંસારનો પ્રવાહ અનાદિનો ચાલુ છે, એમ સિદ્ધ થાય છે.

ત્યારે કોઈ જીવના સંસારનો તો અંત થાય છે, પરંતુ સમગ્ર રૂપે જોતાં જીવો અનંતા અનંત કાળ સુધી અશુદ્ધ રહેવાના છે, તેથી સંસાર અનંત છે.

પ્ર૦–કયારે ય સંસાર ખાલી ન થાય ?

ઉ૦– ના, જીવો એવા અનંતાનંત છે કે કયારે ય એ બધા જ મોક્ષમાં ઊપડી જવાના નહિ. આ સમજવા માટે એટલો જ વિચાર બસ છે કે આજ સુધીમાં કાળ કેટલો ગયો ? મર્યાદા–આંકડો નહીં બાંધી શકાય કે આટલો ગયો; કેમકે કાળની આદિ નથી કે અમુક સમયથી કાળ શરુ થયો. તેથી જેમ કાળ આદિ-

રહિત છે, અનાદિ છે, એવી રીતે મોક્ષે જવાનું પણ આદિરહિત છે. અનાદિ કાળથી ચાલુ છે, કેમકે પૂર્વે પૂર્વે ધર્મસ્થપાયેલું હતું તો જ એનાં આલંબને જીવ મોક્ષમાં ગયા. એ તીર્થ સ્થાપનાર તીર્થંકર પણ ત્યારે જ બન્યા કે જો એમણે એની પૂર્વના તીર્થની આરાધના કરેલી. એ પૂર્વનાં તીર્થના સ્થાપક પણ એની પૂર્વનાં તીર્થનાં આલંબને પૂર્વે આરાધના કરીને થયેલા....આમ તીર્થ અને મોક્ષે જવાનું બંને ય અનાદિથી ચાલેલા-ત્યારે અનાદિ કાળનું તો કોઈ માપ જ નથી; તેથી એવી અમાપ કાળથી જીવો મોક્ષે જતા હોય છે; છતાં સંસાર ખાલી નથી થયો એ હકીકત વર્તમાન સ્થિતિ બતાવી રહી છે. તો અમાપ કાળમાં ન બન્યું એ હવેના માપેલા કાળમાં બને? આદિરહિત **અમાપ** ભૂતકાળમાં જીવો કેટલા બધા મોક્ષે ગયેલા? છતાં જૈનશાસ્ત્રો કહે છે કે એક નિગોદના જીવોની સંખ્યાના અનંતાનંતમા ભાગની સંખ્યામાં જ જીવો મોક્ષ પામ્યા છે. ત્યારે જો અમાપ અમર્યાદિત કાળના ય એટલા જ મુક્ત, તો હવે પછીના મર્યાદિત કાળમાં કેટલા જીવ મુક્ત બનવાના? ગયેલા કાળના મુક્તો કરતાં અનંતમા ભાગના જ ને? એથી સંસાર કેમ ખાલી થાય? 'સંસાર અનાદિ અનંત છે,' એમ ચિંતવે. વળી

**'સંસાર અશુભ છે,'** એમ ચિંતવે, 'અશુભ' એટલે અશોભન, અસુંદર, સંસારમાં કઈ વસ્તુ સુંદર છે? પ્રશસ્ત છે?

પ્ર૦–તો શું સંસારમાં દેવ–ગુરુ–ધર્મ–તીર્થશાસ્ત્ર એ સુંદર વસ્તુ નથી?

ઉ૦–જરૂર સુંદર છે, પરંતુ એ સંસારની વસ્તુ નથી., એ સંસારને ઊખેડનારી મોક્ષમાર્ગની વસ્તુ છે. સંસારની વસ્તુ તો સંસારમાં ભમાવનારા આહાર–વિષય–પરિગ્રહ–પરિવાર–કષાયો તથા મિથ્યાત્વાદિ. એમાં શું સુંદરપણું સારાપણું છે? તો સંસારની વસ્તુ જન્મ–મરણ–ગતિ પરિવર્તન વગેરે; એમાં ય શું સારાપણું છે? સંસાર સ્વરૂપથી, કારણથી, અને કાર્યથી બધી રીતે નરસો છે; કેમકે એમાં આત્માની ખરેખર વિટંબણા જ છે. આ પ્રમાણે ચિંતન કરે. આટલી અનાદિ–અનંતતા અને અશુભતાના ચિંતનમાં ય તન્મયતા થતાં સંસ્થાનવિચય નામનું ધર્મધ્યાન લાગે.

## ૬. ચારિત્ર પર ચિંતન

હવે આવા સંસારના નિવારક ચારિત્ર વિષે ચિંતન કેમ કરવું તે વિચારવામાં આવે છે.

**ચારિત્ર જહાજ કેવી રીતે?** સંસાર એ સમુદ્ર જેવો છે. તો એમાંથી તરી જવા માટે સમર્થ કોઇ જહાજ હોય તો તે ચારિત્રરૂપક મહા જહાજ છે. આનું કારણ સ્પષ્ટ છે. જે માર્ગે સંસાર નીપજે, એનાથી વિપરીત રસ્તે મોક્ષ આવે. સંસાર અસંયમ, અવિરતિ (હિંસાદિ પાપોની છૂટ),ને મિથ્યા પ્રવૃત્તિના કારણે થાય છે; તો એનો અંત સંયમ–વિરતિ–સમ્યક્પ્રવૃત્તિ સ્વરૂપ ચારિત્રથી થાય.

**સમ્યક્ત્વ બંધન :**– હવે સંસાર પાર કરવા આ ચારિત્ર એ મહા જહાજ છે. જેમ જહાજના પાટિયાને બરાબર જોડી રાખનારા બંધન હોય છે. એમ અહીં ચારિત્રમાં સમ્યગ્દર્શન-

રૂપી બંધન છે. એ હોય તો જ ચારિત્ર ટકે. અભવ્યો ચારિત્રનાં મહાવ્રત લે છે, છતાં સમ્યગ્દર્શનના અભાવે એમનામાં ચારિત્રનું છઠ્ઠું ગુણસ્થાનક નહિ, કિંતુ મિથ્યાદૃષ્ટિનું પહેલું ગુણસ્થાનક હોય છે.

**ચારિત્રની નિર્દોષતા** :– વળી ચારિત્ર અનઘ યાને નિર્દોષ હોય છે. આમાં સર્વ પાપોનો પ્રતિજ્ઞાબદ્ધ ત્યાગ હોય છે; તેમજ કષાયની ત્રણે ચોકડી દબાવી દીધી છે, તથા જે ચોથી મંદ ચોકડી બાકી છે, એ ક્રોધ–માનાદિનો ઉપયોગ પ્રશસ્ત કરે છે, અર્થાત અસંયમ–પ્રમાદાદિ પ્રત્યે ક્રોધ–દ્વેષ, સાધુત્વની ખુમારી–ગૌરવ,.... વગેરે. તેથી એમ કહેવાય કે ચારિત્રમાં હવે દોષ નથી રહ્યા.

**જ્ઞાન સુકાની** :—વળી જહાજને કપ્તાન–સુકાની જોઈએ, તો અહીં ચારિત્રમાં જ્ઞાનાત્મક સુકાની છે. ચારિત્ર લીધા પછી ગ્રહણશિક્ષા અને આસેવનશિક્ષા દ્વારા જેમ જેમ જ્ઞાનવૃદ્ધિ થાય છે, તેમ તેમ ચારિત્ર વધુ ને વધુ નિર્દોષ રીતે તથા ચડતા સંવેગથી અને અધિકાધિક સૂક્ષ્મતાથી પ્રગતિશીલ બને છે. સારાંશ, જ્ઞાન ચારિત્રને દોરે છે....' આ પ્રમાણે ચારિત્ર અંગે ચિંતવે.

**સંવરઢાંકણ** :–વળી ચિંતવે કે ચારિત્રજહાજને સંવર-રૂપી ઢાંકણોથી નિશ્છિદ્ર બનાવવામાં આવ્યું છે. 'સંવર' એટલે આશ્રવ–નિરોધ. આત્મામાં ઈન્દ્રિઓની વિષય–લગન, કષાયો, અવ્રત વગેરે આશ્રવો છે, એ કાણાં છે. એ દ્વારા કર્મ-રજ આવી આવી આત્મામાં જમા થાય છે. એ આશ્રવ–કાણાંને સમિતિ–ગુપ્તિ–પરીસહસહન–ક્ષમાદિ ૧૦ યતિધર્મ વગેરેથી બંધ કરવામાં આવે છે. આનું જ નામ સંવર છે. એથી કર્મરજ આત્મા પર ચોંટતી અટકે છે.

**તપપવન** :—વળી ચારિત્રજહાજને ઝડપી ચાલવા માટે તપરૂપી પવનથી વેગ મળે છે. અનશન, ઊનોદરિકા વગેરે બાહ્ય તપ, અને પ્રાયશ્ચિત વિનય વગેરે આભ્યન્તર તપ, એ એ રીતે ચારિત્રને વેગ આપે છે કે એનાથી બાહ્યની વૃત્તિઓ દબાવાથી તથા શ્રુત(શાસ્ત્ર)રટણ આદિ સત્પ્રવૃત્તિ ખૂબ રહેવાથી બાકીની છેલ્લી ચોકડીના ય કષાય વધુ ને વધુ પાતળા પડતા જાય છે. એ જ ચારિત્રનો વેગ છે.

**વૈરાગ્યમાર્ગ** :–આવું ચારિત્ર વૈરાગ્યમાર્ગે પડી ગયેલું છે. મોક્ષપ્રાપ્તિ માટે સંપૂર્ણ વીતરાગ દશા જોઈએ એ વિરાગ-ભાવની સાધનાથી ઊભી થાય. માટે વિરાગને 'માર્ગ' કહ્યો. એ માર્ગે વીતરાગદશાએ અને પછી મોક્ષનગરે પહોંચાય. ચારિત્ર રાગના નહિ, પણ આ વિરાગના માર્ગે જ ચાલે છે; એમ બીજો તો બહુ ત્યાગ છે; કિંતુ આહાર, વસ્ત્ર, પાત્ર, મુકામનો જે ઉપયોગ છે, તે ય વિરક્ત દશાથી–સંસારીને તો ઘર-દુકાન-પરિવાર–પૈસા વગેરેના રાગના માર્ગે ચાલવું પડે છે.

**ચારિત્રમાં કેવા વ્યવસાયથી સ્થિરતા** :—વળી ચારિત્ર વિસ્રોતસિકાના તરંગોથી અક્ષોભાયમાન છે. 'વિસ્રોતસિકા' એટલે જેમ સમુદ્રમાં જહાજને આડું લઈ જનાર મોજું, એમ મનને ઉન્માર્ગે તાણી જનાર અપધ્યાન.–દુર્ધ્યાન. એજ મોક્ષ-પ્રાપ્તિની આડે અશુભ કર્મોના જુથરૂપી વિઘ્નને ઊભા કરે છે. પણ ચારિત્રમાં શુભ વ્યવસાય ભરપૂર રહેવાથી દુર્ધ્યાનના તરંગો અટકે છે. એટલે કે એનાથી ચારિત્ર ડહોળાતું નથી, ક્ષોભાયમાન નથી થતું. નવરો બેઠો નખ્ખોદ વાળે. 'An idle man is a

devils house' નવરું મન પિશાચી વિચારો કરે છે. માટે જ ચારિત્ર–જીવનમાં દિવસ રાતના ૮ પહોરમાંથી ૨ પહોર નિદ્રા, ને ૧ પહોર ગોચરી–ભ્રમણ–ગ્રહણ–ભોજન અને બહાર સ્થંડીલભૂમિ–ગમન, એમ ૩ પહોર ઉપરના પાંચેય પહોર શાસ્ત્ર-સ્વાધ્યાયના રાખવામાં આવ્યા છે. જેમાં અવાંતરપણે પ્રતિક્રમણ આવશ્યક ક્રિયા તથા યોગક્રિયા કરી લેવાની હોય છે. શાસ્ત્ર–વ્યવસાય આટલો બધો સમય ચાલવાથી મન એમાં ને એમાં પરોવાયેલું રહી દુર્ધ્યાનાદિ વિકલ્પોથી ન ડહોળાય એ સ્વાભાવિક છે.

## ૧૮૦૦૦ શીલાંગની ગણતરી:-

☞ આ ચારિત્ર જહાજ મહાકિંમતી ૧૮૦૦૦ શીલાંગરૂપી રત્નોથી ભરેલું છે, 'શીલાંગ' એટલે શીલના સદ્‌આચારના અંગો, અવાંતર. પ્રકારો. તે પૃથ્વીકાયાદિ આરંભત્યાગ વગેરે ૧૮૦૦૦ છે. જેમ કે, પૃથ્વીકાય–અપ્કાય–તેજસ્કાય–વાયુકાય–વનસ્પતિકાય એ ૫ સ્થાવરકાય જીવો, તથા દ્વીન્દ્રિય–ત્રીન્દ્રિય–ચતુરિન્દ્રિય એ ૩ વિકલેન્દ્રિય જીવો, એમ ૮ અને પંચેન્દ્રિય જીવો તથા અજીવ, એ ૧૦નો આરંભ–સમારંભ–હિંસા ન કરે, એ શીલાંગ કહેવાય. આમાં અજીવ આરંભનો ત્યાગ એટલે કોઈ નિરર્થક પ્રવૃત્તિ જડ અંગેની ય નહિ, દા. ત. વસ્ત્ર મળ્યું તેવું ઓઢે, પણ એને ફાડવું, સરખું કરવું, વગેરે પરિકર્મ કરવાનું નહિ. એમ મફતનું એક તણખલું યભાંગવાનું નહિ, કે માર્ગે જતાં બગીચો વગેરે જોવાનો ય નહિ, એમ ૧૦ આરંભત્યાગ.

આ દશે પ્રકારનો આરંભ-ત્યાગ દરેક ૧૦ પ્રકારના ક્ષમાદિ યતિધર્મને સાચવીને કરવાનો છે. એમાં ક્ષમા-મૃદુતા-ઋજુતા-નિર્લોભતા એ ૪, તથા સંયમ-સત્ય-શૌચ (પવિત્ર મન)-બ્રહ્મચર્ય-અકિંચનતા (અપરિગ્રહ) એ ૫, અને તપ આવે. દરેક પૃથ્વીકાયાદિનો સમારંભ-ત્યાગ ક્ષમાથી પાળવાનો, નમ્રતાથી પાળવાનો,....તપથી પાળવાનો, એમ દસે આરંભત્યાગ એ રીતે પાળવાનાં; એટલે કુલ ૧૦×૧૦=૧૦૦ શીલાંગ થયા.

હવે આ સો પૈકી દરેક પ્રકાર પાંચે ઇન્દ્રિયોના સંયમ સાથે જાળવવાનો એટલે દા. ત. પૃથ્વીકાય જીવની રક્ષા ક્ષમા સાથે કરવાની તે સ્પર્શનેન્દ્રિયનો સંયમ રાખીને, એ ૧ પ્રકાર; એમ રસનેન્દ્રિયનો સંયમ રાખીને, એ ૨ જો પ્રકાર, એવા પૂર્વના સોએ પ્રકાર દરેક ઈન્દ્રિય-સંયમ સાથે જોડતાં ૧૦૦×૫=૫૦૦ પ્રકારે શીલાંગ થાય. તે પણ આહાર-વિષય-પરિગ્રહ-નિદ્રા (યા ભય), એ ચાર સંજ્ઞાઓના નિગ્રહ સાથે જાળવવાના. એટલે ૫૦૦ પૈકી દરેક પ્રકાર આહારસંજ્ઞા-નિગ્રહ સાથે, વિષય-સંજ્ઞા-નિગ્રહની સાથે....એમ ૫૦૦×૪=૨૦૦૦ શીલાંગ થાય.

આ પણ દરેક પ્રકાર મનથી, એમ વચનથી, અને એમ કાયાથી પાળવાનો. એટલે આહારસંજ્ઞા-નિગ્રહ, સ્પર્શનેન્દ્રિય-સંયમ, એને ક્ષમા રાખવા સાથે પૃથ્વીકાયહિંસા હું મનથી નહિ કરું એ ૧ પ્રકાર, એમ મનથી કુલ ૨૦૦૦ પ્રકાર એ રીતે વચનથી અને કાયાથી બબ્બે હજાર, એમ કુલ ૨૦૦૦×૩ =૬૦૦૦ શીલાંગ થયાં.

આ પણ માત્ર 'કરું નહિ' એમ નહિ, કિન્તુ કરાવું પણ નહિ, તેમ અનુમોદું પણ નહિ, એ રીતે ઉપરોક્ત મન-વચન કાયાના ૬૦૦૦×૩=૧૮૦૦૦ શીલાંગ થાય. ત્યારે બીજી રીતે પણ ૧૮૦૦૦ શીલાંગ થાય છે. ચારિત્ર જહાજમાં આ બધાં રત્નો ભરેલા છે. એ મહાકિંમતી રત્નો છે, કેમકે એનાથી * એકાન્તિક અને આત્યન્તિક સુખ મળે છે. (આને સહેલાઈથી યાદ રાખવા સૂત્ર 'આય કઈ સંયોગ,' આરંભ ૧૦×યતિધર્મ ૧૦×કરણ ૩ × ઇન્દ્રિય ૫ × સંજ્ઞા ૪ × યોગ ૩=૧૮૦૦૦.)

આ ૧૮૦૦૦ શીલાંગ રત્નોભર્યા ચારિત્રજહાજ પર આરૂઢ થયેલા મુનિરૂપી વેપારીઓ મોક્ષનગર તરફ જઈ રહ્યા છે. 'મન્યતે જગત્-ત્રિકાલાવસ્થામ્ ઈતિ મુનિઃ' ક્યાં ય રાગદ્વેષ ન થાય એ માટે જગતના પદાર્થોની ભૂત-ભવિષ્ય-વર્તમાન ત્રણે કાળની અવસ્થા-પર્યાયોનું મનન કરે તે મુનિ. ગમે તેવા અનુકૂળ કે પ્રતિકૂળ જડ પદાર્થ સામે આવો, યા અનુકૂળ કે પ્રતિકૂળ વર્તનાર જીવો મળો, પરંતુ એ વર્તમાન અવસ્થાથી વિપરીત નરસી-બિભત્સ, યા સારી-મનગમતી અવસ્થા ભૂતભાવીમાં એ જડ યા જીવમાં છે. એના તરફનો વિચાર રાખવાથી રાગદ્વેષ કે હરખ-શોક ઊઠી નહિ શકે. આવા મુનિ એ વહેપારી એટલા માટે કહેવાય કે એ સારી રીતે આય-વ્યય=નફો-તોટો સમજી શકે છે. (૧) ક્યાં ઉત્સર્ગમાર્ગમાં લાભ અને અપવાદમાર્ગમાં

* 'એકાન્તિક' એટલે સુખ જ સુખ; દુઃખનો લેશ નહિ. 'આત્યન્તિક' એટલે અન્તને અતિક્રાન્ત થયેલું ઉલ્લંઘી ગયેલું, અર્થાત્ શાશ્વત.

નુકશાન, તથા (૨) કેવા અવસરે ઉત્સર્ગ પકડી રાખવામાં લાભ મામુલી, નુકશાન પારાવાર; અને ત્યાં જ અપવાદ પકડવાંમાં નુકશાન મામુલી, પણ પરિણામે લાભ અપરંપાર, એ સમજવામાં અતિ નિપુણતાથી વિચારીને પ્રવર્તે છે. માટે મુનિ એ વ્યાપારી છે.

એવા એ મુનિ શીલાંગરત્નભર્યા ચારિત્રજહાજથી થોડા જ વખતમાં અને કોઈપણ જાતના અંતરાય વિના મોક્ષનગરે પરિ નિર્વાણ નગરે પહોંચી જાય છે. આ પ્રમાણે સંસ્થાનવિચય-ધ્યાનમાં ચિંતવે. (ગાથા-૬૦)

## ૭. મોક્ષ પર ચિંતન

એ પરિનિર્વાણ યાને બધી બાજુથી પરમશાંતિરૂપ મોક્ષ-નગર કેવું છે? તો કે જ્ઞાન-દર્શન-ચારિત્ર રત્નત્રયના વિનિયોગાત્મક છે.' 'વિનિયોગ' એટલે ક્રિયાકરણ, એ રત્નત્રયીની ક્રિયા-કરણથી મોક્ષ નીપજે છે, માટે મોક્ષનેય રત્નત્રય-વિનિયોગાત્મક કહ્યો. મોક્ષ અવસ્થા ઊભી કરનાર કોણ? રત્નત્રયનું આચાર પાલન. કેમકે જીવની મોક્ષ-અવસ્થા અનંત જ્ઞાન-દર્શન-ચારિત્ર-મય છે. એ પ્રગટ કરવા માટે એનો જ અંશે ઉઘાડ કરવાનો હોય; અને તે એના આચારના પાલનથી થાય. આવો મોક્ષ ®એકાન્તિક છે, એકાન્તભાવી છે, અર્થાત્ એમાં સંપૂર્ણ શુદ્ધ જ્ઞાનાદિમય અવસ્થા પ્રગટ હોવાથી હવે એમાં લેશમાત્ર પણ અજ્ઞાન મોહ આદિનું મિશ્રણ નથી. વળી ®એ નિરાબાધ છે. અર્થાત્ એમાં એટલું બધું અનંત સુખ છે, કે એમાં હવે

કોઈ બાધા પીડા નથી. અજ્ઞાન પીડાકારી તત્ત્વ કર્મ–આવરણ સર્વથા નષ્ટ થયા હોવાથી હવે અજ્ઞાન અને પીડા ક્યાંથી ઊભા થઈ કે રહી શકે ?

આ મોક્ષાવસ્થા એ સ્વાભાવિક છે, જીવનું સહજ સ્વરૂપ છે. મોક્ષ થવા પૂર્વે એ સ્વરૂપ પ્રગટ નહોતું દેખાતું એનું કારણ તો એ કે એ કર્મના આવરણોથી આચ્છાદિત થઇ ગયું હતું. બાકી મોક્ષની અનંતજ્ઞાનાદિમય સ્થિતિ કોઈ બહારથી લાવવાની નથી હોતી, એ તો મૂળમાં આત્મામાં છે જ, સહજ છે, કૃત્રિમ નથી. જ્ઞાનાદિ એ કોઈ કાગળ પર આગન્તુક ચિત્રની જેમ બાહ્ય કારણથી ઉત્પન્ન થનાર આગન્તુક ગુણ નથી.

પ્ર૦– તો મહેતન કરવાથી જ્ઞાન આવે છે, એનું કેમ ?

ઉ૦–આ જ્ઞાન 'આવે છે' એટલે અંદરમાંથી બહાર આવે છે. આત્માની અંદર મૂળથી પડેલા જ્ઞાન પર જે આવરણ છે, તે મહેનતથી જેમ જેમ કપાય, તેમ તેમ જ્ઞાન બહાર ખુલ્લું થતું જાય છે, પણ બહારથી કાંઈ નવું લાવવાનું નથી હોતું.

વળી એ મોક્ષ નિરુપમ સુખમય છે; કેમકે, એ સુખની ઉપમા નથી. સંસારના સુખ તો સંયોગ–જન્ય છે. એની સાથે આ અસાંયોગિક સહજ આત્મ–સુખને કેવી રીતે સરખાવી શકાય ? સંપૂર્ણ આરોગ્યના સુખને રોગિષ્ઠ દશામાં કુપથ્યસેવનથી લાગતા આનંદ સાથે કેમ સરખાવી શકાય ? સાંસારિક સુખો વિષય–સંયોગને આધીન છે, પરવશ છે, પરિસ્થિતિ–સાપેક્ષ છે. એનો એજ વિષયસંયોગ કાયમ હોય છતાં પરિસ્થિતિ બદલાતાં એજ દુઃખરૂપ લાગે છે, એનું સુખ ગયું ! જ્યારે અહીં મોક્ષનું

**किं बहुणा, सव्वं चिय जीवाइपयत्थवित्थरोवेयं ।**
**सव्वनयसमूहमयं झाएज्जा समय-सब्भावं ॥ ६२ ॥**

અર્થ:-બહુ શું કહેવું ? જીવાદિ પદાર્થના વિસ્તારથી યુક્ત (એવું) સર્વનયોના સમૂહાત્મક સિદ્ધાન્ત (શાસ્ત્ર)ના પદાર્થનું ધ્યાન કરે. ( ચિંતવે ).

---

સુખ તો પોતાનું સહજ સ્વરૂપ જ હોવાથી અને સર્વસંયોગ નષ્ટ થઈને પ્રગટ થયું હોવાથી, એ શાશ્વતિક રહે છે. માટે કહ્યું મોક્ષ અક્ષય સુખસ્વરૂપ છે. આવા મોક્ષનું ચિંતન કરે.

'સંસ્થાન-વિચય' નામના ધર્મધ્યાનમાં શું શું ચિંતવવાનું, શાના શાના ઉપર ધ્યાન ધરવાનું, એ વિસ્તારથી બતાવી હવે એનો ઉપસંહાર કરે છે,—

વિવેચનઃ-વધારે કહેવાથી શું ? સંસ્થાન-વિચય નામના ધર્મધ્યાનમાં સિદ્ધાન્તના ( શાસ્ત્રના ) પદાર્થ ધ્યાવે ચિંતવે, અર્થાત્ જિનાગમે કહેલ કોઈપણ પદાર્થનું એકાગ્ર ભાવે ચિંતન કરે એ આ ધર્મધ્યાન બને છે.

પ્ર૦-આ ચિંતનીય જિનાગમોક્ત પદાર્થમાં શું શું આવે છે ? અને તે કેવા સ્વરૂપે ચિંતવવાના ?

ઉ૦-જિનાગમોક્ત પદાર્થોમાં જીવ-અજીવ-આશ્રવ-બંધ-સંવર-નિર્જરા અને મોક્ષ વસ્તુનો વિસ્તાર આવે છે.

અને તે દ્રવ્યાસ્તિકનય-પર્યાયાસ્તિકનય વગેરે નયસમૂહમય છે એ રૂપે ચિંતવવાના છે.

## જિનાગમમાં જીવાદિનો વિચાર કેવી રીતે ? :-

કોઈ પણ જૈનશાસ્ત્ર લો, તો એવા જીવાદિ વસ્તુમાંની વસ્તુનો વિચાર મળવાનો. દા. ત. પહેલું 'આચારાંગ' શાસ્ત્ર, એમાં મુનિનો આચાર બતાવવા જગતમાં કેવા કેવા જીવ હોય છે, એને કેવા કેવા શસ્ત્ર લાગવાથી દુઃખ થાય છે, ને એની અહિંસા કેમ પળે, એ બતાવ્યું; તો એ જીવવસ્તુનો વિચાર થયો. એમ, એવા શસ્ત્રનો ઉપયોગ કરવામાં દિલમાં કેવા કલુષિત ભાવ કામ કરે છે, તથા બીજા પણ કેવા કષાયો, સ્વજન-મોહ, પરિસહ-વિહ્વળતા, વગેરે અશુભ ભાવો નડવા આવે છે, એ બતાવ્યું. તે આશ્રવ વસ્તુનો વિસ્તાર છે. એમ બીજા 'ભગવતી', 'પન્નવણા' આદિ શાસ્ત્રોમાં પદાર્થ-વ્યવસ્થા બતાવી, એ જીવ યા અજીવ વસ્તુનો વિસ્તૃત વિચાર છે. એમ, છેદગ્રન્થોમાં સંવર વસ્તુનો તથા બીજા કેટલાકમાં બંધનો, નિર્જરાનો યા મોક્ષનો વિચાર છે. જૈન શાસ્ત્રોની દૃષ્ટિએ વિશ્વમાં પદાર્થ જ આ સાત છે, એટલે જૈન શાસ્ત્રના આ કોઈ પણ પદાર્થના વિસ્તારમાંથી વસ્તુનું ચિંતન ધ્યાન આ પ્રકારમાં કરવાનું છે.

### અપાય-વિપાક-વિચય કેમ અલગ બતાવ્યા ?

પ્ર૦-આ હિસાબે તો સંસ્થાન-વિચયમાં રાગાદિ અપાયો અને જ્ઞાનાવરણીય કર્મોનો વિચય યાને પરિચય અર્થાત્ અભ્યાસમય ચિંતન સમાઈ જાય છે, તો પછી અપાયવિચય અને વિપાકવિચય એ બે ભેદ જુદા શા માટે બતાવ્યા ?

ઉ૦-વાત ઠીક છે કે સંસ્થાનવિચયના દરિયા જેવા વિષયોમાં અપાય અને વિપાકનો વિચાર સમાઈ જાય; છતાં એને અલગ

પાડવાનું કારણ દરેકના ઉદ્દેશની ભિન્નતા લાગે છે. સંસ્થાન-વિચયમાં તો જિનાગમોક્ત પદાર્થની વસ્તુસ્વરૂપે વિચારણા છે, એવી મનની ચંચળતા અસદ્-વિચારણા મટે. ત્યારે અપાય-વિચયમાં તો જીવ રાગાદિ આશ્રવ સેવવામાં ન તણાઈ જાય, એમ તણાતો પાછો વળે, એ માટે એ રાગાદિમાં કેવા કેવા ભયંકર અનર્થ છે. કટુ પરિણામ છે, એનો ભય સાથેનું ચિંતન છે, ભય પમાડનારુ ચિંતન છે. એમ વિપાકવિચયમાં, જીવ સારા નરસા ઇંદ્રિય-વિષયો આવવા-જવા પર, યા રોગ-વેદના-પરાભવ-આદિ પામવા પર, હર્ષ-ખેદાદિ અસમાધિમાં ન પડે એ માટે, ઉદાસીન ભાવ સાથેનું યા ઉદાસીન ભાવને પમાડનારૂં કર્મ-વિપાકનું ચિંતન છે; કેમકે એ સારી-નરસી પ્રાપ્તિ મુખ્યતાએ કર્મના વિપાકને આધીન છે, કર્મવિપાકની પીડા છે, વિટંબણા છે, એમાં શી વિહ્વળતા કરવી હતી? આપણે એમાં રસ લીધા વિના તટસ્થ ભાવે એનું દર્શન કરો; એમ કરી ઉદાસીન બનવા માટે વિપાકવિચય ધ્યાન છે —

સારાંશ, સંસ્થાન વિચયમાં શાસ્ત્રોક્ત જીવાદિ પદાર્થનાં ચિંતનથી મનને સ્થિર કરવાનો હિસાબ છે, ત્યારે અપાયવિચયમાં મિથ્યાત્વ, વિષયો, રાગદ્વેષ, અશુભયોગો આદિ આશ્રવોનો ભય રાખી મનને એ આશ્રવોથી બચાવી સ્વચ્છ સમતાપન્ન રાખવાનો ઉદ્દેશ છે, ને વિપાકવિચય ધર્મધ્યાનમાં આપત્સંપત્ વખતે સમાધિ-સ્વસ્થતા રાખવાનો હિસાબ છે. આમ અપાય-વિપાક-સંસ્થાન વિચય એ ત્રણ પ્રકારના ધ્યાનથી મન સ્વચ્છ-સ્વસ્થ-સ્થિર બનાવવાનો ઉદ્દેશ છે.

આવા વિવિધ ઉદ્દેશના હિસાબે ધ્યાનના જુદા જુદા પ્રકાર પડે, એ દૃષ્ટિએ 'સન્મતિ તર્ક' મહાશાસ્ત્રની ટીકામાં વાદિ–પંચાનન શ્રી અભયદેવસૂરિજી મહારાજે તથા 'શાસ્ત્રવાર્તા સમુચ્ચય' મહાશાસ્ત્રની વિવેચનામાં મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે ધર્મધ્યાનના ૧૦ પ્રકાર બતાવ્યા છે.

## ધર્મધ્યાનના ૧૦ પ્રકાર

ધર્મધ્યાનના ૧૦ પ્રકારમાં અહીં કહેલ આજ્ઞાવિચયાદિ ૪ પ્રકાર ઉપરાંત જીવ–અજીવ–ભવ–વિરાગ–ઉપાય–હેતુવિચય એ છ ગણ્યા છે. અલબત્ પૂર્વોક્ત સંસ્થાન વિચયમાં આ છનો વિચાર આવી જાય, પરંતુ એમ તો અપાય તથા વિપાકનો પણ વિચાર એમાં સમાઈ શકે છે, છતાં પૂર્વે કહ્યા મુજબ વિશિષ્ટ ઉદ્દેશથી અપાય–વિપાકની જેમ આ જીવ–અજીવાદિનો વિચાર છે. દશે પ્રકારનો વિચાર અહીં સંક્ષેપમાં એના જુદા જુદા ઉદ્દેશ દર્શાવવા સાથે બતાવવામાં આવે છે.

(૧) **આજ્ઞાવિચયમાં** એ ચિંતવવાનું કે 'અહો! આ જગતમાં હેતુ–ઉદાહરણ–તર્ક વગેરે હોવા છતાં અમારા જેવા જીવો પાસે બુદ્ધિનો તેવો અતિશય નથી, ત્યાં આત્મપ્રત્યક્ષની તો શી વાત? તેથી આત્માને લાગતા કર્મબંધ, પરલોક, મોક્ષ, ધર્મ, અધર્મ વગેરે અતીન્દ્રિય પદાર્થ સ્વતઃ જોવા કે જાણવા–સમજવા બહુ મુશ્કેલ પડે છે. છતાં એ પદાર્થો પરમ આપ્ત પુરુષના વચનથી જાણી શકાય છે. એવા પરમ આપ્ત પુરુષ એક માત્ર વીતરાગ સર્વજ્ઞ શ્રી તીર્થંકર ભગવાન હોય છે. તો એમના વચને કેવો સુંદર પ્રકાશ એ પદાર્થોનો આપ્યો છે! એમને જૂઠ બોલવાને હવે

કોઈ જ કારણ નથી. તેથી એમનાં વચન એમની આજ્ઞા ટંકશાળી સત્ય છે. એમનું કહેલું યથાસ્થિત જ છે. અહો ! કેવી કેવી અનંત કલ્યાણરૂપ તથા ત્રિલોક-પ્રકાશક, સૂક્ષ્મ સદ્ભૂત પદાર્થબોધક, સન્માર્ગદેશક, વિદ્વત્-જન-માન્ય, અને સુરાસુરપૂજિત એમની આજ્ઞા !

**આ ચિંતન અનુચિંતનથી સકલ સત્પ્રવૃત્તિના પ્રાણભૂત શ્રદ્ધાનો પ્રવાહ અખંડ વહેતો રહે છે.**

(૨) **અપાયવિચયમાં**,–'અહો ! અશુભ મન-વચન-કાયા અને ઈન્દ્રિયોની વિશેષ પ્રવૃત્તિઓ અર્થાત્ વિશેષ કોટિના અશુભ વિચાર-વાણી-વર્તાવ અને રાગાદિભર્યા ઈન્દ્રિય-વિષય-સંપર્કથી નીપજતા ભવભ્રમણાદિ અનર્થ હું શા માટે વહોરું ? જેમ કોઈને મોટું રાજ્ય મળ્યું હોય છતાં ભીખ માગવાની બાલિશતા કરે, તેમ મોક્ષ મારા હાથવેંતમાં છતાં સંસારમાં રખડવાની મૂર્ખતા શા માટે કરું !' **આવી શુભ વિચાર-ધારાથી દુષ્ટ યોગોના ત્યાગના પરિણામ જાગે છે.**

(૩) **વિપાકવિચયમાં** કર્મની મૂળ ઉત્તર પ્રકૃતિના મધુર અને કટુ ફળનો વિચાર, શુભ-અશુભ કર્મના વિપાકરૂપે ઠેઠ અરિહંતપ્રભુની સમવસરણાદિ-સંપત્તિથી માંડીને નરકની ઘોર વેદનાઓ નીપજવાનો વિચાર, તથા કર્મનું વિશ્વ ઉપર એકછત્રી સામ્રાજ્ય હોવાનો વિચાર કરવો, **તેથી કર્મફળની અભિલાષા દૂર થાય, અશુભકર્મનાં ફળ વખતે સમતા-સમાધી રહે.**

(૪) **સંસ્થાનવિચયમાં** ચૌદરાજલોકની વ્યવસ્થા ચિંતવવાની. એમાં અધોલોક ઊંધી પડેલી બાલટી, અથવા ઊંધી

નેતરની બાસ્કેટ જેવો, મધ્યલોક ખંજરી જેવો અને ઊર્ધ્વલોક ઊભો ઢોલક યા શરાવસંપૂટ જેવો છે. અધોલોકમાં પરમાધામી આદિના તીવ્ર ત્રાસભરી સાત નરકપૃથ્વીઓ છે, મધ્યલોકમાં 'મત્સ્યગલાગલ' ન્યાયના પ્રદર્શનભૂત અસંખ્ય દ્વીપ સમુદ્રો છે, અને ઊર્ધ્વલોકમાં શુભપુદ્ગલોની વિવિધ ઘટનાઓ છે. એનું તથા સકલ વિશ્વમાં રહેલા શાશ્વત–અશાશ્વત અનેકવિધ પદાર્થો વગેરેનું ચિંતન આવે છે. **આ ધ્યાનથી ચિત્તને વિષયાન્તરોમાં જતું, ને ચંચળ તથા વિહ્વળ થતું અટકાવી શકાય.**

(૫) **જીવવિચયમાં** જીવની અનાદિતા, અસંખ્યપ્રદેશ-મયતા, સાકાર–અનાકાર (જ્ઞાનદર્શન) ઉપયોગ, કરેલા કર્મનું ભોગવવાપણું, વગેરે સ્વરૂપનું સ્થિર ચિંતન કરાય છે. **તે જડ કાયાદિ છોડીને માત્ર આત્મા પર મમત્વ કરાવવામાં ઉપયોગી છે.**

(૬) **અજીવવિચયમાં** ધર્મ–અધર્મ–આકાશ–કાળ–પુદ્-ગલોની ગતિસહાય, સ્થિતિસહાય, અવગાહના, વર્તના, રૂપરસાદિ-ગુણો તથા અનંત પર્યાયરૂપતાનું ચિંતન કરવું. **એથી શોક, રોગ, વ્યાકુળતા, નિયાણું અને દેહાત્મ–અભેદનો ભ્રમ વગેરે દૂર થાય.**

'**ભવવિચયમાં**, ' અહો,–કેવો દુઃખદ આ સંસાર! કે જ્યાં (૧) સ્વકૃત કર્મનાં ફળ ભોગવવા વારંવાર જન્મવું પડે છે. અરઘટની ઘડીની જેમ મળમૂત્રાદિ અશુચિભર્યા માતાના પેટના બખોલમાં કેઈ વારંવાર ગમનાગમન કરવા પડે છે. વળી (૨) સ્વકૃત કર્મના દારુણ દુઃખભર્યા ભોગવટામાં કોઈ સહાય

કરતું નથી. એમ જ (૩) સંસારમાં સંબંધો વિચિત્ર બને છે. માતા પત્ની થાય, પત્ની માતા થાય....વગેરે. ધિક્કાર છે આવા સંસાર ભ્રમણને !'

**એવા ચિંતન સંસારખેદ અને સત્પ્રવૃત્તિ ઉત્પન્ન કરે છે.**

**(૮) વિરાગવિચયમાં,**—' અહો ! (૧) આ કેવું કથિરનું શરીર કે જે ગંદા રજરુધિરમાંથી બન્યું, મળમૂત્રાદિ અશુચિએ ભર્યું, પાછું દારૂના ઘડાની જેમ એમાં જે નાખો તેને અશુચિ કરનારું ! મિષ્ટાન્નને વિષ્ઠા અને પાણીને તો શું પણ અમૃતને ય પેશાબ બનાવનારું છે ! આવું એ શરીર પાછું સતત નવ દ્વારોમાંથી અશુચિ વહેવડાવનારું છે ! (૨) વળી તે વિનશ્વર છે, સ્વયં રક્ષણહીન છે, અને આત્માને ય રક્ષણરૂપ નથી ! મૃત્યુ કે રોગના હુમલા વખતે માતાપિતા, ભાઈબહેન, પત્ની–પુત્ર–પુત્રી કોઈ જ બચાવી શકતું નથી. ત્યારે આમાં કોણ મનોહર રહ્યું ? (૩) વળી શબ્દરૂપરસ વગેરે વિષયો જોવા જઈએ તો ય એના ભોગવટા ઝેરી કિંપાક ફળ ખાવા સમાન પરિણામે કટુ, પાછા સહજ વિનાશી, ઉપરાંત પરાધીન છે, સંતોષરૂપી અમૃતાસ્વાદના વિરોધી છે. સત્પુરુષો એને એવા જ ઓળખાવે છે. (૪) વિષયોથી લાગતું સુખ પણ બાળકને લાળિયું ચાટવામાં લાગતા દૂધના સ્વાદના સુખની જેમ કલ્પિત છે. વિવેકીને આમાં આસ્થા હોય નહીં. વિરતિ જ શ્રેયસ્કરી છે. (૫) ઘરવાસ એ તો સળગી ઊઠેલા મકાનના મધ્યભાગ જેવો છે, જ્યાં જાજ્વલ્યમાન ઇન્દ્રિયો પુણ્યરૂપી કાષ્ઠોને

સળગાવી દે છે, અને અજ્ઞાનપરંપરાનો ધૂમાડો ફેલાવે છે. આ આગને ધર્મમેઘ જ બુઝવી શકે. માટે ધર્મમાં જ પ્રયત્ન કરવા યોગ્ય છે.' વગેરે રાગના કારણો રૂપ વિષયોમાં કલ્યાણ-વિરોધ હોવાનું ચિંતન કરવું. **એથી પરમાનંદનો અનુભવ થાય છે.**

(૯) **ઉપાયવિચયમાં**,—'અહો શુભ વિચાર-વાણી-વર્તાવને હું કેમ વિસ્તારું કે જેથી મારા આત્માની મોહપિશાચથી રક્ષા થાય!' આ સંકલ્પધારાથી શુભ યોગો પર ચિંતન કરવાનું. **એથી શુભપ્રવૃત્તિના સ્વીકારની પરિણતિ જાગે છે.**

(૧૦) **હેતુવિચયમાં** જ્યાં આગમમાં કહેલા હેતુગમ્ય પદાર્થ પર વિવાદ ખડો થાય, ત્યાં કેવા તર્કનું અનુસરણ કરવા દ્વારા એ વિવાદનું શમન થાય, એમાં સ્યાદ્વાદ-નિરૂપક આગમનો આશ્રય, ને તે પણ કષ-છેદ-તાપની કેવી પરીક્ષાપૂર્વક આશ્રય કરવો લાભદાયી છે, એ ચિંતવવાનું. કોઈપણ શાસ્ત્રની સુવર્ણની જેમ (૧) કષ-કસોટી પરીક્ષા એટલે એ જોવાનું કે 'એમાં યોગ્ય વિધિનિષેધ છે?' તો જિનાગમમાં દા. ત. કહ્યું 'તપ-સ્વાધ્યાય-ધ્યાન કરવું,' 'હિંસાદિ પાપ ન કરવાં,' (૨) છેદ પરીક્ષા માટે એ જોવાનું કે 'એમાં વિધિ નિષેધને જરાય બાધક નહિ પણ સાધક આચાર કહેલા છે?' તો જિનાગમમાં દા. ત. કહ્યું 'સમિતિ-ગુપ્તિ આદિ પંચાચાર પાળવા;' તો એમાં લેશમાત્ર હિંસાદિ નથી, અને તપ-ધ્યાનાદિ-વિધિપાલનને અનુકૂળતા છે. (૩) તાપ-પરીક્ષા માટે એ જોવું કે 'એમાં વિધિનિષેધ અને જિનાગમમાં આચારને અનુકૂળ તત્ત્વ વ્યવસ્થા છે?' તો દા. ત

અનેકાન્તવાદની શલીએ જીવ-અજીવ દ્રવ્યોની નિત્યા-નિત્યતા, ઉત્પાદવ્યય-ધ્રૌવ્ય, દ્રવ્ય-પર્યાયનો ભેદાભેદ, વગેરે એવી તત્ત્વ-વ્યવસ્થા બતાવી, કે જે વિધિ-નિષેધ તથા આચારને સંગત થાય તેવી છે. **આ ચિન્તનથી વિશિષ્ટ શ્રદ્ધા યાને સમ્યગ્દર્શનની સંગીન દૃઢતા-નિર્મળતા થાય છે.**

આ દશે પ્રકારના ચિંતનમાં જ્યાં મનની સ્થિરતા થાય છે કે એ તરત ધર્મધ્યાન સ્વરૂપ બને છે. સંસ્થાનવિચય ધર્મ-ધ્યાનમાં પૂર્વે કહ્યા મુજબ વિશ્વના સમસ્ત પદાર્થો વિષય બને છે.

આ પદાર્થોનું ચિંતન સર્વનયસમૂહમય રીતે કરવાનું છે, પરંતુ એકાન્ત એક નયની દૃષ્ટિથી નહિ. કેમકે એમાં તો બીજા નયની દૃષ્ટિથી ઘટી શકતા ધર્મનો અપલાપ થાય. દા. ત. એકલા દ્રવ્યાસ્તિક નયથી આત્માનો વિચાર કરે તો આત્મા નિત્ય જ લાગે. પછી બીજા પર્યાયાસ્તિક નયની દૃષ્ટિએ આત્મામાં ઘટી શકતા અનિત્યત્વ ધર્મનો ઈન્કાર કરવાનું થાય.

ન્યાયદર્શન સાંખ્યદર્શન વગેરે એવું કરે છે. એ આત્મા પરમાણુ વગેરે માને, પરંતુ એકાન્ત નિત્ય માને. આ માન્યો શું કામનો? એણે કલ્પેલ એકાંતનિત્ય આત્મા કે પરમાણુ જેવી વસ્તુ જ જગતમાં નથી. માટે જ સન્મતિશાસ્ત્રની ટીકામાં વિસ્તારથી યુક્તિપૂર્વક સિદ્ધ કર્યું છે કે એના કહેલ એકે એક દ્રવ્ય ગુણ કર્મ વગેરે પદાર્થ ખોટા છે. ખરી રીતે વસ્તુમાત્રમાં બે અંશ છે, એક દ્રવ્યાંશ, બીજો પર્યાયાંશ. દ્રવ્યાંશ એટલે ધ્રુવ અંશ, અને પર્યાયાંશ એટલે અધ્રુવ અનિત્ય ઉત્પત્તિ-વિનાશ-શાલી અંશ. આત્મામાં આત્માપણું એ ધ્રવ અંશ છે, અને

सव्वप्पमायरहिया मुणी खीणोवसंतमोहा य ।
झायारो नाणधणा धम्मज्झाणस्स निद्दिट्ठा ॥ ६३ ॥

અર્થ :- સર્વ પ્રમાદથી રહિત મુનિ, તથા ક્ષીણ યા ઉપશાંત થવા લાગ્યો છે મોહ જેનો (અર્થાત્ ક્ષપક અને ઉપશામક નિર્ગ્રન્થ, 'ચ' શબ્દથી બીજા પણ અપ્રમાદી) એવા જ્ઞાનરૂપી ધનવાળાને ધર્મધ્યાનના ધ્યાતા કહેવામાં આવ્યા છે.

---

મનુષ્યપણું દેવપણું એ અધ્રુવ અંશ છે. એ મનુષ્ય દેવ તરીકે આત્મા નિત્ય ન કહેવાય. દા. ત. દેવપણેથી મનુષ્ય તરીકે જન્મ્યો એ આત્મા દેવ તરીકે હવે ન રહ્યો; હવે તો એ ખતમ થયો. અને મનુષ્ય તરીકે ઉત્પન્ન થયો. એમ પર્યાયાંશથી આત્મા અનિત્ય બન્યો. એક અણુ પણ એના પુદ્ગલપણાના અંશથી ધ્રુવ છે, પરંતુ એ બીજા અણુ સાથે જોડાઈ દ્વયણુકરૂપે બન્યો ત્યારે હવે અણુ નહિ કહેવાય; એ હિસાબે અણુત્વાંશથી નષ્ટ અને દ્વયણુકત્વાંશથી ઉત્પન્ન થયો કહેવાય. એમ દ્રવ્યાર્થિક નય પર્યાયાર્થિક નય ઉભયમય ચિંતન કરીએ ત્યારે પદાર્થને ન્યાય મળે, ને એ ચિંતન યથાર્થ ગણાય એવા બીજા પણ વ્યવહારનય-નિશ્ચયનય, શબ્દનય-અર્થનય, વગેરે નયસમૂહમય ચિંતન શાસ્ત્રે કહેલ જીવાજીવાદિના વિસ્તારવાળા પદાર્થોનું કરતાં ધર્મધ્યાન લાગે. આ ધર્મધ્યાનના ધ્યાતવ્ય વિષયની વાત થઈ.

હવે આ ધ્યાનના ધ્યાતા કોણ, એ બતાવે છે.

**વિવેચન :**-ધર્મ ધ્યાનના ધ્યાતા યાને આ ધ્યાન મુખ્યપણે કરવાને યોગ્ય અધિકારી કોણ? તો કે (૧) મદ્ય-વિષય-કષાય-

નિદ્રા-વિકથા એ પાંચે તથા અજ્ઞાન-ભ્રમ-સંશય-વિસ્મૃતિ વગેરે આઠ પ્રમાદથી રહિત મુનિ, યાને સાતમા 'અપ્રમત્ત' ગુણસ્થાની, અને (૨) મોહનીય કર્મની પ્રકૃત્તિઓની ઉપશમના કરનાર યા ક્ષપણા (ક્ષય) કરનાર નિર્ગ્રન્થ, યાને ૮મા, ૯મા, ૧૦મા ગુણસ્થાની એ પણ જ્ઞાનધની જ્ઞાનરૂપી ધનવાળા યાને વિદ્વાન હોય તે ધર્મધ્યાનના મુખ્ય અધિકારી;-એમ જિનેન્દ્ર પ્રભુ તથા ગણધરાદિ મહર્ષિ કહે છે.

## સાચો વિદ્વાન કોણ? :-

પ્ર૦-માષતુષ મુનિમાં વિદ્વત્તા ક્યાં હતી? તો એમને શી રીતે ધર્મધ્યાન?

ઉ૦-પંચસમિતિ ત્રણ ગુપ્તિનું જ્ઞાન ધરનાર અને એને જીવનમાં બરાબર ઉતારનાર સમ્યગ્દષ્ટિ મુનિ એજ સાચો જ્ઞાની છે. નહિતર તો 'સમકિત વિણ નવ પૂરવી અજ્ઞાની કહેવાય,' નવ પૂર્વોના જ્ઞાનવાળો પણ સમ્યક્ત્વ ન હોય તો અજ્ઞાની કહેવાય, એ કેમ બને? એમ

**'जहा खरो चंदण-भारवाही, भारस्स भागी न हु चंदणस्स।**
**एवं खु नाणी चरणेण हीणो भारस्स भागी न हु सुग्गईए॥'**

અર્થાત્ જેમ ચંદનનો ભાર ઉંચકી જનાર ગધેડો ભારનો ભાગી થાય છે, ચંદનની સુવાસ-શીતલતાનો નહિ, (કેમકે એ તો એટલું જ ઈચ્છે છે કે બોજ ક્યારે ઊતરે?) એમ ચારિત્ર-આચરણ વિનાનો જ્ઞાની પણ ભારનો ભાગી છે. સદ્ગતિનો નહિ; (કેમકે એ તો એટલું જ જુએ છે કે 'આ જ્ઞાન ક્યાં વાદ વગેરેમાં ઠાલવીને હોશિયારી બતાવાય?') એવાં શાસ્ત્રવચનો

एएच्चिय प[illegible]ुव्वाणं पुव्वधरा सुप्पसत्थसंघयणधरा ।
दोण्ह संजोगाजोगा सुक्काण पराण केवलिणो ॥ ६४ ॥

અર્થ :- આ જ અપ્રમાદી મુનિ શુક્લધ્યાનના પહેલા બે પ્રકારના અધિકારી છે; માત્ર એ પૂર્વધર અને શ્રેષ્ઠ વજ્રઋષભ-નારાચ સંઘયણને ધરનારા હોવા જોઈએ; ત્યારે શુક્લધ્યાનના 'પરાણ' પાછલા બે પ્રકારના ધ્યાતા તો સયોગી-અયોગી કેવળ-જ્ઞાની હોય છે.

---

બતાવે છે કે સમ્યગ્ દર્શન અને ચારિત્ર વિના નવપૂર્વ સુધીનું જ્ઞાન ધરાવનાર પણ અજ્ઞાની છે. આ ચારિત્રમાં મુખ્ય મન-વચન-કાયાની ગુપ્તિ યાને સમ્યગ્ પ્રવૃત્તિ-નિવૃત્તિ છે.-તેથી અભવી-ભવાભિનંદી જીવના બાહ્ય કડક ચારિત્ર-પાલનની કિંમત નથી; કેમકે એનામાં મનોગુપ્તિ જ નથી. એ સંસાર-સુખના ઉદ્દેશથી ચારિત્ર પાળે છે, એટલે એનું મન વિષયરાગભર્યું હોઈને મેલું છે, સુ-ગુપ્ત નથી. સારાંશ ત્રિ-ગુપ્તિનો ધરનારો એજ સાચો જ્ઞાની છે, વિદ્વાન છે. માટે માષતુષ જેવા અપ્રમત્ત મુનિ પણ વિદ્વાન જ છે, અને તેથી ધર્મધ્યાનના અધિકારી છે.

પ્ર૦-શ્રાવક કે પ્રમત્તસાધુને ધર્મધ્યાન ન હોય ?

ઉ૦-શાસ્ત્ર કહે છે કે છઠ્ઠા 'પ્રમત્તસંયત' ગુણઠાણા સુધી આર્ત્તધ્યાનની મુખ્યતા રહે છે; કેમકે પ્રમાદ દશામાં રાગાદિનું જોર રહે છે અને એ રાગાદિ આર્ત્તધ્યાનને પોષનારા છે. એમને ક્યારેક ધર્મધ્યાન આવી જાય, પણ પ્રમાદના લીધે બહુ ટકે નહિ, ધારાબદ્ધ ચાલે નહિ. પ્રમાદ ગયેથી ધર્મધ્યાનના મુખ્યપણે અધિકારી બનાય.

હવે શુકલધ્યાનના આદ્ય બે પ્રકારના ધ્યાતા પણ સમાન રીતે આ જ અપ્રમાદી વગેરે છે, એટલે આગળ પર શુકલ-ધ્યાનના નિરૂપણ વખતે એમને ફરીથી એમ ન વર્ણવવા પડે તેથી લાઘવ માટે અહીં જ પ્રસંગવશ એમને બતાવવા કહે છે,–

**વિવેચન :– ૧લા ૨જા શુકલધ્યાનના અધિકારી :–** પહેલા બે પ્રકાર 'પૃથકત્વવિતર્ક–સવિચાર' અને 'એકત્વવિતર્ક–અવિચાર' શુકલધ્યાનના અધિકારી પણ અપ્રમાદી તથા ઉપ-શામક વગેરે છે. એ ધર્મધ્યાનમાં આગળ વધતાં શુકલધ્યાન પણ થઈ શકે છે. માત્ર એ પૂર્વના જ્ઞાતા હોવા જોઈએ.

## માષતુષ મુનિને શુકલધ્યાન કેમ ?

પ્ર૦–માષતુષમુનિ મરુદેવામાતા જેવાને પૂર્વશાસ્ત્રનું જ્ઞાન ક્યાં હતું ? તો શું એમને શુકલધ્યાન નહિ ? ન હોય તો કેવળજ્ઞાન કેમ થયું ?

ઉ૦–એમને શુકલધ્યાન આવેલું; કેમકે એ વિના અસંખ્ય જન્મના એકત્રિત થયેલા જ્ઞાનાવરણીયાદિ ઘાતી કર્મ સઘળાં જ એકસાથે નાશ પામી શકે નહિ. પરંતુ તે ધ્યાન એમને સાતમા અપ્રમત્ત ગુણસ્થાનક વખતે નહિ કિન્તુ પછીથી એના ઉપરના ગુણસ્થાનકમાં આવેલું. કષાયની અત્યંત મંદતા અને સામર્થ્યયોગના પ્રભાવે તથાવિધ જ્ઞાનાવરણ કર્મનો ક્ષયોપશમ થઈ જવાથી, સૂત્રથી નહિ પણ, અર્થથી 'પૂર્વ' શાસ્ત્રનું જ્ઞાન યાને પૂર્વશાસ્ત્રમાં કહેલ સૂક્ષ્મ પદાર્થનું જ્ઞાન પ્રગટ થઈ જાય છે. કિન્તુ તે સાતમાથી ઉપર ગયા પછી. એટલા જ માટે અહીં ટીકાકાર મહર્ષિ સ્પષ્ટતા કરે છે કે 'પૂર્વધર' વિશેષણ પૂર્વ

ગાથાના માત્ર 'અપ્રમાદી' પદમાં જ જોડવાનું છે. અર્થાત્ અપ્રમાદી પૂર્વધરને શુકલધ્યાનના પહેલા બે પ્રકાર હોય છે. અર્થાત્ અપ્રમાદી છતાં 'પૂર્વ' શાસ્ત્ર ન ભણેલા હોય તો તે માત્ર ધર્મધ્યાન કરી શકે, શુકલધ્યાન નહિ. આ શરત ક્ષપક–ઉપશામક નિર્ગ્રન્થને નહિ. એ 'પૂર્વ' શાસ્ત્ર ન પણ ભણ્યા હોય છતાં શુકલધ્યાનના અધિકારી છે. (અલબત્ ઉપર કહ્યું તેમ એમને 'પૂર્વ'ના પદાર્થનું જ્ઞાન થઈ જાય; છતાં એ 'પૂર્વધર' અર્થાત્ ૧૪ 'પૂર્વ' શાસ્ત્ર ભણેલા ન કહેવાય.) ત્યાં માષતુષમુનિ જેવાને, નિર્ગ્રન્થ ક્ષપક બનતાં, શુકલધ્યાન આવી જાય છે.

આ શુકલધ્યાનના ધ્યાતા પ્રથમ 'વજ્રઋષભનારાચ' નામના સંઘયણને ધરનારા હોય છે. કેમકે એવા ઉત્કૃષ્ટ શરીર–સંઘયણ–બળ ઉપર જ તેવું મનોબળ અને સૂક્ષ્મ પદાર્થમાં ચિત્તની સ્થિરતા આવી શકે છે. આ વિશેષણ સામાન્યથી સમજવું. અર્થાત્ ઉચ્ચ ધ્યાનની યોગ્યતા માટે વિશેષતા આના પર નથી, કિન્તુ 'પૂર્વ'ધરતા, અપ્રમાદ, નિર્ગ્રન્થતા વગેરે પર છે. બાકી આ સંઘયણ તો સાતમી નરકે જનાર અધમ આત્માને ય હોય છે. છતાં અહીં આ વિશેષણથી એ સૂચવ્યું કે એથી નીચેના સંઘયણવાળાને શુકલધ્યાન નહિ.

## ૩ જા ૪ થા શુકલધ્યાનના અધિકારી :–

હવે શુકલધ્યાનના જેમ પહેલા બે પ્રકાર પૂર્વધર અપ્રમત્તને યા ક્ષપક–ઉપશમકને, તેમ છેલ્લા બે પ્રકાર ક્રમશઃ બે પ્રકારના કેવળજ્ઞાનીને હોય છે. અર્થાત્ (૩) સૂક્ષ્મક્રિયા–અનિવૃત્તિ શુકલધ્યાન સયોગી કેવળીને, અને (૪) વ્યુપરતક્રિયા–અપ્રતિપાતી

શુકલધ્યાન અયોગી કેવળીને હોય છે. સયોગી એટલે વિહાર ઉપદેશ ગોચરી આદિ કાયયોગ વચનયોગવાળા કેવળજ્ઞાની મોક્ષ પામવાના અંતર્મુહૂર્તકાળ પહેલા યોગોને નિગ્રહ કરીને શલેશી (મેરુ જેવી નિષ્પ્રકંપ આત્મપ્રદેશ) અવસ્થા પ્રાપ્ત કરવા માટે ત્યાં જ ત્રીજું શુકલધ્યાન ધરે છે અને એથી અયોગી બન્યે ચોથું શુકલધ્યાન ધરે છે, જેમાં સર્વકર્મનો ક્ષય કરે છે.

**ધ્યાનાંતરિકા : કેવળી અધ્યાની :–**

આ પ્રમાણે શાસ્ત્રમાં મળે છે કે શુક્લધ્યાનના પહેલા બે ભેદ પસાર કર્યા હોય અને ત્રીજો ભેદ હજી અપ્રાપ્ત હોય, એવી ધ્યાનાંતરિકા (પૂર્વાર્ધ–ઉત્તરાર્ધ શુકલધ્યાનની મધ્યઅવસ્થા)માં રહેલાને કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે; અને કેવળી શુકલલેશ્યાવાળા હોય છે, એ જ્યાં સુધી ત્રીજા સૂક્ષ્મક્રિયા–અનિવૃત્તિને ન પામ્યા હોય ત્યાં સુધી અ–ધ્યાની ધ્યાનરહિત હોય છે. એમને બધું જ પ્રત્યક્ષ હોવાથી તેમજ ભાવ મન નહીં હોવાથી કશું અજ્ઞાત ચિંતવવા જેવું રહેતું નથી, માટે એમને ધ્યાન નહિ. તો પછી આગળ પર એમને ત્રીજું ચોથું શુક્લધ્યાન શું, એનો ખુલાસો આગળ આવશે. (આ પરથી સમજાશે કે તીર્થંકર પરમાત્માની ધ્યાનસ્થ મુદ્રાવાળી મૂર્તિ એ અપૂર્ણ અવસ્થાની મૂર્તિ છે, અને ધ્યાન–રહિત મધ્યસ્થ કીકીવાળી મુદ્રાની મૂર્તિ એ પૂર્ણ વીતરાગ સર્વજ્ઞ અવસ્થાની મૂર્તિ છે.)

આ પ્રાસંગિક વાત થઈ. હવે મૂળ વિષય ધર્મધ્યાનનું 'અનુપ્રેક્ષા' દ્વાર અવસરપ્રાપ્ત હોઈ તેની વ્યાખ્યા કરવા કહે છે,—

**झाणोवरमे वि मुणी णिच्चमणिच्चाइभावणापरमो।**
**होइ सुभावियचित्तो धम्मज्झाणेण जो पुव्विं ॥ ६५ ॥**

**અર્થ**:–ધ્યાન ચાલ્યું જાય ત્યારે પણ મુનિ હંમેશા અનિત્યાદિ ભાવનામાં રમે, અને ચિત્તને સારું ભાવિત કરે.

---

**વિવેચનઃ— ૧૨ અનુપ્રેક્ષા :—**

અહીં 'અનુપ્રેક્ષા' એટલે અનિત્યાદિ ભાવના. એનો ઉપયોગ આ રીતે છે;–ધર્મધ્યાનના પૂર્વોક્ત આજ્ઞા, અપાય, વગેરેમાંના કોઈ વિષય પર મન તન્મય લગાવ્યું, પરંતુ એ એમાંથી ચંચળ થતાં ધ્યાન તૂટે, ત્યારે શું કરવું ? એ માટે અહીં કહે છે કે ત્યારે પણ હંમેશા મનને તરત અનિત્યાદિ ભાવનામાં લગાડી દેવું. 'ત્યારે પણ' એમાં 'પણ'–નો ભાવ આ, કે આમ તો આ ભાવનાઓ ભાવવાની જ હોય છે, કિંતુ ધ્યાન–કાળે ધ્યાન ખંડિત થતાં પણ આ ૧૨ ભાવનાઓ ભાવવાની છે. 'અનિત્યાદિ'માં આદિ" શબ્દથી અશરણ–સંસાર, એકત્વ અન્યત્વ અશુચિત્વ, આશ્રવ–સંવર–નિર્જરા, લોક–ધર્મસ્વાખ્યાત–બોધિદુર્લભ ભાવનાઓ લેવાની છે.

૧૨ ભાવનાનું સ્વરૂપ 'શ્રી પ્રશમરતિ' શાસ્ત્ર ગાથા ૧૫૧ થી ૧૬૨ માં બતાવ્યું છે. તેનું ચિંતન આ પ્રમાણે,—

(૧) **અનિત્ય ભાવનામાં** ચિંતવાય કે બધાય મનગમતા સગા–સ્નેહીજનનો સંયોગ, મનગમતી સમૃદ્ધિ, મનગમતા શબ્દ–રૂપ–રસાદિ વિષયોનાં સુખ તથા મનમાની સત્તા–સન્માનાદિ સંપત્તિઓ, તેમજ આરોગ્ય, દેહ, યૌવન અને આયુષ્ય, એ

સઘળું ય અનિત્ય છે, નાશવંત છે. જો એના પર જીવ રાગ મમતા–આસક્તિ કરવા જાય, તો એ બધાના ચાલી જવા પર દુઃખ કેટલું થવાનું? અવિનાશી આત્માએ આ નાશવંત જમાત પર સ્નેહ શા કરવા?

(૨) **અશરણ ભાવનામાં** ચિંતવવું કે જ્યાં જન્મ–જરા-મૃત્યુના ભય ઝઝુમે છે, જ્યાં અનેકાનેક પ્રકારની વ્યાધિઓની વેદનાથી પકડાવાનું છે, એવા સંસારમાં જીવને શરણ કઈ વસ્તુનું? કોણ રક્ષણ આપે? જીવનમાં ક્યારેક ને તે ય અજાણમાં બંધાતા આયુષ્ય વખતે જો મનના ભાવ અશુભ રહ્યા તો દુર્ગતિનું આયુષ્ય બંધાઈ જવાથી ત્યાં જ જન્મ લેવો પડે. એમાંથી હવે સારી પત્ની–પુત્ર–સંપત્તિ વગેરેમાંનું કોણ શરણ આપી બચાવી શકે? એક માત્ર જિનેશ્વર ભગવંતનાં વચન વિના જીવને કોઈનું શરણ નથી.

પ્ર૦–તો શું જિનેશ્વરનું શરણ અહીંના વ્યાધિ–જરા–મૃત્યુ અટકાવી દે છે?

ઉ૦–ના, પણ આ શરણ એટલા માટે છે કે (૧) એ બધી આપદાઓમાં ચિત્તને એ સમાધિ-સ્વસ્થતા આપે છે. કેમકે એ સ્વ–પરનો ભેદ કરાવે છે, એથી એ વ્યાધિ આદિ આપદાઓ દુઃખરૂપ નથી લાગતી. (૨) વળી 'જેટલી આપદા એટલી કર્મની સાફસુફી' એનો આનંદ રહે છે. (૩) તેમજ ભવિષ્યમાં જન્મ–જરા મૃત્યુ આદિ પીડાનો કાયમી અંત સર્જે છે.

(૩) **એકત્વભાવનામાં** ચિંતવવું કે,–આ સંસારના ચક્કાવામાં જીવને એકલાં જ જન્મવું પડે છે, એકલા જ મરવું પડે

છે. એકલા જ નરકાદિ ગતિઓમાં જવું પડે ને એકલા જ શુભ અશુભ કર્મ બાંધવા–ભોગવવા પડે છે, તો પછી સ્વાત્માનું શાશ્વતકાળનું હિત પણ એકલાએ જ સાધવું જોઈએ. જેમ જનમવા–મરવા વગેરેમાં કોઈના સહારાની આશા રાખવી નિષ્ફળ છે, એમ સ્વાત્મહિત સાધનામાં પણ બીજાની આશા રાખવી નકામી છે. કર્મ ભોગવવામાં એકલા પડવું પડે, એકલા પડી શકાય, તો આત્મહિતની સાધનામાં એકલા ન પડી શકાય ?

(૪) **અન્યત્વ ભાવનામાં** એ ચિંતવવું કે,–'હું સ્વજન કુટુંબીઓથી નિરાળો છું, એમ પરિવારથી, વૈભવથી તથા કાયાથી ભિન્ન છું. એ ખરેખર હું નથી, તેમ એ ખરેખર મારા નથી, યાને મારી કે મારા તાબાની ચીજ નથી. તો પછી મારે એમાંના કોઈનો વિયોગ થાય કે એમાં વાંકું ચુંકુ થાય, એમાં શોક–ખેદ શા સારુ કરવો જોઈએ ? જેમ ક્યાંક કોઈનો છોકરો મરે એ મારો નથી તો હું રોતો નથી, શોકમાં મગ્ન થતો નથી. તો પછી મારો માનેલો ય ખરેખર તો મારો નથી તો હું એના મરવા પર શા માટે શોક કરું ? જો સ્વજન–શરીરાદિ મારાથી તદ્દન અન્ય ન હોય તો મર્યે એ બધું છોડી કેમ મારે એકલાને જવું પડે ? માટે હું એનાથી તદ્દન અન્ય જ છું.' આમ અન્યત્વની મતિ જેને નિશ્ચલ થઈ એને શોકરૂપી કળિયુગ વળગતો નથી, પીડતો નથી, ભગવાન શ્રી ઋષભદેવ પ્રભુને કેવળજ્ઞાન થયે મરુદેવામાતા પુત્રને જોવા આવ્યા, ત્યાં ૧૦૦૦ વર્ષના વિયોગ પછી પુત્ર બોલાવતો નથી એનો શોક ઊભરાઈ આવ્યો, પરંતુ ત્યાં જ એ અન્યત્વ ભાવનામાં ચઢતાં કેવળજ્ઞાન પામ્યા.

(૫) **અશુચિત્વ ભાવનામાં** ચિંતવવું કે,–'આ શરીર એમાં નાખેલા સારાં શુદ્ધ ખાનપાનાદિને અશુચિ ગંદા કરવાનું સામર્થ્ય ધરાવે છે, તેમજ એ મૂળ ગંદા રજો–વીર્યમાં જનમ્યા પછી ય એને માતાના ગર્ભમાં ઉત્તરોત્તર પોષનારા પદાર્થ પણ ગંદા હોય છે, તેથી એ સ્વરૂપે અશુચિ છે. ન્હાઇને બહારની અલ્પકાળની ચોકખાઈનો સંતોષ મનાય એટલું જ; બાકી ત્યારે પણ એ અંદરમાં ખરેખર ગંદુ છે.' આમ અવસરે અવસરે દેહનો અશુચિભાવ વિચારવા જેવો છે, એથી શરીરનો મોહ, વિભૂષાનો મોહ, સ્રીશરીરનો રાગ વગેરે મોળા પડતા જાય.

(૬) **સંસારભાવનામાં** ચિંતવાય કે, 'આ સંસારમાં જીવ એક ભવે માતા થઇને બીજા ભવે દીકરી થાય છે, બહેન થાય છે, પત્ની થાય છે. ત્યારે એક વાર દીકરો થઈ બીજા ભવે બાપ બનવાનું, ભાઈ બનવાનું, શત્રુ થવાનું થાય છે. આમ કોને કયા એક ચોક્કસરૂપના કુટુંબી તરીકે માથે લઇને ફરવા? અને પોકળ મમતા કરવી? ખોટી મમતા પાછળ પાપ વધારવા? દુર્ધ્યાન કરવા અને દેવગુરુધર્મ ભૂલવા?' આ ભાવનાનું ફળ એ કે સ્વજન મમત્વ છૂટી જાય અને સ્વજન ખાતર દેવગુરુધર્મ ન ભૂલાય.

(૭) **આશ્રવભાવનામાં** ચિંતવવું કે–'જે બિચારો મિથ્યાદષ્ટિ છે, સર્વજ્ઞવચનની શ્રદ્ધા વિનાનો છે, અવિરત છે, વિરતિ યાને પ્રતિજ્ઞાબદ્ધ હિંસાદિ પાપના ત્યાગવાળો નથી, વિષયાસક્તિ–નિદ્રા–વિકથાદિ પ્રમાદવાળો છે, અને જેને કષાય તથા ત્રિદંડ યાને મન–વચન–કાયાના અશુભ યોગોમાં રુચિ છે,

એવા જીવને તેટલા પ્રમાણમાં આશ્રવ અને કર્મ લાગે છે. આશ્રવ લાગ્યાથી આ ઊંચા માનવભવમાં એ, અફસોસ! કેવી સુંદર સંવરની તક ગુમાવે છે? કર્મ લાગ્યાથી પછી એ, અહો!, કેવા એના દારૂણ વિપાક દીર્ઘકાળ ભોગવે છે? માટે હું એ આશ્રવની અટકાયત માટે યત્નશીલ રહું.' એનું ફળ આશ્રવથી ડર અને આશ્રવનો ત્યાગ છે.

(૮) **સંવરભાવનામાં** ચિંતવવા જેવું કે,–'જે મન–વચન–કાયાની વૃત્તિ કર્મનું ગ્રહણ અટકાવે એ સંવર છે. એ ચિત્તની સુંદર સમાધિવાળો, વચન–કાયયોગની સ્વસ્થતાવાળો, અને કલ્યાણસ્વરૂપ છે; કેમકે એ અંતે સૂક્ષ્મકાયયોગવૃત્તિ લાવી શૈલેશીકરણ સાધી આપી સર્વસંવર યાને સર્વથા અકર્મબંધ-અવસ્થા લાવી આપે છે. એમ શ્રેષ્ઠ સંવરદાન કરનાર અનંતા અરિહંત પ્રભુ ફરમાવે છે. આ ભાવનાથી સંવરની અનુમોદના અને આચરણા આવે.

(૯) **નિર્જરાભાવનામાં** ચિંતવાય કે,–'જેવી રીતે શરીરમાં સંગૃહીત થયેલ આમ–પિત્તાદિ દોષ, જો પ્રયત્નપૂર્વક એનું વિશેષે શોષણ કરવામાં આવે તો, એ પચી જાય છે, જર્જરિત થઈ નષ્ટ થઈ જાય છે; એજ રીતે આત્મા પર સંગૃહીત થયેલ કર્મને ઉપરોક્ત સંવર માર્ગ પણ તપ સહિત બન્યાથી નિર્જરી નાખે છે, ક્ષીણ કરી નાખે છે....' આ ભાવનાથી નિર્જરાની તમન્ના જાગે.

(૧૦) **લોકભાવનામાં** લોક યાને ૧૪ રાજલોકમાંના અધોલોક, તિર્ચ્છાલોક તેમજ ઊર્ધ્વલોકનો વિસ્તાર ચિંતવવો.

એનું પ્રમાણ આકૃતિ વગેરે ચિંતવે. સાથે એમાં કયાં કયાં શું શું આવેલું છે એ વિચારે. એમ સર્વત્ર એ દરેક સ્થાને થયેલ અનંત જન્મ-મરણ, એમાં થયેલ આત્માની દુર્દશા ચિંતવવી. તથા, લોકમાં રહેલ અનેકવિધ રૂપી પુદ્ગલ-દ્રવ્ય અને એનાં થયેલા કે થતા વિવિધ ઉપયોગ વિચારવા. એથી વૈરાગ્ય અને સમાધિ પ્રાપ્ત થાય.

(૧૧) 'ધર્મસ્વાખ્યાત' ભાવનામાં ચિંતવવાનું કે 'અહો ! રાગ-દ્વેષાદિ આંતર શત્રુગણને જીતનારા શ્રી જિનેશ્વર-ભગવંતોએ કેવો અનન્ય સુંદર શ્રુતધર્મ-ચારિત્રધર્મ બતાવ્યો છે ! વિશ્વમાં એનો જોટો નથી, એના જેવી સુંદર કોઈ કાર્ય-વાહી નથી. એ ધર્મમાં જે રક્ત રહ્યા તે સંસાર-સમુદ્રને સહેલમાં તરી ગયા. આ ભાવનાથી ધર્મ-ઋદ્ધિ વધે.

(૧૨) 'બોધિદુર્લભ' ભાવનામાં ચિંતવાય કે,-આ જગતમાં મનુષ્યભવ, એમાં વળી ૧૫ કર્મભૂમિમાં જન્મ અને એમાં પણ અનાર્ય દેશે નહિ કિન્તુ આર્યદેશે જન્મ, એમાંય નીચકુળે નહિ પણ ઉત્તમ આર્યકુળમાં જન્મ, ને એમાંય અખંડ પાંચ ઈન્દ્રિય, આરોગ્ય, તથા એના ઉપરાંત દીર્ઘ આયુષ્ય, એ ઉત્તરોત્તર એકેક દુર્લભ છે, પ્રાપ્ત કરવા બહુ મુશ્કેલ છે. અરે ! એ મળી ય જાય છતાં એમાં સારા કુળ-સંસ્કાર, ને સંતસમાગમની રુચિ મળવી મુશ્કેલ; એમાંય તેવા શુદ્ધ ઉપ-દેશક સંતપુરુષ મળવા કઠિન, અને એય મળવા છતાં એમની પાસે શુદ્ધ ધર્મતત્ત્વનું શ્રવણ પામવું મુશ્કેલ છે. અરે ! આ બધું છતાં બોધિ યાને જૈન ધર્મની પ્રાપ્તિ થવી, હૃદયમાં સ્પર્શના

થવી, એ ચીજ અત્યંત મોંઘી છે, તેમ એ વિના આત્માનો ઉદ્ધાર નથી. તો ૧૪ રાજલોકમાં કર્મવશ અને મોહઘેલા જીવોની દશા જોતાં એવી સુદુર્લભ બોધિ અહીં અતિ સુલભ થવાના સંયોગોમાં હું કેમ એને અપનાવતો નથી ? એમાં તો પછી ભવાંતરે એ કેટલી ય અતિ સુદુર્લભ બને ?

ધ્યાનધારા તૂટતાં આ પ્રમાણે તરત જ આ ૧૨ ભાવનામાં ચિત્ત લગાવી દેવાનું, પ્રશ્ન થાય,—

## ૧૨ ભાવનાથી શો લાભ ?

ઉત્તર એ છે કે એથી એક લાભમાં જગતના સચિત્ત-અચિત-મિશ્ર પદાર્થ ઉપરની આસક્તિ-મમતા-રાગ તૂટે, અનાસક્ત દશા આવે, અને બીજા લાભમાં ભવનિર્વેદ થાય, વધતો જાય. દા. ત. (૧) અનિત્યભાવનાથી 'સચિત્ત' યાને પત્ની-પુત્રાદિ ચેતન, પદાર્થ, 'અચિત્ત' અર્થાત્ પૈસા-માલ-મિલ્કત આદિ, 'મિશ્ર' એટલે અલંકારસહિત સ્ત્રી આદિ સૌ અનિત્ય, ઊઠીને ચાલતા થનારા, એમ બરાબર ભાવતાં સહેજે એના પરની આસક્તિ કપાય. એમ (૨) 'અન્યત્વભાવના'થી પોતાની ખુદ કાયા ય અન્ય યાને નિરાળી લાગવાથી એના પરથી પણ આસક્તિ ઊઠે. એમ બારે ભાવનાથી વિશ્વના સમસ્ત ચરાચર પદાર્થનો પક્ષપાત આસક્તિ તૂટે, તૂટતી આવે; અને સંસાર આવા બધા અનિત્ય આદિ પદાર્થનો જ ભરેલો હોઈ એના પર નફરત થાય, અરુચિ અકળામણ થાય. જેમ જેમ પેલી આસક્તિ વધુ કપાય, તેમ તેમ સંસાર અને સંસારના ઔદયિક ભાવો પર અલિપ્તતા વધતી જાય મુનિ ધર્મધ્યાનથી ચ્યુત

होंति कमविसुद्धाओ लेसाओ पीय-पम्ह-सुक्काओ ।
धम्मज्झाणोवगयस्स तिव्व मंदाइ-भेयाओ ॥ ६६ ॥

અર્થ :- ધર્મધ્યાનમાં રહેલાને તીવ્ર મંદ યા મધ્યમ પ્રકારવાળી પીત-પદ્મ-શુક્લલેશ્યા હોય છે. એ ક્રમસર વધતી વિશુદ્ધિવાળી છે.

---

થતાં જ આ લાભ કરનારી બાર ભાવનામાં પરોવાય, એટલે અનભિષ્વંગ-ભવનિર્વેદ-અનાસક્તિ વળી વધીને પાછી એકાગ્રતા વધી ધર્મધ્યાન લાગે.

પ્ર૦-ધર્મધ્યાનથી ખસતાં તરત જ બીજું કાંઈ મનમાં ન આવતાં આ ભાવના જ શી રીતે લાગે ?

ઉ૦-જેને પૂર્વે ધર્મધ્યાનથી અંતઃકરણને સારી રીતે ભાવિત કર્યું હોય એને એ ધર્મધ્યાનના, આજ્ઞા-અપાય-વિપાક-સંસ્થાન વિષયોની રમણતા જ એવી થઈ ગઈ છે કે એના પરના ધ્યાનાત્મક સ્થિર ચિંતનને ગુમાવતાં એમાંના જ વિષયો પર ભાવનાત્મક વિચારસરણી ચાલે. બાર ભાવનાના વિષય ધર્મધ્યાનના વિષયોમાં સમાઇ જાય છે; એટલે મન ધ્યાન જતાં સહેજે એમાં સમાઈ જાય. માત્ર, વારંવારના ૪ પ્રકારના ધર્મધ્યાનથી ચિત્તને-દિલને-હૃદયને ભાવિત કરી દેવું જોઈએ. ચિત્ત એનાથી જ રંગાઈ જાય. આ 'અનુપ્રેક્ષા' દ્વાર વિચાર્યું.

## લેશ્યા

હવે લેશ્યા દ્વાર વિચારવા કહે છે,-

**વિવેચન** :- ધર્મધ્યાનમાં રહેલાને કૃષ્ણાદિ છ લેશ્યામાંની ઉપરની પીત-પદ્મ-શુક્લ એ ત્રણ લેશ્યા હોય છે. ધર્મધ્યાન એ

**आगम-उवएसा-ऽऽणा-णिसग्गओ जं जिणप्पणीयाणं ।**
**भावाणं सद्दहणं, धम्मज्झाणस्स तं लिंगं ॥ ६७ ॥**

અર્થ :- જિનેશ્વર ભગવંતે કહેલ (દ્રવ્યાદિ પદાર્થ)ની આગમ સૂત્ર, તદનુસારી કથન, સૂત્રોક્ત પદાર્થ યા સ્વભાવથી શ્રદ્ધા કરવી, એ ધર્મધ્યાનનું જ્ઞાપક ચિહ્ન છે.

---

શુભ ધ્યાન હોઈ સહેજે એમાં ચિત્ત નિર્મળ હોય, તેથી કૃષ્ણ-નીલ-કાપોત એ નીચેની ત્રણ અશુભ લેશ્યાને અવકાશ ન હોય; પણ ઉપરની પીત-પદ્મ-શુકલ એ શુભ લેશ્યાને અવકાશ હોય. એ લેશ્યાઓ ક્રમસર વિશુદ્ધિવાળી છે; અર્થાત્ પીત લેશ્યા કરતાં પદ્મલેશ્યા વધારે વિશુદ્ધ અને એના કરતાં શુકલલેશ્યા વધુ વિશુદ્ધ હોય છે. એમાં અન્ત્ય લેશ્યા, એ તીવ્ર, આદ્ય એ મંદ, અને મધ્યમ લેશ્યા એ મધ્યમ પ્રકારની હોય છે. આ દરેક લેશ્યા પણ એક જ માત્રાની નથી હોતી, કિન્તુ ચડતી-ઊતરતી માત્રાવાળી હોય છે. કોઈને પીત લેશ્યા મંદ માત્રામાં હોય, તો કોઈને મધ્યમ યા કોઈને તીવ્ર માત્રામાં હોય. એક જીવમાં પણ લેશ્યા મંદમાત્રાએ શરુ થઈને વધતા વધતા મધ્યમ અને તીવ્ર માત્રામાં પહોંચી જાય, એમ પણ બને. ધર્મધ્યાન એ આજ્ઞા-અપાય વગેરે વિષયોનું કોરું સૂકું ચિંતન નહિ, પણ ભાવભીનું ચિંતન છે; તેથી શુભ લેશ્યાને અહીં અવકાશ છે. એ લેશ્યાની માત્રા તીવ્ર મંદ આદિ કહી તેમાં સામાન્ય રૂપથી જીવના તેવા તીવ્રમંદાદિ શુભ પરિણામવિશેષ યાને અધ્યવસાય-વિશેષ પણ લઇ શકાય કે જે લેશ્યાની પાછળ કામ કરતા હોય છે. આ 'લેશ્યા'દ્વાર થયું.

### ધર્મધ્યાનના જ્ઞાપક ચિહ્ન (લિંગ)

હવે લિંગ દ્વારનું વર્ણન કરતાં કહે છે,-

## વિવેચન :—પહેલું લિંગ 'શ્રદ્ધા' :-

જીવ ધર્મધ્યાનમાં વર્તી રહ્યો છે એનું પહેલું જ્ઞાપક ચિહ્ન આ, કે એનામાં વીતરાગ સર્વજ્ઞ શ્રી તીર્થંકર ભગવંતોએ પ્રરૂપેલ ધર્માસ્તિકાયાદિ છ દ્રવ્યો અને એના ગુણ–પર્યાયોની શ્રદ્ધા હોય. આ શ્રદ્ધા આગમ, ઉપદેશ, આજ્ઞા યા નિસર્ગથી ઊભી થયેલી હોય. આમાં 'આગમ'= સૂત્ર, 'ઉપદેશ'= સૂત્રાનુસારી દેશના, 'આજ્ઞા'=સૂત્રોક્ત પદાર્થ; 'નિસર્ગ'=સ્વભાવ.

(૧) 'આગમ' યાને જિનાગમ સૂત્ર ભણે એટલે એમાં કહેલ જિનોક્ત દ્રવ્યાદિ પદાર્થની શ્રદ્ધા થાય. એ આગમની શ્રદ્ધા થઈ કહેવાય. ગોવિંદાચાય હરિભદ્રસૂરિ વગેરેને જિનાગમ ભણતાં ભણતાં શ્રદ્ધા થઈ.

(૨) 'ઉપદેશ' :– કેટલાયને તો જિનાગમાનુસારી ઉપદેશ–દેશના વ્યાખ્યાન સાંભળીને જિનોક્ત તત્ત્વની શ્રદ્ધા થાય. મૂળ આગમ જિનાગમ ઓછાને મળે; ત્યારે આચાર્યાદિનો આગમ-સૂત્રાનુસારી ઉપદેશ સાંભળવા ઘણાને મળે. એ એથી તત્ત્વ-શ્રદ્ધાવાળા બને.

(૩) 'આજ્ઞા' એટલે જિનાગમથી જે 'આજ્ઞાપ્યન્તે' ફરમાવાય છે તે જીવાદિ પદાર્થો. એનાથી શ્રદ્ધા થાય એટલે કે (૧) એ પદાર્થોની સચોટ વ્યવસ્થા જોઈને શ્રદ્ધા થઈ જાય, અથવા (૨) જગતના પદાર્થોની વ્યવસ્થિત વિચારણા કરતાં કરતાં એવો મિથ્યાત્વ કર્મનો ક્ષયોપશમ થઈ જાય કે ત્યાં બરોબર જિનોક્ત પદાર્થની શ્રદ્ધા બની જાય, વલ્કલચીરીને તાપસપણાના ભાંડાની

**जिणसाहुगुणकित्तण-पसंसणाविणयदाणसंपण्णो ।**
**सुअसीलसंजमरओ धम्मज्झाणी मुणेयव्वो ॥ ६८ ॥**

અર્થ:—જિનેન્દ્ર તીર્થંકર દેવ તથા મુનિઓના (નિરતિચાર સમ્યગ્દર્શનાદિ) ગુણોનું કથન, ભક્તિપૂર્વક સ્તુતિ, વિનય, એમને (આહારાદિનું) દાન એનાથી સંપન્ન અને જિનાગમ, વ્રત, સંયમ (અહિંસાદિ) એમાં ભાવથી રક્ત ધર્મધ્યાની હોય એ જાણવું.

---

પ્રમાર્જના કરતાં કરતાં જિનોક્ત સંયમમાર્ગના પાત્રાદિ પડિલહેણ વગેરે પદાર્થ પર શ્રદ્ધા થઇ. એમાં ભાવના કરતાં પરાકાષ્ઠાએ કેવળજ્ઞાન લીધું.

**(૪) 'નિસર્ગ' એટલે સ્વભાવ** :–સહજ ભાવે મિથ્યાત્વ મોહનીય કર્મ તૂટતું આવતાં એનો ક્ષયોપશમ થઈ જાય, અને જિનોક્ત તત્ત્વની શ્રદ્ધા પ્રગટી જાય એ નિસર્ગથી સમ્યગ્દર્શન થયું કહેવાય. કોઇક જીવવિશેષને તેવા નિર્મળ ભાવોલ્લાસે ભાવની વિશુદ્ધિ વધતાં આમ બને.

ઉપરોક્ત ચારમાંથી ગમે તે કારણે જિનોક્તતત્ત્વોની શ્રદ્ધા કરાતી હોય એ ધર્મધ્યાનનું લિંગ છે. વિદ્વત્તા ઘણીય હોય, નવ પૂર્વ સુધીનું જ્ઞાન હોય, કિન્તુ આ શ્રદ્ધા જ જો નહિ, તો વિપાક, સંસ્થાન આદિની વિચારણા ગમે તેટલી બોલી બતાવે, છતાં ત્યાં ધર્મધ્યાન નહીં હોવાનું. શ્રદ્ધા પાયામાં જોઈએ. એ હોય તો જ સમજાય કે ત્યાં ધર્મધ્યાન છે. વળી,

**વિવેચનઃ- ધર્મધ્યાનનાં બીજા ચિહ્ન.**

જેના ચિત્તમાં ધર્મધ્યાન વર્તતું હોય એ આ બીજા પણ ચિહ્ન પરથી જણાઈ આવે.

(૧) પહેલું ચિહ્ન તો ઉપર કહ્યું તેમ જિનોક્તભાવોની શ્રદ્ધા છે. વળી (૨) ધર્મધ્યાની એ જિનેશ્વર ભગવાન અને નિગ્રંથમુનિઓના ગુણોનું કીર્તન-પ્રશંસા કરતો હોય. એમાં (i) ગુણોનું નામ દઈને કથન-વિવેચન એ કીર્તન. દા. ત. ભગવાનમાં ૩૪ અતિશય આવા આવા હોય છે, એમ ગણાવે એ કીર્તન, અને (ii) શ્લાઘ્ય તરીકે ભક્તિપૂર્વક સ્તુતિ એ પ્રશંસા. દિલમાં એમના તરફ ભક્તિ ઊભરાઈને બોલાય કે 'અહો, પ્રભુનું કેવું નિરતિચાર સમ્યગ્દર્શન-સમ્યગ્ચારિત્ર! કેવા એમણે ઉપસર્ગ સહ્યા! સાધુમહારાજની કેવી સમ્યક્ શ્રદ્ધાન સાથે તપ-સંયમની સાધના!....' આમ કીર્તન-પ્રશંસા કરતો હોય;

(૩) એમ, (i) વિચરતા જિનેન્દ્ર ભગવાનને આહારાદિનું ભાવપૂર્વક દાન કરે; એમ (ii) સ્થાપના-જિનની સ્વશક્તિને છાજતી ઉત્તમદ્રવ્યથી ભક્તિ પૂજા કરતો હોય; (iii) સાધુ-સાધ્વીને આહાર-વસ્ત્ર-પાત્ર-મુકામ વગેરેનું દાન કરતો હોય;

(૪) વળી, દેવગુરુનો વિનય કરે, (i) ભગવાન પધાર્યા તો સામે જાય. (ii) ભગવાનની પાસે જતાં સચિત્ત (સ્વ-ઉપભોગમાં લેવાના ખાનપાનાદિ) નો ત્યાગ કરીને જાય. તથા (iii) અચિત્ત (પ્રભુને પૂજામાં ધરવા યોગ્ય-પુષ્પફળાદિ) લઈને જાય; (iv) ઉતરાસંગ ઓઢીને જાય; (v) પ્રભુને દેખે ત્યાંથી અંજલિ જોડી માથું નમાવી "નમો જિણાણં" બોલે, (vi) દેવદર્શનાદિમાં મન-વચન-કાયાથી એકાગ્ર બને; ઇત્યાદિ પ્રભુનો વિનય કરતો હોય. એમ મુનિ મહારાજનો વિનય કરે, એ આવ્યે ઊભાં થવું, એ જતાં વળાવવા જવું, એમને આસન દેવુ, એમની

સુખશાતા પૂછવી, એમના વચનને 'તહત્તિ-તથાસ્તુ' કરીને સ્વીકારવું, વગેરે સાધુ-વિનય કરતો હોય.

(૫) એમ, સ્વયં શ્રુત-શીલ-સંયમથી સંપન્ન હોય; 'શ્રુત' એટલે સામાયિક સૂત્રથી માંડીને ૧૪ મું પૂર્વ 'બિંદુ-સાર' સુધીના આગમ. 'શીલ' એટલે વ્રત-નિયમાદિ ચિત્ત-સમાધિનાં સાધન. (વ્રત-નિયમ-સમાધિ-સદાચારોનો ભાર ન હોય તો નિરંકુશ મન, ઈષ્ટ ઈન્દ્રિય વિષયો માપમાં જ મળતા હોવાથી, અસંતુષ્ટ અસ્વસ્થ રહે છે; તથા કષાયોની છૂટ હોવાથી ય અસ્વસ્થ અસમાહિત રહે છે; માટે 'શીલ' જરૂરી) તેમજ 'સંયમ' એટલે જીવહિંસાદિ પાપોનો ત્યાગ. આ શ્રુત-શીલ-સંયમમાં ભાવથી રક્ત હોય;

**એ ધર્મધ્યાનમાં વર્તતો હોય છે,** એમ સમજી શકાય. કેમકે અંતરમાં ધર્મધ્યાન વિના એ ભાવથી જિન-મુનિ-ગુણપ્રશંસા વગેરે કરવાનું બને નહિ, આ પરથી એ સમજાય એવું છે કે જો આ પ્રશંસાદિને બદલે નિંદા વગેરે હોય, યા મોહવશ ભક્ત આદિની પ્રશંસા-સરભરા ચાલતી હોય, તો ત્યાં આર્ત્તધ્યાન વર્તતું હોય એમ મનાય, તેમ એ શ્રદ્ધા-ગુણકીર્ત-નાદિ ચિહ્નોમાં પ્રવૃત્તિ ખૂબ રહે, તો ધર્મધ્યાન સરળ બને.

પ્ર૦-ધર્મધ્યાનના સ્વામી (અધિકારી) તો પૂર્વે અપ્રમત્ત મુનિ આદિને કહી આવ્યા. તો ધર્મધ્યાન એમને હોય; પછી અહીં જે નિસર્ગ-શ્રદ્ધા, દેવગુરુ-વિનય, વગેરે લિંગ કહ્યા તે તો સમકિતી અને દેશવિરતી શ્રાવક તથા પ્રમત્તમુનિને પણ હોય. તો શું એમને ધર્મધ્યાન હોઈ શકે?

૭૦–શ્રુત–શીલ–સંયમરક્તતતા સુધીના સંપૂર્ણ લિંગ તો અપ્રમત્તમુનિને હોય. એ હિસાબે નીચેના ગુણસ્થાનકવાળાને મુખ્યપણે ધર્મધ્યાન ન હોઈ શકે; છતાં ઉપરોક્ત શ્રદ્ધાદિ અમુક લિંગોના હિસાબે પ્રમત્તમુનિને ધર્મધ્યાન ગૌણપણે આવી શકે. એથી નીચેના સમકિતી શ્રાવકને અવિરતિ હોવાથી આર્ત્તધ્યાનમાં ખેંચાવાનું વધારે રહે છે. તેથી એમને ધર્મધ્યાન આર્ત્તની અપેક્ષાએ બહુ અલ્પ જેવું આવે. આ 'લિંગ' દ્વાર થયું.

હવે 'ફળ' દ્વારનો અવસર છે. પણ લાઘવાર્થ એટલે કે લખવું થોડું પડે એ માટે શુકલધ્યાનના ફળના અધિકાર વખતે એને કહેશે; બાકી ધર્મધ્યાનની વિચારણા અહીં પૂરી થઈ.

## ૪. શુકલધ્યાન

**अह खंति-मद्दव ऽज्जव-मुत्तीओ जिणमयप्पहाणाओ ।**
**आलंबणाइं जेहिं सुक्कज्झाणं समारुहइ ॥ ६९ ॥**

**અર્થ :– હવે (આસન દ્વાર પછી) જિનમતમાં મુખ્ય ક્ષમા-મૃદુતા ઋજુતા- નિર્લોભતા એ આલંબનો છે તેથી શુકલધ્યાન પર ચઢાય છે.**

---

હવે શુક્લધ્યાનને વર્ણવવાનો અવસર છે. 'શુક્લ' શબ્દની વ્યુત્પત્તિ પ્રારંભે કહી છે. શોકને નષ્ટ કરે તે 'શુક્લ'. આ શુક્લધ્યાનમાં પણ ધર્મધ્યાનની જેમ 'ભાવના'થી 'ફળ' સુધીના ૧૨ દ્વારથી વિચારણા છે. એમાં ભાવના–દેશ–કાળ–આસન-દ્વારોમાં ધર્મધ્યાનથી કોઈ ફરક નથી. એટલે અહીં એને ફરીથી વિચારવામાં નથી આવતા. હવે એ મૂકીને અહીં 'આલંબન' દ્વાર કહેવાની ઇચ્છાથી કહે છે,–

### વિવેચન :– શુક્લધ્યાન માટે આલંબનો :–

શુક્લધ્યાન અંગે 'આસન' સુધીના દ્વાર પૂર્વે વિચારાયા હવે 'આલંબન' દ્વાર વિચારતાં, શુકલધ્યાન માટે આલંબનો તરીકે ક્ષમા–મૃદુતા–ઋજુતા–મુક્તિ છે.

### ક્ષમાદિનું સ્વરૂપ :–

આ ક્ષમાદિ ક્રોધ–માન–માયા–લોભના ત્યાગરૂપ સમજવાના છે. અર્થાત્ ક્રોધ–ત્યાગ એ જ ક્ષમા, માન–ત્યાગ એ જ

મૃદુતા, માયાત્યાગ એ જ ઋજુતા, લોભત્યાગ એ જ મુક્તિ. આમાં તે તે ક્રોધ વગેરેને ત્યાગ બે રીતે,—(૧) ઉદયમાં આવવા તૈયાર ક્રોધાદિ મોહનીય કર્મના ઉદયને નિરોધ યાને અટકાયત કરવી, અથવા (૨) ઉદીરણા કરાયેલ ક્રોધાદિને નિષ્ફળ કરવા.

(૧) ક્રોધાદિના ઉદયને નિરોધ આ રીતે, કે દા. ત. આપણને પ્રતિકૂળ અનિષ્ટ કોઈના તરફથી થવાની આગાહી થાય ત્યાં,-જેમકે ખંધકમુનિને મારાઓએ આવીને કહ્યું કે ‘અમારા રાજાના હુકમથી અમારે તમારી ચામડી ઉતારી લેવાની છે,’ આવું સાંભળવા મળે ત્યાં,-ક્રોધકષાયને ઉદયમાં આવવાની તૈયારી ગણાય. એ વખતે જ એ ઉદયને શુભ વિચારણાથી અટકાવવાને પ્રયત્ન કરી એને અટકાવાય, એ ઉદયનિરોધ કર્યો કહેવાય. શુભ વિચારણા આગળ બતાવાય છે એવી કરવાની.

(૨) ક્રોધાદિ ઉદીરણાને નિષ્ફળ કરવાના આ રીતે, કે સામાએ આપણને કાંઈ પ્રતિકૂળ વર્તાવ કર્યો, આપણું અનિષ્ટ–અણગમતું કર્યું, તો ત્યાં તરત જ દિલમાં ક્રોધ ભભૂકી ઊઠે છે. આ ક્રોધની ઉદીરણા યા ઉદય થયો કહેવાય. હવે આને નિષ્ફળ કરવો એટલે કે એ ક્રોધોદયના માથે ફળ ન બેસવા દેવું. દા.ત. અંતરમાં ક્રોધ ભભૂકવા પર [૧]ક્રોધભરી લાંબી વિચારણા ચલાવાય, [૨]બહારમાં આંખ લાલ થાય, [૩]ઊંચી ચડી જાય, [૪]મોં બગડે, [૫]આવેશવાળું થાય, [૬]હોઠ કંપે, [૭]ગમે તેવા કર્કશ શબ્દ કે ગાળ બોલાય, [૮]હાથ મારવા ઉઠાવાય....આ બધું ક્રોધનું ફળ છે, એ કશું ન થવા દેવાય તો ક્રોધને નિષ્ફળ કર્યો કહેવાય. આ માટે પણ આ પ્રમાણે વિચારવું.

## ૪ કષાય-ત્યાગ માટે વિચારણા

**(૧) ક્રોધના ઉદયનો નિરોધ અને ઉદીર્ણ ક્રોધનું નિષ્ફળીકરણ** એ વિચારણા કરવાથી થાય કે (૧) 'જીવ! ધ્યાન રાખજે; આ બહારનું બગડ્યું છે કે બગડશે તે તો તારાં પોતાનાં અશુભ કર્મના લીધે; પરંતુ હવે તું ક્રોધ કરીને તારા આત્માના પરલોકનું ન બગાડીશ, પેલું તારા હાથમાં નથી, આ તારા હાથની વાત છે. (૨) ક્રોધ કરવાથી સામાનો ક્રોધ વધી આગ સળગે છે. એમાં નુકસાન વધે છે. (૩) 'સવ્વે જીવા કમ્મવસ' એ હિસાબે સામો જીવ બિચારો કર્મને પરાધીન છે. એના પર ગુસ્સો શો કરવો? એ તો દયાપાત્ર છે, માટે એની કરુણા ચિંતવવા જેવી છે, એના પર ગુસ્સો કરવા જેવો નહિ. કેમકે આમે ય એ અજુગતું આચરવાથી કર્મનો માર ખાવાનો છે, તો એના પર વળી વધુ જુલ્મ શો કરવો? (૪) મારે બહારનું બગડ્યું એ તો પરનું બગડ્યું, મારા આત્માનું કશું બગડ્યું નથી. એની પુણ્યાઈ, એનો ધર્મ અને એની સત્તાગત અનંત જ્ઞાનાદિ સમૃદ્ધિ તો જે છે તે જ છે, એમાં સામો કાંઈ બગાડી શકતો નથી. પછી ક્રોધ શા સારુ કરવો? (૫-) ક્રોધ કરવાથી મહાવીર પ્રભુના સંતાનપણાને કલંક લાગે છે, (૬) અમોલ જિનશાસનની પ્રાપ્તિ એળે જાય છે, (૭) આજ સુધી સેવેલા ધર્મની સમજ ઘવાય છે. (૮) મારા કરતાં સો-હજાર-લાખગુણી આપદામાં મહાપુરુષોએ ક્રોધ નથી કર્યો. મહાવીર પ્રભુના કાનમાં ખીલા ઠોકાયા, સુકોશલ મુનિને વાઘણે ફાડી ખાધા, ગજસુકુમાળના માથે સગડી મૂકાઈ, છતાં એમણે લેશમાત્ર ગુસ્સો નથી કર્યો. (૯) અનંતકાળથી અનેક બીજા ભવમાં ક્રોધને

ને ક્રોધની સંજ્ઞાને પુષ્ટ કરવાનું કર્યું છે, પણ હવે આ ઊંચા માનવભવમાં ય ફરી એને પુષ્ટ કરવાનું કરીશ તો પછી એનું શોષણ કરવાનું, એનામાં હ્રાસ--ઘસારો કરવાનું કયા ભવમાં અને ક્યારે કરીશ ? (૧૦) ક્રોધથી ચંડકોશિયા જીવ સાધુની જેમ ભવોની પરંપરા ચાલશે એ કેમ પોષાય ? (૧૧) ક્રોધથી મન તામસી બને છે, સત્ત્વ ગુમાવી નિઃસત્ત્વ બને છે, અને તામસભાવની બીજા શુભ ભાવો પર ખરાબ અસર પડે છે. તેમજ અહીં સત્ત્વ હણાયાથી મહાસુકૃતના ગુણસ્થાનકવૃદ્ધિના, તથા ક્ષપકશ્રેણિદ્વારા પરમસત્ત્વજનિત અપૂર્વકરણ–મહાસમાધિના પાયાભૂત સત્ત્વ પર ઘા પડે છે. (૧૨) ક્રોધ કરવા જતાં ઔદયિકભાવ યાને મોહની આજ્ઞા પાળવા–પોષવાનું થાય, ત્યારે ક્રોધને અટકાવવાથી સુંદર ક્ષાયોપશમિક ભાવ યાને જિનની આજ્ઞા પાળવાનો લાભ મળે છે....વગેરે વિચારવાથી અંતર્ભાવિત કરવાથી ક્રોધના ઉદયને રોકી શકાય. (૧૩) સામાએ કઠોર શબ્દ જ કહ્યો ને ? ગાળ તો નથી દીધી ને ? ગાળ દીધી, તો બીજું તો કાંઈ બગાડયું નથી ને ? બગાડયું છે, પણ પ્રહાર તો નથી કર્યો ને ? પ્રહાર કર્યો, પરંતુ મને મારી તો નથી નાખ્યો ને ? મારી નાખે છે, પણ મારી અંતરની ધર્મ–પરિણતિનો નાશ તો નથી જ કરી શકતો એ તો હું જાતે જ નાશ કરું તો જ થાય. બાકી કોઇની એનો નાશ કરવાની તાકાત નથી; અને એ સલામત છે પછી મારું વાસ્તવિક કશું બગડતું નથી. તો મારે શ સારુ સામા પર ગુસ્સો કરવો ? એમ વિચારી અંતરમાં ભભૂકેલા ક્રોધને નિષ્ફળ કરાય.

**(૨) એમ, માનકષાયને રોકવા** ઉપરોક્તમાંથી કેટલીય વિચારણા કામ લાગે. ઉપરાંત એ વિચારાય કે (૧) અનંત જ્ઞાન, મહાન અવધિજ્ઞાન, કે ૧૪ પૂર્વનું શ્રુતજ્ઞાન, તથા મહાપુણ્યાઈ મહાશક્તિ ધરનારાઓએ કે મહાસુકૃત કરનારાઓએ પણ અભિમાન નથી કર્યાં, તો હું શાના પર માન કરું? (૨) અનંતા કર્મોથી દબાયેલા ગુલામ એવા મારે કયા મોંઢે અભિમાન કરવા? (૩) મેં ક્યાં એવા મહાસુકૃત મહાપરોપકાર કર્યાં છે? કયા એવા મહાન ગુણો મેળવ્યા છે? કઈ મહા તપ-સંયમની સાધના કરી છે? મેં મનોવૃત્તિ પર કયો વિજય મેળવ્યો છે? તો પછી મારે અભિમાન કરવાનો હક ક્યાં છે? (૪) અભિમાન જો બાહ્ય વૈભવ-સત્તા-સન્માન આદિ પર થાય છે, તો ચક્રવર્તીની આગળ એ શી વિસાતમાં છે? અને જો આંતરિક જ્ઞાન-તપ-વગેરે ઉપર થવા જાય છે, તો એ પૂર્વ પુરુષોની જ્ઞાનસમૃદ્ધિ-તપસમૃદ્ધિ આગળ શી વિસાતમાં છે કે હું અભિમાન કરું? (૫) રાજા રાવણની જેમ અભિમાનથી અંતે પછડાવાનું થાય છે. એના કરતાં માન ન કરવામાં શોભા અને શાંતિ રહે છે....વગેરે વિચારી માન-મદ-અહંકારને રોકવા. મનમાં માન ઊઠ્યું હોય તો ય એને સફળ ન થવા દેવું. એના પર ભવાં ચઢે, અભિમાનના શબ્દ બોલાય, સામાનો તિરસ્કાર-નિંદા થાય, જાત-વડાઈ થાય, મુખમુદ્રા અને ચાલ વગેરે માનભરી બને, ઈત્યાદિ ફળ ન બેસવા દેવું. એમ ઉદય પામેલા માનને નિષ્ફળ કરાય.

**(૩) માયાના ઉદયને રોકવા** ઉપરોક્તમાંની કેટલીક વિચારણા ઉપરાંત એ વિચારવું કે, (૧) માયા તો સંસારમાં ભવોની માતા છે. તેથી માતાની જેમ મારા ભવોને જન્મ આપશે.

તેમ મારા દોષોને પોષશે. (૨) માયા સેવવામાં પાછળ પસ્તાવો થવાનું ઓછું બને છે, તેથી એમાં સમ્યક્ત્વનો નાશ થાય છે. (૩) માયાથી સગાં-સ્નેહી વગેરે પોતાના જ માણસોનો વિશ્વાસ પ્રેમ ગુમાવવાનું થાય છે, તેમ લોકવિશ્વાસ પણ ગુમાવાય છે. (૪) માયાને લીધે સ્ત્રીવેદ કે તિર્યંચગતિ ઉપાર્જાઈ નીચે ગબડવું પડે છે. (૫) મહાશક્તિ સંપન્નોએ પણ માયાથી આપદા નથી રોકી, બચાવ નથી કર્યા, તો હું શા માટે માયા કરું ? એથી મને શો બહુ મોટો બચાવ મળવાનો લાભ મળવાનો હતો ? (૬) માયા એ દારૂ જેવું વ્યસન છે, કરતાં કરતાં વધે છે.... વગેરે વિચારી માયાને અને માયાના ફળરૂપ બાહ્ય તેવા માયાવી બોલચાલને અટકાવી શકાય.

**(૪) લોભ-કષાયના ત્યાગ માટે** ઉપરોક્તમાંની કેટલીક વિચારણા કરવા ઉપરાંત વિચારાય કે, (૧) લોભ રાગ-મમતા-તૃષ્ણા-લાલસા-આકર્ષણ-આસક્તિ-લંપટતા વગેરેમાંના કોઈ પણ-રૂપે જાગે છે, રહે છે, ને એ આત્માનો શુદ્ધ ગુણ નહિ પણ-વિકાર છે, રોગ છે, ઉપાધિ-વળગાડ છે. એ શા માટે વહોરું ? (૨) અનંતા કાળથી મૂળ પાયામાં આ લોભના રૂપક પર જ અનેકાનેક દોષો પોષાતા આવી સંસાર લાંબોલચક ચાલ્યો છે. એવાને ઓળખ્યા પછી આવકાર શા ? (૩) 'ઈચ્છા હુ આગાસસમા અણંતા,' લોભનો પાર નથી. લોભનો ખાડો પૂરવા જાય તેમ વધે છે, ઊંડો થતો જાય છે. (૪) બાહ્યનો લોભ કરવા જતાં એનું મૂલ્યાંકન થઈ પોતાના આત્માનું મૂલ્ય ઓછું આંકવાનું થાય છે. મનને આત્મા કરતાં જડનું મહત્ત્વ વધુ લાગે

છે. આત્માનું મહત્ત્વ ઓછું અંકાયાથી એના હિતનો વિચાર ગૌણ બની જાય છે. (૫) 'સર્વ ગુણ વિનાશકો લોભઃ' લોભ એ સર્વગુણોનો નાશક બને છે. (૬) પાપના બાપ લોભના લીધે આરંભ સમારંભ, જૂઠ–ચોરી વગેરે કેટલાંય પાપ આચરવા પડે છે....ઈત્યાદિ ઈત્યાદિ વિચારવા ભાવવાથી લોભના ઉદયને રોકી શકાય. તેમ અંતરમાં ઉદય પામેલ લોભને નિષ્ફળ કરવા માટે એની લાંબી વિચારણા ન કરાય, તેમ વાણી અને કાયા તથા ઇન્દ્રિયોની લોભ–રાગવશ થતી પ્રવૃત્તિ અટકાવાય.

આ રીતે ક્રોધ–માન–માયા–લોભનો ઉદય–નિરોધ અને નિષ્ફળીકરણરૂપે ત્યાગ કરવામાં આવે એ જ ક્ષમા–મૃદુતા–ઋજુતા–મુક્તિ, ( આમાં ઈર્ષ્યા–ભય–અસહિષ્ણુતા–દ્વેષ–હર્ષ ખેદ વગેરે દોષોનો ત્યાગ કરવાનું પણ સમજી લેવાનું. ) એમ ક્ષમાદિના અભ્યાસમાં આગળ વધતાં એ સિદ્ધ થાય ત્યારે એ શુકલધ્યાન માટે આલંબનરૂપ બને છે. ક્ષમાદિમાં સ્થિર રહેવાથી એના આલંબને શુકલધ્યાનમાં ચઢી શકાય છે, કેમકે આ ધ્યાન સૂક્ષ્મ પદાર્થના બહુ સ્થિર ચિંતનરૂપ છે. એ જો ક્ષમાદિની સ્થિરતા ન હોય અર્થાત્ ક્રોધાદિના સચોટ–દૃઢત્યાગ ન હોય, તો ક્રોધાદિના ઊઠવાથી ટકી શકે નહિ. માટે એના સંપૂર્ણ ત્યાગના આધારે જ શુકલધ્યાન લાગી શકે.

આ ક્ષમાદિ અર્થાત્ ક્રોધત્યાગ આદિ કષાયત્યાગ એ જિનમત–જિનશાસનમાં મુખ્ય વસ્તુ છે. કેમકે જિનશાસન કર્મ–ક્ષય માટે જ છે, અને કષાય ત્યાગથી જ એ કર્મક્ષય સુલભ બને છે. માટે કર્મક્ષયના સામર્થ્યને લઇને ક્ષમાદિ યાને કષાય–

**तिहुयणविसयं कमसो संखिविउ मणो अणुंमि छउमत्थो।**
**झायइ सुनिप्पकंपो झाणं अमणो जिणो होइ ॥ ७० ॥**

અર્થ :–છદ્મસ્થ (અસર્વજ્ઞ) આત્મા ત્રિલોકના વિષયમાંથી ક્રમશ: (પ્રત્યેક વસ્તુના ત્યાગપૂર્વક) મનને સંકોચી પરમાણુ ઉપર સ્થાપિત કરીને અતીવ નિશ્ચળ બન્યો શુકલધ્યાન ધ્યાવે. (તે પહેલાં બે પ્રકારે હોય. છેલ્લા બે પ્રકારમાં) જિન વીતરાગ સર્વજ્ઞ મન રહિત બને છે.

---

ત્યાગ જિનમતમાં પ્રધાન ચીજ છે. એની પ્રધાનતા એટલા માટે કે ચારિત્ર એ અ–કષાયરૂપ છે, અને ચારિત્રથી અવશ્ય મોક્ષ થાય, તેથીં ક્ષમાદિનું આલંબન સાધન તરીકે રાખે એ જ શુકલધ્યાનમાં ચઢી શકે, બીજા નહીં. આમ શુકલધ્યાનને આશ્રીને 'આલંબન' દ્વાર વિચાર્યું.

હવે 'ક્રમ' દ્વારનો અવસર છે. એમાં શુકલધ્યાનના પહેલા બે પ્રકારમાં ક્રમ પૂર્વે ધર્મધ્યાનની વિચારણામાં ક્રમ વિચારતાં બતાવ્યો છે. અહીં વળી એમાં આ વિશેષ વાત કહે છે,—

## વિવેચન : શુકલધ્યાન કેવી રીતે ધ્યાવે ?

છદ્મસ્થ જીવ યાને જ્ઞાનાવરણ આદિ આવરણમાં રહેલ અસર્વજ્ઞ આત્મા ૧૪ પૂર્વમાં કહેલ સૂક્ષ્મ પદાર્થનાં ચિંતન પર શુકલધ્યાનમાં ચઢી શકે છે, અને એના પહેલા બે પ્રકાર ધ્યાવે છે. આમાં એકાગ્રતા એટલી બધી હોય કે મન પરમાણુ ઉપર સ્થાપિત થઈ જાય, પરમાણુના ચિંતનમાં મન ચોંટી જાય.

પ્ર૦– ત્રિભુવનના વિષયમાં રખડતું મન એવું એકાગ્ર શી રીતે બને ?

૭૦– એવા મનને ત્રિભુવનના વિષયોમાંથી સંકોચી લેવામાં આવે છે. એ સંકોચવાનું ક્રમશઃ કરાય છે, અર્થાત્ મન એકેક વિષય–વસ્તુનો ત્યાગ કરતાં કરતાં આખરે પરમાણુ–વસ્તુ ઉપર આવીને વિશ્રામ કરે છે, કેન્દ્રિત થઈ જાય છે.

(સંકોચ ક્રિયાને આ રીતે કલ્પી શકાય, દા.ત. ત્રિભુવનમાં ઊર્ધ્વલોક મધ્યલોક અધોલોક એમ ત્રણ લોક આવે. હવે મન ત્રણે લોકના વિચારમાંથી મધ્યલોકના વિચાર પર સ્થિર થાય, એ એટલો સંકોચ કર્યો ગણાય. ખાસ લક્ષપૂર્વક આ સંકોચન હોય એટલે મન હવે ઉર્ધ્વ–અધોલોકના વિચાર નહિ કરવાનું, હવે તો માત્ર મધ્યલોક પર કેન્દ્રિત થયું, સ્થિર થયું. એ સ્થિરતા નક્કી થયા પછી મન એમાં ય સંકોચન કરી બીજા બધા દ્વીપ–સમુદ્ર જતા કરીને માત્ર જંબૂદ્વીપ પર એકાગ્ર થાય. એમાં ય આગળ વધતા બીજું બધું છોડી મેરુ પર કેન્દ્રિત થાય, એમાં ય મેરુના કોઈ ઊર્ધ્વ વગેરે ભાગ પર, એમાં ય રહેલ અનંતા પુદ્ગલસ્કન્ધ બાદ કરી કોઈ એક સ્કન્ધ ઉપર મન સ્થિર થાય. એમાંથી વળી સંકોચ કરી એ એક સ્કન્ધના અનંત અણુઓ બાદ કરીને સંખ્યાતા અણુઓના ભાગ પર તન્મય થાય. એમાં ય સંકોચ કરીને દરેક અણુના ભાગ પર, એમાંથી પાંચ પર, ત્રણ પર, એક પરમાણુ પર કેન્દ્રિત થઇ જાય. આ પ્રક્રિયામાં આગળ વધતાં ધ્યાનમાં પૂર્વ પૂર્વના વિષયનો સંકોચ યાને ત્યાગ થયો એટલે પછી એ વિષયોનો મુદ્દલ ખ્યાલ ન આવે, સહેજ આછો–પાતળો ય ખ્યાલ નહિ. દા.ત. મધ્યલોક પર મન કેન્દ્રિત થયું તો ત્યાં હવે એ લક્ષ સહેજ પણ નહિ કે આ લોક ઉપર–નીચેના

લોકોની વચમાં રહેલો છે. કેમકે એમાં તો પાછા એ ઉપર-નીચેવાળા લોક લક્ષમાં આવ્યા. એ ન આવવા જોઈએ, માટે એના આછા પણ ખ્યાલ વિના માત્ર મધ્યલોક પર જ મન કેન્દ્રિત બને. એવું આખરે એક પરમાણુ પર મનને સ્થિર કરે, ત્યાં એ ખ્યાલ નહિ કે 'આ પરમાણુ આજુબાજુના ૨-૪-૫....૧૦૦ સંખ્યાતા કે અનંત અણુઓની વચ્ચે યા છેડે રહેલો છે.' ના, એ બધા તો સંકોચનમાં બાદ થઈ ગયા તે થઈ ગયા, હવે તો માત્ર એક ચોકસ પરમાણુ ઉપર મન ફિક્સ થઈ ગયું, ચોંટી ગયું. એમાં ય એના વર્ણ-રસ-ગંધાદિ પર્યાયોમાં એક પર્યાય પરથી બીજા પર્યાય પર મન જતું હોય તેને ય સંકોચી માત્ર એક પર્યાય પર મન કેન્દ્રિત કરે. આ તો કલ્પના માત્ર છે, બાકી ખરેખર તો સંકોચન-પ્રક્રિયા એના અનુભવી જાણે.)

પ્ર૦- આમ અણુ પર મનને કેન્દ્રિત કરવાનું તો ચૌદપૂર્વી મહર્ષિ છે. કરી શકે છે તો શું બધા ચૌદપૂર્વીને શુકલધ્યાન દ્વારા કેવળજ્ઞાન થાય છે?

ઉ૦-આ ધ્યાન એકલા ચિંતનની વસ્તુ નથી. અહીં પહેલાં કહ્યું છે કે આમાં ક્ષમાદિનું આલંબન હોય છે એના આલંબને અર્થાત્ એનો આધાર રાખીને શુક્લધ્યાનમાં ચઢાય છે. એટલે જેમ જેમ એ ક્રોધ-લોભાદિ કષાયોનો ત્યાગ વધુ ને વધુ પ્રબળ બને, વધુ ને વધુ સૂક્ષ્મ પણ કષાયોનો ત્યાગ થતો આવે, તેમ તેમ આલંબન જોરદાર કર્યું ગણાય; અને એ મનને શુક્લધ્યાનમાં આગળ આગળ વધારનારું બને. બધા જ ચૌદ પૂર્વીમાં આ સામર્થ્ય ન હોય, તેથી એ બધા જ કાંઇ એમ શુક્લધ્યાનમાં આગળ વધીને વીતરાગ સર્વજ્ઞ ન બને. ક્ષમાદિનું એવું આલંબન

કરવા માટે સામર્થ્યયોગની જરૂર રહે છે. ઇચ્છાયોગ અને શાસ્ત્રયોગ કરતાં એ ઊંચી કોટિનો યોગ છે. એમ તો તીર્થંકર ભગવાન પણ ચારિત્ર–સાધનાના કાળમાં કયારેક 'ભદ્રપ્રતિમા,' 'મહાભદ્ર–પ્રતિમા' 'સર્વતોભદ્ર–પ્રતિમા' નામના અભિગ્રહ વિશેષમાં રહી સૂક્ષ્મ ધ્યાનમાં મન કેન્દ્રિત કરે છે. પરંતુ તેથી કાંઈ ત્યાં કેવળજ્ઞાન આવી જતું હોય એવું નથી બનતું. એનું કારણ આ કે ક્ષમાદિનું આલંબન જેવું પરાકાષ્ઠાનું ઊચ્ચ કોટિનું જોઈએ તેવું હજી નથી આવ્યું. અભ્યાસ વધતાં વધતાં એ આવે; અને એ ક્ષમાદિનું જોર વધારવા માટે, તપ–સંયમની સાધના સાથે ધર્મધ્યાનની બહુલતા કરવામાં આવે છે. એ જ્યારે પરાકાષ્ઠાએ પહોંચવાની તૈયારી હોય, ત્યાં શુકલધ્યાનના પહેલા બે પ્રકારનું ધ્યાન ઊભું થાય, અને એમાં મનની પરમાણુ પર સંકોચ થઈ સ્થિરતા થાય.

આ પહેલા બે પ્રકારની વાત થઈ. એ છદ્મસ્થને હોય. ત્યારે શુકલધ્યાનના છેલ્લા બે પ્રકારનું ધ્યાન જિન–અરિહંતને કેવળ–જ્ઞાનીને અંતે આવે છે. ત્યાં એ અ–મના અર્થાત્ મનરહિત મનોયોગરહિત બને છે.

પ્ર૦–કેવળજ્ઞાની તો સર્વજ્ઞ હોઈ બધું જ પ્રત્યક્ષ જુએ છે, એટલે એમને ન જોયું કશું જ નહિ, તેથી કશુંય ચિંતવવાનું રહેતું નથી, તો મનનો ઉપયોગ નથી એટલે અ-મના જ છે ને? પછી 'અંતે' અ–મના બનવાનું કેમ કહ્યું?

ઉ૦–વાત સાચી કે એમને પોતાના માટે ચિંતનકારી મન નથી. કિન્તુ કોઈ અનુત્તરવાસી દેવ જેવા સ્વર્ગમાં બેઠા બેઠા કોઈ

તત્ત્વના ચિંતનમાં શંકા–જિજ્ઞાસા થવાથી એ કેવળજ્ઞાનીને પ્રશ્ન પૂછે છે, ત્યારે એ કેવળી ભગવાન એ શંકા–જિજ્ઞાસાના જવાબ રૂપે જે વિચારણા જરૂરી હોય, એ વિચારણામય મન બનાવે છે. એ માટે મનનો ઉપયોગ છે.

મન શું છે? જેમ વાણી એટલે ભાષાવર્ગણાના પુદ્ગલોનું ગ્રહણ કરીને તે તે ભાષા રૂપે પરિણમાવી બોલવા યાને છોડવા એ; એમ મનોવર્ગણાના પુદ્ગલોનું ગ્રહણ કરીને તેને મનરૂપે પરિણમાવી છોડવા એ મન છે. કેવળજ્ઞાની ઉત્તરરૂપે આ કરે એ પેલા અનુત્તરવાસી દેવ જેવા ત્યાં બેઠે અવધિજ્ઞાનથી જુએ, અને એ મન પર પોતાના જવાબ સમજી જાય. આ મનનું નિર્માણ મનોયોગથી થાય છે.

આમ, કેવળજ્ઞાનીને પોતાના ચિંતન માટે નહિ કિન્તુ આવા કોક ઉત્તર આપવાના અવસરે મનોયોગ કરવો પડે એમાં મન હોય. કિન્તુ હવે જ્યારે મોક્ષ પામવાની અતિ નિકટમાં પાંચ હ્રસ્વાક્ષરના ઉચ્ચારણ જેટલો કાળ બાકી હોય, ત્યારે શૈલેશી અવસ્થા આવે છે. એ શૈલેશી પ્રાપ્ત થવાના પૂર્વના અંતર્મુહૂર્ત કાળમાં શુકલધ્યાનનો ત્રીજો પ્રકાર અસ્તિત્વમાં આવે છે. એમાં મનોયોગનો નિરોધ કરી અ–મના બને છે; સાથે વચનયોગ–કાયયોગનો પણ નિરોધ કરી નાખે છે; ત્યારે શૈલેશી અવસ્થા પ્રાપ્ત કરે છે; અને એ અવસ્થામાં શુકલધ્યાનનો ચોથો પ્રકાર 'વ્યુપરતક્રિયા–નિવૃત્તિ' ધ્યાન આવે છે. સારાંશ, શુકલધ્યાનના છેલ્લા બે પ્રકાર પૈકી પહેલા પ્રકારના ધ્યાતા શૈલેશી પૂર્વના અંતર્મુહૂર્તમાં, અને બીજા પ્રકારના ધ્યાતા શૈલેશીમાં બને છે.

जह सव्वसरीरगयं मंतेण विसं निरुंभए डंके ।
तत्तो पुणोऽवणिज्जइ पहाणयरमंतजोगेणं ॥ ७१ ॥
तह तिहुयणतणुविसयं मणोविसं जोगमंतबलजुत्तो ।
परमाणुंमि निरुंभइ, अवणेइ तओ वि जिणविज्जो ॥ ७२ ॥
उस्सारियेंधणभरो जह परिहाइ कमसो हुयासुव्व ।
थोविंधणावसेसो, निव्वाइ तओऽवणीओ य ॥ ७३ ॥
तह विसइंधणहीणो मणोहुयासो कमेण तणुयंमि ।
विसइंधणे निरुंभइ निव्वाइ तओ ऽवणीओ य ॥ ७४ ॥
तोयमिय नालियाए तत्तायसभायणोदरत्थं वा ।
परिहाइ कमेण जहा, तह जोगिमणोजलं जाण ॥ ७५ ॥

અર્થ:—જેવી રીતે આખા શરીરમાં વ્યાપેલું ઝેર મંત્ર વડે (સંકોચીને) ડંખ-પ્રદેશમાં લાવી મૂકવામાં આવે છે, (અને ત્યારપછી) શ્રેષ્ઠતર મંત્રના યોગથી ડંખદેશમાંથી પણ દૂર કરવામાં આવે છે, તેવા રીતે ત્રિભુવનરૂપી શરીરમાં પ્રસરેલું મનરૂપી ઝેર (જિનવચનધ્યાનરૂપી) મંત્રના સામર્થ્યવાળો પરમાણુમાં લાવી મૂકે છે, (અને પછી) જિન-કેવળજ્ઞાનારૂપી વૈદ્ય એમાંથી પણ (અચિંત્ય પ્રયત્નથી મનોવિષને) દૂર કરે છે. (ગાથા-૭૩) જેવી રીતે ક્રમશ: કાષ્ઠસમૂહ દૂર થવાથી અગ્નિ ઓલવાતો આવે છે, ને થોડાંજ ઈંધણ પર થોડો જ અગ્નિ રહે છે, તે થોડું પણ ઈંધણ દૂર થયે શાંત થઈ જાય છે, એવી રીતે વિષયરૂપી ઈંધણ ક્રમશ: ઓછું થતું આવતાં મનરૂપી અગ્નિ થોડા જ વિષયરૂપી ઈંધણ પર સંકોચાઈ જાય છે; અને તે થોડા પણ વિષય-ઈંધણ પરથી ખસેડી લેતાં શાંત થઈ જાય છે. (ગાથા ૭૫) જેવી રીતે (કાચી) ઘડીમાં અથવા તપેલા લોઢાના વાસણમાં રહેલ પાણી ક્રમશ: ઓછું થતું આવે છે, તે પ્રમાણે યોગીનું મનરૂપી જળ જાણ. (એ ય અપ્રમાદરૂપી અગ્નિથી તપેલા જીવરૂપી વાસણમાં રહ્યું ઓછું થતું જાય છે.)

અહીં પ્રશ્ન થાય કે 'છદ્મસ્થ આત્મા ત્રિભુવનમાં ફરનારા મનને સંક્ષેપીને અણુ ઉપર ધારી રાખે તે કેવી રીતે, કયા દૃષ્ટાન્તથી ? એમ કેવળી ભગવાન હવે મનને હટાવી દે, દૂર કરી દે, એ કેવી રીતે ?' એનો ઉત્તર કરે છે,—

**વિવેચનઃ**—મનઃસંકોચ—મનોનાશનાં દૃષ્ટાન્ત :—

અહીં મનને સંકોચીને અણુ પર લાવી મૂકી પછીથી સર્વથા દૂર થઈ જવાનાં ત્રણ દૃષ્ટાન્ત બતાવે છે,—૧. શરીરમાં વ્યાપ્ત ઝેર, ૨. ઈંધણ પરનો અગ્નિ, અને ૩. ઘડી યા તપેલ વાસણના મધ્યે રહેલ પાણી.

**(૧) વિષ-સંકોચનું દૃષ્ઠાન્તઃ—**

જેવી રીતે કોઈ સર્પદંશ વગેરેનું ઝેર આખા શરીરમાં વ્યાપી ગયું હોય, પરંતુ ત્યાં કોઈ માન્ત્રિક મંત્ર પ્રયોગ કરે છે તો એ મંત્ર ભણતાં ભણતાં ક્રમશઃ વિષને દેહના અંગોમાંથી સંકોચી સંકોચી ઠેઠ દંશના ભાગમાં લાવી દે છે. પછી પણ શ્રેષ્ઠતમ મન્ત્ર-પ્રયોગથી એ દંશભાગમાંથી પણ એને દૂર કરી દે છે. ત્યાં શરીર તદ્દન નિર્વિષ સ્વસ્થ બની જાય છે. (કોઈ જગ્યાએ ગાથામાં '**मंतजोगेहिं**' પાઠ છે. ત્યાં શ્રેષ્ઠતર મન્ત્ર અને યોગ એમ બે વિષનાશક લેવાના એમાં 'યોગ' એટલે તેવા પ્રકારનો વિશિષ્ટ ઔષધનો પ્રયોગ આવશે.) આ દૃષ્ટાન્ત.

હવે એનો ઉપનય એવી રીતે કે અહીં મન એ સંસારના અનેક મરણોનું કારણ હોઈ ઝેરરૂપ છે. એ મન આખા ત્રિભુવનરૂપી શરીરમાં વ્યાપી જાય છે. અર્થાત્ ત્રિભુવનને વિષય કરે છે. પરંતુ ક્રમશઃ ઝેર ઉતારનાર માંત્રિકની જેમ જિનવચનનાં ધ્યાન-

રૂપી મંત્રના સામર્થ્યવાળો છદ્મસ્થ એ મનને ત્રિભુવનમાંથી ક્રમશઃ સંકોચતાં સંકોચતાં ઠેઠ એક પરમાણુ ઉપર લાવી સ્થિર કરીને એ પરમાણુ પર પણ નથી રહેવા દેતા, કિન્તુ ત્યાંથી પણ દૂર કરી દે છે, એ યુક્તિયુક્ત છે. જિન–કેવળજ્ઞાની રૂપ શ્રેષ્ઠ વૈદ્ય વળી અચિંત્ય શૈલેશીકરણના પ્રયત્નથી ત્રણે યોગને નષ્ટ કરે છે, એ પણ યુક્તિયુક્ત છે.

(૨) અગ્નિ સંકોચનું દષ્ટાન્તઃ—

એમ, જેવી રીતે ઘણાં લાકડાંથી મોટો અગ્નિ સળગતો હોય, પરંતુ જો લાકડાં ક્રમશઃ ખેંચી લેવામાં આવે, તો અગ્નિ ઓછો થતો થતો, છેવટે બહુ અલ્પ લાકડાં રહ્યે અગ્નિ એટલામાં જ કેન્દ્રિત થઈ જાય છે. તે એટલા પણ લાકડાં ખેંચી લેવાતાં અગ્નિ તદ્દન ઓલવાઇ જાય છે.

એવી રીતે મન પણ દુઃખદાહનું કારણ હોઈ અગ્નિ જેવો છે. એ ત્રિભુવનના વિષયરૂપી લાકડાં પર ભારે પ્રજ્વલિત રહી દિલમાં મહા દાહ કરે છે. મનનું જેટલુ વધારે વિષયમાં ભળવાનું, તેટલા રાગ–દ્વેષ–ચિંતા વગેરે વધુ ભભકવાના. એથી જીવને ભારે દાઝવાનું–બળવાનું થાય. હવે શુકલધ્યાની એ વિષયોમાં સંકોચ કરે, સંકોચ કરતાં કરતાં એક પરમાણુ રૂપ વિષયે ઘણુ પર્યન્ત આવી જાય, એટલે સહજ છે કે મન એટલા પર જ સ્થિર થવાનું. પછી તો શૈલેશીકરણના આચિંત્ય પ્રયત્નથી એટલા પરથી પણ મનને ખસેડી લેતાં એ મન–અગ્નિ વિષય વિના શાંત થઈ જાય એ સહજ છે.

(૩) પાણીના હ્રાસનું દષ્ટાન્તઃ—

જેવી રીતે કાચા ઘડામાં પાણી ભરેલું હોય, તો એ ધીમે ધીમે બહાર ઝરી ઝરીને ક્રમશઃ ઓછું થતું આવે છે, અથવા

**एवं चिय वयजोगं निरुंभइ कमेण कायजोगं पि ।**
**तो सेलेसोव्व थिरो सेलेसी केवली होइ ॥ ७६ ॥**

અર્થ: - આ વિષ આદિ દૃષ્ટાન્તોથી વાગ્યોગનો નિરોધ કરે છે, તથા ક્રમશ: કાયયોગનો પણ ( નિરોધ કરે છે.) ત્યારબાદ કેવળજ્ઞાની મેરુની માફક સ્થિર શૈલેશી બને છે.

---

અગ્નિથી તપી ગયેલા વાસણમાંનું પાણી ક્રમશઃ હ્રાસ પામતું જાય છે; એવી રીતે ( અપ્રમાદ અને ધ્યાનથી કાચા પડેલા સંસારી જીવમાંનું મન રૂપી પાણી ક્રમશઃ ઓછું થતું આવે છે. અથવા ) અપ્રમાદરૂપી અગ્નિથી તપી ઊઠેલા જીવરૂપી વાસણમાંનું મનરૂપી પાણી ક્રમશઃ ઓછું થતું આવે છે, અર્થાત્ બહુ વિષયોનો વિચાર કરતું મન, વિષયો સંકોચાતા, અલ્પ વિષય-વિચારવાળું બને છે. અહીં મનને પાણીની ઉપમા એટલા માટે આપી કે યોગીઓનું મન પાણીની જેમ અવિકલ છે, અર્થાત્ દ્રવણશીલ વહી જાય એવું છે.

આ દૃષ્ટાન્તોથી ' મનને છેવટે જિનવૈદ્ય સંદતર દૂર કરે છે,' એમ કહ્યું. એનાથી એ સૂચવ્યું કે કેવળજ્ઞાની મહર્ષિ અંતે મનોયોગનો નિરોધ કરે છે. હવે બાકીના યોગનો નિરોધ કરવાની વિધિ બતાવે છે;—

### વિવેચનઃ—વચનયોગ-કાયયોગનો નિરોધ :—

પૂર્વે બતાવેલ વિષ વિગેરે દૃષ્ટાન્તોમાં જેવી રીતે મનોયોગનો નિરોધ થવાનું આવ્યું, એવી રીતે વચન યોગનો નિરોધ કરે છે, અને ક્રમશઃ કાયયોગનો પણ નિરોધ કરે છે. એમ સંપૂર્ણ ત્રણે યોગનો નિરોધ થઈ જાય છે ત્યારે એ કેવળી મેરુ ( શૈલેશ )ની જેમ સ્થિર આત્મપ્રદેશવાળા શૈલેશી બને છે.

આ ‘ યોગનિરોધ ’ પદાર્થ શ્રી નમસ્કારસૂત્રની નિર્યુક્તિમાં કહેલો જ છે. છતાં અહીં પ્રસંગસ્થાન એના વર્ણન વિનાનું ખાલી ન રાખવા માટે એ જ થોડુંક વર્ણવવામાં આવે છે, કે ‘ યોગનિરોધ ’ શું છે ?

આમાં ત્રણે યોગનું સ્વરૂપ આ છે,—

**(૧) કાયયોગ એટલે શું ? :-**

ઔદારિક આદિ કાયાવાળા જીવની તેવી વીર્ય-પરિણતિ, વીર્યપરિણામ, એ કાયયોગ; અર્થાત્ સંસારી જીવોને શરીરના સહારે આત્મામાં જે વીર્ય-ગુણ સ્ફૂરાયમાન થાય, તેનું નામ કાયયોગ છે.

**વીર્ય એ આત્મપરિણામ શાથી ? :-**

આત્મામાં જ્ઞાન-દર્શન-સુખ-વીર્ય વગેરે ગુણો એ આગન્તુક યાને બહારથી નવા ભાડુતી-આવીને રહેનારા નથી હોતા, કિન્તુ આત્મસ્વભાવભૂત હોય છે. તેથી એ ગુણો આત્માથી ભિન્નભિન્ન હોય છે. કથંચિત્ ભિન્ન, કથંચિત્ અભિન્ન. આમાં ‘ કથંચિત્ ’ યાને અમુક અપેક્ષાએ અભિન્ન પણ હોવાથી, એ જ્ઞાન-વીર્યાદિ ગુણ આત્મસ્વરૂપ જ છે. એટલે, જેમ તેલની નાની-મોટી ધાર થાય એ તેલથી તદ્દન જુદી કોઈ ચીજ નહિ, કિન્તુ તેલ સ્વરૂપ જ છે, તેલનો જ એક પરિણામ ( પરિણતિ ) છે; એમ જ્ઞાનવીર્યાદિ ગુણ સ્ફૂરે એ પણ તેવા તેવા આત્મ-પરિણામ આત્મપરિણતિ છે. તે તે જ્ઞાન વીર્ય આદિમાં પરિણત થનારો આત્મા જ છે. એટલે.

**વીર્ય પરિણામથી કેવાં કેવાં કાર્ય ? :—**

આત્મામાં પોતાના સ્વભાવભૂત જ્ઞાન દર્શન સુખ વીર્ય વગેરે અનેક ગુણો જેમ જેમ સ્ફુરાયમાન થાય તે તે હિસાબે

આત્માનો જ એવો એવો જ્ઞાનપરિણામ, દર્શનપરિણામ, વીર્ય-પરિણામ વગેરે અનેક આત્મપરિણામ થવાનું બને છે. એમાં વીર્યપરિણામ કોઈ હાલચાલ કરવા, યા કોઈ આહાર-શ્વાસ-ભાષા-મન-લેશ્યા-કર્મ વગેરેનાં પુદ્ગલ ગ્રહણ કરવા માટે થાય; એ વીર્યપરિણામ (વીર્ય, પ્રયત્ન, ઉદ્યમ) આત્માની પોતાની ઔદારિક આદિ કાયાના સહારે થાય છે, કાયાના સહારા વિના નહિ. માટે જ મોક્ષ પામેલા જીવોને વીર્ય-ગુણ છતાં એ કાયા જ નહિ હોવાથી હાલવા-ચાલવાનો કે આહાર કર્મ આદિના પુદ્ગલ ગ્રહણ કરવા વગેરેનો કોઈ વીર્યપરિણામ યાને પ્રયત્ન નથી હોતો. ત્યારે સંસારી જીવને કાયા છે. તો જ એના સહારે તેવાં પ્રયોજને વીર્યગુણને સ્ફુરવાનું બને છે.

## ઔદારિકાદિ ૩ કાયા :—

સંસારી જીવોમાં (૧) મનુષ્ય અને તિર્યંચ (એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય સુધીના તિર્યંચ) જીવોને ઔદારિક પુદ્ગલની બનેલી યાને ઔદારિક કાયા હોય છે; (૨) દેવ-નારકને વૈક્રિય-પુદ્ગલની બનેલ વૈક્રિય કાયા હોય છે; અને (૩) ચૌદ 'પૂર્વ' શાસ્ત્રનું જ્ઞાન ધરાવનાર મહર્ષિઓ જ્યારે પોતાની પાસેની આહારકલબ્ધિથી તીર્થંકરદેવની સમવસરણાદિ ઋદ્ધિ જોવા યા એમને પ્રશ્ન પૂછવા જવા માટે આહારક પુદ્ગલોની કાયા બનાવે ત્યારે આહારક-કાયા હોય છે.

## 'કાયયોગ' એ આત્મગુણ છે, કાયગુણ નહિ :—

આ ઔદારિક-વૈક્રિય-આહારક કાયાના સહારે હાલવા-ચાલવા કે ભાષા આદિ પુદ્ગલ ગ્રહણ કરવાનો પ્રયત્ન થાય, યાને

આત્મવીર્ય સ્ફૂરાયમાન થાય, એને 'કાયયોગ' કહેવામાં આવે છે. એથી કાયામાં પ્રવૃત્તિ–વ્યાપાર–ક્રિયા થાય એટલું જ, પરંતુ મુખ્ય કારણભૂત તો આત્મામાં કાયાના સહારે સ્ફૂરાયમાન થતું વીર્ય જ છે. જો આત્મા કાયાને છોડી ગયો, તો પછી એ કાયામાં એવી કોઈ જ પ્રવૃત્તિ નથી થતી. માટે મુખ્ય તો એ સ્ફૂરાયમાન આત્મવીર્ય હોઈને કાયયોગ વગેરે એ આત્માનો જ ગુણધર્મ છે. અલબત્ ઔપાધિક, પરંતુ આત્મપરિણામ–વિશેષ છે. એટલે જ આ કાયયોગ આદિ એ 'આત્મા એક સ્વતંત્ર વસ્તુ' હોવાની સાબિતિરૂપ છે. કેમકે મૃતકાયામાં એ યોગ દેખાતો નથી. સારાંશ, ઔદારિક આદિ કાયાના સહારે સ્ફુરાયમાન વીર્ય, વીર્યનો આત્મ-પરિણામ, એ કાયયોગ કહેવાય.

### (૨) 'વચનયોગ' એટલે શું? :–

હવે એ કાયયોગથી એક કાર્ય માનો કે ભાષાવર્ગણાનાં પુદ્ગલ લેવાનું થયું; તો હવે એ ગ્રહણ કરાયેલાં ભાષા દ્રવ્યને વચનરૂપે પરિણમાવી બહાર છોડવાનું યાને બોલવાનું થાય, એ માટેનો પ્રયત્ન વીર્યપરિણામ એ વચનયોગ કહેવાય છે. અર્થાત્ ઔદારિકાદિ કાયવ્યાપારથી યાને કાયયોગથી ગ્રહણ કરેલ વચન-દ્રવ્ય–વાગ્દ્રવ્યસમૂહના સહારે થતો આત્માનો વીર્યપરિણામ એ વચનયોગ છે. એટલે કે કાયયોગના સહારે લીધેલા ભાષાપુદ્-ગલોને ભાષારૂપે પરિણમાવીને હવે બહાર છોડવાનું યાને બોલ-વાનું કાર્ય કરનાર આત્મપરિણામ એ વચનયોગ છે. એ કાર્ય ભાષાદ્રવ્યના સહારે સ્ફૂરતું વીર્ય કરે છે, માટે એ વીર્યાત્મક આત્મપરિણામ એ વચનયોગ.

(૩) ત્યારે 'મનોયોગ' શું છે, એ આ પરથી સમજાય એવું છે કે કાંઈક વિચાર કરવા માટે પહેલાં તો ઔદારિકાદિ કાયયોગથી ભાષાવર્ગણાની જેમ મનોવર્ગણાનાં પુદ્ગલ ગ્રહણ કરવામાં આવે છે. પછી એ મનોદ્રવ્યના સહારે જે આત્મવીર્ય સ્ફુરીને એને મનરૂપે પરિણમાવી બહાર છોડે, એ વીર્યપરિણામ એ 'મનાયોગ' છે. આમ મનોયોગ નામના વીર્યસ્ફૂરણથી મનો-દ્રવ્ય છોડવાનું યાને વિચારરૂપી કાર્ય થાય છે.

## વાણી-વિચાર અંગે ન્યાયદર્શનની ખોટી માન્યતા :-

એટલે વચનયોગથી બોલવાની જેમ મનોયોગરૂપી આત્મ-વીર્ય-સ્ફૂરણથી વિચારવાનું કાર્ય બને છે. જેમ બોલવા માટે ભાષાદ્રવ્ય અને વચનયોગવીર્ય જરૂરી છે, એમ વિચારવા માટે મનોદ્રવ્ય અને મનોયોગવીર્ય જરૂરી છે. એટલે ન્યાય દર્શનવાળા બોલવા માટે તો આકાશમાં શબ્દગુણ પેદા કરવાનું અને વિચારવા માટે અણુમનનો આત્મા સાથે સંયોગ કરવાનું માને છે; એ માન્યતા આથી અસત્ ઠરે છે, ઢંગધડા વિનાની પૂરવાર થાય છે. કેમકે નિત્ય મન તો એક જ જાતનું, એ નિત્ય આત્મામાં ભિન્ન ભિન્ન વિચારણા શી રીતે પેદા કરી શકે ?....વગેરે. અસ્તુ. ઔદા-રિક-વૈક્રિય-આહારક શરીરના વ્યાપારથી ગ્રહણ કરેલ મનોદ્રવ્યના સહારે થતો જીવવ્યાપાર યાને સ્ફુરતો વીર્યાત્મક આત્મપરિણામ એ મનોયોગ કહેવાય છે.

હવે આ મનોયોગ-વચનયોગ-કાયયોગ ત્રણેનો નિરોધ કેવી રીતે કરે, તે બતાવે છે,-

**યોગનિરોધની પ્રક્રિયા :–**

કાળની દૃષ્ટિએ જ્યારે પરમપદ મોક્ષ પામવાને અંતર્મુહૂર્તની વાર હોય, તે વખતે યોગ–નિરોધ કરવામાં આવે છે. તે પણ ભવોપગ્રાહી યાને ભવનો ઉપગ્રહ–ઉપકાર–પકડ કરનારા જે અઘાતીકર્મ વેદનીય–આયુષ્ય–નામ–ગોત્રકર્મ, એ બધાની સ્થિતિ કેવળી–સમુદ્ઘાત વડે યા સહજભાવે સમાન આવીને ઊભી હોય ત્યારે યોગનિરોધ કરે છે.

**કેવળી સમુદ્ઘાત** એ કેવળજ્ઞાનીનો કર્મસ્થિતિને સમાન કરવાનો પ્રયત્નવિશેષ છે. એમાં અંતે જે કેવળજ્ઞાની શૈલેશી માટે ત્યાં યોગ નિરોધ કરે, એ કરવાના સમય પહેલાં બાકીના વેદનીયાદિ ત્રણ કર્મોની સ્થિતિ આયુષ્યની બાકીની સ્થિતિ-(કાળ)ના જેટલી કરવા, સમુદ્ઘાત એટલે કે આત્મપ્રયત્ન વિશેષ કરે છે. એમાં પહેલાં પોતાના આત્મપ્રદેશોને ઊંચે–નીચે ઠેઠ લોકાન્ત સુધી વિસ્તારે છે. બીજા સમયે એ ઊંચા ૧૪ રાજલોક જેટલા એક દંડરૂપે બનેલા આત્મપ્રદેશોને પૂર્વ–પશ્ચિમ યા ઉત્તર–દક્ષિણ એમ બે બાજુ લોકાન્ત સુધી વિસ્તારે છે. એટલે પહેલા સમયે દંડ જેવો બનેલ હવે બે બાજુ વિસ્તરીને કપાટ યાને પાટિયા જેવો થાય છે. ત્રીજા સમયે બાકીની બે દિશામાં દંડ વિસ્તરી બીજા કપાટરુપે બનવાથી પૂર્વની સાથે આ મળીને એક મન્થાન યાને રવૈયા યા સાપડા જેવો બને છે. ચોથા સમયે વચ્ચેના આંતરા પૂરાયાં એટલે આત્મા આખા ૧૪ રાજલોકમાં વિસ્તરી જાય છે. સમસ્ત લોક–પ્રદેશો પર આત્મપ્રદેશો સ્પર્શી જાય છે. આમ થવાના પ્રભાવે વેદનીયાદિ ત્રણે કર્મોની સ્થિતિ બરાબર આયુષ્યકર્મની સ્થિતિના જેટલી બની જાય છે. પછી

પાંચમા, છઠ્ઠા, સાતમા સમયે ક્રમશઃ સંકોચ થતાં પાછું મન્થાન કપાટ-દંડ બની આવે છે. ને ૮મા સમયે આત્મા પુનઃ શરીર-પ્રમાણુ થઈ ને ઊભો રહે છે.

આ રીતે સમુદ્દ્ઘાતથી કર્મસ્થિતિ સરખી બને, અને એ કોઈને કુદરતી જ સમાન હોય એમ પણ બને. પરંતુ તે પછી જ યોગનિરોધની પ્રક્રિયા થાય.

### પહેલાં મનોયોગનિરોધ :—

યોગનિરોધ કરવાનું કામ કાયયોગથી થાય. એમાં પહેલા મનોયોગનો નિરોધ કરે; તે કેટકેટલા પ્રમાણથી કરતા આવે ? તો કે હમણાં જ પર્યાપ્ત સંજ્ઞી બનેલ જીવ, કે જેને ઓછામાં ઓછો મનોયોગ હોય, એને જેટલા મનોદ્રવ્ય લેવાયા હોય તથા જેટલો મનોયોગ વ્યાપાર હોય, એના કરતાં અસંખ્યગુણ ઓછા મનોદ્રવ્ય-વ્યાપારનો સમયે સમયે નિરોધ કરતા ચાલે. એમ કરતાં અસંખ્ય સમય પસાર થયે સંપૂર્ણ મનોયોગનો નિરોધ થાય.

**પછી વચનયોગનો નિરોધ કરે;** તે પણ એવા કાયયોગથી જ. એમાં નિરોધનું પ્રમાણ આ રીતે,–કે હમણાં જ વચન-પર્યાપ્ત બનેલ બેઇન્દ્રિય જીવને પ્રથમ સમયે જે ઓછામાં ઓછો વચનયોગ હોય, તેના કરતાં પણ અસંખ્યગુણહીન વચનયોગનો સમયે સમયે નિરોધ કરતા ચાલે. એમ અસંખ્ય સમય પસાર થયે સંપૂર્ણ વચનયોગનો નિરોધ થાય.

**પછી કાયયોગનો નિરોધ કરે,** તેનું પ્રમાણ આ રીતે, કે કોઈ જીવ સૂક્ષ્મ નિગોદ (સાધારણ વનસ્પતિકાય શરીર)માં ઉત્પન્ન થાય, ત્યાં જન્મના પહેલા જ સમયે એને જે ઓછામાં

ઓછો કાયયોગ હોય, તેના કરતાં પણ અસંખ્યગુણ ઓછા કાયયોગનો સમયે સમયે નિરોધ કરતા ચાલે; અને એમ કરતાં અસંખ્ય સમય પસાર થયે સંપૂર્ણ કાયયોગનો નિરોધ કરે.

## $\frac{1}{3}$ દેહભાગનો ત્યાગ :—

કાયયોગ–નિરોધ કરે એ વખતે આત્મપ્રદેશ જે અત્યાર સુધી આખા શરીરને વ્યાપીને રહેલા હતા, તે હવે શરીરના ત્રીજા ભાગને છોડી દે છે, ને $\frac{2}{3}$ દેહભાગમાં જ વ્યાપ્ત થઇને રહે છે. એનું કારણ એ છે કે જે વખતે કાયયોગનો નિરોધ કરવાનો આત્મપ્રયત્ન ચાલે છે એ વખતે એ પ્રયત્નમાં શરીરના પોલાણના ભાગોમાં આત્મપ્રદેશો પૂરાઈને પોલાણની ચારે બાજુના ભાગના પ્રદેશો પરસ્પર અખંડ સંલગ્ન બનવા જાય એટલે સ્વાભાવિક છે કે બીજી બાજુથી એ આત્મપ્રદેશ સંકોચાતા આવે. એથી અંતે દેહના કુલ $\frac{1}{3}$ ભાગમાંથી આત્મપ્રદેશ સંકોચાઈને એટલો દેહ-ભાગ તદ્દન આત્મપ્રદેશ વિનાનો ખાલી થઈ જાય છે.

આવા આત્મપ્રદેશના સંકોચ સાથે અસંખ્ય સમયમાં કાયયોગનો સર્વથા નિરોધ થઈ જાય છે. ત્યારે સર્વ આત્મપ્રદેશો જે આજસુધી યોગને લીધે કંપનશીલ હતા તે હવે સર્વથા યોગ–નિરોધ થઈ જવાથી તદ્દન નિષ્કંપ સ્થિર થઈ જાય છે; અને ત્યારે આત્મા શૈલેશી–ભાવને પામે છે. કહ્યું છે,—'**तो कयजोगनिरोहो सेलेसीभावणामेइ।**' અર્થાત્ ત્યારે યોગનિરોધ કરનારો સેલેસી-ભાવનાને પામે છે. અહીં 'સેલેસી ભાવણા'માં 'સેલેસી' શબ્દ પ્રાકૃત ભાષામાં આવ્યો એના અર્થ આ રીતે બતાવ્યા છે.

(૧) ‘ સેલેસ ’ એટલે ‘ શૈલેશ ’. ‘ શિલા ’ એટલે પાષાણ, શિલાનો બનેલો શિલામય એ ‘ શૈલ ’ એટલે પર્વત. શૈલોનો ઈશ તે ‘ શૈલેશ ’ યાને મેરુ. આત્મામાં જે મેરુના જેવી ત્યારે અચળતા થાય છે, આત્મપ્રદેશોની સ્થિરતા નિષ્કંપતા થાય છે, એ જ શૈલેશ. હવે પહેલાં જે અશૈલેશ હોઈને હવે સ્થિરતાથી શૈલેશ જેવો થાય છે તે શૈલેશીભવન કહેવાય. શૈલેશ જેવો કરાય તે શૈલેશીકરણ કહેવાય. (દા. ત. એક વસ્તુ ‘ સ્વ ’ ન હોય એને સ્વ જેવી કરાય તે ‘ સ્વીકરણ ’ કર્યું કહેવાય.) આમ આત્મપ્રદેશો પહેલાં અશૈલેશ તે હવે શૈલેશ જેવા અર્થાત્ શૈલેશી થયા. આત્મપ્રદેશ શૈલેશી એટલે આત્મા પણ શૈલેશી. ( એ પરથી આત્માએ શૈલેશી પ્રાપ્ત કરી કહેવાય. ) અથવા

(૨) ‘ સેલેસી ’ એટલે સેલ જેવા ઈસી અર્થાત્ શૈલ જેવા ઋષિ, સ્થિરતા થવાથી પર્વત જેવા બનેલા કેવળી મહર્ષિ. અથવા

(૩) ‘ સેલેસી ’ એટલે ‘ સે અલેસી ’ એમાં ‘ અલેસી ’ ના ‘ અ ’ નો લોપ થતાં ‘ સેલેસી ’ શબ્દ બન્યો. આમાં પૂર્વે જે કહ્યું ‘ કય–જોગનિરોહો સેલેસી ભાવણામેઇ ’ એનો અર્થ એ થયો કે યોગનિરોધ કરનારો ‘ સે ’ યાને તે અલેસીભાવનાને પામે છે. ( માગધી ભાષામાં પહેલી વિભક્તિમાં ‘ એ ’ પ્રત્યય હોઈ જેમ ‘ સમણે ભગવં મહાવીરે ’ એમ ‘ સે ’ અર્થાત્ તે. ) ‘ અલેસી ’ એટલે ‘ અલેશ્યી ’ યાને લેશ્યા રહિત. ૧૩ મા ગુણ–ઠાણા સુધી લેશ્યા હોય; કેમકે લેશ્યાને યોગાન્તર્ગત પુદ્ગલ સાથે સંબંધ છે; ને અહીં ૧૩ મા સુધી જ યોગ વિદ્યમાન છે. પછી ૧૪ મા ગુણઠાણે શૈલેશી હોઈ યોગ નથી, તો લેશ્યા પણ

નથી, તેથી એ આત્મા અલેશ્યી યાને પ્રાકૃત ભાષાનુસાર 'અલેસી' બને છે. અથવા

(૪) 'સેલેસી' એટલે શીલનો ઈશ. તે આ રીતે,– પ્રાકૃતભાષામાં શીલેશને 'સીલેસ' કહેવાય; અર્થાત્ શીલના સ્વામી. ૧૪ મા ગુણઠાણે ઈન્દ્રિય–કષાય–અવ્રત–ક્રિયાયોગ એ પાંચ આશ્રવમાંથી એકેય આશ્રવ નથી, સર્વ આશ્રવનો નિરોધ યાને સર્વસંવર થઈ ગયો છે. નિશ્ચયનયના હિસાબે સર્વસંવર એ જ 'શીલ' યાને 'સમાધાન' છે, અર્થાત્ આત્મપ્રદેશોનું આત્મસ્વભાવનું સમ્યક્ આધાન છે, સમ્યક્ સ્થાપન છે. આત્માનો મૂળભૂત સ્વભાવ સર્વ–આશ્રવરહિતતા, સર્વસંવર, સ્થિરતા, એ જ શીલ. શીલના સ્વામી એ શીલેશ; અને 'શીલેશ' શબ્દને સ્વાર્થમાં અર્થાત્ પોતાના જ અર્થમાં 'અ' પ્રત્યય લાગે ત્યારે પ્રથમ સ્વર 'શી'માંની 'ઇ'ની વૃદ્ધિ થવાથી 'શી'નો 'શૈ' થાય. તેથી શીલેશ એ જ શૈલેશ. આ શૈલેશની અવસ્થા એ શૈલેશી. પ્રાકૃતમાં એને 'સેલેસી' કહેવાય. તાત્પર્ય, અહીં 'સેલેસી' શબ્દનો અર્થ 'સર્વસંવરની અવસ્થા' થયો.

આ શૈલેશી અવસ્થાને પામેલો એ સર્વસંવર–નિષ્પત્તિ અને મોક્ષ થવાનો જે મધ્યકાળ,–પાંચ હ્રસ્વ અક્ષર બોલાય એટલો જે સમય, એટલો જ સમય શૈલેશી અવસ્થામાં રહે છે. (પછી મોક્ષ પામે છે.) પાંચ હ્રસ્વ અક્ષર અ–ઈ–ઉ–ઋ–ऌ. એ બોલવામાં જેટલો સમય લાગે, માત્ર તેટલો સમય શૈલેશી–અવસ્થાનો, ૧૪ મા ગુણઠાણાનો.

અહીં શુકલધ્યાનના છેલ્લા બે પ્રકારનો ઉપયોગ છે, તે આ ક્રમે,–૧૩ મા ગુણઠાણાના અંત ભાગમાં કાયનિરોધના પ્રારંભથી 'સૂક્ષ્મક્રિયા–અનિવૃત્તિ' નામનો શુકલધ્યાનનો ત્રીજો પ્રકાર શરૂ થાય. કહ્યું છે.—**तणुरोहारंभाओ झायइ सुहुमकिरियानियट्टिं सो। वोच्छिन्नकिरियमप्पडिवाइ सेलेसी कालंमि ॥'** શૈલેશી કાળમાં 'વ્યુચ્છિન્ન ક્રિયા–અપ્રતિપાતી' નામનો ચોથો પ્રકાર કામ કરે છે. શુકલધ્યાનનો ત્રીજો પ્રકાર તો કાયયોગ–નિરોધ કરવાનું શરુ કરે ત્યારથી અર્થાત્ સૂક્ષ્મ કાયયોગ વડે બાદર કાયયોગનો નિરોધ કરવા માંડે ત્યારથી હોય. તેથી ત્યાં સૂક્ષ્મ ક્રિયા યોગક્રિયા, સૂક્ષ્મ કાયયોગ હજી નિવૃત્ત નથી, એ કામ કરતો હોય છે; તેથી એ 'સૂક્ષ્મક્રિયા–અનિવૃત્તિ' ધ્યાન કહેવાય છે. ત્યારે ચોથો પ્રકાર ૧૪મા ગુણઠાણે શૈલેશી વખતે હોય છે, અને ત્યાં તો યોગક્રિયા સર્વથા નિરુદ્ધ છે, હંમેશ માટે ઉચ્છિન્ન છે; કદી હવે આ 'વ્યુચ્છિન્ન–ક્રિયા' અવસ્થાનો પ્રતિપાત પતન યાને અંત નહિ થવાનો; માટે આ પ્રકારને વ્યુચ્છિન્નક્રિયા–અપ્રતિપાતી કહે છે.

**શૈલેશીમાં કર્મક્ષયની પ્રક્રિયા** એ રીતે છે કે શૈલેશી કરવા પૂર્વે શૈલેશીમાં ખપાવવા યોગ્ય કર્મોને સમય–સમયવારના ગોઠવી દે છે; તે પણ એ પ્રમાણે, કે પહેલા સમયમાં ક્ષપણીય કર્મદલિકો કરતાં અસંખ્યગુણ કર્મદલિકો બીજા સમય માટે; અને એના કરતાં અસંખ્યગુણ કર્મદલિકો ત્રીજા સમય માટે;–એમ ઉત્તરોત્તર સમય માટે અસંખ્યગુણ–અસંખ્યગુણ કર્મદલિકોની રચના થાય. આને ગુણશ્રેણિ કહે છે. 'ગુણ' એટલે ઉત્તરોત્તર અસંખ્ય–અસંખ્યગુણ(દલિકો)ની, 'શ્રેણિ' એટલે હારમાળા.

આ રીતે અસંખ્યગુણની ગુણશ્રેણિથી પૂર્વે રચિત કર્મદલિકોને હવે ૧૪ મે ગુણસ્થાનકે શૈલશીના પ્રારંભથી ક્રમશ : સમયે સમયે ખપાવતા ચાલે છે. એ પણ ઉપાન્ત્ય સમયે પહોંચતાં લગભગ બધાં કર્મદલિકોને ખાલી કરી નાખ્યાં હોય છે, તે હવે જે કેટલુંક અહીં ખાલી કરે છે, અને કેટલુંક જે અંતિમ સમયે ખાલી કરે છે, તે આ રીતે;–મનુષ્યગતિ, મનુષ્ય–આનુપૂર્વી, પંચેંદ્રિયજાતિ, ત્રસ નામકર્મ, બાદર નામકર્મ, પર્યાપ્ત–સૌભાગ્ય–આદેય–યશ નામકર્મ, એમ ૯ નામકર્મ પ્રકૃતિ; તથા મનુષ્યાયુકર્મ, ઊંચ–ગોત્ર કર્મ, અને શાતાઅશાતા વેદનીય એ બેમાંથી ગમે તે એક વેદનીય કર્મ, એ ૩ બાકીના અઘાતી કર્મની પ્રકૃતિ,–એમ કુલ ૧૨ કર્મપ્રકૃતિ ચરમ સમયે અજિનસિદ્ધ થનારને ખપાવવાની હોય, અને તીર્થંકર–ભગવાન બની સિદ્ધ થનારને વધારામાં જિનનામ કર્મ, એટલે કુલ ૧૩ કર્મ–પ્રકૃતિ ચરમ સમયે ખપાવવાની હોય છે.

૧૪ મા ગુણસ્થાનકના અંત સમયે સર્વ કર્મનો ક્ષય થઈ જતાં હવે એ આત્માને કોઇ કર્મ જ બાકી નહિ, તો કર્મનો ઉદય યાને ઔદયિકભાવ પણ નહિ. તેથી અહીં સર્વ કર્મક્ષયની સાથે જ ભવ્યત્વનો પણ નાશ થઇ જાય છે. કેમકે ભવ્યત્વ એ મોક્ષગમન–યોગ્યતારૂપ યાને સર્વકર્મક્ષય–યોગ્યતા સ્વરૂપ છે. એ સૂચવે છે કે જીવે સર્વકર્મક્ષય કર્યો નથી, પરંતુ કરી શકવાની યોગ્યતા એનામાં છે. તો હજી સર્વકર્મક્ષય નથી કર્યો એટલે કે કર્મ ઉદયવાન છે. આ કર્મ–ઉદય એ જ ઔદયિકભાવ; અને એ છે ત્યાંસુધી જ ભવ્યત્વ છે. માટે હવે જો સર્વકર્મક્ષય થતાં ઔદયિક ભાવ નહિ, તો ભવ્યત્વ પણ નહિ. એટલે સર્વકર્મઅંત થતાં ભવ્યત્વનો પણ અંત આવે છે, સિવાય કે સમ્યક્ત્વ–જ્ઞાન–

દર્શન–સુખ–સિદ્ધત્વ; અર્થાત્ આનો અંત નહિ. કેમકે આ સમ્યક્ત્વાદિ તો આત્માનો મૂળભૂત સ્વભાવ છે, અને સંસારકાળમાં એ મિથ્યાત્વ–મોહનીયાદિ કર્મથી આવૃત રહેનારાં, તે હવે સર્વ-મકર્મક્ષયથી પ્રગટ થાય તેથી ક્ષાયિક સમ્યક્ત્વાદિ કહેવાય. એ હવે સદાકાળ પ્રગટ રહેવાના.

**અસ્પૃશદ્ ગતિએ સિદ્ધિગમનઃ**—આમ જ્યારે ૧૪ મા ગુણસ્થાનકના અંતિમ સમયે સમસ્ત કર્મોનો ક્ષય આવીને ઊભો કે તરત જ એની પછીના એક જ સમયમાં જીવ ઋજુ (સીધી) ગતિથી સિદ્ધ થાય છે. અર્થાત્ લોકાન્તે સિદ્ધશિલા ઉપર પહોંચી જાય છે. આ અહીંથી છૂટી ત્યાં પહોંચવામાં વચ્ચે બીજો સમય કે બીજા પ્રદેશની સ્પર્શના નથી થતી, એટલે કે અહીંથી છૂટવાનો સમય ૧૪ મા ગુણસ્થાનકની પૂર્ણતા થતાં જ, ૧૪ મા ગુણસ્થાનકનો અંતિમ સમય વીતતાં જ છૂટવાનો સમય; અને ઉપર પહોંચી સિદ્ધશિલા પર આરૂઢ થવાનો સમય પણ તે જ. છૂટવાની અને પહોંચવાની વચ્ચે એક પણ સમયનું આંતરું નહિ. એમ અહીં એ જીવને અંતિમ સમયે અહીંના આકાશપ્રદેશની સ્પર્શના અને પછીના બીજા જ સમયે ઉપર લોકાન્તના આકાશપ્રદેશની સ્પર્શના. વચ્ચેના બીજા કોઈ આકાશ પ્રદેશની સ્પર્શના જ નહિ. આમ વચ્ચે સમયાંતર કે પ્રદેશાંતરની સ્પર્શના જ નહિ. એવી સ્પર્શના–રહિત ગતિથી એ ઉપર પહોંચી જાય છે, તેથી એ ગતિને અસ્પૃશદ્ ગતિ કહે છે. આવી ગતિએ જવાનું બને છે. એમાં કારણભૂત શુદ્ધ અને કર્મથી સર્વથા મુક્ત બનેલ જીવનો તથાસ્વભાવ છે.

**પ્રશ્ન–વચ્ચેના પ્રદેશને સ્પર્શ્યા વિના કેમ જઈ શકે? અને સ્પર્શે તો વચ્ચે સમય પણ લાગે ને?**

ઉત્તર–ના, ન લાગે; કેમકે જીવ સંસારકાળમાં સૂક્ષ્મ એકેન્દ્રિય-પણેય ઠેઠ ઉપર જતો હતો તે તો કર્મની પ્રેરણાથી, છતાં ય ત્યાં વચ્ચેના આકાશપ્રદેશની સ્પર્શના નહોતી, તો પછી હવે તો સર્વકર્મબંધન તૂટી જવાથી ફોરોફૂલ બનેલો સિદ્ધ જીવ અહીંથી છૂટતાવેંત પછીના જ સમયે ઉપર પહોંચી જાય એમાં નવાઈ નથી.

## સાકારોપયોગે સિદ્ધિઃ-

પ્રશ્ન—હવે જો એકલો શુદ્ધ જીવ જ છે, કર્મબંધન નથી, તો લોકાન્તે જઈને કેમ અટકે? એથીય ઉપર કેમ ન જાય?

ઉ૦—એનું કારણ એ જ છે કે લોકાન્તની ઉપર ગતિ-સહાયક ધર્માસ્તિકાય તત્ત્વ નથી. એ તત્ત્વ તો માત્ર ચૌદ રાજલોકવ્યાપી યાને લોકાકાશવ્યાપી જ છે, અલોકવ્યાપી નથી. તો ગતિ-સહાયક ધર્માસ્તિકાય વિના અલોકમાં શી રીતે જાય?

સર્વકર્મક્ષય થતાં જ મોક્ષ પામવાનું જે થાય છે તે વખતે કેવળજ્ઞાન-કેવળદર્શન એ બેમાંથી કેવળજ્ઞાનનો જ એટલે કે સાકાર જ ઉપયોગ હોય છે. નિયમ છે કે બધી લબ્ધિઓ સાકાર ઉપયોગે યાને જ્ઞાનોપયોગે પ્રગટ થાય, નિરાકાર યાને દર્શનોપયોગે નહિ. અલબત્ મોક્ષ થવાના બીજા સમયે કેવળ-દર્શનનો ઉપયોગ આવે; તે પછીના સમયે વળી કેવળજ્ઞાનનો ઉપયોગ આવે. એમ હવે શાશ્વતકાળ સમય-સમયે ફરતા ફરતી જ્ઞાનોપયોગ, દર્શનોપયોગ ચાલ્યા કરે છે.

उप्पाय-ट्ठिइ-भंगाइपज्जयाणं जमेगवत्थुंमि ।
नाणानयाणुसरणं पुव्वगयसुयाणुसारेणं ॥ ७७ ॥
सवियारमत्थ-वंजण-जोगंतरओ तयं पढमसुक्कं ।
होइ पुहुत्तवितक्कं सवियारमरागभावस्स ॥ ७८ ॥

અર્થ:- એક (અણુ-આત્માદિ) દ્રવ્યમાં ઉત્પાદ-સ્થિતિ-નાશ વગેરે પર્યાયોનું અનેક નયોથી 'પૂર્વગત' શ્રુતના અનુસારે જે ચિંતન, તે પણ પદાર્થ દ્રવ્ય શબ્દ (નામ) અને યોગ (મનો-યોગાદિ)ના ભેદથી સવિચાર અર્થાત્ એ ત્રણેમાં એક પરથી બીજા પર સંક્રમણવાળું ચિંતન, એ પહેલું શુકલધ્યાન છે. એ પણ વિવિધતાએ શ્રુતાનુસારી હોઈ સવિચાર છે, અને તે રાગભાવ-રહિતને થાય છે.

---

શુકલધ્યાને 'ક્રમ' દ્વાર વિચાર્યું. હવે 'ધ્યાતવ્ય' દ્વાર વિચારતાં કહે છે,—

**વિવેચનઃ-૧. શુકલધ્યાનઃ પૃથક્ત્વવિતર્ક-સવિચાર :-** 'ધ્યાતવ્ય' એટલે ધ્યેય, યાને ધ્યાનનો વિષય. શુકલધ્યાનના ચાર પ્રકારમાં પહેલા પ્રકારનો ધ્યેય વિષય યાને ધ્યાતવ્ય વિષય એક દ્રવ્યના પર્યાય છે. અહીં ધર્મધ્યાન કરતાં શુકલધ્યાનનો વિષય સૂક્ષ્મ છે, એટલે 'એક દ્રવ્ય' તરીકે કોઈ અણુદ્રવ્યના યા આત્માદિ દ્રવ્યના પર્યાય એ પહેલા શુકલધ્યાનનો વિષય બને છે. એ પર્યાય છે ઉત્પત્તિ-સ્થિતિનાશ, યા મૂર્તત્વ અમૂર્તત્વ. એક જ દ્રવ્યના પર્યાયનું આ ધ્યાન દ્રવ્યાસ્તિક-પર્યાયાસ્તિક યા નિશ્ચય-વ્યવહારાદિનયના અનુસારે હોય છે. એટલે દા.ત. દ્રવ્યાસ્તિક નયથી તે ઉત્પાદ આદિ પર્યાયને દ્રવ્યથી અભિન્નપણે ચિંતવે. આ ચિંતન ચૌદ 'પૂર્વ' નામના મહાશાસ્ત્રની અંતર્ગત શ્રુતના અનુસારે હોય છે.

એ પૂર્વોમાં પદાર્થની ઘણી વિસ્તૃત અને સૂક્ષ્મ કોટિની વિચારણા કરવામાં આવી છે. તેથી એના આધારે આ શુક્લધ્યાનના પહેલા પ્રકારમાં દ્રવ્યપર્યાયનું સૂક્ષ્મ ચિંતન કરવામાં આવે છે. એ 'પૂર્વ' શાસ્ત્રના જ્ઞાતા જ કરી શકે.

પ્ર૦–તો પછી, મરુદેવી માતા, ભરત ચક્રવતી વગેરે તો એ શાસ્ત્રો ભણેલા નહિ, એમને શી રીતે શુક્લધ્યાન આવ્યું ? શુક્લધ્યાન વિના સમસ્ત ઘાતી કર્મોનો ક્ષય અને કેવળજ્ઞાન તો થાય નહિ.

ઉ૦–વાત સાચી, મરુદેવીમાતા વગેરે કેવળજ્ઞાન પામેલા તે શુક્લધ્યાનથી જ, પરંતુ એમને એ બીજી રીતે આવેલું. ( ૧. ધર્મ-ધ્યાનની ઉત્કૃષ્ટતાના બળે, અને ૨. ભાવથી ઉપર ઉપરના ગુણસ્થાનકે ચઢી જવાના પ્રભાવે, એમને જ્ઞાનાવરણીયકર્મનો તીવ્ર ક્ષયોપશમ થવાથી 'પૂર્વ' શાસ્ત્રમાં કહેલ પદાર્થનો બોધ પ્રગટ થઈ ગયેલ. એટલે એ 'પૂર્વ' શાસ્ત્રના શબ્દથી વેત્તા નહિ, કિન્તુ અર્થથી વેત્તા બનીને પછી એના આધારે શુક્લધ્યાન પર ચઢેલા. )

## 'સવિચાર' એટલે ?

(ગાથા–૭૮) આ પહેલા પ્રકારનું શુક્લધ્યાન સવિચાર હોય છે, અર્થાત્ એમાં ચિંતન અર્થ–વ્યંજન–યોગમાં એક પરથી બીજા પર 'વિચાર' યાને વિચરણવાળું સંક્રમણવાળું હોય છે. 'અર્થ' એટલે વસ્તુ. 'વ્યંજન' એટલે એનો બોધક શબ્દ. દા.ત. ઉત્પત્તિ વસ્તુનો બોધક શબ્દ 'ઉત્પાદ', 'ઉત્પત્તિ', 'નિષ્પત્તિ' વગેરે. 'યોગ' એટલે મનોયોગ–વચનયોગ–કાયયોગ. એ ત્રણેમાં વિચરણ–સંક્રમણ થાય, અર્થાત્ ધ્યાન અર્થ પરથી

जं पुण सुणिक्कंपं निवायसरणप्पईवमिव चित्तं ।
उप्पाय-ठिइ-भंगाइयाणमेगंपि पज्जाए ॥ ७९ ॥
अवियारमत्थ-वंजण-जोगंतरओ तयं बितियसुक्कं ।
पुव्वगयसुयालंबण-मेगत्त- वितक्क- मविचारं ॥ ८० ॥

અર્થ:- ત્યારે પવન રહિત સ્થાનમાં રહેલા સ્થિર દીવાની જેમ જે ઉત્પત્તિ-સ્થિતિ- નાશ વગેરે પૈકી ગમે તે એક જ પર્યાયમાં સ્થિર ચિત્ત છે, તે બીજા પ્રકારનું શુક્લધ્યાન છે. એ 'અવિચાર' યાને અર્થ - વ્યંજન-યોગના ફેરફારથી ( થનારા ) સંક્રમણ વિનાનું તથા પૂર્વગત શ્રુતના આલંબને થનારું ( તેમજ એકત્વ યાને અભેદવાળું હોઈ ) 'એકત્વ-વિતર્ક-અવિચાર' ધ્યાન છે.

---

વ્યંજન પર જાય યા યોગ પર જાય, ઇત્યાદિ વૈકલ્પિક અવસ્થા (વિભાષા) હોય છે, પરંતુ એકલા 'અર્થ'નું જ ચિંતન કે એકલા 'વ્યંજન'નું જ ચિંતન, એમ નહિ.

'પૃથકત્વ-વિતર્ક' એટલે ?:-

આ સવિચાર ચિંતન પણ 'પૃથકત્વ'થી હોય છે, અર્થાત્ ભેદથી ભિન્નતાથી હોય છે. (અર્થાત્ આ ધ્યાનમાં ધ્યેય-ધ્યાનના ભેદનો અનુભવ હોય છે.) બીજાઓ 'પૃથકત્વ'નો અર્થ 'વિસ્તીર્ણ ભાવ' એવો કરે છે. (અર્થાત્ આ ધ્યાન સવિચાર હોવાથી એને વિષયનો વિસ્તાર રહે છે.) હવે 'વિતર્ક' એટલે શ્રુત; પૂર્વે કહ્યા મુજબ 'પૂર્વ'ગત શાસ્ત્રના અનુસારે આ ધ્યાન હોય છે.

સારાંશ, આ ધ્યાન પૃથક્ત્વ-વિતર્ક-સવિચાર ધ્યાન છે.

**આ ધ્યાન કોને આવે ? તો કે અ–રાગભાવવાળાને** આવે. જ્યાંસુધી અંતરાત્મામાં રાગપરિણામ જાગતો હોય ત્યાં સુધી આ પ્રથમ શુકલધ્યાનનું સૂક્ષ્મ પદાર્થનું ચિંતન આવી શકે નહિ; કેમકે રાગના લીધે આત્માનું એ રાગના વિષય તરફ ખેંચાણ છે, તેથી શુકલધ્યાનના સૂક્ષ્મ વિષયમાં મન તન્મય એકાગ્ર બની શકે નહિ.

હવે શુકલધ્યાનનો બીજો પ્રકાર કહે છે,—

**વિવેચન :–૨ જું શુક્લધ્યાન એકત્વ–વિતર્ક–અવિચાર :—**

શુકલધ્યાનનો ૨ જો પ્રકાર 'એકત્વ–વિતર્ક–અવિચાર' નામે છે. આ પ્રકાર પહેલા પ્રકાર કરતાં અત્યંત નિષ્પ્રકંપ યાને સ્થિર હોય છે. જેમ ઘરના પવન વિનાના ભાગમાં રહેલ દીવાની જ્યોત સહેજ પણ હાલતી–ફરફરતી નથી હોતી, કિન્તુ એક જ સ્થિર અવસ્થામાં હોય છે, એ રીતે બીજા શુકલધ્યાનમાં ચિત્ત અત્યંત સ્થિર બની ગયું હોય છે. પહેલા પ્રકારમાં તો ઉત્પત્તિ–સ્થિતિ–નાશ વગેરે વસ્તુ પર્યાયમાં એક પર્યાય પરથી બીજા પર્યાય ઉપર ચિત્ત જતું હતું, ત્યારે આમાં એમાંના ગમે તે એક પર્યાય પર ચિત્ત સ્થિર લાગી જાય છે. એટલું જ નહિ પણ

**'અવિચાર'** :—પહેલા પ્રકારમાં ચિત્ત અર્થ પરથી શબ્દ પર યા યોગ પર વિચરણવાળું યાને સંક્રમણવાળું હતું, ત્યારે આમાં અર્થ–વ્યંજન–યોગમાં સંક્રમણ નથી હોતું. જે એક પદાર્થ યા શબ્દ કે યોગ પર મનની લીનતા થઈ તે થઈ; એવી ચિત્તની અત્યન્ત સ્થિરતા હોય છે. વળી આમાં

निव्वाणगमणकाले केवलिणो दरनिरुद्धजोगस्स ।
सुहुमकिरियाऽनियट्टिं तइयं तणुकायकिरियस्स ॥ ८१ ॥
तस्सेव य सेलेसीगयस्स सेलोव्व निप्पकंपस्स ।
वोच्छिन्नकिरियमप्पडिवाइ ज्झाणं परमसुक्कं ॥ ८२ ॥

અર્થ:—જ્યારે મોક્ષ પામવાનો નિકટ અવસર થાય ત્યારે કેવળજ્ઞાનીને ( મનોયોગ–વચનયોગનો સર્વથા નિરોધ કર્યા પછી ) કાયયોગ અડધો નિરુદ્ધ થયે સૂક્ષ્મ કાયક્રિયા રહે સૂક્ષ્મ ક્રિયા–અનિવર્તી નામનું ત્રીજું ધ્યાન હોય છે. એમને જ શૈલેશી પામતાં મેરુની જેમ તદ્દન સ્થિર ( નિશ્ચલ આત્મપ્રદેશ ) થયે વ્યુચ્છિન્નક્રિયા–અપ્રતિ પાતી નામનું ચોથું શુકલધ્યાન હોય છે.

---

'**એકત્વ વિતર્ક**' એકત્વથી યાને અભેદથી ચિંતન હોય છે. ( 'હું આ પદાર્થનું ચિંતન કરું છું' એવો ધ્યાતા–ધ્યેય અને ધ્યાનનો ભેદાનુભવ નહિ, એ ભેદને જુદા પાડીને અનુભવ નહીં, કિંતુ અભેદાનુભવ યાને ત્રણેની એકાકારતા બની જાય છે. ધ્યાનમાં વિષય પણ અલગ ન ભાસે, ધ્યાનથી પોતાનો ધ્યાતા આત્મા પણ અલગ ન ભાસે. ) આવું પણ ધ્યાન 'પૂર્વ'ગત શ્રુતના આલંબને અર્થાત્ શ્રુતે કહેલ પદાર્થ પર થાય. આને 'એકત્વ–વિતર્ક–અવિચાર ધ્યાન' કહે છે. એ અભેદથી અર્થ યા વ્યંજન–( શબ્દ )નાં વિચરણ વિનાનું યાને સંક્રમણ રહિત ધ્યાન છે.

હવે કઈ અવસ્થામાં આ ત્રીજું ચોથું શુકલધ્યાન હોય તે કહે છે,—

## વિવેચન:—૩ જા ૪ થા શુક્લધ્યાનનો સમય:—

પહેલા બે શુકલધ્યાન ધ્યાવવાના અંતે કેવળજ્ઞાન પ્રાપ્ત થાય, આત્મા સર્વજ્ઞ બને. ત્યાં એમને ૧૩ મું 'સયોગિ–કેવળિ'

ગુણસ્થાનક પ્રાપ્ત થાય. હવે બાકીનો લગભગ બધો આયુષ્યકાળ આ ગુણઠાણે વિતાવે છે. માત્ર જ્યારે આયુષ્યકાળ સમાપ્ત થવાનો હોય અને મોક્ષ પામવાની અત્યંત નિકટતા આવી હોય ત્યારે એ યોગનિરોધની ક્રિયા કરે છે. એમાં કાયયોગથી મનોયોગ અને વચનયોગનો સર્વથા નિરોધ કરી લીધા પછી હવે જ્યારે કાયયોગ પણ અડધો–પડધો નિરુદ્ધ થઇ જાય છે, અને માત્ર સૂક્ષ્મ શ્વાસોચ્છવાસ જેવી સૂક્ષ્મ કાયક્રિયા રહી હોય છે, ત્યાં 'સૂક્ષ્મ-ક્રિયા–અનિવર્તી' નામનું ત્રીજું શુક્લધ્યાન આવે. '**અનિવર્તી**' **એટલે** સંપૂર્ણ આત્મસ્થિરતા તરફના અત્યંત પ્રવર્ધમાન પરિણામથી હવે નિવૃત્ત નહિ થનારી યાને સૂક્ષ્મમાંથી બાદર રૂપમાં પાછી નહીં ફરનારી, એવી સૂક્ષ્મ કાયક્રિયા તે સૂક્ષ્મક્રિયા અનિવર્તી. આ અવસ્થા એ જ ધ્યાન, એ જ ત્રીજુ શુક્લધ્યાન. અહીં મન નહિ, તેથી મનની એકાગ્રતા નહિ, છતાં આને 'ધ્યાન' કેમ કહે છે એ આગળ સમજાવશે.

આ ધ્યાન ક્ષણવાર રહીને પછી એ સૂક્ષ્મકાયયોગ–અવસ્થા પણ બંધ થઈ જાય છે. કેમકે આત્મપ્રદેશોને સર્વથા સ્થિર–નિશ્ચળ કરવાનો અત્યંત પ્રવર્ધમાન પુરુષાર્થ બાદર–સૂક્ષ્મ મનો-યોગ–વચનયોગને તથા બાદર કાયયોગને તદ્દન અટકાવી દીધા પછી હવે સૂક્ષ્મકાયયોગને પણ તદ્દન બંધ કરી દેવા તરફ આગળ વધી રહ્યો છે. તે એ કાયયોગને સર્વથા અટકાવીને જંપે છે. આ બધું ૧૩મા ગુણસ્થાનકના અંતિમ કાળે બને છે, તે ૧૩મા ગુણસ્થાનકનો કાળ પૂરો થતાં સર્વથા યોગનિરોધ આવીને ઊભો રહે છે. એ થતાં જ ૧૪મું 'અયોગિ–કેવળી' ગુણસ્થાનક શરૂ થાય છે.

**पढमं जोगे जोगेसु वा, मयं बितियमेकजोगंमि ।**
**तइयं च कायजोगे, सुक्कमजोगंमि य चउत्थं ॥८३॥**

**અર્થ:—પહેલું શુક્લધ્યાન એક યા સર્વયોગમાં હોય, બીજું એક (જ) યોગમાં હોય, ત્રીજું (સૂક્ષ્મ)કાયયોગ વખતે, અને ચોથું અયોગ અવસ્થામાં હોય.**

---

હવે સૂક્ષ્મ કાયયોગ–કાયક્રિયા પણ નથી, એટલે કોઈપણ યોગ નથી. તેથી એ કેવળજ્ઞાની અયોગિકેવળી બને છે. ત્યાં 'વ્યવચ્છિન્નક્રિયા–અપ્રતિપાતી' (વ્યુચ્છિન્ન–વ્યુપરતક્રિયા–અપ્રતિપાતી) નામનું ચોથું શુકલધ્યાન શરૂ થાય છે. 'વ્યવચ્છિન્ન ક્રિયા' એટલે સૂક્ષ્મકાયયોગ પણ જ્યાં સર્વથા ઉચ્છેદ પામી ગયો છે એવી અવસ્થાએ 'અપ્રતિપાતી' એટલે અટળ (ટળવાની નહિ એવા) સ્વભાવવાળી, યાને શાશ્વત કાળ માટે અયોગ અવસ્થા કાયમ રહેવાની.

આમ તેરમાના અંતે સર્વથા યોગ–નિરોધ થઈ જવાથી, મન–વચન–કાયયોગના હિસાબે આત્મપ્રદેશ જે સ્પન્દનશીલ યાને હલનચલન સ્વભાવવાળા હતા, તે હવે તદ્દન સ્થિર થઈ જાય છે, તેથી અહીં આત્મા મેરુની જેમ નિષ્પ્રકંપ–સ્થિર બને છે. મેરુ એટલે શૈલ (પર્વતો)નો ઇશ શૈલેશ. શૈલેશના જેવી સ્થિર અવસ્થા શૈલેશી અવસ્થા. ૧૩મું ગુણસ્થાનક પુરું થતાં ૧૪માના પ્રારંભે એ અવસ્થા પ્રાપ્ત થાય છે. એટલે કહેવાય કે શૈલેશી અવસ્થા પામેલા એ જ કેવળજ્ઞાની મહર્ષિને મેરુની જેમ સ્થિર થયે પરમ શુક્લધ્યાન યાને 'વ્યુચ્છિન્ન ક્રિયા–અપ્રતિપાતી' નામનું અંતિમ ૪થું શુક્લધ્યાન આવે છે.

આમ ચાર પ્રકારે ધ્યાન વર્ણવીને હવે એના જ સંબંધમાં બાકીનું કથન કરે છે,—

## વિવેચનઃ—૪ શુક્લધ્યાન વખતે યોગઃ—

શુક્લધ્યાનના ચાર પ્રકાર બતાવ્યા, એમાં પહેલું 'પૃથક્ત્વ-વિતર્ક-સવિચાર' ધ્યાન એક મનોયોગ આદિમાં હોય, યા ત્રણે યોગમાં હોય. ત્યાં 'સવિચાર' સંક્રમણવાળું; યોગથી અર્થમાં નહિ, પણ જો યોગાન્તરમાં સંક્રમણ થાય તો અનેક યોગ બને; નહિતર એક જ યોગ. માટે એક અથવા અનેક યોગ સંભવે. ત્યારે બીજું 'એકત્વ-વિતર્ક-અવિચાર' ધ્યાન સંક્રમણ રહિત હોઈને એ માત્ર ગમે તે એક યોગમાં હોય. જે મનોયોગ યા વચનયોગ યા કાયયોગમાં લીનતા આવી એ જ યોગમાં આ બીજા પ્રકારનું ધ્યાન હોય. પણ ત્રીજું 'સૂક્ષ્મ ક્રિયા-અનિવર્તી' ધ્યાન માત્ર સૂક્ષ્મ કાયયોગમાં હોય. કેમકે બીજા યોગો નિરુદ્ધ થઇ ગયા પછી જ આ ધ્યાન આવે છે. ત્યારે ચોથું 'વ્યુચ્છિન્નક્રિયા-અપ્રતિપાતી' ધ્યાન તો અયોગ અવસ્થામાં જ હોય, કેમકે સમસ્ત યોગોનો સર્વથા નિરોધ થઈ ગયા પછી આ આવે છે. એટલે અયોગી શૈલેશી કેવલી બનેલને એ હોય;

હવે ધ્યાનનો વિશેષ અર્થ બતાવે છે,—

## વિવેચનઃ- મન વિના ધ્યાન કેવી રીતે ?

પ્ર૦- કેળવજ્ઞાનીને થતા શુક્લધ્યાનના પાછળના બે પ્રકાર વખતે તો મનોયોગ જ નથી એટલે કે મન જ નથી, કેમકે કેવળી અમનસ્ક હોય છે, પછી ત્યાં મન વિના ધ્યાન કેવી રીતે ? 'ધ્યૈ ચિન્તાયામ્' એવા પાઠથી 'ધ્યૈ' પરથી બને

जह छउमत्थस्स मणो झाणं भण्णइ सुनिच्चलो संतो ।
तह केवलिणो काओ सुनिच्चलो भण्णए झाणं ॥ ८४ ॥

અર્થ:—જેવી રીતે છદ્મસ્થને મન સુસ્થિર થાય એને ધ્યાન કહે છે, એમ કેવળજ્ઞાનીને સુસ્થિર કાયા એ ધ્યાન કહેવાય છે.

पुव्वप्पओगओ चिय, कम्मविणिज्जरणहेउतो वावि ।
सद्दत्थ बहुत्ताओ, तह जिणचंदागमाओ य ॥ ८५ ॥

चित्ताभावे वि सया, सुहुमोवरयकिरियाइ भणंति ।
जीवोपओगसब्भावओ भवत्थस्स झाणाइं ॥ ८६ ॥

અર્થ:—(અયોગમાં ધ્યાન કેવી રીતે? તો કે) (૧) પૂર્વ પ્રયોગના લીધે, યા (૨) કર્મ નિર્જરાનો હેતુ હોવાથી પણ, અથવા (૩) શબ્દના અનેક અર્થ થતા હોવાથી, તથા (૪) જિનેન્દ્ર ભગવાનના આગમનું કથન હોઈને,

સૂક્ષ્મક્રિયા અને વ્યુચ્છિન્નક્રિયા,-અલબત્ ત્યાં ચિત્ત નથી છતાં પણ જીવનો ઉપયોગ પરિણામ (ભાવમન) હાજર હોવાથી,- ભવસ્થ કેવળીને ધ્યાનરૂપ કહેવાય છે.

---

'ધ્યાન' શબ્દનો અર્થ તો મનથી ચિંતન એવો થાય, પણ મન વિના એ ચિંતનરૂપ ધ્યાન કેમ બને?

ઉ૦- અહીં 'ધ્યાન' શબ્દનો અર્થ નિશ્ચલતા લેવાનો છે; પછી તે મનથી નિશ્ચલતા હો, કે કાયાની નિશ્ચલતા હો, પરંતુ એ બન્ને ધ્યાનસ્વરૂપ છે. એમાં જેમ છદ્મસ્થ અર્થાત્ હજી કેવળજ્ઞાની નહીં બનેલા અને જ્ઞાનાવરણાદિ કર્મના ઉદયવાળા જીવને મન-મનોયોગ સુનિશ્ચળ યાને એક વસ્તુ પર સ્થિર થાય એને ધ્યાન કહે છે, એવી જ રીતે કેવળજ્ઞાનીને કાયા કાયયોગ સુનિશ્ચળ થાય એને ધ્યાન કહે છે; કેમકે બન્નેમાં

યોગપણું સમાન છે, એટલે જો સ્થિર મનોયોગ એ ધ્યાન, તો સ્થિર કાયયોગ એ પણ ધ્યાન કેમ નહિ?

ત્યારે ૪થા પ્રકારમાં ધ્યાન કેવી રીતે એ કહે છે,

**વિવેચનઃ અયોગ–અવસ્થામાં ધ્યાન શી રીતે?:-**

પ્ર૦–ઠીક છે, ૩ જા શુક્લધ્યાન વખતે સૂક્ષ્મ કાયયોગ હોઈ 'કાય–નિશ્ચળતા'રૂપ ધ્યાન હો, પરંતુ ૪ થા શુક્લધ્યાન વખતે તો સર્વયોગોનો તદ્દન નિરોધ યાને અયોગી અવસ્થા છે, ત્યાં કાયાને પણ સ્થિર કરવાનું નથી, પછી એવી અવસ્થામાં ધ્યાન-રૂપતાની વાત શી? 'ધ્યાન' શબ્દનો અર્થ કેમ ઘટે? અને જો કહો કે નિરુદ્ધ કાયયોગ છે, તો તો બીજા પણ નિરુદ્ધ યોગો હોવાની આપત્તિ આવશે!

ઉ૦–અનુમાન પ્રયોગથી આમાં ધ્યાનરૂપતા સિદ્ધ થાય છે. અનુમાનમાં પક્ષ–સાધ્ય–હેતુ–દૃષ્ટાંત જોઈએ, તો અહીં ચાર હેતુથી અનુમાન પ્રયોગ આ રીતે બને છે,—

'ભવસ્થ કેવળીની સૂક્ષ્મક્રિયા અને પછી વ્યુપરતક્રિયા એ બે અવસ્થા', 'ધ્યાનરૂપ છે' કેમકે જીવોપયોગ હોવા સાથે (૧) પૂર્વપ્રયોગ હોવાથી (૨) કર્મ નિર્જરાનો હેતુ હોવાથી, (૩) શબ્દના અનેક અર્થ થવાથી, તથા (૪) જિનચંદ્રનું આગમકથન હોવાથી આમાં બે અવસ્થા એ પક્ષ છે, 'ધ્યાનરૂપતા' એ સાધ્ય છે, અને બાકીના ૪ હેતુ છે.

**આની સ્પષ્ટતાઃ** કાયયોગનો નિરોધ કરી રહેલ સયોગી કેવળીને યા શૈલેશીવાળા અયોગી કેવળીને અલબત્ ચિત્ત યાને

મનોયોગ નથી, દ્રવ્ય મન નથી, છતાં પણ એમને જે અનુક્રમે સૂક્ષ્મક્રિયા–અનિવર્તી અને વ્યુપરતક્રિયા–અપ્રતિપાતી અવસ્થા છે એ 'ધ્યાન' એટલા માટે કહેવાય છે કે,—

(૧) પૂર્વપ્રયોગ હોવાથી. એમાં દૃષ્ટાંત કુંભારના ચક્રનું ભ્રમણ છે. જેવી રીતે ચાકડો ભમાવનાર દંડાની ક્રિયા બંધ થયા બાદ પણ દંડાના પૂર્વપ્રયોગને લીધે પછીથી દંડા વિના પણ ચક્રભ્રમણ ચાલુ રહે છે, એવી રીતે અહીં મનોયોગ વગેરેનો નિરોધ થઈ જવા છતાં આત્માનો જ્ઞાનોપયોગ ચાલુ છે, અને એ ભાવમન છે, તેથી એ ધ્યાનરૂપ છે.

પ્ર૦– એમ તો મોક્ષ થયા પછી ય કેવળજ્ઞાનનો ઉપયોગ હોય છે, તો તે શું ધ્યાનરૂપ ગણાશે?

ઉ૦–ના, ધ્યાન તો કર્મક્ષય કરનારું એક કારણ છે. મોક્ષમાં એ કર્મક્ષયરૂપ કાર્ય કરવાનું છે નહિ, તેથી ત્યાં કારણ પણ નહિ. જ્યારે ૧૪ મા ગુણસ્થાનકે હજી કર્મ બાકી છે. તેનો ક્ષય કરી રહેલ જીવોપયોગ–અવસ્થાને કારણરૂપે ધ્યાનરૂપ કહી શકાય. માટે,

(૨) કર્મ નિર્જરણનું કારણ હોવાથી, ભવસ્થ કેવળીની સૂક્ષ્મ ક્રિયા વ્યુચ્છિન્ન ક્રિયા–અવસ્થાને ધ્યાન કહેવાય છે. આમાં દૃષ્ટાંત ક્ષપકશ્રેણિ છે. જેમ ક્ષપકશ્રેણિમાં ઘાતી કર્મનો ક્ષય કરનાર 'પૃથકત્વવિતર્ક–સવિચાર' આદિ એ ધ્યાન છે, એમ અહીં અઘાતી કર્મનો ક્ષય કરનાર ઉક્ત બે અવસ્થાને ય ધ્યાનરૂપ કહી શકાય. એમ,

(૩) **શબ્દના બહુ અર્થ થતા હોવાથી** અહીં 'ધ્યાન' શબ્દનો ઉપયોગ કરવાનો વિરોધ નથી. દૃષ્ટાન્ત તરીકે 'હરિ' શબ્દના ઇન્દ્ર–વાનર....વગેરે અનેક અર્થ થાય છે, એવી રીતે (૧) 'ધ્યૈ ચિન્તાયાં,' (૨) ધ્યૈ કાયનિરોધે,' (૩) 'ધ્યૈ અયોગિત્વે' વગેરે અનેક ધાત્વર્થથી 'ધ્યૈ' પરથી બનતા 'ધ્યાન' શબ્દના [૧]સ્થિર [૨]ચિંતન, કાય–નિરોધ, [૩]અયોગિ–અવસ્થા' ઇત્યાદિ અર્થ થઇ શકે. તેથી સૂક્ષ્મ–વ્યુપરતક્રિયા અવસ્થાને ધ્યાન કહેવાય. વળી

(૪) **જિનચંદ્ર આગમવચન હોવાથી** પણ આ અવસ્થાને ધ્યાન કહેવાય. 'જિન' એટલે વીતરાગ કેવળજ્ઞાનીઓ; એમાં 'ચંદ્ર' જેવા તીર્થંકર ભગવાન છે. એમના આગમ–શાસ્ત્ર ધ્યાન 'આર્ત' આદિ ચાર પ્રકારના, અને એમાં શુક્લધ્યાન ૪ પ્રકારે બતાવે છે. એટલે જિનાગમ વચનથી પણ શુક્લધ્યાનના પાછળના બે પ્રકાર ધ્યાનરૂપ સિદ્ધ થાય છે.

પ્ર૦-- શું આગમ કહે છે માટે માની લેવું ? માનવાનું તો તર્કથી સિદ્ધ થાય તે જ હોય ને ?

ઉ૦– ના, અતીન્દ્રિય પદાર્થની સિદ્ધિ કેવળ તર્કના બળ પર ન થઈ શકે. કહ્યું છે,–

**आगमश्चोपपत्तिश्च संपूर्णं दृष्टिलक्षणम् ।**
**अतीन्द्रियाणामर्थानां सद्भावप्रतिपत्तये ॥**

અર્થાત્ અતીન્દ્રિય પદાર્થો યાને જે બાહ્ય ઈન્દ્રિયોથી ગ્રાહ્ય નથી એવા પદાર્થોનાં યથાર્થ જ્ઞાન માટે આગમ અને તર્ક બંને જોઈએ. એ બંને મળીને સંપૂર્ણ પદાર્થદૃષ્ટિ પદાર્થબોધ

જ્ઞાપક બની શકે છે. એકલા તર્કથી તો અતીન્દ્રિય પદાર્થની સામાન્યરૂપે સિદ્ધિ થાય, કિન્તુ એના અવાંતર વિશેષ તો જેણે પ્રત્યક્ષ જોયા હોય એવા આપ્ત પુરુષના વચનથી જાણી શકાય. દા. ત. બહાર ધૂમાડા પરથી ઘરના અંદરના ભાગમાં અગ્નિ હોવાનું જણાય તે સામાન્યરૂપે જણાય, પરંતુ એ અગ્નિ કેટલા પ્રમાણમાં છે, કેવા કાષ્ઠ આદિનો છે, એની જવાળા કેવી છે....વગેરે બાબતો કાંઈ અનુમાનથી ન જણાય, એ તો ત્યાં અંદરમાં બેઠેલો માણસ પ્રત્યક્ષથી જોઈ શકે, અને એનાં વચનથી બહારનાને જણાય. એવું આત્મા, કર્મ, ધ્યાન વગેરે અતીન્દ્રિય પદાર્થો અંગે છે. તેથી સર્વજ્ઞવચનથી એની વિશેષતાઓ જાણી શકાય. તેથી જો એ કહે છે કે 'સૂક્ષ્મક્રિયા–અનિવર્તી અને વ્યુપરતક્રિયા–અપ્રતિપાતી એ બે ધ્યાનરૂપ છે,' તો એ પ્રમાણે માનવું જોઈએ. વસ્તુનું સંપૂર્ણ દર્શન કરવા આગમ અને તર્ક બંને જરૂરી છે. તેથી સર્વજ્ઞાગમે કહ્યું માનીએ ત્યારે અતીન્દ્રિય પદાર્થ બરાબર સમજ્યા ગણાય. (ગાથા–૮૬) એથી આ સિદ્ધ થાય છે કે ભવસ્થ સયોગી કે અયોગી કેવળજ્ઞાનીને જો કે મન નથી, તો પણ એમને જ્ઞાનદર્શનોપયોગ છે. તેથી એમની એ સૂક્ષ્મક્રિયા અને ઉપરતક્રિયા એ બે અવસ્થા ધ્યાનરૂપ છે.

અહીં ગાથા ૮૫ મીમાં 'કમ્મનિજ્જરણહેઉતો વા વિ' કહ્યું એમાં 'વા વિ' એટલે કે 'ચાઽપિ' એમાં 'ચ' અને 'અપિ' શબ્દ આવ્યા, ત્યાં 'ચ' શબ્દથી પૂર્વના હેતુ પર 'અનુપપત્તિ' યાને પ્રશ્નની સંભાવના સૂચવી અને 'અપિ' શબ્દથી પ્રસ્તુત હેતુથી સમાધાન સૂચવ્યું. દા. ત. 'પહેલો હેતુ' 'પૂર્વપયોગ' બતાવ્યો. એના પર પ્રશ્ન ઊભો થાય કે 'જીવનો જ્ઞાનોપયોગ

કાંઈ દંડ વિનાના ચક્રભ્રમણ જેવો અલ્પજીવી નથી, એ તો મોક્ષ થયા પછી પણ કાયમ રહે છે. તો શું મોક્ષમાં પણ ધ્યાન હોવાનું કહેશો ?' આવા પ્રશ્નનું સમાધાન બીજા 'કર્મ-નિર્જરણહેતુ' એવા હેતુથી મળે છે. તે એ રીતે કે પૂર્વપ્રયોગ ઉપરાંત કર્મનિર્જરા કરવાનું કાર્ય મોક્ષમાં નથી થતું, અને અહીં સૂક્ષ્મ વ્યુપરતક્રિયાથી થાય છે, માટે આને જ ધ્યાન કહેવાય, પણ મોક્ષના જ્ઞાનોપયોગને નહિ.

અહીં આના પર પણ પ્રશ્ન થાય કે 'કર્મનિર્જરા' તો સૂક્ષ્મ ક્રિયાની પૂર્વે પણ ચાલુ છે, તો શું સમગ્ર ૧૩ મા ગુણસ્થાનકે ધ્યાન-અવસ્થા કહેશો ?' તો આના સમાધાન માટે ત્રીજો હેતુ 'શબ્દાર્થબહુત્વ' મૂકયો. એથી સૂચવ્યું કે 'ધ્યૈ' શબ્દનો 'એકાગ્ર ચિંતન,' 'યોગ-નિરોધ,' અને 'અયોગીપણું,' એટલો જ હોવાથી યોગનિરોધ એ ધ્યાન બને, પણ યોગનિરોધની પૂર્વની અવસ્થા ધ્યાનરૂપ નહિ ગણાય. વળી આના પર પણ પ્રશ્ન સંભવિત છે કે 'ધ્યૈ' નો એટલો જ અર્થ શા માટે ?' તો એના સમાધાનમાં 'જિનેન્દ્ર-આગમ' એ ચોથો હેતુ કહ્યો. સર્વજ્ઞ વચન અંતિમ પ્રમાણ છે. (એટલા જ માટે રાત્રિ-ભોજન-ત્યાગ પ્રમાણ-સિદ્ધ કરવામાં અનેક હેતુ બતાવ્યા પછી, અંતે આ જ પ્રમાણ અપાય છે કે જિનેશ્વરદેવની આજ્ઞા છે કે રાત્રિભોજન નહિ કરવું, તેથી એનો ત્યાગ 'જિનાજ્ઞા' પ્રમાણથી સિદ્ધ છે.)

'ધ્યાતવ્ય' દ્વારનું વિવેચન થયું. પછી 'ધ્યાતા' દ્વારમાં 'શુક્લધ્યાનના ધ્યાતા કોણ ?' એની વાત આવે, પરંતુ ધર્મ-

**सुक्कज्झाणसुभावियचित्तो चिंतेइ झाणविरमेऽवि ।**
**णिययमणुप्पेहाओ चत्तारि चरित्तसंपन्नो ॥ ८७ ॥**

અર્થ:—શુક્લધ્યાનથી ચિત્તને જેણે સારું ભાવિત કર્યું છે એ ચારિત્ર-સંપન્ન આત્મા ધ્યાન બંધ થવા પર પણ અવશ્ય ચાર અનુપ્રેક્ષાનું ચિંતન કરે.

---

ધ્યાનના અધિકારમાં એ સાથે જ કહેવાઈ ગયું છે; તેથી હવે એના પછીનું 'અનુપ્રેક્ષા' દ્વાર વર્ણવવામાં આવે છે, એ માટે કહે છે,—

## વિવેચન :— શુક્લધ્યાનમાં અનુપ્રેક્ષા :—

'ચારિત્રસંપન્ન મહાત્મા શુક્લધ્યાનમાં ચઢયા હોય,- પરંતુ ધ્યાન છે એટલે સતત અંતમુહુર્તથી વધુ ટકે નહીં, તેથી માંડેલું એક ધ્યાન અંતમુહુર્તે બંધ થાય, તે પછી એમને ચિત્તનો વ્યાપાર શો ચાલે ?' એવો સવાલ થાય; એના જવાબમાં કહે છે કે એ મહાત્મા અવશ્ય ચાર અનુપ્રેક્ષા ચિંતવનારા હોય. આનું કારણ એ છે કે એમને 'ધ્યાન' છે એટલે માત્ર એકાગ્ર ચિંતન કરી બેસી નથી રહ્યા, કિન્તુ એનાથી પોતાના આત્માને 'સુભાવિત' યાને સારી રીતે ભાવિત કર્યો છે, ચિંતનના રંગથી ખૂબ રંગી દીધો છે. તેથી એકાગ્ર ધ્યાન પૂરું થયું તો તરત અનુપ્રેક્ષારૂપ ચિંતન શરૂ થઈ જાય છે. સુભાવિતતાના કારણે મન આહટ્ટ દોહટ્ટ વિચારોમાં પડતું નથી, પરંતુ હવે કહેશે તે આશ્રવ દ્વાર આદિ ચાર પૈકી કોઈ પણ બાબત પર ચિંતન- અનુપ્રેક્ષા ચાલુ થઈ જાય છે.

आसवदाराए तह संसारासुहाणुभावं च ।
भवसंताणमणन्तं वत्थूणं विपरिणामं च ॥ ८८ ॥

અર્થ:—આશ્રવદ્વારો (મિથ્યાત્વાદિ)ના અનર્થ, સંસારનો અશુભ સ્વભાવ, ભવોની અનંત ધારા, અને (જડ-ચેતન) વસ્તુનો પરિવર્તન-સ્વભાવ અશાશ્વતતા.

---

(પૂર્વે ધર્મધ્યાન પછીની અનુપ્રેક્ષા અંગે પણ આ જ કહેલું કે ધર્મધ્યાનથી સુભાવિત થવાના કારણે ધ્યાનથી વિરામ પામતાં અનિત્યાદિ બાર અનુપ્રેક્ષા પકીની કોઈ અનુપ્રેક્ષામાં ચડે. આ સૂચવે છે કે જિનશાસનમાં શુભધ્યાન માત્ર એકાગ્ર ચિંતનરૂપ નહિ, કિન્તુ સાથે સાથે આત્માને ભાવિત કરનારું હોય, અને એમ ભાવિતતા થયાનું ફળ આ, કે ધ્યાન અટક્યું તો એ અનુપ્રેક્ષા ચાલુ થઈ જાય. એ કરતાં વળી ફરી એકાગ્રતા લાગી ધ્યાન ચાલુ થઈ જાય. એમ આંતરા સાથે ધ્યાન-સંતતિ ધ્યાન-ધારા ચાલે. તાત્પર્ય, ધ્યાન જીવને ભાવિત કરનારું જોઈએ, અને એના અટકવા પર અનુપ્રેક્ષા ચાલુ થવી જોઈએ)

અહીં શુક્લધ્યાનના વિરામમાં આવનારી ૪ અનુપ્રેક્ષા આ પ્રમાણે છે,–

**વિવેચન :—શુક્લધ્યાનની ૪ અનુપ્રેક્ષા :—**

શુક્લધ્યાનનીને ધ્યાન બંધ પડતાં (૧) આશ્રવ દ્વારના અનર્થ, (૨) સંસાર-સ્વભાવ, (૩) ભવોની અનંતતા, અને (૪) વસ્તુ-પરિવર્તન, એ ચાર અનુપ્રેક્ષા હોય છે. એના પર એ ચિંતન કરે છે. એમાં (૧) આશ્રવ દ્વારના અનર્થમાં, મિથ્યાત્વ અવિરતિ વગેરે આશ્રવદ્વારો અર્થાત્ કર્મબંધના હેતુઓ કયા, એ

સેવવાના ફળરૂપે અહીં અને પરલોકમાં કેવા કેવા દુઃખો આવે છે, કેવા અનર્થ નીપજે છે ?....' એનું ચિંતન કરે.

(૨) **સંસારના અશુભ સ્વભાવમાં** ચિંતવે કે ' ધિક્કાર છે સંસારના સ્વભાવને કે (i) એ જીવની પાસે એના પોતાના જ અહિતની વસ્તુ આચરાવે છે! (ii) વળી એમાં સુખ અલ્પ અને તે આભાસમાત્ર; ત્યારે દુઃખ અનંત! નરક–નિગોદાદિમાં દુઃખનો પાર નહિ! તેમ (iii) એમાં સંબંધો વિચિત્ર બને છે, પિતા પુત્ર થાય, માતા પત્ની બને, મિત્ર શત્રુ થાય.... ઈત્યાદિ! વળી (iv) એમાં સર્વ સંયોગો નાશવંત; અનુત્તરવાસી દેવ જેવાને ય ત્યાંથી ભ્રષ્ટ થઈ નીચે ઉતરવું પડે....' વગેરે સંસારના અશુભ સ્વભાવને ચિંતવે.

(૩) ભવની અનંત પરંપરા વિચારે કે જીવ જો તીવ્ર રાગ–દ્વેષ કામ–ક્રોધાદિમાં પડ્યો તો નરકાદિ ગતિઓમાં અનંતા જન્મ–મરણ કેવા કરવા પડે. તેમજ

(૪) વસ્તુના વિપરિણામને અર્થાત્ જડ ચેતન પદાર્થોની અસ્થિરતા ચિંતવે કે ' સર્વ સ્થાનો અશાશ્વત છે, સર્વ દ્રવ્યો પરિણામી છે, પરિવર્તનશીલ છે, શાશ્વત ગણાતા મોટા મેરુ જેવામાં પણ અણુઓ ગમનાગમનશીલ છે, તો કાયાના વિપરિણમનનું પૂછવું જ શું ?

આ ચારે ય ' અપાય–અશુભ–અનન્ત–વિપરિણામ 'ની અનુપ્રેક્ષા પહેલાં બે શુક્લધ્યાનમાં જ હોય, પાછલા બેમાં નહિ; કેમ કે પહેલાં બે શુક્લધ્યાન વખતે મન હોય છે, તેમજ એમાં ધ્યાન–વિચય હોય; તેથી અનુપ્રેક્ષા યાને ચિંતન હોઈ શકે.

सुक्काए लेसाए दो, ततियं पुण परमसुक्कलेसाए ।
थिरयाजियसेलेसं लेसाइयं परमसुक्कं ॥ ८९ ॥

અર્થ:—પહેલા બે ધ્યાન શુક્લલેશ્યામાં, ત્રીજું પરમશુક્લ લેશ્યામાં, અને સ્થિરતાગુણે મેરુને જીતનાર ચોથું શુક્લધ્યાન લેશ્યા રહિત હોય છે.

---

પાછલા બે ધ્યાનમાં તો કેવળજ્ઞાન હોઈ મનનો વ્યાપાર જ નથી, માત્ર કાયયોગની નિશ્ચલતા છે, તેથી ચિંતન શી રીતે હોય? તેમજ આ બે ધ્યાન તો શલેશી પમાડી મોક્ષ જ લાવી મૂકે છે; પછી અનુપ્રેક્ષાને અવસર જ ક્યાં?

આ 'અનુપ્રેક્ષા' દ્વાર થયું. હવે 'લેશ્યા' દ્વાર કહે છે,—

## વિવેચન:-ચારે શુક્લધ્યાનમાં લેશ્યા કેવી?

પહેલાં બે શુક્લધ્યાન જીવ શુક્લલેશ્યામાં હોય ત્યારે પ્રવર્તે છે. એનાથી નીચેની લેશ્યા હોય ત્યાં પરમાણુ આદિનું એકાગ્ર ચિંતન કરે એ કાંઈ શુક્લધ્યાન રૂપ ન બની શકે. આ સૂચવે છે કે ઊંચા ધ્યાનને ઊંચી લેશ્યા સાથે સંબંધ છે. માનસિક લેશ્યા કોઈ અશુભ રાગાદિવાળી હોય એ નીચી લેશ્યા છે, એમાં ઊંચું ધ્યાન ન હોઈ શકે.

ત્રીજું શુક્લધ્યાન કેવળજ્ઞાનીને તેરમા ગુણસ્થાનકના અંત વખતે હોય છે. ત્યાં પરમ યાને ઉત્કૃષ્ટ શુક્લલેશ્યા હોય છે, એટલે ત્રીજું શુક્લધ્યાન પરમ શુક્લલેશ્યામાં કહેવાય. અહીં લેશ્યા માનસિક નથી, કેમકે મનનો કોઈ વ્યાપાર નથી, કિન્તુ યોગાન્તર્ગત પરિણામરૂપ લેશ્યા છે. માટે જ

अवहा-संमोह-विवेग-विउसग्गा तस्स होंति लिंगाइं ।
लिंगिज्जइ जेहिं मुणी सुक्कज्झाणोवगयचित्तो ॥ ९० ॥
चालिज्जइ बीभेइ य धीरो न परीसहोवसग्गेहिं ।
सुहुमेसु न संमुज्झइ भावेसु न देवमायासु ॥ ९१ ॥
देहविवित्तं पेच्छइ अप्पाणं तह य सव्वसंजोगे ।
देहोवहिवोस्सग्गं निस्संगो सव्वहा कुणइ ॥ ९२ ॥

અર્થ:—અવધ-અસંમોહ-વિવેક-વ્યુત્સર્ગ એ શુક્લધ્યાનીના લિંગ છે, જેનાથી શુક્લધ્યાનમાં ચઢેલા ચિત્તવાળા મુનિ ઓળખાય છે. (૧) પરીસહ-ઉપસર્ગોથી એ ધીર મુનિ નથી ચલાયમાન થતા, ને નથી ભય પામતા; (૨) નથી એ સૂક્ષ્મ પદાર્થોમાં મુંઝાતા, કે નથી એ દેવમાયામાં મુંઝાતા, (૩) પોતાના આત્માને દેહથી તદ્દન જુદો તેમજ સર્વ સંયોગોને જુદા જુએ છે. ને (૪) દેહ તથા ઉપધિનો સર્વથા નિસ્સંગપણે ત્યાગ કરે છે.

---

(૪) ચોથું શુક્લધ્યાન લેશ્યા રહિત હોય છે, કેમકે અહીં તો યોગદશા વટાવી સર્વથા યોગનિરોધ–અવસ્થા 'શૈલેશી' કરેલી છે. એમાં કરેલી આત્મપ્રદેશોની સ્થિરતા મેરુની નિષ્પ્રકંપતાને ય જીતનારી હોય છે. મેરુની સ્થિરતા કરતાં ય ઊંચી સ્થિરતા હોય છે. મેરુ આમ સ્થિર, શાશ્વત કાળ માટે નિષ્પ્રકંપ; કિન્તુ એમાં અણુઓનું ગમનાગમન ચાલુ હોય; જ્યારે સર્વથા યોગનિરોધ થયે આત્માના પ્રદેશમાં લેશમાત્ર હીલચાલ નહીં. અહીં યોગ નહિ, તેથી યોગાન્તર્ગત પુદ્ગલ પરિણામરૂપ લેશ્યા પણ નહિ. તેથી અહીં લેશ્યા રહિત અલેશ્યી અવસ્થા છે. એમાં 'વ્યુપરતક્રિયા–અપ્રતિપાતી' નામનું ચોથું શુક્લધ્યાન હોય છે.

'લેશ્યા' દ્વાર થયું. હવે 'લિંગ' દ્વારનું વિવરણ કરવાની ઈચ્છાથી લિંગોનાં નામ–પ્રમાણ–સ્વરૂપ–ગુણની ભાવના કરવા માટે,

અર્થાત્ શુક્લધ્યાનીના [1]લિંગ કયા કયા, [2]એ દરેક કેટલા પ્રમાણમાં યાને કેટલી ઊંચી કક્ષાવાળા, તથા [3]એ લિંગોનું સ્વરૂપ કેવું કેવું, અને [4]એના ગુણ શા, પ્રભાવ શો ? એ બતાવવા કહે છે,—

## વિવેચન:-શુક્લધ્યાનના ૪ લિંગ:—

શુક્લધ્યાનમાં ચિત્ત લાગ્યું હોય એવા મુનિને ઓળખાવનાર ચાર લિંગ હોય છે,—અવધ, અસંમોહ, વિવેક અને વ્યુત્સર્ગ. 'અવધ' એટલે અચલતા, 'અસંમોહ' એટલે મુંઝવણ—વ્યામોહ નહિ, 'વિવેક' એટલે પૃથક્તાનું ભાન, 'વ્યુત્સર્ગ' એટલે ત્યાગ. પોતાને શુક્લધ્યાન હોવાનું આ ચાર લિંગ—લક્ષણ પરથી ખબર પડે. ચારનું સ્વરૂપ આ પ્રમાણે,—

(૧) અવધ:—ધીર યાને બુદ્ધિમાન યા સ્થિર શુક્લધ્યાની મુનિ, ગમે તેવા ક્ષુધા—પિપાસા—શીત—ઉષ્ણ વગેરે પરીસહ સહવાના આવે કે કોઈ દેવાદિ તરફથી મરણાન્ત સુધીના ઉપસર્ગ—ઉપદ્રવ આવે તો પણ, જરા ય ચલાયમાન થતા નથી, ધ્યાનભંગ નથી કરતા, કે બીતા નથી, ભય પામતા નથી. એટલી બધી નિડરતા અને અડગતા શુક્લધ્યાન વખતે હોય છે. 'આ અવધ' લિંગ.

(૨) અસંમોહ:—શુક્લધ્યાન વખતે 'પૂર્વ'ગત સૂક્ષ્મ પદાર્થ પર એકાગ્રતા હોય છે, તો ત્યાં એ ગમે તેટલો ગહન પદાર્થ હોય, છતાં ચિત્ત વ્યામોહમાં નથી પડતું કે 'આ આમ કેમ હોય ?....' વગેરે. એટલા બધા પ્રમાદ રહિત અને શ્રદ્ધા—સંપન્ન એ હોય છે. વળી અનેક પ્રકારની દેવમાયા આવે, પરીક્ષાર્થે

દેવતા એવી કોઈ અનુકૂળ પ્રતિકૂળ ઇંદ્રજાળ રચે તો પણ એમાં જરાય મુંઝાય નહિ. આ 'અસંમોહ' લિંગ.

(૩) વિવેકઃ—શુક્લધ્યાની પોતાના આત્માને દેહથી તદ્દન જુદો જુએ છે. એટલે જ દેહ પરના માન-અપમાન આક્રોશ-વધ વગેરે પરીસહાદિને પોતાની ઉપરના તરીકે સમજતા જ નથી; પછી પોતાને એનાથી મનોદુઃખ શાનું? કે એમાં મન લઈ જઇ ધ્યાનભંગ કરવાનું ક્યાં રહે? દેહની જેમ સર્વ-સંયોગોને પણ પોતાનાથી તદ્દન જુદા જ જુએ છે, એટલે એના હિસાબે પણ મનને ધ્યાનમાંથી ચલિત થવાનું હોતું નથી. ગજસુ-કુમાળ મુનિના માથે સોમિલ સસરાએ માટીની પાળ કરી ધખધખતા અંગારા મૂકયા; પણ મહામુનિએ પહેલેથી જ એવો હિસાબ રાખ્યો કે–'બળે છે (શરીર–માથુ) તે મારું નથી, ને મારું છે (જ્ઞાન–દર્શન–ચારિત્ર) તે બળતું નથી.' આ જ હિસાબ પર, ક્રોધે ભરાઈ પોતાને બાળવાનું કામ કરનારા સોમિલનો સંયોગ પણ પોતાનાથી તદ્દન જુદો માન્યો, યાને 'પોતાના જ્ઞાનાદિ-સંપન્ન આત્માને એની સાથે કશી લેવા–દેવા નહિ, એ સંયોગ પોતાનો કશું બગાડનાર નહિ,' એમ માન્યું, જે ધ્યાન લાગ્યું એમાં ભંગ થવાને કોઈ અવકાશ નહિ રહ્યો. એથી એ ધ્યાન પર કેવળજ્ઞાન લીધું અને ત્યાં જ બાકીના બે શુક્લધ્યાન શૈલેશી કરી સર્વ કર્મ ખપાવીને મોક્ષ પામ્યા. આ 'વિવેક' લિંગ.

(૪) વ્યુત્સર્ગઃ—શુક્લધ્યાનીની પરિચાયક એક વિશેષતા આ, કે એ શરીર અને ઉપધિ તરફ તદ્દન નિઃસંગ બની એનો સર્વથા 'વ્યુત્સર્ગ' યાને ત્યાગ કરે. 'વિવેક'માં શરીરાદિ તદ્દન

**होंति सुहासव-संवर-विणिज्जरा-ऽमरसुहाइं विउलाइं ।**
**झाणवरस्स फलाइं सुहाणुबंधीणि धम्मस्स ॥ ९३ ॥**

અર્થ:-ઉત્તમ ધ્યાન 'ધર્મધ્યાન'ના ફળ વિપુલ શુભ આશ્રવ, સંવર, નિર્જરા, અને દિવ્ય સુખો હોય છે, તે ય શુભ અનુબંધવાળા.

---

જુદા લેખવાનું કર્યું. 'વ્યુત્સર્ગ'માં એનું મમત્વ મૂક્યું, એને વોસિરાવ્યું.

પ્ર૦—શુક્લધ્યાનમાં જ શરીરાદિનો વ્યુત્સર્ગ કર્યો, તો પછી કેવળજ્ઞાન થયા બાદ એ શરીરાદિ કેમ રાખી શકે ?

ઉ૦—એ શરીરને રાગ–મમત્વ–આસંગથી રાખતા જ નથી, કેમકે હવે તો એ વીતરાગ બન્યા હોવાથી શરીરાદિ પર એમને લેશ માત્ર રાગાદિ હોતા જ નથી. આમ છતાં શરીરાદિ જે રહે છે એ તો નિરુપક્રમ આયુષ્ય આદિ કર્મનું સંચાલન છે બાકી વીતરાગ કેવળજ્ઞાનીને શરીરાદિ ચાહીને રાગથી રાખવાનું હોતું નથી.

'લિંગ' દ્વાર થયું. હવે 'ફળ' દ્વાર કહે છે. એમાં અહીં લાઘવ અર્થે પ્રથમ રજુ કરેલ ધર્મધ્યાનનું ફળ કહીને પછી શુક્લધ્યાનનું ફળ કહે છે. આમાં લાઘવ એ કે પહેલાં એ શુક્લ-ધ્યાનનાં ફળ તો જે ધર્મધ્યાનનાં ફળ એ જ છે, કિન્તુ એ વિશેષ શુદ્ધ હોય છે. એટલે ધર્મધ્યાનનાં ફળ પહેલાં બતાવી દીધા હોય, તો પછી શુક્લધ્યાન માટે પૂર્વનો નિર્દેશ (ઈસારો) જ કરવો રહે કે 'એ જ પૂર્વ નિર્દિષ્ટ ફળ;' પરંતુ ફરી ફળ નામવાર ન કહેવાં પડે, એ લાઘવ આ હિસાબે પહેલા ધર્મધ્યાનનાં ફળ કહે છે,—

## વિવેચનઃ—ધર્મધ્યાનનાં ફળ :—

ધ્યાનમાં પ્રધાન ધર્મધ્યાનનાં ફળમાં વિપુલ શુભાશ્રવ, સંવર, નિર્જરા, અને દિવ્ય સુખ નીપજે છે. આ ફળ નીપજવાં સ્વાભાવિક છે. તે આ રીતે, કે 'શુભાશ્રવ' એટલે પુણ્યનો બંધ. 'જં જં સમયં જીવો....'એ હિસાબે ધર્મધ્યાન એ શુભભાવ હોઈને શુભ કર્મ 'પુણ્ય'નો બંધ થાય એ સહજ છે. સાથે અશુભ ભાવના અભાવે સંવર એટલે કે અશુભ કર્મની અટકાયત થાય, એ પણ સહજ છે. વળી ધર્મધ્યાનથી કર્મની 'નિર્જરા' યાને ક્ષય થાય એ પણ સહજ છે, કેમકે એ આભ્યન્તર તપ છે, અને તપ નિર્જરાનું કારણ છે. તેમ જ ધર્મધ્યાનથી બંધાયેલા પુણ્ય કર્મથી દેવતાઈ સુખ મળે એ ય સ્વાભાવિક છે.

આ શુભ પુણ્ય વગેરે 'વિપુલ'યાને વિસ્તૃત રૂપમાં નીપજે છે, યાને દીર્ઘ કાળસ્થિતિ અને વિશુદ્ધિવાળા પેદા થાય છે. પુણ્ય પણ એવાં બંધાય; તેમ સંવર પણ વિપુલ થાય, તથા નિર્જરા પણ વિસ્તૃત થાય. કર્મોની દીર્ઘ સ્થિતિનો ક્ષય થાય, તેમજ દેવતાઈ સુખો પણ દીર્ઘકાળના અને વિશુદ્ધિવાળા યાને સંકલેશ વિનાના નીપજે છે.

વળી ધર્મધ્યાનનાં આ ફળ શુભાનુબંધી હોય છે. અર્થાત્ શુભની પરંપરા ચલાવે એવાં; જેથી ફરીથી સુકુલમાં જન્મ મળે, ફરીથી 'બોધિલાભ' જૈનધર્મની પ્રાપ્તિ થાય, અસંકિલષ્ટ ભોગ મળે, કે જેમાં જીવ કમળપત્ર જેવો નિર્લેપ રહે, પ્રવ્રજ્યા મળે, અને પરંપરાએ કેવળજ્ઞાન તથા મોક્ષ સુધી પહોંચવાનું

**ते य विसेसेण सुभासवादओऽणुत्तरामरसुहाइं च ।**
**दोण्हं सुक्काण फलं परिनिव्वाणं परिल्लाणं ॥ ९४ ॥**

અર્થ:-આ જ વિશિષ્ટ રૂપના શુભાશ્રવાદિ અને અનુત્તર દેવના સુખ એ પહેલાં બે શુક્લધ્યાનનું ફળ છે, અને છેલ્લા બેનું ફળ મોક્ષગમન છે.

---

થાય. ધર્મધ્યાન શુભાનુબંધી હોઈ, આવી શુભ પરંપરા સુધી પહોંચાડનારા પુણ્યબંધ આદિ ફળને ઉત્પન્ન કરે છે.

ધર્મધ્યાનનાં ફળ કહ્યાં. હવે શુક્લધ્યાનને આશ્રીને ફળ કહે છે,—

**વિવેચન :– શુક્લધ્યાનનાં ફળ :—**

શુક્લધ્યાન પૈકી પહેલાં બે શુક્લધ્યાન 'પૃથક્ત્વ-વિતર્ક-સવિચાર' અને 'એકત્વ-વિતર્ક-અવિચાર.' ધ્યાનનાં ફળ પૂર્વોક્ત શુભાશ્રવ આદિ, પરંતુ વિશિષ્ટ રૂપનાં નીપજે છે. અર્થાત્ અદ્ભુત ઉચ્ચ કોટિના પુણ્યબંધ, કર્મનિર્જરા વગેરે થાય છે. એમાં દિવ્યસુખમાં સૌથી ઊંચા અનુત્તર વિમાનવાસી દેવનાં સુખ નીપજે છે. ઉપશમશ્રેણિમાં ચડેલા મુનિ શુક્લધ્યાનથી એવી ફળોત્પત્તિના હિસાબે શ્રેણિથી પડતાં આયુષ્ય પૂર્ણ થયે અનુત્તર વિમાનમાં જન્મ પામે છે.

છેલ્લાં બે શુક્લધ્યાન તો કેવળજ્ઞાનીને હોય છે, અને એથી તો સર્વકર્મક્ષય થવાના હિસાબે ફળ તરીકે મોક્ષગમન થાય છે.

આ તો ધર્મ-શુક્લધ્યાનના વિશેષ ફળ કહ્યાં, પરંતુ સામાન્યથી આ બે ધ્યાન સંસારના પ્રતિપક્ષી છે, (એટલે સંસાર ન નિપજાવે) એ કહે છે,—

आसवदारा संसारहेयवो जं ण धम्मसुक्केसु ।
संसारकारणाइं तओ धुवं धम्म-सुक्काइं ॥ ९५ ॥

संवरविणिज्जराओ मोक्खस्स पहो, तवो पहो तासं ।
झाणं च पहाणंगं तवस्स, तो मोक्खहेऊयं ॥ ९६ ॥

અર્થ:-આશ્રવના દ્વારો એ સંસારના હેતુ છે. જે કારણથી એ સંસાર હેતુઓ ધર્મ્ય-શુક્લધ્યાનમાં હોતા નથી, તેથી ધર્મ શુક્લધ્યાન નિયમા સંસારના પ્રતિપક્ષી છે.

અર્થ:-મોક્ષનો માર્ગ સંવર અને નિર્જરા છે. એ બેનો ઉપાય તપ છે. તપનું પ્રધાન અંગ ધ્યાન છે; તેથી (એ ધ્યાન) મોક્ષનો હેતુ છે.

---

### વિવેચન :— ધર્મ-શુક્લધ્યાન સંસાર પ્રતિપક્ષી :—

સંસારના હેતુ તરીકે ઇન્દ્રિય-કષાય-અવ્રત વગેરે આશ્રવદ્વારો છે. ધર્મ અને શુકલધ્યાન વખતે એ સંસારવર્ધક હેતુઓ હોતા નથી. કેમકે ત્યાં કોઈ ઈન્દ્રિય-આસક્તિ નથી, અપ્રશસ્ત કષાય નથી, અવિરતિ નથી, અશુભ યોગ નથી. આમ સંસારવર્ધક હેતુઓ ન હોવાથી ધર્મ-શુક્લધ્યાન સહેજે સંસાર ન વધારે, તેથી એ નિયમા સંસારના પ્રતિપક્ષભૂત છે. જ્યાં ધર્મ-શુક્લધ્યાન, ત્યાં સંસાર-નિષ્પત્તિ નહિ. સંસાર જો ન ખપે, તો આ ધ્યાન એ અનન્ય સાધન હોવાનું સમજી રાખવું પડે.

આમ, શુક્લધ્યાન સંસારનું પ્રતિપક્ષી હોવાથી મોક્ષનું કારણ છે એ બતાવવા કહે છે,—

### વિવેચન :— ધ્યાન એ મોક્ષહેતુ કેમ ? :—

પ્ર૦—મોક્ષનું કારણ તો સંવર અને નિર્જરા છે, કેમકે સંવરથી નવાં કર્મ આવતા અટકે, અને નિર્જરાથી જૂના કર્મનો

अंबर-लोह-महीणं कमसो जह मल-कलंक-पंकाणं ।
सोज्झावणयणसोसे साहेंति जलाणलाइच्चा ॥ ९७ ॥
तह सोज्झाइसमत्था जीवंबर-लोह-मेइणिगयाणं ।
झाण-जला-ऽणल-सूरा कम्ममल-कलंक-पंकाणं ॥ ९८ ॥

અર્થ:-જેવી રીતે પાણી-અગ્નિ અને સૂર્ય ક્રમશઃ વસ્ત્ર, લોહું અને પૃથ્વીના મેલ કલંક અને કીચડના (યથાસંખ્ય) શોધન, નિવારણ અને શોષણને સાધે છે, એવી રીતે ધ્યાનરૂપી પાણી-અગ્નિ-સૂર્ય એ જીવરૂપી વસ્ત્ર-લોહ-પૃથ્વીમાં રહેલ કર્મ-રૂપી મેલ-કલંક-પંકના શોધન આદિમાં સમર્થ છે.

---

નિકલ થાય; એટલે સહેજે અંતે મોક્ષ આવીને ઊભો રહે. પરંતુ ધ્યાન એ મોક્ષકારણ કેવી રીતે ?

### પ્ર૦-ધ્યાન એ મોક્ષકારણ કેવી રીતે ?

ઉ૦- ધ્યાન એ મોક્ષ હેતુ આ રીતે,-મૂળ તો સંવર અને નિર્જરા એ મોક્ષમાર્ગ. પરંતુ સંવર-નિર્જરાનો ઉપાય તપ, એટલા જ માટે સંવરના ૫૭ ભેદની અંતર્ગત ક્ષમાદિ ૧૦ યતિધર્મમાં નામ દઈને તપ લીધો, ત્યારે સંવરના બાકીના પ્રકારોમાં કાયકષ્ટ, સંલીનતા વગેરે તપ એક યા બીજારૂપે સમાય છે જ; તેમજ નિર્જરાના ૧૨ ભેદમાં તો બાહ્ય-આભ્યન્તર તપ જ છે.

આમ સંવર અર્થાત્ કર્માશ્રવનિરોધ અને નિર્જરા અર્થાત્ કર્મક્ષયનો માર્ગ તપ છે.

હવે તપનું પ્રધાન અંગ શુભધ્યાન છે; કેમકે (૧) તપના બીજા અનશન આદિ અંગોમાં જો ધ્યાન શુભ ન હોય તો તે

તપરૂપ ન બને; (૨) વળી શુભધ્યાનથી વિશિષ્ટ કર્મનિર્જરા થાય છે; માટે તપનું પ્રધાન અંગ ધ્યાન છે. આમ મોક્ષસાધન-ભૂત સંવર-નિર્જરાનું સાધન ધ્યાનપ્રધાન તપ હોઈ ધ્યાન મોક્ષનું કારણ બને છે.

(૧-૨-૩) આ જ વસ્તુ સહેલાઈથી સમજાય એ માટે દૃષ્ટાન્તો દ્વારા પ્રતિપાદન કરે છે.

## વિવેચનઃ—ધ્યાનથી કર્મનાશનાં ૩ દૃષ્ટાંતઃ-

કર્મસંયોગથી સંસાર, અને કર્મવિયોગથી મોક્ષ; ત્યાં કર્મ-વિયોગ કરતા આવવામાં ધ્યાન કેટલું અદ્ભુત કામ કરે છે, એ દર્શાવનારાં ૩ દષ્ટાંતો છે,-પાણી, અગ્નિ અને સૂર્ય. તેનું સ્વરૂપ અને તેની ઘટના આ રીતે,-

(૧) જેવી રીતે પાણી એ કપડાનાં મેલનું શોધન કરતું આવે છે, તેવી રીતે ધ્યાનરૂપી પાણી એ જીવરૂપી વસ્ત્રના કર્મમેલને સાફ કરતું આવે છે. અલબત્ વસ્ત્રમેલ ધોવા પાણીની સાથે ખાર વગેરે જોઈએ, કિન્તુ પાણી વિના એ બધા નકામા; પાણી હોય તો જ ખાર વગેરેથી મેલું વસ્ત્ર સાફ થાય, તેમજ કેટલાક તરતના મેલ-ડાઘા તો એકલા પાણીથી સાફ થાય; તેથી અહીં મુખ્ય એવા પાણીને દષ્ટાન્ત તરીકે લીધું.

(૨) એમ, જેવી રીતે ખાણમાંથી નીકળેલ લોખંડમાંના કલંક યાને મિશ્રિત ભેળસેળ એ અગ્નિએ તપાવવાથી દૂર થાય છે, એવી રીતે જીવરૂપી લોખંડમાંનાં કર્મકલંક ધ્યાનરૂપી અગ્નિએ તપીને દૂર થઈ જાય છે.

तावो सोसो भेओ जोगाणं झाणओ जहा नियय ।
तह ताव-सोस-भेया कम्मस्स वि झाइणो नियमा ॥ ९९ ॥

અર્થઃ—જેવી રીતે ધ્યાનથી (મન-વચન-કાયાના) યોગોનું અવશ્ય તપન, શોષણ અને ભેદન થાય છે તેવી રીતે ધ્યાનીને કર્મનું પણ અવશ્ય તાપન-શોષણ-ભેદન થાય છે.

---

(૩) એમ જેવી રીતે પૃથ્વી પરના કીચડ, દા. ત. વરસાદ પછીના ધૂળિયા રસ્તા પરના કીચડ સૂર્યના તાપથી સૂકાઈ જાય છે, એવી રીતે જીવરૂપી પૃથ્વી પરના કર્મ-કીચડ ધ્યાનરૂપી સૂર્યથી તપીને સુકાઈ જાય છે.

આમ જીવ પર ચોંટેલા કર્મમેલને ઢીલો પડી સાફ કરી દેવા ધ્યાન એ પાણીનું કામ કરે છે; જીવમાં ભેળસેળ થયેલ કર્મને બાળી ખત્મ કરવા ધ્યાન એ અગ્નિની ગરજ સારે છે; અને જીવ પરના કર્મકાદવને સૂકાવી નામશેષ કરવા માટે ધ્યાન એ સૂર્ય જેવું કામ કરે છે. વળી,

(૪) ધ્યાનથી કર્મનાશ થાય એમાં યોગનું ૪ થું દૃષ્ટાન્ત બતાવતાં ધ્યાનની યોગ અને કર્મ પર અસર બતાવે છે,–

## વિવેચનઃ- ધ્યાનની યોગ અને કર્મ પર અસર :-

મન, વચન, કાયાના યોગ આત્મપ્રદેશોને કંપનશીલ રાખે છે, તેથી આત્મા પર કર્મ ચોંટે છે. આત્મા જો સ્થિર થઈ જાય, જેમકે ૧૪મા ગુણસ્થાનકે, તો પછી એક પણ કર્માણુ ચોંટી શકતો નથી. પરંતુ એ સ્થિરતા માટે યોગોને અટકાવી દેવા જોઇએ. એ યોગનિગ્રહ યોગોના તપન-શોષણ-ભેદનથી થાય.

**जह रोगासयसमणं विसोसण-विरेयणो सहविहीहिं ।**
**तह कम्मामयसमणं झाणाणसणाइजोगेहिं ॥ १०० ॥**

**અર્થ:—જેવી રીતે રોગના મૂળ કારણનું નિવારણ લંઘન, વિરેચન અને ઔષધના પ્રકારોથી થાય છે, તેવી રીતે કર્મરોગનું શમન-નિવારણ ધ્યાન–અનશન આદિ યોગોથી થાય છે.**

---

ધ્યાન એ માટે અનન્ય સાધન છે. ધ્યાનમાં એકાગ્રતા થવાથી યોગો અવશ્ય તપે છે, સુકાય છે અને ભેદાય છે. અગ્નિના તાપથી પાણી તપીને ફોરું સુકાવા ઊડવા જેવું થાય, એમ જામી પડેલા યોગો યાને મન–વચન–કાયાની પ્રવૃત્તિશીલતા ધ્યાનના તાપથી તપીને ફોરી થઇ ઢીલી પડીને સુકાતી જાય છે. અને અંતે ભેદાઈ ઊડી જાય છે.

આ સૂચવે છે કે અનંતાનંત કાળથી ચાલી આવતી આ મન–વચન–કાયાની દોડધામ ઢીલી પાડવી હોય, તો ધ્યાનનું ખૂબ સેવન જોઇએ; તો જ આત્માને જપ વળે, સ્થિરતા આવે.

જેવી રીતે ધ્યાનથી યોગો પર આ અસર પડે છે, એવી રીતે ધ્યાનથી કર્મોનું પણ તપન–શોષણ–ભેદન અવશ્ય થાય છે. ધ્યાન એ આત્માનો ઉજ્જવલ સ્થિર અધ્યવસાય છે, એની કર્મોને તપાવવી સુકાવી ભેદી નાખવાની સચોટ તાકાત છે. ધ્યાન વિના એમજ કાંઇ એ કર્મ ખસે નહિ.

(૫) વળી ધ્યાનથી કર્મનાશ થાય એમાં ૫ મું રોગ–દવાનું દૃષ્ટાન્ત બતાવે છે,–

जह चिरसंचियमिंधणमनलो पवनसहिओ दुयं दहइ ।
तह कम्मेंधणममियं खणेण झाणाणलो डहइ ॥ १०१ ॥

અર્થ:—જેમ પવનસહિત અગ્નિ દીર્ઘકાળના પણ એકત્રિત કરેલ ઈંધણ શીઘ્ર ભસ્મીભૂત કરી દે છે, એમ ધ્યાનરૂપી અગ્નિ પણ ક્ષણવારમાં અપરિમિત કર્મઇંધનને બાળી દે છે.

---

**વિવેચનઃ-ધ્યાન એ કર્મરોગની ચિકિત્સા :—**

તાવ વગેરે વ્યાધિ આવે ત્યારે વૈદ્યો પહેલાં મૂળ નિદાન શોધે છે. પછી એ મૂળ દોષને શમાવી દેવા યાને ઊખેડી નાખવા દરદીને વિશોષણ યાને લંઘન કરાવી દોષોને પકવી નાખે છે. પછી વિરેચન-જુલાબ આપી એનો નિકાલ કરે છે. બાદ બીજી ઔષધિઓ આપી રોગોનું તદ્દન નિવારણ કરી આરોગ્ય બક્ષે છે.

એવી રીતે આત્મા પર વરસતી અનેકવિધ પીડાઓના મૂળમાં કર્મરોગ છે; એનું શમન-નિવારણ ધ્યાન અને અનશન આદિથી થાય છે. અહીં 'આદિ' શબ્દથી ધ્યાન-વૃદ્ધિ કરનાર બીજા પણ ઊનોદરિકા-દ્રવ્ય સંકોચ યાદિ તપના પ્રકાર સમજી લેવા. એ બધાથી ધ્યાન-વૃદ્ધિ થઈ કર્મરોગનું શમન થાય છે.

(૬) વળી, ૬ ઠ્ઠું ઇંધન-અગ્નિનું દૃષ્ટાન્ત,—

**વિવેચનઃ-ધ્યાન એ કર્મેન્ધનદાહક દાવાનલઃ-**

લાંબા કાળથી કાષ્ઠ-ઘાસ વગેરે ઇંધન એકત્રિત થયા હોય, અને એના પર જો અગ્નિ પડે, સાથે પવન ફૂંકાતો હોય, તો એ અગ્નિ એ ઇંધનના ઢગને શીઘ્ર બાળીને ભસ્મીભૂત કરી દે છે. બસ, કર્મરૂપી ઇંધણ માટે ધ્યાન આવું જ કામ કરે છે-

जह वा घणसंघाया खणेण पवणाहया विलिज्जंति ।
झाणपवणावहूया तह कम्मघणा विलिज्जंति ॥ १०२ ॥

અર્થ:—અથવા જેવી રીતે પવનથી ધકેલાયા વાદળના સમૂહ ક્ષણવારમાં વિનષ્ટ થઈ જાય છે એ રીતે ધ્યાનરૂપી પવનથી હડસેલાયેલા કર્મવાદળો નાશ પામી જાય છે.

---

કર્મને ઈંધણની ઉપમા એટલા માટે કે જેમ ઈંધણ સળગી ઊઠતા એના સ્પર્શમાં રહેલાને દુઃખ અને તાપ આપે છે, એમ કર્મો ઉદયથી પ્રજ્વલિત થતાં શારીરિક દુઃખ અને માનસિક-તાપ-સંતાપનું કારણ બને છે, તેથી એ ઇંધન જેવા છે. એ અસંખ્ય ભવોના ભેગા થઈ અનંત વર્ગણારૂપ અનંત સ્કન્ધરૂપ બન્યા હોય, છતાં જ્યાં ધ્યાનરૂપી અગ્નિ ભભૂકી ઊઠે છે કે તરત ક્ષણવારમાં એ કર્મજૂથને બાળીને ભસ્મીભૂત કરી નાખે છે.

શું ધ્યાનમાં આટલી બધી તાકાત? હા, કારણ એ છે કે આ ધ્યાન રાગદ્વેષના બહુ નિગ્રહ સાથે મનની ભારે સ્થિરતા-વાળું હોય છે, તેથી સહજ છે કે જો રાગદ્વેષ અને મનની અશુભ ચંચળતા પર સ્કમબંધ કર્મ બંધાય, તો પછી એનાથી વિરુદ્ધ સ્થિતિમાં સ્કમબંધ કર્મનો ક્ષય થાય, થવો જ જોઈએ.

(૭) હવે પવનથી વિખરાતા વાદળનું ૭ મું દૃષ્ટાન્ત કહે છે,–

## વિવેચન:-ધ્યાનપવનથી કર્મવાદળ નષ્ટ :—

અથવા ધ્યાન અગ્નિની જેમ પવનનું કામ કરે છે. આકાશમાં વાદળોનો સમૂહ છવાઈ ગયેલો હોય, પરંતુ જો પવનનો વંટોળ શરૂ થઈ જાય તો એ વાદળોને વિખેરી નાખે છે, નષ્ટ કરી દે છે,

અને આકાશ સ્વચ્છ બની જાય છે. એ જ રીતે, આત્મા પર ગમે તેટલા કર્મ–આવરણ છવાઈ ગયાં હોય, પરંતુ જો ધ્યાનરૂપી પવન શરૂ થઈ જાય, તો તે કર્મ–આવરણને નષ્ટ કરે છે, અને આત્મા સ્વચ્છ બની જાય છે.

અહીં કર્મને વાદળની ઉપમા એટલા માટે આપી કે જેમ વાદળ સૂર્યના પ્રકાશને ઢાંકી દે છે, આવૃત કરી દે છે, એમ કર્મ જીવના જ્ઞાનાદિ સ્વભાવને આવૃત કરી દે છે. કહ્યું છે,—

**स्थितः शीतांशुवज्जीवः प्रकृत्या भावशुद्धया ।**
**चन्द्रिकावच्च विज्ञानं तदावरणमभ्रवत् ॥**

જીવ આંતર મળ વિનાના ભાવશુદ્ધ સ્વભાવે ચંદ્ર જેવો છે, અને એનો જ્ઞાનગુણ ચંદ્રિકા–ચંદ્રપ્રકાશ સમાન છે. ત્યારે એને આચ્છાદિત કરનાર કર્મ વાદળ જેવા છે.

(જીવના આ મૌલિક સ્વચ્છ જ્ઞાનસ્વભાવને અંતરમાં વારંવાર ભાવિત કરવામાં આવે,— 'હું આત્મા શુદ્ધરૂપે તો નિર્મળ જ્ઞાનમાત્ર સ્વભાવવાળો છું. એનાં કોઈ જ રાગદ્વેષ આદિ મેલનું મિશ્રણ નથી. વસ્તુ માત્રને કેવળ જોવી–જાણવી એટલો જ મારો સ્વચ્છ જ્ઞાન–સ્વભાવ,'–આ ભાવના વારંવાર કરી અંતરને ભાવિત કરવામાં આવે, તો એવા ભાવિત થયેલા અંતરમાં રાગાદિની અસરો મોળી પડી જાય છે.)

આ તો ધ્યાનના અતીન્દ્રિય અને પારલૌકિક ફળની વાત થઇ; પરંતુ આ લોકમાં અનુભવમાં આવે એવું કોઈ બીજું ધ્યાનફળ છે? એ બતાવે છે,—

**न कसायसमुत्थेहि य वाहिज्जइ माणसेहिं दुक्खेहिं ।**
**ईसा-विसाय सोगाइएहिं झाणोवगयचित्तो ॥ १०३ ॥**

અર્થ:—ધ્યાનમાં લાગેલા ચિત્તવાળો (આત્મા) કષાયોથી ઉદ્ભવતા માનસિક દુઃખો ઈર્ષ્યા-ખેદ શોક આદિથી પીડાતો નથી.

**વિવેચનઃ-ધ્યાનનું પ્રત્યક્ષફળ :—**

ચિત્ત જ્યારે શુભધ્યાનમાં લાગેલું હોય છે, ત્યારે એને ઈર્ષ્યા-વિષાદ-શોક વગેરે કોઈ દુઃખની પીડા નથી હોતી.

ઈર્ષ્યા વગેરે એ માનસ દુઃખો છે. સામાનો ઉદય-ઉન્નતિ-ચઢતી જોઈ માત્સર્ય થાય, અસહિષ્ણુતા-બળાપો થાય-'આને આ ક્યાં મળ્યું ? આ કેમ ચઢી ગયો ?' એમ ચિત્ત બળે, એ ઈર્ષ્યા છે. 'વિષાદ' એટલે ખેદ, બેચેની. જરાક શું-પણ અણગમતું થાય ત્યા ચિત્તને ગ્લાનિ-બેચેની ઉદ્વેગ થાય. 'શોક' એટલે ગમતી વસ્તુ નષ્ટ થવા પર યા અણગમતી બાબત લમણે લાગવા પર દીનતા આવે, 'હાય' થયા કરે, દિલ રંકડું-ગરીબડું બની વલોપાત કર્યા કરે. અહીં 'શોકાદિ' પદમાં 'આદિ' શબ્દ છે, એથી હર્ષ ઉન્માદ જુગુપ્સા ભય વગેરે પણ લેવાના છે. આ ઈર્ષ્યા ક્રોધાદિ-કષાયમાંથી જન્મે છે. ચડતી પામતી સામી વ્યક્તિ પર જીવને શાંતિ ન રહી, ક્રોધ ભભૂક્યો, એટલે પછી એના પર ચિત્ત બળે છે, ઈર્ષ્યા-માત્સર્ય-અસૂયા થાય છે. એમ વસ્તુ પર લોભ છે એટલે એના બગડવા નષ્ટ થવા પર ચિત્ત બેચેન બને છે, ખેદ વિષાદ થાય છે. એમ ગમતા પર લોભ-મમતા-આસક્તિ હોઈ એ બની આવવા પર હરખ-ઉન્માદ થાય છે. મૂળમાં કષાયના હિસાબે જ આ ઈર્ષ્યાદિની લાગણી ઊઠે છે. એ કષાય જ ન હોય તો

सीयायवाइएहिं य सारीरेहिं सुबहुप्पगारेहिं ।
झाणसुनिच्चलचित्तो न वहिज्जइ निज्जरापेही ॥ १०४ ॥

અર્થ:—ધ્યાનથી સારી રીતે નિશ્ચળ (ભાવિત) ચિત્તવાળો શીત તાપ આદિ અનેકાનેક પ્રકારના શારીરિક (દુઃખો)થી તણાઈ જતો નથી (પીડાતો નથી, ચલાયમાન થતો નથી, કેમકે એ કર્મનિર્જરાની અપેક્ષાવાળો છે.)

---

એ લાગણી નહી. એ ઈર્ષ્યાદિ એ માનસ દુઃખ છે. મન એથી પીડાય છે.

પ્ર૦—હરખમાં માનસિક પીડા શી? એમાં તો મનને આનંદ મંગળ લાગે છે.

ઉ૦—દારૂડિયો દારૂ ચઢાવે અને એનો કેફ ચઢે એમાં એને આનંદ મંગળ લાગે છે, એ મસ્તી અનુભવે છે. પરંતુ ખરેખર એ આનંદ નથી, પણ ચિત્તની અસ્વસ્થતા છે, પાગલતા છે, કેફ છે. એ જ રીતે લોભની વસ્તુ બની આવવા પર મનને એક પ્રકારનો કેફ ચઢે છે, ને હરખનો અનુભવ થાય છે. કિન્તુ ખરેખર તો એ આનંદ નહિ, પણ ચિત્તની અસ્વસ્થતા છે; પાગલતા છે. પરને પોતાનું માનવું, નાશવંતમાં કાયમી આનંદ માનવો, અશુચિને શુચિ માનવું, સુખાભાસમાં સુખ માનવું, એ પાગલતા નહિ, તો બીજું શું કહેવાય? તાત્પર્ય, હરખ વગેરે લાગણીઓ પણ મનની અસ્વસ્થતા છે, પીડા છે.

ચિત્ત શુભધ્યાનમાં પરોવાવાથી કષાયોની શાંતિ રહે છે. તેથી ઈર્ષ્યા–વિષાદ–શોક વગેરેને ઊઠવા જગા જ રહેતી નથી, એટલે શુભ ધ્યાવીને આ માનસિક દુઃખોથી પીડાવાનું હોતું

નથી, ને આ જ જીવનમાં પ્રત્યક્ષ માનસિક પીડાથી બચાવનો લાભ મળે છે;

હવે પ્રત્યક્ષમાં શારીરિક પીડાથી બચાવનો લાભ બતાવે છે,–

**વિવેચન:–ધ્યાનથી શારીરિક દુઃખમાં પીડા નહિઃ–**

ધ્યાનની ધારાથી જેણે ચિત્તને ભાવિત કર્યું છે એવો આત્મા એવો આત્મ–દૃષ્ટિવાળો બનેલો હોય છે કે એને ઋતુની ઠંડી ગરમી, યા ભૂખ તરસ કે આક્રોશ પ્રહાર વગેરે શારીરિક દુઃખો આવે છતાં એ દુઃખોની ચિંતા સંતાપમાં તણાઈ જતો નથી; એને એની કશી પીડા એને લાગતી નથી. એટલે એ પોતાના ધ્યાનકાર્યમાં એવો નિશ્ચળ રહે છે કે એમાંથી લેશ પણ ચળાયમાન થવાની વાત નહિ. દુઃખની વેદના તો થાય, કિન્તુ એથી જરા ય અરતિ–ઉદ્વેગ નથી કે જેથી એ ધ્યાનમાંથી ચળાયમાન થાય.

શારીરિક દુઃખોથી પીડિત નહિ થવાનું કારણ એ છે કે એ આત્મા કેવળ કર્મક્ષયાર્થી છે, એને નિર્જરાની અપેક્ષા છે, અભિલાષા છે. એણે ધ્યાન આદિ સાધના નિર્જરા માટે તો લીધી છે, પછી નિર્જરા કરાવનાર સારીરિક આપત્તિ આવે એમાં તો એનું મન ખૂશ હોય, એના મનને પીડાવાનું શાનું હોય? શારીરિક દુઃખને તો એ કર્મ–ગુમડાનાં નસ્તરનું દુઃખ સમજે છે, એથી કર્મરૂપી ગુમડા ટળવાનું દેખાય ત્યાં એને લેશ પણ ઉદ્વેગ શાનો હોય? ધ્યાન વારંવાર કરીને ચિત્તને એથી ભાવિત યાને રંગાયેલું કરવામાં પ્રત્યક્ષમાં આ મહાન ફળ નીપજે છે.

આમ, 'ફળ' દ્વાર વિચાર્યું. હવે છેલ્લી ગાથામાં ઉપસંહાર કરે છે;

इय सव्वगुणाधाणं दिट्ठादिट्ठसुहसाहणं जाणं ।
सुपसत्थं सद्धेयं नेयं झेयं च निच्चंपि ॥ १०५ ॥

અર્થ:—આ પ્રમાણે ધ્યાન એ સકલગુણોનું સ્થાન છે, દૃષ્ટ અદૃષ્ટ સુખોનું સાધન છે, અત્યંત પ્રશસ્ત છે, માટે એ સર્વકાળ શ્રદ્ધેય છે, જ્ઞાતવ્ય છે, અને ધ્યાતવ્ય છે.

## વિવેચન:-શ્રદ્ધા-જ્ઞાન-ક્રિયાથી નિત્યસેવ્ય ધ્યાન :—

શુભ ધ્યાનની ઉક્ત દ્વારોથી વિચારણા કરી. એ પરથી ફલિત થાય છે કે ધ્યાન સમસ્ત ગુણોનું સ્થાન છે. દા. ત. પહેલું તો, ધ્યાન માટેની ભૂમિકારૂપ જે ભાવના બનાવી એમાં જ્ઞાન-દર્શન-ચારિત્ર અને વૈરાગ્યના અનેક ગુણોનું પોષણ થાય છે. પછી ધ્યાન અંગેના આલંબનોમાં વાચનાદિ અને ક્ષમાદિના અનેક ગુણોને અવકાશ મળે છે. એવું એના ધ્યાતવ્યો જે આજ્ઞાવિચયાદિ, એ ધ્યાતવ્યના ધ્યાનમાં જિનવચન-રુચિ-બહુમાન આદિ અનેક ગુણોનું પોષણ થાય છે. ત્યારે ધ્યાનના અધિકારી ધ્યાતા બનવામાં તેમજ અનુપ્રેક્ષાર્થ ધ્યાનથી ભાવિત બનવામાં પણ અનેકાનેક ગુણોને સ્થાન મળે છે. એમ ધ્યાનીની પ્રશસ્ત લેશ્યા અને લિંગોમાં તો સ્પષ્ટતયા અદ્ભુત ગુણોનું જ સમર્થન થાય છે. સારાંશ, ધ્યાન એ સકલ ગુણોને અવકાશ આપે છે.

ધ્યાન એ ગુણોની સાથે દૃષ્ટ-અદૃષ્ટ સુખોને પણ અવકાશ દે છે. 'ફલ' દ્વારમાં ધર્મધ્યાન શુક્લધ્યાનમાં જે ફળ બતાવ્યા, વિપુલ શુભાશ્રવ-સંવર-નિર્જરા-અમર સુખોથી માંડી યાવત્ છેલ્લે જે માનસિક-શારીરિક દુઃખોનો અંત બતાવ્યો, એથી ધ્યાનથી પરોક્ષમાં અને પ્રત્યક્ષમાં મહા અનન્ય સુખો હોવાનું સૂચવ્યું.

આમ, ધ્યાન એ ગુણો અને સુખોનો ભંડાર હોઈ સુપ્રશસ્ત છે, શ્રી તીર્થંકર દેવો અને ગણધર મહારાજાઓ આદિથી ધ્યાન સેવાયેલું હોઈ અત્યન્ત શુભ સાધના છે. આવા ઉત્તમ પુરુષો જેને આદરે એની પ્રશસ્તતાનું શું પૂછવું? એટલા જ માટે,

ધ્યાન શ્રદ્ધેય છે, જ્ઞેય છે, ધ્યાતવ્ય છે. 'શ્રદ્ધેય' છે. એટલે કે 'ધ્યાન સર્વગુણોનું સ્થાન અને દૃષ્ટાદૃષ્ટ સુખનું સાધન છે, એ હકીકતમાં મીનમેખ ફેરફાર નથી'– એવી ભાવનાથી શ્રદ્ધા–રુચિ–આસ્થા–આદર કરવા યોગ્ય છે. એટલે જ નહિ પણ ધ્યાનનું સ્વરૂપ જાણવા સમજવા જેવું છે; તેમજ ક્રિયાથી અમલમાં ઉતારવા જેવું યાને ચિંતનથી આચરવા યોગ્ય છે.

એમ કરવાથી સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રની આરાધના થાય છે.

આ શ્રદ્ધા–જ્ઞાનપૂર્વક ધ્યાનનું આસેવન પણ એકાદ બે વાર નહિ, કિન્તુ નિત્ય સર્વકાળ કરવા જેવું છે. આટલી ઊંચી ચીજને શા સારુ ક્ષણ પણ પડતી મૂકવી? સતત જ આરાધવી.

પ્ર૦–એમ તો સર્વકાળ ધ્યાન જ આરાધવા જતાં સંયમ–જીવનની બીજી બધી ક્રિયાઓ કરવાને અવકાશ જ નહિ રહે! સર્વ ક્રિયાઓ ઊડી જશે!

ઉ૦–ના, ક્રિયાઓ નહિ લોપાય; કેમકે ક્રિયાનું આસેવન વસ્તુસ્થિતિએ ધ્યાનરૂપ છે. એટલે ક્રિયા મૂકીને ધ્યાન કરવાની વાત જ નથી. ક્રિયા કરાય એ જ ધ્યાનરૂપ બને છે. કેમકે ક્રિયામાં મનની એકાગ્રતા એ ધ્યાન જ છે. સાધુને એવી કોઈ ક્રિયા નથી હોતી કે જેમાં ધ્યાન યાને ચિત્તની સ્થિરતા ન જામે.

આનું કારણ એ છે કે દરેક સાધના પ્રણિધાનયુક્ત જ કરવાની છે, અને 'પ્રણિધાન'માં **विशुद्ध भावनासारं तदर्थार्पितमानसम् । यथाशक्ति क्रियालिङ्गं प्रणिधानं जगौ मुनिः ॥**' એ વ્યાખ્યા મુજબ 'તદર્થાર્પિત માનસમ્' એટલે તે તે સૂત્રાર્થ અથવા ક્રિયા વિષયને મન અર્પિત કરવાનું, એમાં મનને તન્મય બનાવવાનું હોય જ છે; અને મનની તન્મયતા–સ્થિરતા એ ધ્યાન જ છે. આ શાસ્ત્રના પ્રારંભે જ કહ્યું છે કે 'જં થિરમજ્ઝવસાણં તં ઝાણં.' અર્થાત્ ચિત્તનુ સ્થિર ચિંતન એ ધ્યાન છે.

સારાંશ, સર્વ સાધુક્રિયા પ્રણિધાનયુક્ત હોઈ ધ્યાનરૂપ બને છે. બાકી સ્વાધ્યાય વાચનાદિને તો ધ્યાનમાં આલંબન કહ્યાં જ છે; એટલે સહેજે એના આલંબને ચિત્તસ્થૈર્ય યાને ધ્યાન જામે જ. આમ સાધુક્રિયા અને સ્વાધ્યાયના સતત પ્રવાહમાં ધ્યાનનો પણ સતત પ્રવાહ વહે છે; તેથી કહ્યું કે ધ્યાન સર્વ કાળ સેવનીય છે.

આ ઉપરથી એ પણ સૂચિત થાય છે કે સાધુક્રિયા બાજુએ મૂકીને ધ્યાન કરવાનું વિધાન જૈનશાસનમાં નથી. અનાદિના ચાલી આવતા વિવિધ કષાય–કુસંસ્કારોને નાબુદ કરવા સમર્થ છે વિવિધ ક્રિયા–આચારો. એ સેવ્યા વિના એ કષાય–કુસંસ્કારો શી રીતે ઘસારે પડી નષ્ટ થાય? વળી મન વિવિધતા–પ્રિય હોઇ વિવિધ ક્રિયાસૂત્રો અને વિવિધ સ્વાધ્યાયમાં જે સ્થિર થઈ શકે, એવું એ છોડીને માત્ર એકરૂપ કોઈ 'ૐ' વગેરેના સતત ધ્યાનમાં શી રીતે સ્થિર રહી શકે?

## —: ઇતિ ધ્યાનશતક વિવેચન :—

આ પ્રમાણે સંયમપ્રધાનદૃષ્ટિ કર્મસાહિત્યસૂત્રધાર વિશાલ-ગચ્છાધિપતિ પરમારાધ્યપાદ સ્વ. ગુરુદેવશ્રી સિદ્ધાન્તમહોદધિ આચાર્ય ભગવંત શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજની કૃપાથી એઓશ્રીના ચરણરજ પંન્યાલ ભાનુવિજયે શ્રી ધ્યાનશતક અને એની ટીકાના આધારે વિવેચન લખ્યું. એમાં પ્રમાદવશ જિનાજ્ઞા-વિરુદ્ધ જો કાંઈ લખાઈ ગયું હોય તો મિચ્છામિ દુક્કડં.